સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 20 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૭ મે ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતની આકાંક્ષા દેશના સીમાડા સુધી સીમિત નથી: મોદી

**નેધરલૅન્ડ્સમાં વડા પ્રધાને એવી પણ ચેતવણી ઉચ્ચારી કે યુદ્ધની સ્થિતિ નહીં સુધરે તો દશકાઓ સુધી તેની ખરાબ અસર રહેશે**


**નમસ્તે:** નેધરલૅન્ડ્સના હેગ ખાતે યોજાયેલા મેળાવડામાં ભારતીય સમુદાયના લોકોનું અભિવાદન કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

હેગ: ભારતને અવસરોની ભૂમિ ગણાવીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે દેશમાં અભૂતપૂર્વ પરિવર્તન થઈ રહ્યું છે અને એની આકાંક્ષા સીમા સુધી સીમિત નથી.

હેગમાં ભારતીય નિવાસીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે ભારત મોટાં સપનાં જોઈ રહ્યું છે અને તેના યુવાનોની આકાંક્ષા આકાશ સુધી પહોંચી છે.

મોદીએ ૪૦ મિનિટના પ્રવચનમાં કહ્યું હતું કે ૨૧મી સદીનું ભારત અવસરોની ભૂમિ છે. ભારત ટેક્નોલોજી અને માનવબળ બન્નેના જોરે પ્રગતિ કરી રહ્યું છે. ભારત પ્રાચીન જેટલું જ આધુનિક બની રહ્યું છે. આથી આ સમય તમારે ભારતમાંના પૈતૃક ગામો સાથે જોડાવાનો અને વિકસિત ભારતની યાત્રામાં સહભાગી થવાનો છે. પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ ઇરાન અને અમેરિકા-ઇઝરાયલના યુદ્ધને કારણે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતાં એક

(જુઓ પાનું ૨) ▸▸

## ‘ક્યા ઝાલમૂડી યહાં ભી પહોંચ ગઈ’

હેગ: નેધરલૅન્ડ્સમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તાજેતરમાં જ પૂરી થયેલી વિધાનસભાની ચૂંટણીની ચર્ચા દરમિયાન કરેલી ‘ઝાલમૂડી’ની ટિપ્પણીને પગલે હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં મતદાતાઓ દ્વારા મોટાપાયે થયેલા મતદાન (૮૦થી ૯૦ ટકા)ની તેમણે ભારે પ્રશંસા કરી હતી.

મોદીએ જ્યારે પશ્ચિમ બંગાળનો ઉલ્લેખ કર્યો ત્યારે પસ્થિત લોકોમાંથી મોટાભાગનાઓએ તાળીઓ પાડી હતી અને ટીખળ કરવા માંડી હતી.

મોદીએ મજાકના સૂરમાં ‘ક્યા ઝાલમૂડી યહાં ભી પહોંચ ગઈ’ એવું કહેતાં લોકોમાં ફરી હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. આ વીડિયો સોશ્યલ મીડિયા પર પણ ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે.

મોદીએ માત્ર મોટા પ્રમાણમાં થયેલા મતદાનની જ નહીં, પરંતુ મહિલા મતદાતાઓની હિસ્સેદારીની પણ ભારોભાર પ્રશંસા કરી હતી. જ્યારે લોકોનાં સપનાં પૂરાં થાય છે ત્યારે લોકશાહીમાં તેમનો વિશ્વાસ પણ વધુ દૃઢ થાય છે, એમ તેમણે કહ્યું હતું. દરેક રાજ્યમાં આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■



## ...તો પાકિસ્તાન ઈતિહાસ બની જશે: જનરલ દ્વિવેદી

નવી દિલ્હી: પાકિસ્તાનને કડક ચેતવણી આપતાં લશ્કરી વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે કહ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદીઓને આશરો આપવાનું અને ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખશે તો પાકિસ્તાને નિર્ણય લેવો પડશે કે તેને ભૌગોલિક હિસ્સો બની રહેવાની કે પછી ઇતિહાસ બની જવાની ઈચ્છા છે.

‘યુનિફોર્મ અનવેઈલ્ડ’ દ્વારા અહીંનાં માણેકશૉ સેન્ટર ખાતે યોજાયેલા વાતચીતના એક સત્ર દરમિયાન તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે ગયા વરસે નિર્માણ પામેલી ‘ઑપરેશન સિંદૂર’ જેવી પરિસ્થિતિ ફરી નિર્માણ પામે તો ભારતીય સેના કઈ રીતે પ્રતિક્રિયા આપશે?

પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન જો આતંકવાદીઓને આશરો આપવાનું અને ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખશે તો પાકિસ્તાને નિર્ણય લેવો પડશે કે તેને

(જુઓ પાનું ૨) ▸▸

# ચાંદીની આયાત પર અંકુશ, પેટ્રોલની નિકાસ પર ટૅક્સ

## ડીઝલ અને એટીએફની એક્સપોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કર્યો

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે શુક્રવારે પેટ્રોલિયમ પેદાશોની નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર ૩ રૂપિયાનો વિન્ડફોલ ટેક્સ લગાવ્યો છે, જ્યારે ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ની નિકાસ પર લાગતી ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે. નવા દરો ગઈ કાલથી અમલી થયા હતા. આ સાથે જ સરકાર શનિવારે ચાંદીની આયાત પર અંકુશો મૂક્યા હતા.

સરકારે ૧૩ મેએ સોના પર જકાત છ ટકાથી વધારીને ૧૫ ટકા કરી હતી.

વિદેશ વેપારના ડિરેક્ટરેટ જનરલે નોટિફિકેશનમાં જણાવ્યુ હતું કે ચાંદી અને ચાંદી સાથે સોના અને પ્લેટિનયમની આયાત નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે. હવે મુકત આયાતને બદલે એ તત્કાળ નિયંત્રિત હશે. નિયંત્રિત કક્ષાની આયાતમાં સરકારના પરવાનાની જરૂર હોય છે.

બિનજરૂરી આયતો પર અંકુશ મૂકીને દેશમાંથી વિદેશી હૂંડિયામણ બહાર જાય નહીં એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નાણાં મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ શૂન્ય જ રહેશે. આ સિવાય, દેશની અંદર (સ્થાનિક વપરાશ માટે) વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરના જૂના ટેક્સ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સરકારે પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર ત્રણ રૂપિયાની સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યુટી (એસએઇડી) લાદી છે. પશ્ચિમ એશિયામાં કટોકટી શરૂ થયા પછી પહેલીવાર પેટ્રોલની નિકાસ પર આ ટેક્સ લગાવવામાં આવ્યો છે. આ સાથે જ, ડીઝલની નિકાસ પર લાગતી ડ્યુટી પ્રતિ લિટર ૨૩ રૂપિયાથી ઘટાડીને ૧૬.૫ રૂપિયા કરી દેવામાં આવી છે, જ્યારે એટીએફ (વિમાનના બળતણ)ની નિકાસ પરની ડ્યુટી ૩૩ રૂપિયાથી ઘટાડીને ૧૬ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે.

સરકારે ૨૬ માર્ચે ડીઝલ પર ૨૧.૫ રૂપિયા પ્રતિ લિટર અને એટીએફ પર ૨૯.૫ રૂપિયા પ્રતિ લિટરની નિકાસ ડ્યુટી લગાવી હતી. ત્યારબાદ, ૧૧ એપ્રિલની સમીક્ષામાં તેને વધારીને અનુક્રમે ૫૫.૫ રૂપિયા અને ૪૨ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી હતી. પછીથી, ૩૦ એપ્રિલની સમીક્ષામાં તેને ફરી ઘટાડીને ૨૩ રૂપિયા અને ૩૩ રૂપિયા પ્રતિ

(જુઓ પાનું ૨) ▸▸

## નીટ પેપર લીક: જીવશાસ્ત્રનાં લેકચરરની ધરપકડ કરાઈ

નવી દિલ્હી : સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ શનિવારે નીટ -યુજીના પેપર લીક પ્રકરણે જીવશાસ્ત્રના લેકચરર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની પેપર સેટિંગ કમિટીનાં સભ્ય મનીષા માંધરેની ધરપકડ કરી હતી. બીજી મેએ નીટ (પીજી)ની પરીક્ષા લેવામાં આવી હતી. પેપર લીક કેસના કથિત સૂત્રધાર પી. વી. કુલકર્મી અને બીજાઓની પૂછપરછના આધારે આ ધરપકડ કરાઈ હતી.

અધિખારીઓ કહ્યું હતું કે એજન્સીના વડા મથકમાં પૂછપરછ કર્યા બાદ મનીષાની ધરપકડ કરાઈ હતી. મનીષા નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (અન્ડરગ્રેજ્યુએટ) પરીક્ષા પ્રક્રિયામાં સંડોવાયેલી હતી અને એનટીએએ તેની નિષ્ણાત તરીકે નિમણૂક કરી હતી.

અધિકારીએ કહ્યું હતું કે મનીષાને બોટની અને ઝૂઓલોજીના પ્રશ્નપત્રની સંપૂર્ણ જાણાકરી હતી.

મનીષાએ પુણેની મનીષા વઘમારેની

(જુઓ પાનું ૨) ▸▸

## ‘વાંદા’ કમેન્ટ નકલી ડિગ્રીવાળાઓ માટે હતી: સીજેઆઇની સ્પષ્ટતા

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે તેમની ‘પરોપજીવી’ કે ‘વાંદા’ સંબંધી ટિપ્પણી અંગે સ્પષ્ટતા કરી હતી. મીડિયાએ તેમની મૌખિક ટિપ્પણીને ખોટી રીતે રજૂ કરી હોવાનું તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું કે તેણે યુવાઓની ટીકા કરી હોવાના મીડિયા અહેવાલોથી તેઓ દુઃખી છે.

સીજેઆઇએ એક નિવેદનમાં જણાવ્યું કે મીડિયાના એક વર્ગે ગઇકાલે એક તુચ્છ કેસની સુનાવણી દરમિયાન મારી મૌખિક ટિપ્પણીઓને કેવી રીતે ખોટી રીતે રજૂ કરી તે વાંચીને મને દુઃખ થયું છે. સૂર્યકાન્તે ભારપૂર્વક જણાવ્યું કે તેમની ટિપ્પણીઓ ખાસ કરીને એવા વ્યક્તિઓ માટે હતી, જેઓ નકલી અને બનાવટી ડિગ્રીઓ દ્વારા કાનૂની વ્યવસાયમાં પ્રવેશી રહ્યા છે. મીડિયાના એક વર્ગે તેની

(જુઓ પાનું ૨) ▸▸

## હૉસ્પિટલની જેમ અદાલતોએ ૨૪ કલાક કામ કરવાની જરૂર: ચીફ જસ્ટિસ

જબલપુર: ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાન્તે શનિવારે જણાવ્યું હતું કે ન્યાયતંત્ર માટે તાત્કાલિક રાહત આપતી પદ્ધતિ દ્વારા સામાન્ય માણસના દુઃખ અને આકાંક્ષાઓને સંબોધવાનો સમય આવી ગયો છે, અને ન્યાયતંત્રને હૉસ્પિટલોની જેમ ચોવીસ કલાક કાર્ય કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ન્યાયતંત્રના સમયના બગાડનો એકમાત્ર અસરકારક જવાબ ટેકનોલોજી છે, અને ન્યાય વિતરણને ઝડપી બનાવવા માટે ટેકનોલોજી અને એઆઈ

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૮૨ કરોડ રૂપિયાનું જિહાદી ડ્રગ્સ જપ્ત

### ભારતમાંથી સૌ પ્રથમ વાર પકડાયું કેપ્ટાગોન નામનું કૅફી દ્રવ્ય

નવી દિલ્હી : નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ કેપ્ટાગોનની હેરાફેરી સાથે સંકળાયેલા એક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે અને ૧૮૨ કરોડ રૂપિયાના આશરે ૨૨૭.૭ કિલો જિહાદી ડ્રગ્સ જપ્ત કર્યો છે, એમ કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ શનિવારે જણાવ્યું હતું.

ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા એક્સ પર આ સફળતાની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે કેપ્ટાગોનના પ્રથમ કન્સાઈનમેન્ટને જપ્ત કરવા બદલ એજન્સીની પ્રશંસા કરી હતી.

કેપ્ટાગોન એ ડ્રગ્સનું નામ છે જે ઐતિહાસિક રીતે ફેનેથિલાઈન સાથે જોડાયેલું છે, જે ૧૯૬૦ના દાયકામાં વિકસિત કૃત્રિમ ઉત્તેજક છે, જેણે વારંવાર આરોપો અને ગુપ્ત માહિતીને કારણે તેના દુરુપયોગ અને હેરફેરને પશ્ચિમ એશિયાના ભાગોમાં કાર્યરત ઉગ્રવાદી અને સંઘર્ષ-ક્ષેત્ર નેટવર્ક્સ સાથે જોડતા જિહાદી ડ્રગ્સનું ઉપનામ મેળવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ પરિભાષાનો ઉદભવ એટલા માટે થયો કારણ કે ડ્રગની ઉત્તેજક અસરો કથિત રીતે વપરાશકર્તાઓને

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાન પર ત્રાટકવાની તૈયારીમાં ટ્રમ્પ

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે મંત્રણા કરીને વૉશિંગ્ટન પાછા ફર્યા છે ત્યારે તેમના સલાહકારોએ ઈરાન સામે નવાં લશ્કરી પગલાંની યોજના ઘડી છે. ટ્રમ્પના સાથીદારો આ નવા ઑપરેશનને ‘સ્લેજહેમર’ નામ આપવા માગે છે.

અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ‘ઑપરેશન એપિક ફ્યુરી’ને સ્થગિત કર્યું છે. અમેરિકાએ હુમલો કરવાનું માંડી વાળીને ઇરાન પર દબાણ લાવવા નાકાબંધી શરૂ કરી છે. તહેરાને આના જવાબમાં કહ્યું હતું કે અમેરિકા નાકાબંધી ચાલુ હશે તો તે હોર્મુઝ સામુદ્રધુની નહીં ખોલે.

જો હાલનો યુદ્ધવિરામ તૂટી જાય અને અમેરિકાને ઈરાન પર ફરી હુમલો કરવો પડે તો એ ‘સ્લેજહેમર’નામે નવું આપરેશન શરૂ કરશે.

અમેરિકા અને ઇરાને એપ્રિલની શરૂઆતમાં યુદ્ધવિરામની સમજૂતિ કરી હતી અને અમેરિકાના વહીવટીતંત્રે ઑપરેશન

(જુઓ પાનું ૨) ▸▸

### ટ્રમ્પ ગભરાયા: તાઈવાન મામલે હાથ ઉપર કર્યા

ચીન અને તાઈવાન વચ્ચે ચાલી રહેલા તણાવને મામલે અમેરિકાનો અભિગમ બદલવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા છે.

ચીનની બે દિવસની મુલાકાત બાદ ટ્રમ્પે કહ્યું હતું કે તાઈવાનની સ્વતંત્રતાની લડતને મુદ્દે યુદ્ધ લડવા અમેરિકા ૯,૫૦૦ માઈલ દૂર સુધી નહીં આવે.

ચીનની મુલાકાત બાદ સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં ટ્રમ્પે એમ કહીને તાઈવાનને સત્તાવાર સ્વતંત્રતા મેળવવાને મામલે સાવધ કર્યું હતું કે ટાપુનું રક્ષણ અમેરિકા માટે પુરવઠા અને સૈન્ય દૃષ્ટિએ અત્યંત

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા-નાઈજીરિયાના સંયુક્ત ઑપરેશનમાં આઈએસનો ટોચનો કમાન્ડર હણાયો

વૉશિંગ્ટન: અમેરિકા અને નાઈજીરિયાના સૈન્ય દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા મિશનમાં ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) ગ્રૂપનો ટોચનો કમાન્ડર અબુ બાકર અલ મૈનુકી ઠાર મરાયો હોવાનું અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું.

આફ્રિકાના સૌથી વધુ વસતિ ધરાવતા વિસ્તારમાં સંયુક્ત મિશન હાથ ધરવાની શુક્રવારે મોડી રાત્ર સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જાહેરાત કરી હતી.

અબુ બાકર વૈશ્વિક સ્તરે આઈએસનો બીજા ક્રમાંકનો ટોચનો નેતા હતો અને તે માનતો હતો કે આફ્રિકામાં હું છુપાઈને રહી શકીશ,

(જુઓ પાનું ૨) ▸▸

### ગાઝામાં હમાસની સશસ્ત્ર પાંખના કમાન્ડરનું હુમલામાં મોત

તેલ અવીવ: ગાઝામાં શનિવારે થયેલા હવાઇ હુમલામાં હમાસની સશસ્ત્ર પાંખના કમાન્ડર એઝેદીન અલ-હદ્દાદનું મોત નીપજ્યું હતું. આ અહેવાલને ઇઝરાયલ સંરક્ષણ દળોએ પુષ્ટિ આપી છે.

ઇઝરાયલની સેનાએ જણાવ્યું કે આઇડીએફ અને આઇએસએ જાહેરાત કરી છે કે ગઇકાલે ગાઝા શહેર વિસ્તારમાં એક ચોક્કસ હુમલામાં આતંકવાદી એઝેદીન અલ-હદ્દાદ માર્યો ગયો હતો. હદ્દાદ હમાસની લશ્કરી પાંખના છેલ્લા વરિષ્ઠ કમાન્ડરો પૈકીનો એક હતો. તે સાતમી

(જુઓ પાનું ૨) ▸▸

## જાસૂસીનો ડર: ટ્રમ્પ ઍન્ડ કંપનીએ સોગાદો સહિતની દરેક ચાઈનીઝ વસ્તુ એરપોર્ટના કચરાના ડબામાં ફેંકી




નવી દિલ્હી: અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો ત્રણ દિવસનો ચીન પ્રવાસ ભલે પૂરો થઈ ગયો હોય, પરંતુ તેમના પરત ફરવા સાથે જોડાયેલી એક ખૂબ જ ચોંકાવનારી ઘટના સામે આવી છે. ડેટા ચોરી અને જાસૂસીની આશંકાના કારણે, અમેરિકી પ્રતિનિધિમંડળે (ડેલિગેશને) એર ફોર્સ વન (અમેરિકાના પ્રમુખના ખાસ વિમાન) માં પગ મૂકતા પહેલા જ ચીની અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી તમામ ભેટ-સોગાદો અને ઇલેક્ટ્રોનિક સામાન ક્યાંક તો નષ્ટ કરી દીધો અથવા તેને ત્યાં જ છોડી દીધો.

ગ્રાઉન્ડ રિપોર્ટ્સ અનુસાર, સ્વદેશ પરત ફરવાની તૈયારીઓ વચ્ચે અમેરિકી ટીમે એ બધી જ વસ્તુઓ એક જગ્યાએ ભેગી કરી જે તેમને ચીની યજમાનો તરફથી ભેટ તરીકે મળી હતી. આ વસ્તુઓમાં વ્હાઇટ હાઉસના કર્મચારીઓને વપરાશ માટે આપવામાં આવેલા ખાસ બર્નર ફોન, ડેલિગેશન પિન અને ક્રેડેન્શિયલ્સ જેવી અન્ય ઘણી વસ્તુઓ સામેલ હતી.

સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બધો સામાન અમેરિકા લઈ જવાને બદલે, વિમાને ઉડાન ભરી તે પહેલાં જ કચરાપેટીમાં ફેંકી દેવામાં આવ્યો અથવા તો પૂરેપૂરો નષ્ટ કરી દેવામાં આવ્યો.

અમેરિકી પ્રેસ ટીમ સાથે પ્રવાસ કરી રહેલા ન્યૂયોર્ક પોસ્ટના એક પત્રકારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ’એક્સ’ પર આ ઘટનાની પુષ્ટિ કરી છે.

તેમણે પોતાની પોસ્ટમાં સ્પષ્ટ લખ્યું કે, ‘‘અમને વિમાનની અંદર ચીનથી જોડાયેલી કોઈ પણ વસ્તુ

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૭-૫-૨૦૨૬ થી તા. ૨૩-૫-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ મેષ રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ વૃષભ રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર મિથુન રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મંદ ગતિએ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃષભ રાશિમાં તા. ૧૮મીએ મિથુન રાશિમાં, તા. ૨૦મીએ કર્ક રાશિમાં, તા. ૨૩મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૧૭, ૧૮, ૨૨મીએ વિશિષ્ટ નિર્ણયો લઈ શકશો. નાણાં આવકના નવા સાધનો મેળવશો. ભાઈઓ સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મુસાફરી દ્વારા વેપારના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૦મી, ૨૨મીએ નવા કામકાજનો પ્રારંભ થાય. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોના જવાબદારીના કામકાજ પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસના નિર્ણયોમાં પરિવર્તનો અનુભવશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાપ્તાહિક રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં લાભ મેળવી શકશો. નોકરી માટે તા. ૨૧, ૨૨ શુભ જણાય છે. નોકરીના નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત થાય. સ્વતંત્રપણે કારોબારના નિર્ણયો લઈ શકશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓના પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો સફળ પુરવાર થશે. નોકરીમાં આ સપ્તાહના ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો. વિદ્યાર્થીઓ અધ્યયન ક્ષેત્રે સફળતા મેળવશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું લે-વેંચનું કામકાજ અને રોકાણનો નિર્ણય સફળ પુરવાર થશે. તા. ૧૭, ૧૮ નોકરીના ક્ષેત્રે નિર્ણયાત્મક જણાય છે. તા. ૨૦, ૨૨, ૨૩માં નાણાં આવકની વૃદ્ધિ જણાય. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. તા. ૧૯, ૨૩મીએ મહિલાઓના પરિવારના જવાબદારીના કામકાજ સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓમાં યશસ્વી નિર્ણયો લેવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યનના કામકાજ નિયમિતપણે પૂર્ણ થતાં જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં પ્રગતિ અને વૃદ્ધિ થશે. તા. ૨૧, ૨૨ નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા દર્શાવે છે. નોકરી માટેના નિર્ણયો એકંદરે લાભદાયી પુરવાર થાય. નવા કામકાજનો પ્રારંભ થશે. સપ્તાહમાં નાણાં આવકમાં વૃદ્ધિ થશે. મહિલાઓ પ્રવાસ માટેના ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો. પ્રવાસમાં ઓળખાણો થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. સહકાર્યકરોમાં સંપ જળવાશે. ઉપરી અધિકારી મદદરૂપ થશે. નવા આવકના સાધનો પ્રાપ્ત થાય. મિત્રો વધે. મિત્રતાના સુખદ અનુભવ થાય. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. મહિલાઓ પ્રાસંગિક જવાબદારીમાં સફળતા પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સ્વપ્રયત્ને સફળ નિર્ણયો લેવામાં અનુકૂળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં છુપા હરીફોની ઓળખ થાય છતાં પ્રગતિ જળવાઈ રહેશે. મુસાફરી માટેના ગ્રહયોગો શુભ જણાય છે. મહિલાઓને વડીલોનો સહયોગ પરિવારની પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના વિષયમાં સફળતાનો અનુભવ થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. રાહુનું ભ્રમણ બેધ્યાનપણું લાવે તેમ છે. વિપરિત માર્ગદર્શન પણ થાય. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૦ શુભ જણાય છે. અર્થવ્યવસ્થા જળવાઈ રહેશે. નવા નાણાંના સાધનો પ્રાપ્ત થશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષામાં સફળ પરિણામોનો અનુભવ થાય તથા આરોગ્ય જળવાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંના આયોજનો સફળ બની રહેશે. રોકાણ થઈ શકશે. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૨ શુભ ફળદાયી જણાય છે. નોકરીના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. મિલકત-વાહનના નિર્ણયોમાં સાવધાની દાખવવી જરૂરી છે. પ્રવાસ દ્વારા મહિલાઓના નિજી કામકાજ પૂર્ણ થઈ શકશે. ધાર્મિક પ્રસંગોનું આયોજન સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો પ્રોત્સાહક, પ્રગતિસૂચક બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાં રોકાણ માટે સફળ નિર્ણય લઈ શકશો. નોકરીમાં માન-પાન વગ વધશે. આત્મવિશ્વાસ પ્રબળ બનશે. નોકરીમાં યશ મેળવશો. સ્વાસ્થ્ય જળવાશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. નોકરી વિશેની મૂંઝવણો આ સપ્તાહમાં દૂર થશે. વેપારમાં નાણાં આવકની વૃદ્ધિ થશે. તા. ૧૯, ૨૦ શુભ જણાય છે. નોકરીના કારોબારમાં મહિલાઓને યશ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે તથા નવું રોકાણ પણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૦ શુભ જણાય છે. તા. ૨૧, ૨૨, ૨૩મીએ કારોબારનો સ્વતંત્રપણે નિર્ણય લઈ શકશો. ધાર્યા મુજબની વાટાઘાટો સફળ બની રહેશે. મુસાફરી દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સંપન્ન થતા જણાશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યક્રમ નિયમિત અને સફળ પુરવાર થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નિયમિત કામકાજ અને નાણાં લાભ જળવાઈ રહેશે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૦, ૨૧ શુભ જણાય છે. નોકરીના જૂનાં પ્રશ્નોનો ઉકેલ આવશે. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વેપાર વધશે. મહિલાઓની નોકરીની જવાબદારીઓ પૂર્ણ થશે. કુટુંબના કામકાજ સરળતાથી પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું આ સપ્તાહનું કામકાજ પ્રગતિસૂચક જણાય છે. દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૭, ૧૮, ૨૦ અપેક્ષા મુજબની સફળતા દર્શાવે છે. મિત્રોમાં આ સપ્તાહમાં યશસ્વી નિર્ણયો લઈ શકશો. નાણાં આવકના નવા સાધનો મેળવશો. પ્રવાસ દ્વિારા મહિલાઓના નિજી પ્રવૃત્તિઓના કામકાજ સફળ થતાં જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ પુરવાર થશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૧૭-૫-૨૦૨૬, અધિક જયેષ્ઠ માસ પ્રારંભ, દશહરા પ્રારંભ

ભારતીય દિનાંક ૨૭, માહે વૈશાખ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ-૧
જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ-૧
પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧લો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૪-૩૧ સુધી, પછી રોહિણી
ચંદ્ર વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૨, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતી ઃ બપોરે ક. ૧૨-૨૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૭
ઓટઃ સાંજે ક. ૧૮-૨૫
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ - પ્રતિપદા. અધિક જયેષ્ઠ માસ પ્રારંભ, ઈષ્ટિ, કરીદિન, દશહરા પ્રારંભ.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન.

અધિક જયેષ્ઠ માસ સંક્ષિપ્તઃ (તા. ૧૭-૫-૨૦૨૬ થી તા. ૧૫-૬-૨૦૨૬), શુક્લ પક્ષમાં સાતમનો ક્ષય, અગિયારસની વૃદ્ધિ થાય છે. દિવસ-૧૫, કૃષ્ણપક્ષમાં ક્ષય વૃદ્ધિ નથી. દિવસ-૧૫ એમ કુલ આ માસમાં ૩૦ દિવસ છે. તા. ૩૧મી મે પૂનમનું ચંદ્ર ગ્રહણ નથી. તા. ૧૫ જૂન અમાસનું ચંદ્ર ગ્રહણ નથી. અધિક માસ હોઈ આ માસમાં લગ્ન, વાસ્તુ, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, ખાતમુહૂર્ત, ભૂમિપૂજન, આદિ સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે. ગંગા દશહરા પર્વ, તા. ૧૭ થી ૨૫ સુધી છે. કમલા એકાદશી તા. ૨૭મે અને ૧૧ જૂને છે. આ માસમાં ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગ તા. ૨૧મીએ આવે છે. ઘનિષ્ઠા નવક સમાપ્તિ તા. ૧૮મીએ થાય છે.
પુરુષોત્તમ માસ મહિમાઃ હિન્દુ પંચાંગ મુજબ જ્યારે સૂર્યસંક્રાંતિ વગરનો મહિનો આવે છે તેને અધિક માસ કહેવામાં આવે છે. ભગવાન શ્રી હરિએ આ માસનું પોતાનું નામ આપ્યો હોવાથી તે પુરુષોત્તમ માસ તરીકે ઓળખાય છે. આ પવિત્ર માસ શ્રદ્ધાળુ ભક્તો માટે આધ્યાત્મિક ઊર્જા મેળવવાનો સુવર્ણ અવસર છે. આ માસમાં રોજ શ્રી વિષ્ણુ સહસ્ર નામાવલિનો પાઠ કરવો. પોતાના અત્યંત વ્યસ્ત જીવનશૈલીમાંથી ભગવાનની ભક્તિ કરવાનો સમય મેળવવો.
આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અસ્થિર મનના, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ કાર્યક્ષેત્રે અતિશય પરિશ્રમ, બુધ-હર્ષલ યુતિ સ્વતંત્ર પ્રકૃતિના.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, બુધ-હર્ષલ યુતિ (તા. ૧૮). શનિ રેવતી નક્ષત્ર પ્રવેશ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી ઉત્તરે મહત્તમ ૫ અંશના અંતરે રહે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૭-૫-૨૦૨૬ થી તા. ૨૩-૫-૨૦૨૬

રવિવાર, અધિક જયેષ્ઠ સુદ-૧, વિ. સં. ૨૦૮૨, તા. ૧૭મે, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૪-૩૧ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. અધિક જયેષ્ઠ માસ પ્રારંભ, ઈષ્ટિ, કરીદિન, ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૪૫, સમર્ઘ. સામાન્ય દિવસ. અધિક માસ તા. ૧૫ જૂન સુધી છે. આ માસમાં લગ્ન, સગાઈ, વાસ્તુકળશ, ભૂમિપૂજન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, નવા કામકાજ, દુકાનોના મુહૂર્તો, સાંસારિક, માંગલિક કાર્યો વર્જ્ય છે. આ માસ મલમાસ, અધિક માસ, પુરુષોત્તમ માસ એમ વિધવિધ નામે ઓળખાય છે. આ માસમાં ઈશ્વરની વધુમાં વધુ ભક્તિ કરવી.

સોમવાર, અધિક જયેષ્ઠ સુદ-૨, તા. ૧૮મી. નક્ષત્ર રોહિણી સવારે ક. ૧૧-૩૧ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૨-૦૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. વસુમડા પંચક (ઘનિષ્ઠા નવક) સમાપ્તિ સવારે ક. ૧૧-૩૧. મુસ્લિમ ૧૨મો જિલ્હજ માસારંભ. શુભ દિવસ.

મંગળવાર, અધિક જયેષ્ઠ સુદ-૩, તા. ૧૯મી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૮-૪૧ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. અધિક જયેષ્ઠ શુક્લ - તૃતીયા. વિનાયક ચતુર્થી, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૩૯. સામાન્ય દિવસ

બુધવાર, અધિક જયેષ્ઠ સુદ-૪, તા. ૨૦મી, નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૦૬-૧૨ સુધી, પછી પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૧ સુધી (તા. ૨૧), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૨-૩૮ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૦૬. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અધિક જયેષ્ઠ સુદ-૫, તા. ૨૧મી, ૨૦૨૬, નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ સુધી (તા. ૨૨), પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ગુરુપુષ્યામૃત યોગ સૂર્યોદયથી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ (તા. ૨૨). શુભ દિવસ.

શુક્રવાર, અધિક જયેષ્ઠ સુદ-૬, તા. ૨૨મી, નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૭ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૭ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. સપ્તમી ક્ષય તિથિ છે, ભારતીય જયેષ્ઠ માસારંભ, જરથોસ્તનો દિશો. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, અધિક જયેષ્ઠ સુદ-૮, તા. ૨૩મી, નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૮ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી સાંજે ક. ૧૬-૩૯. પશ્ચિમમાં બુધ દર્શન. સામાન્ય દિવસ.

# કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરબદલની ગણાતી ઘડીઓ

નવી દિલ્હીઃ કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં સંગઠનાત્મક ફેરબદલ અંગે અટકળો વધી રહી છે જેમાં કેન્દ્રીય પ્રધાનમંડળમાં પણ ફેરફાર થઈ શકે છે. આ ઘટનાક્રમથી વાકેફ લોકોના મતે, નવા નિયુક્ત ભાજપ પ્રમુખ નીતિન નબીન દ્વારા તેમની નવી ટીમની જાહેરાત બાદ પક્ષ અને સરકાર બંનેમાં ફેરફાર થવાની શક્યતા છે.

ભાજપ, જે પોતાના દમ પર બહુમતી ન મેળવી શક્યા બાદ કેન્દ્રમાં સરકાર બનાવવા માટે સાથી પક્ષો - ખાસ કરીને જનતા દળ (યુનાઇટેડ) અને તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) - પર આધાર રાખતી હતી, તેણે હજુ સુધી વધારાના પ્રધાનપદની શક્યતા અંગે તેના એનડીએ ભાગીદારો સાથે ચર્ચા શરૂ કરી નથી, એવું આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું. ૯ જૂન, ૨૦૨૪ના રોજ સરકારે સતત ત્રીજા કાર્યકાળ માટે શપથ લીધા પછી કોઈ વિસ્તરણ કે ફેરબદલ થયા નથી, તેથી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરફાર થવાની ધારણા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૨૧ મેના રોજ યોજાનારી મંત્રી પરિષદની બેઠકે સંભવિત ફેરફારો અંગે અટકળોને વધુ વેગ આપ્યો છે.

" પ્રધાનમંડળ નિયમિત સમયે મળે છે. હાલમાં દેશ બાહ્ય પરિબળો (પશ્ચિમ એશિયા/મધ્ય પૂર્વ કટોકટી) ના પરિણામે ઉદ્ભવતા પડકારોનો સામનો કરી રહ્યો છે અને તેથી, આવી બેઠક અસામાન્ય નથી," તેવું એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું.

પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે સંગઠનાત્મક ફેરબદલ પર નજીકથી નજર રાખવામાં આવશે કારણ કે ભાજપ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી, રાષ્ટ્રપતિની ચૂંટણી અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સહિત આગામી તબક્કાની ચૂંટણી લડાઈઓ માટે તૈયારી કરી રહ્યું છે.

"એવી શક્યતા છે કે કેટલાક વરિષ્ઠ નેતાઓ કે જેઓ કેન્દ્રીય પ્રધાન છે અથવા રાજ્ય પ્રમુખો અથવા પ્રધાન જેવા મુખ્ય હોદ્દાઓ પર રહી ચૂક્યા છે તેમને ૨૦૨૯માં યોજાનારી મહત્ત્વપૂર્ણ ચૂંટણી પહેલા પાર્ટીને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ સંગઠનાત્મક હોદ્દા આપવામાં આવી શકે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારતની આકાંક્ષા

મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે આ દાયકો દુનિયા માટે આપત્તિઓનો દાયકો બની રહ્યો છે અને જો હજુ પણ સ્થિતિ નહીં સુધરે તો તે આવનારા દાયકાઓ સુધી ભારે પડશે. આ સાથે જ તેમણે ૧૬ મેના દિવસને અત્યંત વિશેષ ગણાવ્યો હતો. તેમણે યાદ અપાવ્યું કે, આજથી બરાબર ૧૨ વર્ષ પહેલાં ૨૦૧૪મા આજના જ દિવસે લોકસભા ચૂંટણીના પરિણામો આવ્યા હતા, જેણે દેશની દિશા બદલી નાખી હતી. આ પ્રસંગે તેમણે નેધરલેન્ડ્સની જનતાને ભારતના ૧૪૦ કરોડ લોકો વતી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

મોદીએ નેધરલૅન્ડસમાંના ભારતના મિત્રોને ભારત સાથે બને એટલો સહકાર વધારવાનો અનુરોધ કર્યો હતો. આનાથી ભારતની ક્ષમતા વધશે અને આના બદલામાં તમને તમારા રોકાણ પર સારું વળતર મળશે. આ મોદીની ગેરન્ટી છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે આજે ભારત મોટાં સપના જોઈ રહ્યું છે. દેશ કહી રહ્યો છે કે અમારે ફક્ત પરિવર્તન જોઈતું નથી. અમારે ફક્ત ઉત્તમ વસ્તુઓ જ જોઈતી નથી, પરંતુ અમારે આ ઝડપી જોઈએ છે. આને લીધે ભારતમાં આકાંક્ષા અમર્યાદિત છે અને અથાક પ્રયાસો થઈ રહ્યા છે.

મોદી કહ્યું હતું કે ભારત આકાશને સ્પર્શ કરવા માગે છે. આ જ કારણસર ભારતની સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ મજબૂત થતી જાય છે. હવે ભારત પાસે વિશ્વની ત્રીજા નંબરની મોટી ઈકોસિસ્ટમ છે. (એજન્સી) ■

### ...તો પાકિસ્તાન

ભૌગોલિક હિસ્સો બની રહેવાની કે પછી ઈતિહાસ બની જવાની ઈચ્છા છે.

સેનાએ 'ઑપરેશન સિંદૂર'ની પ્રથમ જયંતીની ઉજવણી કર્યાના ગણતરીના દિવસો બાદ યોજાયેલા 'સેના સંવાદ' કાર્યક્રમમાં દ્વિવેદીએ આ નિવેદન કરી આતંકવાદ વિરુદ્ધનું ભારતનું વલણ સ્પષ્ટ કર્યું હતું. પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેના દ્વારા ગયા વરસની સાતમી મેએ 'ઑપરેશન સિંદૂર' હાથ ધરવામાં આવ્યું હતું. આ સૈન્ય કાર્યવાહી ૮૮ કલાક ચાલી હતી. (એજન્સી) ■

### નીટ પેપર લીક

મદદથી નીટ પરીક્ષાના સંભવિત ઉમેદવારોને ભેગા કર્યા હતા. વાઘમારેની ૧૪ મેએ પુણેથી ધરપકડ થઈ હતી. મનીષાએ તેના પુણેના નિવાસસ્થાને આ વિદ્યાર્થીઓ માટે ખાસ કોચિંગ કલાસ લીધા હતા. મનીષા મંધારે પર એવો આક્ષેપ છે કે ફૂટી ગયેલા પ્રશ્નપત્રના સવાલો અને જવાબ વિદ્યાર્થીઓને લખાવ્યા હતા. તેણે આ માટે વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ફી તરીકે લીધા હતા.

આમાંના ઘણાં સવાલો ત્રીજી મેના પેપરના સવાલો સાથે મળતા હતા. પેપર લીકને લીધે નીટની પરીક્ષા રદ કરાઈ હતી. સીબીઆઈએ લાતુરના કેમિસ્ટ્રીના ડોમેન એક્સપર્ટની શુક્રવારે લાતુરથી ધરપકડ કરી હતી. કુલકર્ણી નીટ પ્રશ્નપત્ર તૈયાર કરવાની ટીમમાં લાંબા સમયથી હતા. (એજન્સી) ■

### હૉસ્પિટલની જેમ

આધારિત ન્યાયિક સ્થાપત્યને વધુ ગાઢ બનાવવા હાકલ કરી હતી.

સીજેઆઈ મધ્ય પ્રદેશ હાઈ કોર્ટ દ્વારા 'વિભાજનથી મિશ્રણ, સંયુક્ત ડિજિટલ પ્લેટફોર્મ એકીકરણ દ્વારા ન્યાયને સશક્ત બનાવવો' વિષય પર આયોજિત કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે હાઈ કોર્ટના નવા વિકસિત ડિજિટલ પ્લેટફોર્મનું પણ લોન્ચિંગ કર્યું હતું. ભારતીય ન્યાયતંત્ર ૧૯૯૦થી ચાલી રહેલી અને આપણી સિસ્ટમનો અભિન્ન ભાગ બનેલી ટેકનોલોજીકલ પ્રગતિનો જ નહીં, પણ નવીનતમ એઆઈ ડિઝાઇનનો પણ શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે, એવું તેમણે કહ્યું હતું.

આપણે ટેકનોલોજી અને એઆઈ-આધારિત ન્યાયિક સ્થાપત્યને વધુ ગાઢ બનાવવાનો વિચાર કરવો જોઈએ. ન્યાયિક સમય બગાડવાનો એકમાત્ર અસરકારક જવાબ ટેકનોલોજી છે, એમ સૂર્યકાન્તે કહ્યું. તેમણે કહ્યું કે સમય આવી ગયો છે જ્યારે ન્યાયતંત્રને તાત્કાલિક રાહત આપતી સિસ્ટમ દ્વારા સામાન્ય માણસની આકાંક્ષાઓ, જરૂરિયાતો, માગણીઓ, પીડા અને વેદનાને સંબોધવાની જરૂર છે. તે માટે, ન્યાયતંત્રને ૨૪બાય૭ કાર્યરત હોસ્પિટલોની જેમ કામ કરવાની જરૂર છે. કોવિડ-૧૯ રોગચાળાને યાદ કરતા, એમણે કહ્યું કે મુશ્કેલ સમયમાં ભારતીય ન્યાયતંત્રની તેની બંધારણીય ફરજો નિભાવવા બદલ વૈશ્વિક સ્તરે પ્રશંસા કરવામાં આવી હતી.

"અમે અમારી અદાલતો બંધ કરી નહોતી," એમ તેમણે કહ્યું અને ટેકનોલોજીએ મહામારી દરમિયાન તાત્કાલિક સુનાવણી હાથ ધરવા માટે કોર્ટોને કેવી રીતે સક્ષમ બનાવી તે અંગે વિગતવાર જણાવ્યું હતુ. તેમણે ન્યાયતંત્રમાં ટેકનોલોજીકલ પ્રગતિનો ઉપયોગ ન્યાયતંત્રમાં ઝડપી બનાવવા માટે કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવા બદલ મધ્ય પ્રદેશ હાઈ કોર્ટની પ્રશંસા કરતા, એમણે કહ્યું કે કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય પ્રધાન અર્જુન રામ મેઘવાળ દ્વારા જણાવ્યા મુજબ, આ ટેકનોલોજીકલ પ્રગતિઓને સમગ્ર ભારતમાં લાગુ કરવાની જરૂર છે. તેમના મતે, ન્યાયતંત્રના લાભ માટે, ખાસ કરીને કેસોના ઝડપી નિકાલ માટે એઆઈનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે.

મેઘવાળ, મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ અને મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સંજીવ સભરવાલે પણ આ પ્રસંગે વાત કરી હતી. ■

### ટ્રમ્પ ગભરાયાં

મુશ્કેલ પડકાર છે. એક દેશને સ્વતંત્રતા અપાવવા માટેનું યુદ્ધ લડવા અમેરિકા ૯,૫૦૦ માઈલ દૂર નહીં આવે, એમ તેમણે કહ્યું હતું. આ કારણે જ હું ઈચ્છું કે ચીન અને તાઈવાન બંને આ મામલે શાંત રહે, એમ ટ્રમ્પે કહ્યું હતું. તાઈવાન પરત્વેના ચીનના પ્રમુખ શી જિનપિંગના લાંબા સમયના અભિગમ અંગે બોલતાં ટ્રમ્પે કહ્યું હતું કે ચીન માટે તાઈવાન અતિ મહત્ત્વનો મુદ્દો છે અને ઘણા લાંબા સમયથી હું એ જાણું છું. અમેરિકાનો અમને ટેકો છે એ આધારે કોઈ દેશ પોતાને સ્વતંત્ર જાહેર કરવાની ઈચ્છા વ્યક્ત કરે એવું અમે નથી ઈચ્છતા, એમ ટ્રમ્પે કહ્યું હતું. (એજન્સી) ■

### 'વાંદા' કમેન્ટ

ટિપ્પણીઓને ખોટી રીતે રજૂ કરી છે. આ સ્પષ્ટતા શુક્રવારના રોજ એક સુનાવણી દરમિયાન વકરેલા વિવાદ બાદ કરવામાં આવી છે. આ સુનાવણી દરમિયાન સીજેઆઇએ એક વકીલને તેની વરિષ્ઠ પદ મેળવવાની માગ કરતી અરજીને લઇને ઠપકો આપતી વખતે પરોપજીવી અને વાંદા જેવા શબ્દનો ઉપયોગ કર્યો હતો.

તેમણે કહ્યું કે મેં ખાસ કરીને એવા લોકોની ટીકા કરી હતી, જે નકલી અને બનાવટી ડિગ્રીઓની મદદથી બાર(કાનૂની વ્યવસાય) જેવા વ્યવસાયોમાં પ્રવેશ્યા છે. આવા જ લોકો મીડિયા, સોશ્યલ મીડિયા અને અન્ય પ્રતિષ્ઠિત વ્યવસાયોમાં પણ ઘૂસણખોરી કરી ચૂક્યા છે અને તેથી તેઓ પરોપજીવી જેવા છે. મેં આપણા દેશના યુવાનોની ટીકા કરી છે એ કહેવું તદ્દન પાયાવિહોણું છે. ■

### ચાંદીની આયાત

લિટર કરવામાં આવી હતી. સરકારે આ વિન્ડફોલ ટેક્સ એવા સમયે લગાવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયા (મિડલ-ઇસ્ટ)માં અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન વચ્ચે તણાવ વધેલો છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર સૈન્ય હુમલા કર્યા હતા, જેની સામે તહેરાન (ઇરાન) તરફથી પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી. આ સંઘર્ષના કારણે કાચા તેલ (ક્રૂડ ઓઇલ)ના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ક્રૂડ ઓઇલની કિંમત પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર ચાલી રહી છે, જ્યારે આ સંઘર્ષ શરૂ થયો તે પહેલાં તે આશરે ૭૩ ડોલર પ્રતિ બેરલ હતી.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, વિન્ડફોલ ટેક્સનો હેતુ દેશમાં પેટ્રોલિયમ પેદાશોની પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવાનો છે. સરકાર નથી ઇચ્છતી કે કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારના ઊંચા ભાવોનો ફાયદો ઉઠાવીને મોટા પાયે નિકાસ કરવા લાગે, જેનાથી સ્થાનિક (દેશના) બજારમાં સપ્લાય ખોરવાય. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ટેક્સના દરોની દર ૧૫ દિવસે સમીક્ષા કરવામાં આવશે. આ દરો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ, પેટ્રોલ, ડીઝલ અને એટીએફની સરેરાશ કિંમતોના આધારે નક્કી કરવામાં આવશે. (એજન્સી) ■

### ૧૮૨ કરોડ રૂપિયાનું

લાંબા સમય સુધી જાગૃત રહેવા, ભય અને થાકને દબાવવા, આક્રમકતા અને જોખમ લેવાની વર્તણૂક વધારવા અને તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં લાંબા સમય સુધી લડાઈ જેવી પ્રવૃત્તિ ચાલુ રાખવા સક્ષમ બનાવે છે.

એક્સ પરની તેમની પોસ્ટમાં, શાહે કહ્યું કે મોદી સરકારે ડ્રગ્સ-મુક્ત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ વાત શેર કરતાં આનંદ થાય છે કે 'ઓપરેશન રેગેપિલ' દ્વારા, અમારી એજન્સીઓએ ૧૮૨ કરોડ રૂપિયાની કિંમતના જિહાદી ડ્રગ્સ, કેપ્ટાગોનની પ્રથમ વખત જપ્તી હાંસલ કરી છે.

મધ્ય-પૂર્વ માટે મોકલવામાં આવેલા ડ્રગ કન્સાઇન્મેન્ટનો પર્દાફાશ અને વિદેશી નાગરિકની ધરપકડ ડ્રગ્સ સામે શૂન્ય સહિષ્ણુતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાના ચમકતા ઉદાહરણો તરીકે ઉભરી આવે છે, એવું તેમણે કહ્યું.

આ કાર્યવાહીની વિગતો શેર કરતાં, ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે એનસીબીને એક વિદેશી ડ્રગ કાયદા અમલીકરણ એજન્સી તરફથી માહિતી મળી હતી કે ડ્રગ્સની હેરાફેરી માટે ભારતનો ઉપયોગ ટ્રાન્ઝિટ રૂટ તરીકે થઈ રહ્યો છે. ૧૧ મેના રોજ નવી દિલ્હીના નેબ સરાઈમાં એક ઘરની ઓળખ કરવામાં આવી હતી અને તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં કોમર્શિયલ ચપાતી કાપવાના મશીનમાં કાળજીપૂર્વક છુપાવેલી લગભગ ૩૧.૫ કિલોગ્રામ કેપ્ટન ગોળીઓ મળી આવી હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રારંભિક તપાસ સૂચવે છે કે આ મશીન સાઉદી અરેબિયાના જેદ્દાહમાં નિકાસ કરવા માટે બનાવાયેલ હતું. ■

### ઈરાન પર ત્રાટકવાની

એપિક ફ્યુરી બંધ કરવાની જાહેરાત કરી હતી.

જોકે અમેરિકાની શાંતિ દરખાસ્ત અંગેના ઇરાનના જવાબને ટ્રમ્પે કચરો ગણાવ્યો હતો. ઇરાનના જવાબમાં અમુક મુદ્દે અમુક છૂટછાટ આપવામાં આવી હતી. ટ્રમ્પે વારંવાર કહ્યું હતું કે હું ઈચ્છું છું કે ઇરાનમાંથી સમૃદ્ધ યુરેનિયમ દૂર કરવામાં આવે અને તહેરાન અણુ કાર્યક્રમ અટકાવી છે. જોકે તહેરાન કહે છે કે અમારો અણુ કાર્યક્રમ શાંતિમય છે. ઑપરેશનને નવું નામ સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર લડાઈ ફરી શરૂ કરવા માગે છે. જોકે અધિકારીઓ કહે છે કે સ્લેજહેમર ઉપરાંત બીજા નામો પર પણ વિચાર કરે છે. જોકે, ટ્રમ્પે હજી સુધી આ અંગે કોઈ નિર્ણય લીધો નથી.(એજન્સી) ■

### અમેરિકા-નાઈજીરિયાના

પરંતુ એ નહોતો જાણતો કે અમારાં સ્રોતો તે શું કરી રહ્યો છે તેની પળેપળની માહિતી અમને આપતા હતા. અબુ બાકર આઈએસનો ચાવીરૂપ નેતા હતા અને સંસ્થાની આર્થિક બાબતોનું ધ્યાન રાખતો હતો. અબુ બાકર અમેરિકા અને તેનાં હિતો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

નાઈજીરિયાના પ્રમુખ બૉલા ટિનુબુએ પણ સંયુક્ત મિશન હાથ ધરવામાં આવ્યું હોવાનાં અહેવાલને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે લૅક ચાંદ બેસિનસ્થિત બાકરનાં કમ્પાઉન્ડ પર કરવામાં આવેલા હુમલામાં તે ઠાર મરાયો હતો. આ મિશન ત્રણ કલાક ચાલ્યું હતું. અબુ બાકરનો જન્મ ૧૯૮૨માં નાઈજિરિયાના બૉર્નો પ્રાન્તમાં થયો હતો. (એજન્સી) ■

### ગાઝામાં હમાસની

ઓક્ટોબરના હુમલાની યોજના ઘડવા અને તેને અંજામ આપવામાં સામેલ હતો. હમાસના બે અધિકારીઓએ પણ હદ્દાદનું એક ઇઝરાયલી હુમલામાં મોત થયું હોવાની પુષ્ટિ કરી હતી. ગાઝા શહેરમાં શુક્રવારના રોજ આ હુમલામાં એક રહેણાંક એપાર્ટમેન્ટ અને એક નાગરિક વાહનને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઇઝરાયલની સેનાએ દાવો કર્યો કે હદ્દાદ ઇઝરાયલ-હમાસ યુદ્ધ દરમિયાન હમાસની કેદમાં રહેલા અનેક ઇઝરાયલી બંધકોને રાખવામાં સામેલ હતો.

ઇઝરાયલના સંરક્ષણ દળોએ વધુમાં જણાવ્યું કે હદ્દાદ હમાસની બંધક કેદ વ્યવસ્થાનું સંચાલન કરતો હતો. તેમજ પોતાને મોતથી બચાવવા માટે બંધકોથી ઘેરાયેલો રહેતો હતો. શનિવારે મધ્ય ગાઝામાં અલ અક્સા શહીદ મસ્જિદમાં હદ્દાદ, તેની પત્ની અને ૧૯ વર્ષીય પુત્રીની એક સંયુક્ત દફનવિધિ કરવામાં આવી હોવાનું મીડિયા અહેવાલમાં જણાવાયું છે. ■

### જાસૂસીનો ડર

લઈ જવાની મંજૂરી નથી. અમે ટૂંક સમયમાં જ અમેરિકા માટે ઉડાન ભરવાના છીએ. જોકે, આ આખા ઘટનાક્રમ અને સામાન નષ્ટ કરવાના અહેવાલો પર વાઇટ હાઉસ અથવા ટ્રમ્પ પ્રશાસન તરફથી અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં નથી આવ્યું. રાજદ્વારી નિષ્ણાતોનું માનવું છે કે આ કોઈ મનસ્વી કે અચાનક લેવાયેલો નિર્ણય ન હતો, પરંતુ તે અમેરિકાની 'હાઈ-લેવલ કાઉન્ટર-ઇન્ટેલિજન્સ' અને સુરક્ષા વ્યૂહરચનાનો એક મહત્ત્વનો ભાગ છે. વાસ્તવમાં, જ્યારે પણ અમેરિકી અધિકારીઓ એવા કોઈ દેશના પ્રવાસે જાય છે જ્યાં જાસૂસીનું જોખમ વધારે હોય, ત્યારે પ્રોટોકોલ (નિયમો) હેઠળ તેઓ ત્યાં મળેલી ઇલેક્ટ્રોનિક વસ્તુઓ અને સંવેદનશીલ સાધનોને નષ્ટ કરી દે છે. આનાથી ટ્રેકિંગ, બગિંગ (છૂપી રીતે વાત સાંભળવી) અથવા ડેટા હેકિંગની કોઈ શક્યતા રહેતી નથી. ■

# ચાંદખેડા ઢોસા ખીરા કેસઃ મોટી દીકરીનાં રિપોર્ટમાં સેપ્ટિસેમિયા હોવાનું તારણ આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ચાંદખેડામાં રહેતા પરિવારે બજારમાંથી લીધેલા ખીરામાંથી ઢોસા બનાવીને ખાધા બાદ તબિયત લથડી હતી અને તેમાં દંપતીની બે દીકરીના મોતનો કિસ્સો ભારે ચકચારે ચડ્યો હતો. બન્ને દીકરીના મોત શંકાસ્પદ લાગતા પોલીસે ઊંડી તપાસ શરૂ કરી હતી. આ કેસમાં મોટી દીકરીનો હિસ્ટોપેથોલોજી રિપોર્ટ ચાંદખેડા પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે એક દુર્લભ બેક્ટેરિયલ ઇન્ફેક્શનના કારણે થયેલા સેપ્ટિસેમિયાને લીધે બાળકીનું મોત નીપજ્યું હતું, તેમ સૂત્રો જણાવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે લેબોરેટરી તપાસમાં એસિનેટોબેક્ટર બૌમાની નામના બેક્ટેરિયા મળી આવ્યા હતા. આ એક અત્યંત જોખમી બેક્ટેરિયા છે જે ગંભીર સંક્રમણ અને લોહીમાં ઝેર ફેલાવવા માટે જાણીતા છે. આ બેક્ટેરિયા સામાન્ય રીતે હોસ્પિટલના વાતાવરણમાં અને માટીમાં પણ જોવા મળે છે. દૂષિત ખોરાક કે પાણીથી પણ ઇન્ફેક્શન થઈ શકે છે. જ્યારે આ બેક્ટેરિયા લોહીમાં ભળે છે ત્યારે તે સેપ્ટિસેમિયા તરફ દોરી જાય છે. આ કિસ્સામાં ઇન્ફેક્શનના કારણે થયેલા સેપ્ટિસેમિયાથી જ બાળકીનું મોત થયું હતું.

સૂત્રો જણાવ્યું કે, પેનલ પોસ્ટમોર્ટમ કે એફએસએલના રિપોર્ટમાં બંને બાળકોના શરીરમાંથી કોઈ ઝેરી પદાર્થ મળ્યો ન હતો. આથી જ મોટી બાળકીનો હિસ્ટોપેથોલોજી રિપોર્ટ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયો હતો. તપાસકર્તાઓએ બાળકીઓના માતા-પિતા, દાદા-દાદી અને સંબંધીઓનાં નિવેદનો નોંધી લીધા છે, પરંતુ તેઓ સ્વીકારે છે કે હજુ સુધી કોઈ નક્કર નિષ્કર્ષ સામે આવ્યો નથી. સૂત્રો મુજબ પોલીસ હવે માતા-પિતાનો લાઈ-ડિટેક્શન ટેસ્ટ કરાવવા પર વિચાર કરી શકે છે. ■

# ફિલ્મસર્જક અનુરાગ કશ્યપ સામે ગુનો નોંધવા સુરત કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર બ્રાહ્મણો વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ ફિલ્મસર્જક અનુરાગ કશ્યપ વિરુદ્ધ ગુનો દાખલ કરવાનો આદેશ સુરત કોર્ટે આપ્યો હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

કશ્યપે ૧૯ માર્ચ, ૨૦૨૫ના રોજ પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વિટર) પર બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ અણછાજતી ટિપ્પણી કરી હતી. આ માટે વકીલે ૧૪ મહિના સુધી કાયદાકીય સંઘર્ષ કર્યો હતો અને હવે કોર્ટે ગુનો દાખલ કરવાનો આદેશ આપ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આથી હવે કશ્યપે સુરત કોર્ટમાં હાજર થવું પડશે. કોર્ટે ડિરેક્ટર વિરુદ્ધ માનહાનિનો ગુનો દાખલ કરવા જણાવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગરમીથી આંશિક રાહત, પણ તાપમાનનો પારો ૪૦થી નીચે ઊતરતો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં મોટાભાગનાં શહેરો છેલ્લાં એકાદ અઠવાડિયાથી સખત ગરમી અને લૂમાં શેકાતા હતા. ત્યારે શનિવારથી ગરમીમાં થોડી રાહત મળી છે, તેમ છતાં અમદાવાદ સહિત તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી ઊંચો જ રહ્યો હતો.

હવામાન ખાતાએ આગામી અઠવાડિયા દરમિયાન ગરમી બેથી ત્રણ ડિગ્રી ઘટવાની સંભાવના દર્શાવી હતી.

અમદાવાદના હવામાન કેન્દ્ર દ્વારા જારી કરાયેલા તાજેતરના હવામાન બુલેટિનમાં જણાવાયું હતું કે શનિવારથી એટલે કે ૧૬ મેથી ૨૨ મે દરમિયાન ગરમીમાં આંશિક રાહત નોંધાશે. ૪૪ અને ૪૫ ડિગ્રીએ તપતાં શહેરોમાં ગરમીનો પારો બેથી ત્રણ ડિગ્રી ઓછો થશે.

જોકે સૌરાષ્ટ્ર કચ્છ અને મધ્ય ગુજરાતના ઘણા ભાગોમાં ગરમ લૂ અનુભવાઈ હતી અને ગરમીમાં ખાસ કોઈ રાહતનો અનુભવ થયો ન હતો. મોડી રાત્રે વાતાવરણમાં થોડી ઠંડક અનુભવાઈ હતી.

જોકે, રાહત છતાં આગામી પાંચ દિવસ સુધી ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન હજુ પણ ૪૦ ડિગ્રીથી ઉપર રહેવાની સંભાવના છે.

અમદાવાદ સહિતનાં શહેરો માટે સ્વચ્છ આકાશની આગાહી કરી છે અને શહેરમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી આસપાસ રહેશે, તેવી સંભાવના છે. શનિવારે અમદાવાદ, રાજકોટમાં ૪૨ ડિગ્રી, અમરેલી, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે વડોદરામાં ૪૦ ડિગ્રી વાતાવરણ નોંધાયું હતું. ■

# અદાણી ગૅસે કર્યો ભાવવધારો, અમદાવાદમાં કિલોનો ભાવ થયો ₹. ૮૬.૨

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અદાણી ટોટલ ગેસ લિમિટેડે અમદાવાદમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગૅસ (સીએનજી) ના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૨.૨૫ નો વધારો કર્યો છે. નવીનતમ સુધારા સાથે, અમદાવાદમાં સીએનજીનો છૂટક ભાવ રૂ. ૮૬.૦૨ પર પહોંચી ગયો છે.

૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ અદાણીએ સીએનજીના ભાવમાં રૂ.૧.૨૧નો ઘટાડો કરીને થોડી રાહત આપી હતી, પરંતુ ત્યારથી આ વર્ષે દરમાં ત્રણ વાર વધારો કરવામાં આવ્યો છે. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રૂ. ૦.૫૦ નો વધારો થયો હતો, ૨ એપ્રિલ, ૨૦૨૬ - રૂ.૧.૫૦ નો વધારો અને હવે ૧૬ મે, ૨૦૨૬ - રૂ. ૨.૨૫ નો વધારો થયો છે.

અમદાવાદમાં લગભગ અઢી લાખ ઓટો રિક્ષા છે, જે સીએનજીનો ઉપયોગ કરે છે. આ ભાવ વધારાથી ઓટો-રિક્ષા ચાલકો, સીએનજી ટેક્સી ઓપરેટરો અને દૈનિક મુસાફરો પર અસર થશે.

રિક્ષાચાલકોએ વધારા બાદ રિક્ષાભાડમાં વધારાની માગણી કરી હતી. અગાઉ પણ તેઓ રિક્ષાભાડામાં વધારાની માગણી કરી ચૂક્યા છે, જે સૂત્રો અનુસાર વિચારાધીન છે. સીએનજીનો ભાવ વધતા સામાન્ય નાગરિકોએ પણ બોજ સહન કરવો પડે તેવી સંભાવના છે. ■

# અમદાવાદ-ધોલેરા સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના ભાવનગર સુધી લંબાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં અંદાજે રૂ. ૨૦,૬૬૭ કરોડના ખર્ચે અમદાવાદના સરખેજથી ધોલેરા સુધી સેમી હાઇસ્પીડ ડબલ લાઇન રેલ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ સૂચિત પ્રોજેક્ટ ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે ૧૩૪ કિમીનો વધારો કરશે. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર આ પ્રોજેક્ટને સૌરાષ્ટ્રના ભાવનગર સુધી લંબાવવામાં આવે તેવી શક્યતા છે.

આ ઉપરાંત આશરે ૨૮૪ ગામોની કનેક્ટિવિટી વધશે તેનાથી અંદાજે ૫ લાખ લોકોને તેનો લાભ મળશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરખેજ-ધોલેરા ડબલ-લાઈન પ્રોજેક્ટ હેઠળના ૧૩૪ કિમી લાંબા બ્રોડ-ગેજ સેમી-હાઈ-સ્પીડ રેલ કોરિડોરને પ્રાદેશિક કનેક્ટિવિટીમાં વધુ સુધારો કરવા માટે ભાવનગર સુધી લંબાવવા અંગે હાલમાં સર્વે ચાલી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે, આ નવો કોરિડોર અમદાવાદને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન, આગામી ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ અને લોથલ ખાતેના નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ સાથે જોડશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટથી મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો થવાની અને સીમલેસ મલ્ટિમોડલ કનેક્ટિવિટી ઊભી થવાની અપેક્ષા છે. સરખેજ-ધોલેરા સેમી-હાઈ-સ્પીડ ડબલ-લાઈન પ્રોજેક્ટ ધોલેરાના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જશે. સાબરમતીથી ધોલેરા એરપોર્ટ સુધીનો મુસાફરીનો સમય ઘટીને ૪૮ મિનિટ થવાની ધારણા છે, જ્યારે સરખેજથી ધોલેરા એરપોર્ટની મુસાફરીમાં લગભગ ૩૮ મિનિટનો સમય લાગશે.

આ લાઇન પર ૧૩ સ્ટેશન, ત્રણ મોટા પુલ, ૭૪ કિમીના વાયડક્ટ્સ (એલિવેટેડ બ્રિજ), ૩૯ રોડ અંડરપાસ અને બે રેલ-ઓવર-રેલ બ્રિજ હશે. કુલ ટ્રેકની લંબાઈ લગભગ ૨૯૩ કિમી હશે, અને પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક ૪ વર્ષનો નક્કી કરવામાં આવ્યો છે.

સૂત્રોના કહેવા પ્રમાણે સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનો પર મેટ્રો ઇન્ટિગ્રેશન (જોડાણ)નું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી સ્ટેશન મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર સાથે જોડાશે, જ્યારે મોરૈયા સ્ટેશન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથે જોડાશે. ■

# ભારત-યુએઈ વચ્ચે થયા કરારઃ વાડીનારમાં સ્થપાશે શિપબ્રેકિંગ ક્લસ્ટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના યુએઈના પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે મહત્ત્વપૂર્ણ કરાર થયા હતા. ભારત-યુએઈ ગુજરાતમાં શિપ બ્રેકિંગ ક્લસ્ટર બનાવશે તેવો પણ એક કરાર થયો હતો.

ભારત-યુએઈ વચ્ચે થયેલા કરાર મુજબ વાડીનારમાં શિપબ્રેકિંગ ક્લસ્ટર બનાવાશે. તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના વાડીનાર ખાતે રૂ. ૧૫૭૦ કરોડના શિપ રિપેર ક્લસ્ટર માટે મંજૂરી આપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએઈના શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનની ઉપસ્થિતિમાં બંને દેશો વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અન્ય એમઓયુ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના પુરવઠા સંબંધિત સ્ટ્રેટેજિક ડિફેન્સ પાર્ટનરશિપ માટેના ફ્રેમવર્ક પર કરાર અને ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરબીએલ બેંક તેમજ સમાન કેપિટલમાં ૫ અબજ યુએસ ડૉલરના રોકાણની પણ જાહેરાત કરવામાં આવી હતી. વાડીનાર ખાતે શિપ રિપેર ક્લસ્ટર સ્થાપિત કરવા થયેલા એમઓયુ ભારતના દરિયાઈ માળખાને મજબૂત બનાવશે અને દેશને જહાજ સમારકામ અને જાળવણી માટે એક મુખ્ય પ્રાદેશિક કેન્દ્ર તરીકે સ્થાન આપશે. આ પ્રોજેક્ટ દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવશે, જેમાં ₹ ૧,૫૭૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. ■

# પોલીસે કરી પોલીસ ફરિયાદઃ ડીવાયએસપીના ઘર પર ત્રણ મહિલાએ કર્યો કબજો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સામાન્ય નાગરિકોને કોઈ રંજાડે તો તે પોલીસ પાસે જાય છે, પરંતુ અમદાવાદમાં ડીવાયએસપી લેવલના ઓફિસરને પોતાની માલિકીનો ફ્લેટ ખાલી કરાવવા માટે પોલીસ ફરિયાદ નોંધાવવી પડે તે નવાઈની વાત કહેવાય. હાલમાં અમરેલીમાં ફરજ બજાવી રહેલા ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીવાયએસપી) અશોકસિંહ ગોહિલે ચાંદખેડા વિસ્તારમાં ફરિયાદ નોંધાવી હતી, તેવી માહિતી એક અહેવાલ દ્વારા મળી હતી.

તેમની ફરિયાદ અનુસાર તેમણે વર્ષ ૨૦૨૦માં ન્યૂ સીજી રોડ વિસ્તારમાં રૂ. ૪૦ લાખનો ફ્લેટ લીધો હતો અને તે માટે રૂ. ૩૦ લાખની લોન લીધી હતી. આ ફ્લેટ ખરીદતા સમયે અહીં એક પરિવાર રહેતો હતો અને તેમણે બે દીકરીની સ્કૂલ નજીકમાં જ હોવાથી એકાદ મહિના માટે રહેવાની પરવાનગી માગી હતી. ગોહિલે માનવતાના ધોરણે કોઈપણ જાતનું ભાડું લીધા વિના તેમને રહેવા દીધા હતા. દરમિયાન કોરોનાની મહામારીને લીધે લોકડાઉન લાગતા અને પોલીસ અધિકારીની બદલી અમરેલી થતા તેઓ ફ્લેટ ખાલી કરાવી શક્યા નહીં. ત્યારબાદ આજ સુધી વારંવાર વિનંતી કરવામાં આવી હોવા છતા આ પરિવાર ફ્લેટ ખાલી કરતો નથી, તેવી ફરિયાદ તેમણે કરી હતી. જો અધિકારીના સંબંધીઓ તેમને વિનંતી કરવા જાય તો તેમને છેડતીના કેસમાં ફસાવી દેવાની કથિત ધમકી આપવામાં આવતી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું. આ પરિવારે કોઈ રેંટ એગ્રિમેન્ટ કર્યું નથી કે ૨૦૨૦થી આજ દિવસ સુધી રેંટ આપ્યો નથી. બીજી બાજુ અધિકારીના પરિવારે અમદાવાદમાં અન્યત્ર રેંટ આપી રહેવું પડે છે. આ સાથે આ ફ્લેટની કિંમત હાલમાં રૂ. ૯૫ લાખ પહોંચી ગઈ છે. પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદીએ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કલેક્ટર કચેરીનો સંપર્ક કર્યો હતો, જેના પગલે ફોજદારી કેસ નોંધવા માટે નિર્દેશો આપવામાં આવ્યા હતા. ચાંદખેડા પોલીસે એક્ટની જોગવાઈઓ હેઠળ ત્રણ આરોપી સામે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગાંધીનગર લોકસભા બનશે ગ્રીન લોકસભા, કેન્દ્રીય પ્રધાન અમિત શાહે યોજી ઉચ્ચ સ્તરીય બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ૨૦૨૬-૨૭ દરમિયાન મોટા પાયે વૃક્ષારોપણ અભિયાન દ્વારા પોતાના ગાંધીનગર લોકસભા મતવિસ્તારને ગ્રીન લોકસભામાં પરિવર્તિત કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના અંગે અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

અમદાવાદમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ અને અન્ય આઈએએસ અધિકારીઓની હાજરીમાં એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક દરમિયાન, શાહે તૈયારીઓની સમીક્ષા કરી અને વધુ જનભાગીદારી સાથે મોટા પાયે વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ માટે હાકલ કરી હતી.

આ ઝુંબેશના ભાગ રૂપે, ૨૦૨૬-૨૭ માટે આશરે ૧.૦૩ કરોડ રોપાઓ વાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે ગયા વર્ષના આશરે ૬૨.૮૫ લાખ રોપાઓના વાવેતર કરતા ૬૪% વધુ છે. આ પહેલમાં ૫૦ થી વધુ વૃક્ષો સમાવી શકે તેવી રહેણાંક સોસાયટીઓની ઓળખ કરવી, અમદાવાદ અને ગાંધીનગરના દરેક ભાગમાં હરિયાળી વધારવી અને ઉદ્યોગો અને કામદારો માટે વધુ પર્યાવરણને અનુકૂળ વાતાવરણ બનાવવા માટે જીઆઈડીસી વિસ્તારોમાં વૃક્ષારોપણને વધુ તીવ્ર બનાવવાનો સમાવેશ થાય છે. શાહે રોડ મીડિયન અને નાની ખુલ્લી જગ્યાઓ પર પણ વૃક્ષારોપણ પર ભાર મૂક્યો.

વન વિભાગ ગાંધીનગર જિલ્લામાં ૧૮ અને અમદાવાદ જિલ્લામાં ૭ પ્રવેશ સ્થળોએ વિશિષ્ટ ઓળખ ધરાવતા કુલ ૬૦૦૦ છોડ રોપીને આ વિસ્તારોને સુંદર બનાવશે. આ માટે, પંચાયત અને મહેસૂલ વિભાગે ‘વન કવચ’ બનાવવાની અને જરૂરી જમીન પૂરી પાડવાની યોજના બનાવી છે.

આ ઉપરાંત, સરખેજ-ગાંધીનગર હાઇવેના આધુનિકીકરણ, તળાવોની જાળવણી, નવીનીકરણ અને ઇન્ટરકનેક્શન કાર્યો અને માણસા અને ગાંધીનગરનાં વિકાસ કાર્યોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન દ્વારા બેઠકો પણ યોજાઈ હતી. ■

# અમદાવાદથી સુરત બસની મુસાફરી હવે સસ્તી અને ઝડપી બનશેઃ મુસાફરોને બેવડી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ-સુરત વચ્ચે બસમાં મુસાફરી કરતાં પેસેન્જર્સ માટે રાજ્ય સરકારે બેવડી રાહત જાહેર કરી હતી. અમદાવાદ-સુરત બસો હવે એક્સપ્રેસ વે પર દોડતાં દોઢ કલાક ઓછો લાગશે અને ભાડામાં પણ ઘટાડો થશે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારા વચ્ચે ગુજરાત એસ.ટી. નિગમે મુસાફરોને ભાડામાં ઘટાડો અને સમયની બચતની બેવડી ભેટ જાહેર કરી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એસ. ટી. નિગમે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર પ્રીમિયમ વોલ્વો બસોનું સંચાલન શરૂ કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી અંતર ઘટતા મુસાફરોને સીધો ફાયદો થશે. અમદાવાદ-સુરતની એસટી બસો નવા એક્સપ્રેસ વે પર દોડતા મુસાફરી સમયમાં ૬૦ મિનિટથી લઈ ૯૦ મિનિટ સુધીની બચત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ-સુરત રૂટ પર દરરોજ સરેરાશ ૧૨ હજારથી વધુ મુસાફરો મુસાફરી કરે છે, જેમનો સીધો જ આ લાભ થશે. અત્યાર સુધી ભરૂચ-અંકલેશ્વરનો ટ્રાફિક જામ વોલ્વોના સમયપાલનને ખોરવતો હતો. એક્સપ્રેસ-વે બસો દોડતા સુરત રૂટ પર ૬ કલાકની મુસાફરી ઘટીને ૪થી ૪.૫ કલાક થશે. અમદાવાદથી સુરતનું વોલ્વો ભાડું ૭૪૮ રૂપિયાથી ઘટાડીને ૬૮૭ રૂપિયા કરાયું છે, જેનાથી મુસાફરોને ૬૧ રૂપિયાની રાહત મળશે. તેમજ મુસાફરીનો દોઢ કલાક જેટલો સમય બચશે. ■

# અમદાવાદમાં પાણીપૂરીમાંથી હાડકું નીકળ્યાનો દાવો, મનપાએ ફટકાર્યો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ સહિતનાં શહેરોમાં બહાર લારીઓ પર ખાવાપીવાનું ચલણ ઘણું જ વધી ગયું છે.

ઘણીવાર આ ખોરાક આરોગ્યપ્રદ ન હોવાનું બહાર આવે છે. આવી જ ઘટના ફરી અમદાવાદમાં બની હતી. અહીંના રાણીપ વિસ્તારમાં ડી માર્ટ પાસે ઊભા રહેતા ક્રિષ્ણા ભેળ સેન્ટરની પાણીપૂરીમાં હાડકાંનો નાનો ટુકડો નીકળ્યો હોવાનો દાવો એક યુવતીએ કર્યો હતો અને આનો વીડિયો સોશ્યલ મીડિયામાં ખૂબ જ વાઇરલ થતાં મનપાએ દંડાત્મક પગલાં લીધાં હતાં.

વીડિયો અનુસાર યુવતીને પાણીપૂરીમાં પહેલા વાળ આવ્યો હતો, પરંતુ તેણે આ વાત જતી કરી હતી. ત્યારબાદ તેને પાણીપૂરીમાં એક નાનો હાડકાંનો ટુકડો આવ્યો હતો. જ્યારે પાણીપુરીવાળાને આ બતાવ્યો ત્યારે તેણે લાકડાંનો ટૂકડો હોવાનું કહ્યું હતું, પરંતુ પછીથી તેને કાપવાનું કહેતા તે કપાયું ન હતું. ત્યારબાદ તેણે માફી માગી હતી અને ઊડીને આવી ગયું હશે તેમ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર મનપાની ફૂડ અને એસ્ટેટ વિભાગની ટીમે પાણીપૂરીવાળાની લારીને જપ્ત કરી હતી અને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. ■

# તેલનો ડબ્બો થયો નાનો, પણ ભાવમાં ફેર નહીંઃ કૉંગ્રેસના નેતાએ વડા પ્રધાનને લખ્યો પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખાદ્યતેલના ડબ્બા કથિત રીતે નાના થતા જાય છે અને ભાવમાં કોઈ ફેર પડતો ન હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મહાસચિવ દર્શન એ. નાયકે કર્યો હતો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો હતો, જેમાં તેલ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓ અને સરકાર વચ્ચે મિલીભગત હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

નાયકે પરંપરાગત ૧૫ કિલો/ ૧૫-લિટર ખાદ્ય તેલના પેકને ૧૨.૫-૧૩ કિલો/લિટર વેરિઅન્ટમાં ઘટાડવા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને શું કાનૂની મેટ્રોલોજી વિભાગ દ્વારા કોઈ સત્તાવાર સૂચના જારી કરવામાં આવી હતી કે કેમ તેવો સવાલ તેમણે કર્યો હતો. આ સાથે જો માત્રામાં ઘટાડો થાય છે તો પછી ભાવ કેમ ઘટ્યા નથી તેવો સવાલ કરી, સંગ્રહખોરી, કૃત્રિમ અછત અને કથિત કાર્ટેલાઇઝેશન સામે કાર્યવાહીની વિગતો માગી હતી.

ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઘણી બ્રાન્ડ્સમાં પેકેટ અથવા ડબ્બાના કદમાં ઘટાડો થયો છે, પરંતુ કિંમતમાં વધારો ચાલુ રહ્યો છે, જે ગ્રાહકોની આર્થિક લૂંટ છે. નાયકે આ બાબતની ઉચ્ચ સ્તરીય તપાસ અને કડક કાર્યવાહીની માગ કરી હતી. ■

# ઉત્તર ગુજરાતમાંથી ૧,૪૪૪ કિલોગ્રામ શંકાસ્પદ ઘી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરોગ્ય વિભાગ અથવા મનપા દ્વારા પાડવામાં આવતી રેડ દરમિયાન નકલી અથવા હલકી ગુણવત્તાના ખાદ્યપદાર્થો વારંવાર મળતા રહે છે. ફરી આવી એક રેડ દરમિયાન લગભગ ૧,૪૪૪ કિલો જેટલા મોટા જથ્થામાં ઘી મળી આવ્યું હતું. પાલનપુર વિસ્તારમાંથી આશરે ૪૪૮ કિલો ઘીનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. દિયોદર વિસ્તારમાંથી અંદાજે ૪૪૬ કિલો ઘી મળી આવ્યું હતું. આ સાથે અન્ય એક સ્થળેથી આશરે ૫૫૧ કિલો જેટલો ઘીનો જથ્થો ઝડપાયો હતો. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન કુલ અંદાજે ૧,૪૪૪ કિલોગ્રામથી વધુ શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું, જેની કિંમત રૂ. ૮,૨૮,૪૯૦થી વધુ હોવાનું બહાર આવ્યું હતું. આ પ્રકારની ઘટના બાદ આરોગ્ય પ્રધાન પફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે આવા નકલી ખાદ્ય પદાર્થો બનાવતા અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

પ્રફુલ પાનશેરિયાના નિર્દેશ અનુસાર સમગ્ર મામલે ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ-૨૦૦૬ હેઠળ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર લોકો સુધી શુદ્ધ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો પહોંચે તે માટે પ્રતિબદ્ધ છે અને આવનારા સમયમાં પણ આવી કાર્યવાહીઓ વધુ સઘન બનાવવામાં આવશે. ■

# આરોગ્ય પ્રધાનની સરપ્રાઈઝ વિઝિટ બાદ સુરત સિવિલના સુપરિન્ટેન્ડન્ટની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનસેરિયા દ્વારા ઓચિંતા નિરીક્ષણ દરમિયાન કથિત વહીવટી ખામીઓ સામે આવ્યા બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલના ઇન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડો. ધરિત્રિ પરમારની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મુલાકાત દરમિયાન, સ્વચ્છતા, દર્દીઓની અસુવિધા અને વ્યવસ્થાપન સંબંધિત સમસ્યાઓ જોવા મળી હતી, જેના કારણે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ડો. ધરિત્રી પરમારને હવે વડોદરા સરકારી મેડિકલ કોલેજમાં ડીન તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં, જ્યારે ડો. પારુલ વડગામાને સુરત સિવિલ હોસ્પિટલનો હવાલો સોંપવામાં આવ્યો હતો. ■

# મહેસાણામાં આંતરરાજ્ય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ, બે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણામાં સાયબર ક્રાઈમ પોલીસે આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કર્યો હતો. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના નામે બેંક ખાતા ખોલાવીને તેની કીટ દિલ્હીના સાયબર ગુનેગારોને વેચતી ગેંગના બે સાગરીતોને પોલીસે ઝડપી પાડ્યા હતા. મહેસાણાની સાંથલ પોલીસને બાતમી મળી હતી કે, જોટાણાના ઈજપુરાનો એક શખ્સ લોકોને મોટી રકમની લાલચ આપીને તેમના નામે બેંક એકાઉન્ટ ખોલાવે છે. આ બાતમીના આધારે સાંથલ પોલીસે જોટાણા બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી અને બે શખ્સો પોલીસે સાવનજી પારખાજી ઠાકોર (રહે. ઈજપુરા, જોટાણા) અને નિકુલકુમાર બાબુલાલ વાળંદ (રહે. બહુચરાજી)ને ઝડપી પાડ્યા હતા. આ કૌભાંડમાં અત્યાર સુધીમાં ૧.૩૮ કરોડ રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો બહાર આવ્યા હતા.

પોલીસની પૂછપરછ દરમિયાન સાવનજી પારખાજી ઠાકોર અને નિકુલ કુમાર બાબુલાલ વાળંદે ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. જે મુજબ સાવનજી ઠાકોર લોકોને પૈસાની લાલચ આપીને તેમના નામે બેંકમાં ખાતા ખોલાવતો હતો. ત્યારબાદ આ એકાઉન્ટની કીટ (પાસબુક, એટીએમ કાર્ડ વગેરે) તે નિકુલ વાળંદને આપતો હતો. નિકુલ આ કીટ દિલ્હીના ‘હેરી’ નામના શખ્સને કમિશનના બદલામાં પહોંચાડતો હતો. આ એકાઉન્ટ્સનો ઉપયોગ ઓનલાઈન ગેમિંગ અને સાયબર છેતરપિંડીના પૈસાના ટ્રાન્ઝેક્શન માટે થતો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓના પોતાના બેંક ખાતામાં પણ લાખો રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે. ■

# સંસ્થા સમાચાર

## શ્રી લક્ષ્મીનારાયણ મંદિર માધવબાગ ચેરિટીઝ, સી. પી. ટેન્ક, મુંબઇ

દક્ષિણ મુંબઇસ્થિત માધવબાગ મંદિર જે આજથી ૧૫૦ વર્ષ પૂર્વથી પરંપરાગત સર્વે ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે. તેવી જ રીતે દર ત્રણ વર્ષે એકવાર આપણે હિંદુ ધર્મનો પવિત્ર માસ શ્રી પરશોત્તમ માસ (અધિક માસ) નો મહોત્સવ યોજવામાં આવેલ છે. આ પવિત્ર માસ દરમિયાન અનેરા ઉત્સવો જેમકે વિભિન્ન હિંડોળા તથા અનેરી અલગ અલગ સાંજી તથા લગ્નોત્સવ - ચૂંદણી મનોરથ - નૌકાવિહાર તથા નટખટ કૃષ્ણ મહોત્સવ તેમ જ ભવ્ય છપ્પનભોગ -શરદ ઉત્સવ અને અન્નકુટનાં દર્શનોનું અદ્ભુત તેમ જ દીપદાનનું આયોજન ખૂબ જ સુંદર રીતે વર્તમાન માધવબાગ ચેરિટીઝનાં ટ્રસ્ટીઓએ કરેલ છે.

## કારકિર્દી માર્ગદર્શન તથા સ્કિલ ડેવલપમેન્ટ

SSC, HSC તથા કૉલેજના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક સર્વગ્રાહી/ પરિપૂર્ણ કારકિર્દી માર્ગદર્શન તથા સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ)ના સેમિનારનું આયોજન શ્રી વિલે પાર્લે કપોળ ઉત્કર્ષ મંડળ, શ્રી નાગરદાસ ડી. ભુતા ચૅરિટેબલ ટ્રસ્ટ, શ્રી હેમંત મહેતા (રૂપલ પ્લાસ્ટિક્સ)ના સહયોગથી કરવામાં આવ્યું છે. આજના સમયમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું ખૂબ જ ખર્ચાળ બની ગયું છે તથા મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગના સીમિત આવક ધરાવતા વાલીઓ માટે પોતાનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવું એ એક મોટો આર્થિક અને સામાજિક પડકાર છે તેમ જ પોતાનાં સંતાનોને કયા વિદ્યાપ્રવાહમાં અભ્યાસ કરાવવાથી સફળ કારકિર્દીનું ઘડતર કરી શકાય એવા મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં ધોરણ ૯થી ગ્રૅજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ભાગ લઈ શકે છે. સેમિનારનો સમય - રવિવાર, ૧૭ મે ૨૦૨૬, સાંજે ૪.૦૦થી ૭.૧૫. રજિસ્ટ્રેશન - બપોરે ૩.૩૦થી ૪.૦૦.

## નાગર ભગિની ગરબા મંડળ અને તુલિકા આર્ટ્સ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન

નાગર ભગિની ગરબા મંડળ અને તુલિકા આર્ટ્સ દ્વારા યોજાયેલા વિશિષ્ટ કાર્યક્રમમાં બન્ને સંસ્થાની બહેનોએ ઉમંગભેર ભાગ લીધો હતો. તુલિકા આર્ટ્સનાં મીતુલબહેને તેમની પેઇન્ટિંગની કલાનું જીવંત પ્રસારણ કરીને ત્યાં હાજર બહેનોને પણ પેઇન્ટિંગ માટે પ્રોત્સાહિત કરી હતી. જ્યારે નાગર ભગિની મંડળની બહેનોએ એકોક્તિ, કાવ્ય, ગરબા અને સ્વાનુભવના પ્રસંગોનું પઠન કર્યું હતું. ■

## ગૂગલને

ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ કંપનીઓની ડ્રાઈવર વેરિફિકેશન અને ઇન્શ્યોરન્સ સિસ્ટમ ખૂબ જ નબળી છે. થોડા સમય પહેલા એક બાઇક ટેક્સી અકસ્માતમાં એક મહિલાનું મોત પણ થઈ ચૂક્યું છે. પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે રાજ્યમાં માત્ર ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓને જ મંજૂરી આપેલી છે, પરંતુ આ કંપનીઓ પેટ્રોલ ગાડીઓ દોડાવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે જ્યાં સુધી આ એપ્સને બ્લોક કરવામાં નહીં આવે, ત્યાં સુધી ગેરકાયદેસર વાહનોને રોકવા મુશ્કેલ છે. આ સાથે જ પ્રધાને રેપિડો પર બીજો એક મોટો આરોપ પણ લગાવ્યો છે. તેમણે કહ્યું કે રેપિડો પોતાના ડ્રાઇવરોને કહી રહી છે કે જો આરટીઓ ચેકિંગ દરમિયાન તેમના પર ૨૦૦ થી ૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે, તો તેઓ તેની પહોંચ (રસીદ) બતાવીને કંપની પાસેથી પૈસા પાછા મેળવી શકે છે. કંપનીઓને ડોક્યુમેન્ટેશન માટે એક મહિનાનો સમય આપવામાં આવ્યો હતો, પરંતુ તેમણે દસ્તાવેજો જમા કરાવ્યા નહોતા. જો કે, રાહતની વાત એ છે કે હાલ પૂરતી આ કાર્યવાહી માત્ર બાઇક ટેક્સી પર જ કરવામાં આવી છે. કંપનીઓની કાર, ઓટો અને ફૂડ ડિલિવરી જેવી અન્ય સેવાઓ પહેલાની જેમ જ ચાલુ રહેશે. ■

## જૂના દસ્તાવેજો

પદ્ધતિએ ઉપલબ્ધ કરી આપવાનું શક્ય થશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત ટેક્નોલોજીની મદદથી દસ્તાવેજોનું વર્ગીકરણ, સ્કેનિંગ અને ડિજિટલ સંગ્રહ કરવામાં આવવાનું છે. તેથી પ્રશાસનના કામકાજમાં પારદર્શકતા અને કાર્યક્ષમતા વધવામાં મદદ મળશે, જે પ્રક્રિયા માટે નાગરિકોને અગાઉ ૩૦ દિવસથી તો અમુક પ્રકરણમાં એકથી દોઢ વર્ષની પ્રતીક્ષા કરવી પડતી હતી, તે સેવા હવે અમુક સેકેન્ડમાં ઉપલબ્ધ થશે એવું પાલિકાના એડિશનલ કમિશનર(શહેર) અશ્વિની જોશીએ જણાવ્યું હતું.

એડિશનલ કમિશનરે જણાવ્યું હતું કે ઈ-વૉર્ડમાં અનેક વર્ષોથી અમૂલ્ય નાગરી દસ્તાવેજોનું જતન કરવામાં આવ્યું છે. જન્મ-મૃત્યુની નોંધ, વિવાહ નોંધણી સહિતના દસ્તાવેજો વરસાદ, ભેજવાળા વાતાવરણમાં પણ ટકી રહ્યા છે. જોકે હવે સમયાંતરે દસ્તાવેજો પરની શાહી ફીક્કી પડવા માંડી છે. દસ્તાવેજોના પાના પણ ફાટવા માંડયા છે. અમુક દસ્તાવેજો દૂળ અને જૂના કપડામાં પડી રહ્યા છે. એક સર્ટિફિકેટ માટે નાગરિકોને અઠવાડિયા, મહિનાઓથી લઈને દોઢ વર્ષ સુધીની પ્રતિક્ષા કરવી પડે છે. જોકે હવે આર્ટિફિશિયલ ટેક્નોલોજી(એઆઈ) આધારિત ડિજિટલ તિજોરી 'વિઝન એઆઈ વોલ્ટ' ઊભી કરી રહી છે, જે ફક્ત સ્કેનિંગ અથવા પારંપારિક ઓપ્ટીકલ કેરેકટર રિકગ્રિશન ટેક્નોલોજી પૂરતું મર્યાદિત નહીં રહેતા દસ્તાવેજોને નવસંજીવની આપવામાં આવવાની છે. ■

## નવી મુંબઈના

કરવાનો સકારાત્મક નિર્ણય લેવાયો હોવાની માહિતી સાંસદ નરેશ મ્હસ્કેએ આપી હતી. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે સેન્ટ્રલ રેલવે મુખ્યાલય ખાતે યોજાયેલી આ બેઠકમાં નવી મુંબઈ રેલવે લાઇન પરના સ્ટેશનોની સ્થિતિ જાળવણીનો અભાવ અને સલામતીના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં એ પણ સ્પષ્ટ થયું કે વાશીથી બેલાપુર અને ખારઘરથી ખાંદેશ્વર સ્ટેશનોના જાળવણી કરાર અનુક્રમે ૨૦૦૩ અને ૨૦૦૮ માં પૂરા થયા બાદ નવા કરાર થયા નથી. આ ઉપરાંત એરોલી, રબાલે, ઘણસોલી, કોપરખૈરણે, તુર્ભે, બામણડોંગરી, ખારકોપર અને ખારઘર જેવા સ્ટેશનો માટે હજી સુધી કોઈ સત્તાવાર કરાર જ થયો ન હોવાથી જાળવણીના કામો અટક્યા છે. નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને વધતી વસ્તીને કારણે આગામી સમયમાં રેલ્વે પર ભારણ વધશે. તેથી, સ્ટેશનોની સારી જાળવણી માટે તેનું સંચાલન એક જ તંત્ર (મધ્ય રેલ્વે) હસ્તક સોંપવાની જરૂરિયાત બેઠકમાં વ્યક્ત કરાઈ હતી. બેઠકમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે મધ્ય રેલ્વે પ્રશાસને આગામી છ મહિનામાં સ્ટેશનોના હસ્તાંતરણની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવા સંમતિ આપી છે. આ સાથે જ, ચોમાસા પહેલાની મરામત તેમજ દૈનિક જાળવણીના કામો મધ્ય રેલ્વે દ્વારા જ કરવામાં આવશે. ■

## ફરી મુંબઈને

ઉપસમિતિ ભંગ કરવી જોઈએ. તેના બદલે અનામત માટે નવી સમિતિની રચના કરવામાં આવે. હૈદરાબાદ ગેઝેટ મુજબ મરાઠા સમાજને કુણબી પ્રમાણપત્ર આપવાનું બંધ થઈ ગયું છે, તે ફરી શરૂ કરવામાં આવે. ૩૦ તારીખે સરકારને ઘૂંટણિયે લાવી દઈશું, તેવા શબ્દોમાં જરાંગેએ આક્રમક વલણ અપનાવ્યું છે.

સરકારને અલ્ટીમેટમ આપતા મનોજ જરાંગેએ જણાવ્યું હતું કે, સરકારે ૩૦ તારીખ પહેલા મરાઠા અનામત અંગેની તમામ માગણીઓ સ્વીકારી લેવી જોઈએ. ૩૦ તારીખ પછી સરકારને વધુ સમય આપવામાં આવશે નહીં. સરકારે સતારા, પુણે અને કોલ્હાપુર સંસ્થાનનું ગેઝેટ લાગુ કરવું જોઈએ. આ સાથે જ મરાઠા આંદોલનકારીઓ સામે નોંધાયેલા ગુનાઓ તાત્કાલિક પાછા ખેંચવામાં આવે. અમારી એક પણ યોજના બંધ થાય તે અમે કદાચિત સહન નહીં કરીએ, એવું આક્રમક વલણ જરાંગેએ લીધું છે. ■

પાંચમાં પાનાનું ચાલુ

## મુંબઈને

નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાના સ્થળે દીર્ઘકાલીન અને કાયમી ઉપાયયોજના માટે યોજના તૈયાર કરવાની સૂચના પણ આપવામાં આવી હતી. એ સાથે જ મુંબઈમાં ચાલી રહેલા કૉંક્રીટાઈઝેશનના કામ ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

પાલિકા મુખ્યાલયમાં શનિવારે યોજાયેલી માસિક સમીક્ષા બેઠકમાં કમિશનરે અધિકારીઓને વરસાદના આગમન પહેલા મુંબઈમાં કડક સલામતી પ્રોટોકોલ લાગુ કરવા માટે સૂચના આપી હતી. તેમ જ ભારે વરસાદ શરૂ થાય તે પહેલાં જ મુંબઈના તમામ મેનહોલ પર રક્ષણાત્મક જાળીઓ લગાડવાનો નિર્દેશ આપ્યો હતો અને મુંબઈમાં કોઈપણ સંજોગોમાં એક પણ મેનહૉલ ખુલ્લો રહેવો જોઈએ નહીં એવી સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી પણ આપી હતી.

મુંબઈમાં ૨૦૨૪માં ચોમાસા દરમ્યાન ૪૫ વર્ષીય મહિલાના મૃત્યુ પછી પાલિકાએ મેનહૉલને કારણે મૃત્યુ થાય નહીં તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તે પહેલા સપ્ટેમ્બર ૨૦૧૭માં પ્રખ્યાત ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. દીપક અમરાપુરકરે ખુલ્લા મેનહૉલમાં પડી જતા તેમનો જીવ ગુમાવ્યો હતો.

આ દરમ્યાન પૂર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચોમાસા પહેલાની તૈયારીની સમીક્ષા કરતા કમિશનરે અધિકારીઓને તમામ ક્રોનિક પાણી ભરાવવાના સ્થળોએ પૂરતી તૈયાર રાખવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં ડીવોટરિંગ પંપ અને કટોકટીના સાધનો કાર્યરત રાખવાનો સમાવેશ થાય છે. આ વર્ષે પાલિકાએ મુંબઈમાં ૪૯૬ વરસાદી પાણી ભરાઈને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ શકે તેના ક્રોનિક પોઈન્ટ ઓળખી કાઢયા છે, જે નીચાણવાળા વિસ્તારો છે, જ્યાં મધ્યમ અથવા ભારે વરસાદ દરમ્યાન પાણી ભરાઈ શકે છે. ગયા વર્ષે મુંબઈમાં ક્રોનિક પોઈન્ટની સંખ્યા ૪૫૩ હતી. પાલિકાના સ્ટોર્મ વોટર ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈમાં દર વર્ષે નીચાણવાળા પૂરના નવા સ્થળો ઊભરી ઓ છે. આ એક સામાન્ય પેટર્ન છે, જે જમીનના ઉપયોગ કરવાની પદ્ધતિમાં ફેરફાર અને એકંદરે કુદરતી ડ્રેનેજ પેટર્ન સાથે સીધી રીતે સંકલાયેલી છે. દક્ષિણ મુંબઈના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પાયે બાંધકામ જોવા મળ્યું છે, તેને કારણે કચરો અને બાંધકામના કાટમાળને કારણે ગટરો ચોકઅપ થઈ જાય છે અને પછી ભારે વરસાદ પછી ટૂંકા ગાળામાં આ સ્થળો પર પાણી ભરાઈ જાય છે. કમિશનરે અધિકારીઓને ભારે વરસાદ દરમ્યાન પાણીનું વહેણ અટકે નહીં તે માટે ખાસ કરીને એવા વિસ્તારો જ્યાં મોટા માળખાકીય પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. અંડર ગ્રાઉન્ડ યુટિલીટીઝ નેટવર્કનું નિયમિત નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે. ■

## ચોમાસામાં

અનેક શરતોમાં છૂટ આપવામાં આવ્યા બાદ કૉન્ટ્રેક્ટર મળ્યા હતા. જોકે કૉન્ટ્રેક્ટરો ૩૧મે, ૨૦૨૬ની ડેડલાઈનને પહોંચી વળવા જે રીતે નાળાસફાઈ કરી રહ્યા છે, તેને જોતા ચોમાસામાં પહેલા જ વરસાદમાં પાણી ભરાવવાની શકયતા નગરસેવકો અનેક વખત વ્યક્ત કરી ચૂક્યા છે. તેમાં પણ પાલિકાના ઓનલાઈન ડેડા મુજબ મુંબઈમાં સરેરાશ ૭૦ ટકા કરતા વધુ નાળાસફાઈ થઈ છે પણ હકીકતમાં હજી પણ અનેક વિસ્તારોમાં સાઈટ પર નાળાસફાઈ અત્યંત ધીમી ગતિએ કામ કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ નાગરિકો કરી ચૂક્યા છે.

પૂર્વ ઉપનગરના 'એસ'વોર્ડમાં ભાંડુપ, કાંજુરમાર્ગ સહિત વિક્રોલીનો વિસ્તાર આવે છે. પાલિકાના ડેટા મુજબ આ વોર્ડમાં અત્યાર સુધી માત્ર ૧૨.૮૪ ટકા નાળાસફાઈ થઈ છે. તેમાં પણ અનેક વિસ્તારોમાં મોટા નાળાઓની સફાઈ તો હજી શરૂ કરવામાં આવી નથી. મોટાનાળામાં મોટા પ્રમાણમાં ફ્લોટિંગ કચરાથી લઈને મોટા પ્રમાણમાં ગાળ પડયો છે. મે મહિનાનું પહેલું પખવાડિયું વીતી ગયું છે અને ૩૧મી મે સુધીમાં એટલે કે આગામી ૧૫ દિવસમાં નાળાની સફાઈ કેવી રીતે પૂરી થશે એવો સવાલ નાગરિકોને સતાવી રહ્યો છે. બે વર્ષ પહેલા વિક્રોલી, કાંજુરમાર્ગ સહિત ભાંડુપના અમુક મોટા નાળાઓની બરોબર સફાઈ થઈ ન હોવાથી વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકયો નહોતો. ભારે વરસાદ દરમ્યાન વરસાદી પાણી નાળામાં જઈ નહીં શકતા વરસાદી પાણી ભાંડુપમાં રેલવે ટ્રેક પર આવી ગયા હતા અને તેને કારણે મધ્ય રેલવેની સેવા કલાકો સુધી ઠપ્પ થઈ ગઈ હતી.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે નાના નાળાની સફાઈ ૧૨ ટકા થઈ હોવાનું જાણવા મળ્યું છે પણ કૉન્ટ્રેક્ટર સાથે આ બાબતે શનિવારે જ બેઠક થઈ છે અને તેણે બહુ જલદી સફાઈ પૂરું કરી નાખવાનું આશ્વવાસ આપ્યું છે. જ્યાં સુધી સવાલ મોટા નાળાનો છે તો તેમાં ફ્લોટિંગ કચરાનું પ્રમાણ વધારે છે. નાળાની આજુબાજુ રહેતા લોકો તેમાં સતત કચરો ફેંકી રહ્યા છે. તેથી કૉન્ટ્રેક્ટર દ્વારા સફાઈ કર્યા બાદ પણ તેમાં કચરો નજરે ચઢી રહ્યો છે. તેથી ચોમાસા પહેલા છેલ્લા રાઉન્ડમાં ફરી એક વખત મોટા નાળામાંથી ફ્લોટિંગ કચરો બહાર કાઢવામાં આવશે. હાલ દક્ષિણ મુંબઈમાં સરેરાશ મોટા નાળાની સપાઈ ૮૦.૨૩ ટકા, પશ્ચિમ ઉપનગરમાં ૭૬.૪૦ ટકા અને પૂર્વ ઉપનગરમાં ૫૭.૫૧ ટકા થઈ છે પણ હજી ૧૫ દિવસ બાકી છે, તેમાં તમામ નાળાઓની સફાઈ પૂર્ણ થઈ જાય તેના પર ભાર આપવામાં આવશે. ■

## કાંદિવલીની

વધુ લોકો કામ કરે છે. વિવિધ પાર્ટીઓ પાસેથી ૨૪ કૅરેટ ગૉલ્ડ લઈને ઑર્ડર પ્રમાણે ૨૨ કૅરેટ ગૉલ્ડના દાગીના બનાવી આપવાનું કામ ફરિયાદીની કંપનીમાં થાય છે. આવા જ એક ઑર્ડર પ્રમાણે ૩,૧૭૬ ગ્રામ વજનની અંદાજે ૫.૨૮ કરોડ રૂપિયાની કિંમતની સોનાની બંગડીઓ બનાવવામાં આવી હતી, જે એક લૉજિસ્ટિક બૉક્સમાં રાખવામાં આવી હતી. ફરિયાદ અનુસાર ૧૪ મેની રાતે ૮.૧૦ વાગ્યે કંપનીના સિક્યોરિટી ગાર્ડ મોહમ્મદ સફીરે ફરિયાદીના મોબાઈલ પર વૉટ્સઍપ મેસેજ મોકલાવ્યો હતો, જેમાં તે કામ છોડીને જઈ રહ્યો છે અને તમે મને રૂપિયા નથી આપતા, એટલું જ તેણે કહ્યું હતું. મેસેજ સાંભળતાં જ ફરિયાદીએ મોહમ્મદ સફીરને કૉલ કર્યો હતો, પરંતુ તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હતો. આ અંગે ફરિયાદીએ મૅનેજરને ફોન કરી જાણ કરી હતી. મૅનેજરે કંપનીમાં જઈને જોતાં ગ્રાઉન્ડ ફ્લોર અને બન્ને માળના ત્રણેય સિક્યોરિટી ગાર્ડ ગુમ હોવાનું જણાયું હતું. ફરિયાદીએ કંપનીમાં જઈને તપાસ કરતાં સોનાની બંગડીનું બૉક્સ પણ ગુમ હતું. સિક્યોરિટી ગાર્ડ્સ સોનું ચોરી રફુચક્કર થયા હોવાની ખાતરી થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

## ભાવ આસમાને

સુધીમાં પરિસ્થિતિ વધુ ખરાબ થવાની શક્યતા છે. મુંબઈના દાદર, અંધેરી અને બોરીવલી જેવા મુખ્ય બજારોમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. આના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. એક તરફ, કાળઝાળ ગરમી અને બીજી તરફ, શાકભાજીના ભાવમાં વધારાને કારણે થાળીમાંથી પાંદડાવાળા શાકભાજી ગાયબ થઈ ગયા છે અને હવે લોકોએ કઠોળ પર આધાર રાખવો પડી રહ્યો છે, ઘણા ગ્રાહકોએ પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. આ ઉપરાંત, હોટેલ માલિકોએ પણ કાચા માલની વધતી કિંમતને કારણે ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો કરવાનો સંકેત આપ્યો છે. ■

## બાળકોનું આધારકાર્ડ

શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે કડક શરત મૂકી છે. વધુમાં શિક્ષકોનું સમાયોજન અને આધાર વેરિફિકેશન ફરજિયાત રહેશે. નવી જગ્યાએ સ્થળાંતર કરતા પહેલા યુડીઆઇએસઇ રિપોર્ટ મુજબ વિદ્યાર્થીઓનું ૧૦૦% આધાર વેરિફિકેશન થયેલું હોવું અનિવાર્ય છે. આ ઉપરાંત, ચાલુ શૈક્ષણિક વર્ષની મંજૂર સ્ટાફ સંખ્યા અનુસાર વધારાના જાહેર થયેલા શિક્ષકોનું સમાયોજન પૂર્ણ કર્યા પછી જ આ દરખાસ્ત સરકારને મોકલવાની રહેશે. ■

## નિર્વસ્ત્ર કરી

મનાઈ ફરમાવાઈ હતી. આ મુદ્દે ગુરુવારે વિવાદ થતાં મહિલાની મારપીટ કરીને તેના વાળ કાપવામાં આવ્યા હતા. પછી નિર્વસ્ત્ર કરીને ગળામાં ચંપલનો હાથ પહેરાવી મહિલાનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. મહિલા સાથે શરમજનક કૃત્ય કરવાનારાઓનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, જેની પોલીસે ગંભીર નોંધ લીધી હતી. પોલીસે વીડિયોને આધારે આરોપીઓને ઓળખી કાઢી ત્રણને પકડી પાડ્યા હતા. પોલીસ સંબંધિત પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસી રહી છે. ■

# મુસ્લિમ મરણ

### દાઉદી વ્હોરા

શમીમ યુનુસ રંગવાલા તે મરહુમ તાહેરાબાઇ તેમ મરહુમ એહસાનહુસેન કીકાભાઇ ભગતના દીકરી. મરહુમ રૂકૈયાબાઇ તેમ મરહુમ હકીમદ્દીન અસગરઅલી રંગવાલા (રાજા)ના વહુ. મોઇઝના મમ્મા. અસલમા ફિરોઝ રાવત તેમ ડો. મનસુર એહસાન હુસેન ભગતના બહેન. ૨૯ ઝીલકાદ, ૧૫મેના ગુજરી ગયા છે.

### ખીરસરા વિં અબડાસા કચ્છ

મર્હુમ હાજીજાકુબ ઓસમાણ હિંગોરા (ઉં. વ. ૯૭) તે આમદ, મર્હુમ મોહમ્મદ, હાજીસિધીક, હાજીઈશા, કાસમ (કોટડા-રોહા)ના પિતાજી અને શફીમામદ (નખત્રાણા) હાજીઅયુબ (મુંબઈ વાલા) અને અલીમામદ (ભુજ) ઈકબાલના મોટા બાપા અને હાજીઆદમ અને હાજીઅકબરના મામા અને જુનેદ, ગની, રઝાહુસૈન, મંજુર અહેમદ, અબ્દુલકાદર ના દાદા ૧૬-૦૫-૨૬ વફાત કરી ગયા છે તેમની જીયારત તા. ૧૯-૦૫-૨૬ મંગળવાર સવારના ૯:૦૦ થી ૧૦:૦૦ કુરાન ખ્વાની અને ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યે સુધી અમીનશા બાપુ તકરીર ફરમાવશે હુસૈની મસ્જીદ ખીરસરા (વિં) મધ્યે સાદગીથી રાખવામાં આવેલ છે.

# હિન્દુ મરણ

### કચ્છી લોહાણા

ગં. સ્વ. ઇન્દિરાબહેન નરેન્દ્ર ચંદે (ઉં. વ. ૭૯) તે ભગવતીબેન ત્રિકમદાસ ચંદે ગામ બરંદા હાલ દાદરના પુત્રવધૂ. તે સ્વ. નરેન્દ્ર ત્રિકમદાસ ચંદેના ધર્મપત્ની. અ. સૌ. દીપાબેનના સાસુ. ધર્મેશભાઇ અને ગં. સ્વ. દીપાબેન રૂપેશભાઇ પલણના માતુશ્રી. સ્વ. ભવાનજી નરસિંહ માખીસોતા ગામ લાખાપરવાળાના સુપુત્રી તા. ૧૫-૫-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, પહેલા માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (પશ્ચિમ) લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

સ્વ. ધનબાઈ નારાયણજી રૂપારેલના વહુ રામજીભાઈ ના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૭૪) કરછ ગામ અંજાર હાલે ડોમ્બિવાલી તા. ૧૫.૫.૨૬ના રામશરણ પામેલ છે. તે અમિત અને પૂનમ મનોજ સોમૈયાના માતુશ્રી માધુરી ના સાસુમા. સ્વ. ગં. સ્વ. મહાલક્ષ્મી લાલજી સોનેતાના મોટા પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૭.૫.૨૦૨૬ ને રવિવાર રોજે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી ગ્રાઉંડ ફ્લોર રામ રતન ત્રિવેદી રોડ મુલુંડ પશ્ચિમ મધ્યે રાખેલ છે બૈરાઓએ એજ દિવસે આવી જવુ લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા શ્રીમાળી વણિક

ગામ તળાજા ભાવનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયાબેન રસીકલાલ મથુરાદાસ દોશીના સુપુત્ર નિશીથ ભાઈ (ઉં. વ. ૬૨) તે નંદીનીબેનના પતિ. તે ધ્રુવીન અને સૌ. જિલ-મનનના પિતાશ્રી. તે સ્વ. પ્રમિલાબેન બળવંતભાઈ શેઠના જમાઈ, તે નિખિલભાઈ અને સૌ. દિપાબેન રાજેશભાઈ શાહના ભાઈ. તા. ૧૬/૫/૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે).

### કપોળ

ચિત્તલવાળા (અમરેલી), હાલ મલાડ, સ્વ. કુમુદબેન જશવંતરાય ધનજીભાઈ ભુવાના સુપુત્ર શૈલેષભાઈ, (ઉં. વ. ૫૮) તે જીજ્ઞાબેનના પતિ તથા દેવ અને મેઘા મૃદુલકુમાર જૈનના પિતાશ્રી. વિપુલભાઈ તથા સ્વ. નિતાબેન હિતેશકુમાર મેહતાના ભાઈ. મોસાળ પક્ષે કોંજળીવાળા સ્વ. મથુરાદાસ પ્રાગજીભાઈ વોરા તથા સ્વ. વનિતાબેન ચંદ્રકાંતભાઈ મનુભાઈ મુનિના જમાઈ તા. શુક્રવાર, ૧૫-૦૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. (સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.)

### પરજીયા સોની

સ્વ. ભુપેન્દ્રભાઈ કાનજીભાઈ સલ્લા સોની (ઉં. વ. ૮૦) તે ગામ ભેરાઇ હાલ મલાડ ૧૫/૫/૨૬ ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અરુણાબેનના પતિ, વિજયભાઈ, યોગેશભાઈ, ઉષા જયસુખલાલ સાગર, સુશીલા મનસુખલાલ ધકાણ, ઇન્દીરાબેન દીપકભાઈ પટ્ટ, સુનીતાબેન સુરેશકુમાર સાગર, ભારતીબેન મુકેશકુમાર ધકાણના ભાઈ, નેહલ, મેહુલ, ભાવના તથા ભક્તિના પિતા. સ્વ. અનંતરાય શામજીભાઈ સાગરના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૮/૫/૨૬ ના ૪ થી ૫.૩૦ કલાકે સોની વાડી, શીમ્પોલી ક્રોસ રોડ બોરીવલી વેસ્ટ.

### મોડાસા એકડા વિશા મોદી ખડાયતા

મેઘરજ નિવાસી (હાલ દહિસર) વિજયભાઈ ચીમનલાલ મોદી, (ઉં. વ. ૬૯)તે ગં .સ્વ. જાગૃતિબેનના પતિ. કશ્યપ અને મિતલ( મીતાલી)ના પિતા , દેવાંગ કુમારના સસરા. પ્રિયાનના નાના, વર્ષાબેન/નૂતન/ શ્રધ્ધા/ નિકિતાના ભાઈ. તા.૧૩/૦૫/૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા ૧૮/૦૫/૨૬ ના રોજ ૪ થી ૬. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે- સ્વ. ભગવાનદાસ ચુનીલાલ શાહ (ગાબટ) ના જમાઈ. સ્થળઃ લુહાર સુતાર હિતેચ્છક મંડળ, કોર્ટર રોડ નં .૩, દત્તાપાડા રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ, મુંબઈ .

### ઘોઘારી લોહાણા

જયેશ સેદાણી (ઉં. વ. ૬૩). તે સ્વ. કુસુમબેન વ્રજલાલ સેદાણીના પુત્ર. હિનાના પતિ. કૌશલ, મિકિશાના પિતા. નીતા ઈતેશ સામાણી, પારૂલ શરદ ગઢિયા, છાયા નીતિન મસરાણીના ભાઈ. ધર્મિષ્ઠા દુર્લભદાસ રૂપારેલીયાના જમાઈ. ૧૩/૫/૨૦૨૬ બુધવારે શ્રીજીચરણ પામ્યા છે.

# પારસી મરણ

ફેની દાદી મોરેના તે મરહુમ દાદીના ધન્યાની. તે મરહુમો શેહરામાય સોરાબજી ઇરાનીના દીકરી. તે બીનાઇફર ને ફરઝાનાના માતાજી. તે નૌશીર ને સાવકના સાસુજી. તે રોશન, કેરસી, પેરીન, પીલુ ને મરહુમો ડોલી ને બેપસીના બહેન. તે મરહુમો જાઇજી બરજોરજી મોરેનાના વહુ. (ઉં. વ. ૮૫) રે. ઠે. બિલ્ડિંગ નં.૨૮, બીજે માળે, રૂમ. નં.૯/૧૦, રઘુનાથ દાદાજી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧.

આબાન ગોદરેજ પોસ્તવાલા તે મરહુમ ગોદરેજ ના ધનીયાની. તે મરહુમો ગવાર, ખોદાબકસ ઇરાનીના દીકરી. તે એરવદ રયોમંદ, ફરઝાના ને ઝુબીનના માતાજી. તે ઓસ્તી દિનાઝ, મરઝબાન, મારીયાનાના સાસુજી. તે એરવદ શાપુર ને મરહુમ આરમીનના બહેન. તે મરહુમો કુવરબઇ પીરોજશા પોસ્તવાલાના વહુ. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૯, મોબેદ કવાર્ટર્સ, નેપીયન્સી રોડ, સીમલા હાઉસ આગળ,ગોદરેજ બાગ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાડીયાજી આતશ બેહરામમાં.

હોશંગ ફરામરોઝ ગોવાડીયા તે મરહુમ ઝરીનના ધની. તે મરુહમો ગુલબાનું ફરામરોઝ ગોવાડીયાના દીકરા. તે આરશીશના પપા. તે મેહરના સસરા. તે મેહરનોશ થ્રીતી, મરહુમો ફરોખ, આબાન ને હોમાયના ભાઇ. તે યેહાનના બપાવા. તે તોશહરના કાકા. તે સાઇરસના સાલા. (ઉં. વ. ૮૮) રે. ઠે. મોતા મેન્શન, મોતીબાઇ લેન, ભાટીયા હોસ્પિટલ સામે, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૫-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

હોશંગ કેકી ઇતાલીયા તે બખતાવરના ધની. તે મરહુમો બાનુ કેકી ઇતાલીયાના દીકરા. તે રોહીનતન, કેવાન, આવાનના પપા. તે ફરહાદ ને જેફરીનાના સસરા. તે ઝરુ, ઝીનોબીયા, ફરીદાના ભાઇ. તે સનાએના બપાવા. તે ઇયાન ને જેહાનના મમાવા. તે યાસમી ને કેતાયુનના બનેવી. (ઉં. વ. ૬૯) રે. ઠે. બી-૨૧, અલપઇવાલા બિલ્ડિંગ, સ્ટેશન રોડ, માહીમ , મુંબઇ-૪૦૦૦૧૬.

નાજુ બજી દાવર તે મરહુમ બજીના ધનીયાની. તે મરહુમો પેરીન નરીમાન નાવાના દીકરી. તે નરીયોસંગ તથા મરહુમો દોલત, બહાદુર, વીસતાસ્પનાના બહેન. દીલખુશના માસી. તે તનાઝ, દેલશાદ, નતાશા, ફોઇનીકા, ને સીયેનના ફૂઇજી. તે મરહુમો સુનામાય રુસ્તમજી દાવરના વહુ. તે આરમી, મરહુમો દીપા, ડોલીના ભાભી. (ઉં. વ. ૮૪) રે. ઠે. સી/૧૪, રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, મસીના હોસ્પિટલની બાજુમાં, ભાઇખલા, મુંબઇ-૪૦૦૦૨૭.

તેહમતન જીમી મોદી તે મેહરુના ધની. તે મરહુમો આલુ જીમી મોદી ને મરહુમો જમશેદ એમ મોદીના દીકરા. તે હોશેદર, પરવેઝ ને દેલનાના પપા. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૬/૧૭, જયોતી મહલ, બિલ્ડિંગ નં.૧૩, નોશીર ભરુચા રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

જરુ તેહમુરસપ અસલી તે મરહુમ તેહમુરસપના ધન્યાની. તે મરહુમો મેહરામાય દીનશાજી બેબુના દીકરી. તે ફરીદા ને રશનાના માતાજી. તે દારા ને ગેવના સાસુજી. તે મરહુમો જાલુ, બાના, ડોલીના બહેન. તે પરસી, પોરસ, સીમોનેલી, શેરોયના મામી. તે મરહુમો સુનામાય જમશેદજી અસલીના વહુ. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૨૦,બી શાપુર બાગ, ૫મે માળે, વી. પી. રોડ, કોંગ્રેસ હાઉસ લેન, મુંબઇ-૪૦૦૦૦૪.

માહારુખ નાદીર મોહતા તે મરહુમ નાદીરના ધન્યાની. તે મરહુમો પીરોજા રતનશા આછાદવાલાના દીકરી. તે બરજીસ ને ખુરશીદના માતાજી. તે દીલનાઝના સાસુજી. તે મરહુમ સાઇરસના બહેન. તે અનીશાના બપઇજી. તે ઝાલ ને ઝારાના મમઇજી. તે મરહુમો ધન અરદેશીર મોહતાના વહુ. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૬/એ હિગે પાર્ક એપાર્ટમેન્ટ, ૨૦૧-એ, એસ. વી. રોડ, બાંદ્રા તલાવ આગળ, મુંબઇ-૪૦૦૦૫૦.

પરવેઝ જાલ દારૂવાલા તે લુલુના ધની. તે મરહુમો પેરીન જાલ દારૂવાલાના દીકરા. તે શેરનાઝ ને દેઝીના પપા. તે કેકી ને એરીકના સસરા. તે મરહુમો નોશીર, પેસી, બોમીના ભાઇ . તે કૈઝીન ખોરેમંદ ભરૂચા, કરીશ્મા તૈપાલ-રોહન પટેલ, દેલઝીન ફરહાદ શરોફના મમાવા. તે ફરઝ ને ઝઇનના મોટા પપા. તે મરહુમો મેહરામાય કાવજી હોડીવાલાના જમાઇ. તે રોહનના મામા સસરા. (ઉં. વ. ૯૨) રે. ઠે. નં-૧, અંકલેસરીયા બિલ્ડિંગ, ૮૭૧, દસ્તુર મેહેર રોડ કેમ્પ, પૂના -૪૧૧૦૦૧.

દઓલત રુસ્તમજી પટેલ તે મરહુમો તેહમીન ને રુસ્તમજીના દીકરી. તે હોમાય ગઝદર, ધનજીશા પટેલ ને મરહુમો મીથા, જમશેદ, પીલા, કાવસ , ફરેદુન, હોમી ને જામાસના બહેન. તે મરહુમો હોરમઝજી, સાવકશા ને સામના સાલી. તે તેહમીના તથા મરહુમો ફ્રેની, ફ્રેનીના નણંદ. (ઉં. વ. ૯૫). રે. ઠે. ફ્લેટ ૪૦૪, બેહરામશા શરોફ બિલ્ડિંગ, નં-૩. દમાવંદ કો. હા.. સો. બહેરામ બાગ, પારસી કોલોની, ઓશીવરા જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૧૦૨.

પ્રાર્થનાસભા સોમવાર ૧૮/૫/૨૬ સાંજે ૫થી ૭. સંન્યાસ આશ્રમ, વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, વિલે પાર્લે (પ.). લૌ. વ્ય. બંધ છે.

### શ્રી વિશા ખંભાતી લાડ વણિક

કાંદિવલી નિવાસી કુસુમબેન બેન રમેશભાઈ અતીત (ઉં. વ. ૯૦), પ્રશાંતભાઈ અતીતનાં માતુશ્રી, તથા કૃપા(પિંકી) પ્રશાંત અતીતનાં સાસુ, તૃપ્તિ વિજેન કાપડિયાનાં મામી, સ્વ બાબુલાલ શાહ અને સ્વ. રજનીકાંતનાં બહેન. ગંગા સ્વરૂપ સરોજબેન રજનીકાંતના ભાભી તે તા ૦૮.૫.૨૬ નાં શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

# જૈન મરણ

ચાણસોલ નિવાસી શ્રી રાજેશભાઈ માણેકલાલ નાનચંદ શાહ (ઉં. વ. ૬૫) હાલ મુંબઈ. જેઓ શનિવાર, તા. ૧૬-૫-૨૬ના વિદાય થયા. પત્નીઃ સીમાબેન પુત્રોઃ ચૈત્ય અને તન્ય. પુત્રવધૂઓઃ ક્રિષ્મા અને દર્શી. પૌત્રીઓઃ જિયારા, જિયાના, જિવિકા અને શનાયાભાઈ ભાભીઓ નરેશ- સુરેખા સુધીર - કૈલાશ મુકેશભાઈ પિયૂષ - તૃપ્તિ દિલીપ હીના. સરનામુંઃ ૩૦૧, જય ભવાની એપાર્ટમેન્ટ, રીજ રોડ, આર.આર. ઠક્કર માર્ગ, વાળકેશ્વર, મુંબઈ.

### પાટણ જૈન

પાટણ નિવાસી (ખેતરપાળનો પાડો) નિલેશ કીર્તિલાલ શાહ (ઉં. વ. ૬૨) તા. ૧૬-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિર્તિલાલ મણિલાલ શાહ તથા સ્વ.લીલાબેન કીર્તિલાલ શાહના સુપુત્ર. હંસાના પતિ. નેહા, પ્રાંજલ તથા દિયાના પિતાશ્રી. સમીર તથા નૈનેશના ભાઇ. પ્રીતિના દિયર તથા મીનાના જેઠ. ભૂમિકા, રિશિકા તથા ધ્રુવીલના કાકા. અભિજિતકુમારના કાકાશ્રી. માહીના નાના. સ્વ. લલિતભાઇ, મંજુલાબેન, માલતીબેન, શાંતાબેન તથા દક્ષાબેનના ભાણેજ. સ્વ. રમણભાઇ તથા સ્વ. નાનુભાઇના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ છે.

### ધોણધાર વિ. ઓ. જૈન

ચાણસોલ નિવાસી હાલ મુંબઇ ચંદનબેન માણેકલાલ શાહના સુપુત્ર રાજેશભાઇ (ઉં. વ. ૬૫) તા. ૧૬-૫-૨૬ના શનિવારના અવસાન પામેલ છે. તે સીમાબહેનના પતિ. ચેત્યભાઇ, તન્યભાઇના પિતાશ્રી, ક્રિષ્માબેન, દર્શીના સસરા. નરેશભાઇ, સુધીરભાઇ, મુકેશભાઇ, પિયુષભાઇ, દિલીપભાઇના ભાઇ. તે પુષ્પાબેન વિનોદભાઇ શાહના જમાઇ.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ભાવનગર નિવાસી હાલ મુંબઇ રસીલાબેન જિતેન્દ્રકુમાર શાહ (ઉં. વ. ૮૦) તે સ્વ. જિતેન્દ્રકુમાર શોભાગબેન દામોદરદાસ શાહના ધર્મપત્ની. સ્વ. ભાવિનભાઇ, દીપાબેનના માતુશ્રી. રૂપલબેન અને હેમંતકુમારના સાસુ. અને તે રીવાના દાદી. ધૈર્યના નાની. તે બગસરા નિવાસી નિર્મળાબેન વિનુભાઇ દોશીના દીકરી.તે તા. ૧૬-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા : સોમવાર, તા. ૧૮-૫-૨૬ના સાંજે ૪થી ૬.નવજીવન સોસાયટી હોલ.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ઉપલેટા નિવાસી હાલ મુંબઇ હર્ષદભાઇ વૃજલાલ શાહ (ઉં. વ. ૭૭) તા. ૧૫-૫-૨૬ના સ્વર્ગવાસી થયા છે. તે રશ્મિબેનના પતિ. દર્શિની અંશુમન દાસ, રીની જીનેન શાહ અને કૃતિ ઇમ્તિયાઝ શેખના પિતા. ગિરીશભાઇ તથા પંકજભાઇના બનેવી. તથા સ્વ. હરકિશનભાઇ, સ્વ. દમયંતીબેન, સ્વ. મહેશભાઇ, પુષ્પાબેન રમેશભાઇ સંઘરાજકા તથા ચંદ્રિકાબેનના ભાઇ. બન્ને પક્ષે પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી વીસા શ્રીમાળી જૈન

ભુતીયા (સણોસરા) નિવાસી હાલ મુલુંડ, નવીનચંદ્ર પ્રેમચંદ શાહ ના ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૮૦) તા.૧૪/૦૫/૨૦૨૬ ગુરુવાર ના અવસાન પામેલ છે. તે કમલેશ, મહેશ, શૈલેશ, અલ્પેશના માતુશ્રી. નયના, રુપલ, પ્રીતિ, નીકીતાના સાસુ. વીસ્મીતા, ઉર્વી, સિધ્ધ, જીમીત, પ્રીયલ, હેતવી, મીત, કવીશના દાદી. પિયર પક્ષેઃ- શાહ પ્રેમચંદભાઈ દુર્લભદાસ કુંભણવાળા (ખાખરીયા)ના દીકરી તે વસંતભાઈ, રમેશભાઇ, જયાબેન, ઉષાબેનના બહેન. નિવાસ સ્થાન :- અ/૨૪, ૯મા માળે, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, સર્વોદય નગર, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર રાખેલ નથી

### હરસોલ સત્તાવીશ સમાજ જૈન

ભાયંદર નિવાસી હિરેન પ્રમોદકુમાર શાહ, (ઉં. વ. ૪૨) ૧૩.૦૫. ૨૬ને બુધવારના અરિહંત શરણ પામ્યા છે, જેઓ લીલાવતીબેન હીરાલાલના પૌત્ર પ્રમોદભાઈ અને દર્શનાબેનના પુત્ર. હર્ષના ભાઈ. સરસ્વતીબેન પ્રકાશભાઈ અને દક્ષાબેન રંજનભાઈ, નીતાબેન શિરીશભાઈ તથા સુનિલભાઈ તથા જયશ્રીબેન મનહરલાલના ભત્રીજા. શારદાબેન શાંતિલાલ શાહ ગામ રૂપાલના દોહિત્ર. શંત્રુજય ભાવયાત્રા તા.૧૭.૦૫.૨૬ ને રવિવારે બપોરે ૨ થી ૪ દરમ્યાન રાખેલ છે. ઠે. દેવવાટિકા હોલ ૬૦ ફિટ રોડ, ભાયંદર - વેસ્ટ.

### શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

કેરીયા ઉમરાળા હાલ મલાડ સ્વ. તલકચંદ અમરચંદ મહેતાના ધર્મપત્ની ગુણવંતિબેન (ઉં. વ. ૮૯) તે ૧૩/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે. કીર્તિભાઇ, હરેશભાઇ, કૈલાશબેન દિપકકુમાર શાહ, ભાવના (કાજલ) જીગ્નેશકુમારના માતુશ્રી, સોનલના સાસુ. નાનાલાલ ચત્રભુજ વોરાના દીકરી, ડાહ્યાભાઈ, હર્ષદભાઈ, રસીલાબેન ભોગીલાલ શાહના બહેન. શત્રુજય ભાવયાત્રા ૧૭/૫/૨૬ ના રોજ ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે એન એલ હાઈસ્કૂલ એસ.વી. રોડ મલાડ વેસ્ટ.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

દામનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન ચુનીલાલ જોબાલીયાના સુપુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં. વ. ૯૨) તે લાઠી નિવાસી સ્વ. શાંતાબેન પ્રભુદાસ તુરખિયાના જમાઈ, મધુકાંતાબેનના પતિ. રીટા ભરતકુમાર દોશી તથા સેજલ ઉદયકુમાર પારેખના પિતાશ્રી. સ્વ. કિરીટભાઇ, રસિકભાઈ, નવીનભાઈ, વિક્રમભાઈ, સ્વ. પ્રફુલભાઈ તેમજ સ્વ. રમાબેન, મંજુબેન, મધુબેન, ઈન્દુબેન, ભારતીબેન ના ભાઈ ગુરુવાર તા. ૧૪.૦૫.૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન

દેશલપુર (કંઠી) ના ચુનીલાલ (ચેતન) ઉમરશી સોની (ઉં. વ. ૭૨)નાં તા. ૧૫-૦૫ના અવસાન પામેલ છે. મણીબાઇ ઉમરશીના પુત્ર. મીનાના પતિ. સ્વાતી, કોમલના પિતા. કાંતી, કલ્યાણજી, દિનેશ, વસંત, નવિન, મહેન્દ્ર, ઝવેર, સરલા, બીનાના ભાઇ. કાંતાબેન ચુનીલાલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. મીના સોની, હીલ વ્યુ બીલ્ડીંગ, શ્રીનગર અયપ્પા મંદિરની બાજુમાં, વાગલે સ્ટીટ, થાણે-૪૦૦૬૦૪.

ગેલડાના મોરારજી ગણપત સૈયા (ઉં. ૮૮) તા. ૧૫-૫ ના અરિહંત શરણ પામેલ છે. મણીબેન ગણપતના પુત્ર. શીલાના પતિ. ફાલ્ગુની, પ્રેમલ, પરેશના પિતા. વસનજી, લક્ષ્મી, ભાવના, રતનનાભાઈ. જીવીબેન રામજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. નિ. મોરારજી સૈયા- એ/૨૦૧, સ્મૃતિ એપાર્ટમેન્ટ, કાંદરપાડા, દહીંસર (વે) મું- ૬૮.

મોટા આસંબિયાના કરમચંદ લાલજી સાવલા (ઉં. વ. ૭૫) તા ૧૫-૫-૨૬ના અવસાન પામેલ છે. ઝવેરબેન લાલજીના પુત્ર. મંજુલાના પતિ. જીગરના પિતા. વીરેન્દ્ર, ડો.જયસુખ, જીતેન્દ્ર, મંજુલા (નિર્મલા), ચંદ્રીકાના ભાઈ. મોખાના લખમીબેન ભાણજી ધારશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : જીગર સાવલા, ૩૦૧ સીધાચલ, આંબેડકર રોડ, માટુંગા (ઈસ્ટ), મુંબઈ ૧૯.

ગઢશીશાના સૌ. ધર્મિષ્ઠા મનીષ (મણીલાલ) દેઢીયા (કામાણી) (ઉ.વ. ૭૧) તા. ૧૩-૫-૨૬નાં અવસાન પામેલ છે. વેલબાઇ શામજી લખમશીના પુત્રવધુ. મનીષ (મણીલાલ)ના પત્ની. વૈભવીના માતુશ્રી. શાંતાબેન રમણીલાલના પુત્રી. સ્વ. જયેન્દ્ર, મુકેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીલાલ કામાણી, એ/૬૦૨, ઝી હાઇટસ, શ્રધ્ધાનંદ રોડ, આકૃતિ એરીકાની સામે, વિલેપાર્લા (ઇસ્ટ), મું. ૪૦૦૦૫૭.

## પુણેમાં

મોકલવામાં આવી હતી.

પિંપરી-ચિંચવડ પોલીસના ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) શિવાજી પવારે જણાવ્યું હતું શુક્રવારની રાતે ૯ વાગ્યાની આસપાસ રવેત વિસ્તારમાં આવેલા એ. જે. ફર્નિચર મૉલ પર ગોળીબારની ઘટના બની હતી. આ હુમલામાં કોઈ જખમી થયું નહોતું, પરંતુ મૉલની ગ્લાસ ફસાડ તૂટી ગઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ મૉલના માલિકને ઘટનાના થોડા દિવસ અગાઉ ધમકીભર્યો કૉલ આવ્યો હતો, પરંતુ તેણે ધમકીની અવગણના કરી નંબર બ્લૉક કરી દીધો હતો.

ગોળીબાર પછી મૉલના માલિકને સોશ્યલ મીડિયા પોસ્ટનો એક સ્ક્રીનશૉટ મોકલવામાં આવ્યો હતો, જેમાં લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગે હુમલાની જવાબદારી સ્વીકારી હતી. એ સિવાય એક ઑડિયો ક્લિપ પણ વાયરલ થઈ રહી છે, જે બિશ્નોઈ ગૅન્ગના સભ્યની હોવાનું કહેવાય છે. જે અમારી વિરુદ્ધમાં છે તેની સાથે અમારી ટૂંક સમયમાં જ મુલાકાત થશે, એવી ચીમકી આ ઑડિયોમાં હોવાનું કહેવાય છે.

પોલીસે ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં બે બાઈકસવાર મૉલ નજીક આવે છે અને ગોળીબાર કરતા નજરે પડે છે. બન્ને હુમલાખોરે પિસ્તોલમાંથી પાંચથી છ રાઉન્ડ ફાયર કર્યા હતા.

ડીસીપી શિવાજી પવારે જણાવ્યું હતું કે હુમલાની જવાબદારીના દાવાવાળી આરઝુ બિશ્નોઈ અને શુભમ લોણકરની પોસ્ટની ખાતરી પોલીસ કરી રહી છે. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીની શોધ ચલાવાઈ રહી છે. ■

# મોંઘવારી... હે મા માતાજી

### અમૂલ-મધર્સ ડેરીનું અનુસરણ

## ગોકુળ દૂધે પણ લિટર દીઠ ₹ બે વધાર્યા

કોલ્હાપુરઃ મોંઘવારી દિવસેને દિવસે વધી રહી છે. ગેસ સિલિન્ડર, ખાદ્ય તેલ, શાકભાજી સહિત દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. આની પરોક્ષ અસર દૂધના ભાવ પર પડી રહી છે, ત્રણ દિવસ પહેલા અમુલ કંપનીએ દૂધના ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો થયો હતો. અમુલ અને મધર્સ ડેરી પછી હવે ગોકુળ દૂધના ભાવમાં પણ વધારો થવાની જાહેરાત કરવામાં આવી છે.

કોલ્હાપુર દૂધ ઉત્પાદક સંઘે દૂધના ભાવમાં વધારાની જાહેરાત કરી છે. એક નિવેદનમાં જણાવાયું છે કે કોલ્હાપુરથી મુંબઈ શહેર અને ઉપનગરો, થાણે, રાયગડ અને પાલઘર જિલ્લામાં વિતરિત થતા ગોકુળ બ્રાન્ડના તમામ પોલીથીન પેકેજિંગમાં ગાયના દૂધના ભાવ વધી રહ્યા છે. ગોકુળએ પણ ગાયના દૂધના ભાવમાં લીટર દીઠ બે રૂપિયાનો વધારો કર્યો છે. એસોસિએશને એમ પણ કહ્યું કે નવા દર ૨૧ મેથી લાગુ કરવામાં આવશે.



**બજેટ ખોરવાયુંઃ** મોંઘવારી માઝા મૂકી રહી છે ત્યારે ગૃહિણીઓના બજેટ પર વધુ માર પડી રહ્યો છે. (અમય ખરાડે)

ગોકુળના સંચાલક મંડળએ ફેબ્રુઆરીમાં દૂધના ભાવમાં વધારો નહોતો કર્યો. કોલ્હાપુર તેમજ મુંબઈ, થાણે, રાયગડ અને પાલઘર જિલ્લામાં ગોકુળ દૂધનો ઘણો વપરાશ છે. અમૂલ દૂધનો વપરાશ પણ નોંધપાત્ર છે. અમૂલ દ્વારા ભાવમાં વધારો થતાં જ ગોકુળ સંઘે ભાવમાં વધારો કર્યો છે. ■

## મુંબઈ-થાણેમાં શાકભાજીના ભાવ આસમાને

મુંબઇઃ ફુગાવો રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. એલપીજી ગેસ, દૂધ, સોનું અને ચાંદી પછી હવે પેટ્રોલ અને ડીઝલમાં વધારો કરવામાં આવ્યો છે. આ પછી મુંબઈ, નવી મુંબઈ અને સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ભીષણ ગરમીની સીધી અસર સામાન્ય માણસના પોકેટ પર પડવા લાગી છે. મુંબઈ અને એમએમઆર વિસ્તારોમાં શાકભાજીના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે. ભીષણ ગરમી, પાણીની અછત અને ઘટેલી આવકને કારણે શાકભાજીના ભાવમાં વધારો થયો છે. વાશીમાં કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી) ખાતે શાકભાજીના આવકમાં ૨૦ થી ૩૦ ટકાનો ઘટાડો થતાં છૂટક બજારમાં ભાવ આસમાને પહોંચ્યા છે.

રાજ્યના પુણે, સતારા, સોલાપુર અને નાસિક જેવા મુખ્ય કૃષિ પટ્ટામાં તાપમાનમાં વધારો થયો છે. જેના કારણે પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. ઉપરાંત, હાલમાં ઘણા વિસ્તારોમાં પાણીની અછત છે. આનાથી ઉત્પાદન પર પણ વિપરીત અસર પડી છે. આ ઉપરાંત, લાંબા અંતરથી આવતા શાકભાજી ગરમીને કારણે પરિવહન દરમિયાન ઝડપથી બગડી રહ્યા છે. જેના કારણે વેપારીઓની ચિંતામાં વધારો થયો છે.

નિષ્ણાતોના મતે ચોમાસાના આગમન અને નવો પાક આવવાનું શરૂ ન થાય ત્યાં સુધી શાકભાજીના ભાવ ઊંચા રહેવાની શક્યતા છે. વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસના ખિસ્સા પર ભારે અસર કરી છે, અને મે મહિનાના અંત (જુઓ પાનું ૪) ▸▸

## ચોમાસામાં ઘાટકોપરથી મુલુંડ વચ્ચેના લોકોને હાલાકી થવાની જ

### ‘એસ’ વોર્ડમાં હજી સુધી ફક્ત ૧૨.૬૬ ટકા નાળાસફાઈ

(અમારા પ્રતિધિ તરફથી)

મુંબઈઃ બે વર્ષ અગાઉ નાળાસફાઈના નામે કૉન્ટ્રેકટરોએ પાલિકા પ્રશાસને ચૂનો લગાવતા ચોમાસામાં ભાંડુપ સહિતના રેલવે સ્ટેશનો પર પાણી ભરાઈ જતા રેલ સેવા ઠપ્પ થતા મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. છતાં પાલિકાએ એના પરથી કોઈ શીખ લીધી હોવાનું લાગતું નથી. ‘એસ’ વોર્ડમાં નાળાઓની માત્ર ૧૨ ટકા સફાઈ થઈ હોવાથી પૂર્વ પરાના ગુજરાતી વિસ્તારો ઘાટકોપરથી મુલુંડના રહેવાસીઓને આ વર્ષે પણ ત્રાસ સહન કરવા તૈયાર રહેવું પડશે એવું ચિત્ર હાલમાં ઊભું થઈ રહ્યું છે.

સામાન્ય રીતે મુંબઈમાં માર્ચ એન્ડમાં અને એપ્રિલના પહેલા અઠવાડિયામાં નાળાઓની સફાઈનું કામ શરૂ થઈ જતું હોય છે પણ આ વર્ષે નાળાસફાઈના કામ માટે કોઈ કૉન્ટ્રેક્ટર આગળ નહીં આવતા નાળાની સફાઈનું કામ એપ્રિલમાં મોડેથી શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં પણ કૉન્ટ્રેક્ટર માટે (જુઓ પાનું ૪) ▸▸

### ચિંતાનું કારણ નથીઃ પાલિકાનો દાવો

એસ વોર્ડમાં માત્ર ૧૨ સફાઈ બાબતે પાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે નાળાસફાઈ આ વર્ષે મોડી ચાલુ થઈ છે પણ ચિંતાનું કારણ નથી. સફાઈ માટે વધારાના કૉન્ટ્રેક્ટર રાખવામાં આવ્યા છે અને તેમની પાસેથી કામ કરાવવામાં આવી રહ્યું છે. ભાંડુપ, વિક્રોલી અને કાંજુરમાર્ગ વિસ્તારમાં ખાસ ધ્યાન રાખવામાં આવશે.

### ‘એ’ વોર્ડમાં ૧૦૨. ૬૭ ટકા સફાઈ

પાલિકાના ડેટા મુજબ મુંબઈના મોટાભાગના વિસ્તારમાં ૭૦ ટકાથી વધુ નાળાસફાઈ થઈ ગઈ છે, જેમાં ‘એ’ વોર્ડમાં ૧૦૨.૬૭ ટકા નાળાસફાઈ થઈ ગઈ છે. તો બીજા નંબરે બી વોર્ડમાં ૯૮.૩૧ ટકા, સી વોર્ડમાં ૯૬.૨૯ ટકા અને ડી વોર્ડમાં ૯૯.૪૩ ટકા, ઈ વોર્ડમાં ૯૪.૯૫ ટકા નાળાસફાઈ થઈ છે. તો સૌથી નીચલા નંબરે એસ વોર્ડમાં માત્ર ૧૨.૮૪ ટકા સફાઈ થઈ છે. ■

### બાઈક ટૅક્સી પર તવાઈ

## ગૂગલને ઓલા-ઉબર-રેપિડોને પ્લે સ્ટોરમાંથી હટાવવા નોટિસ

મુંબઇઃ મહારાષ્ટ્રમાં ઓલા, ઉબર અને રેપિડોની બાઇક ટેક્સી સર્વિસ પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. મહારાષ્ટ્ર સરકારના સાયબર વિભાગે ગુગલ અને એપલને નોટિસ મોકલી છે. આ નોટિસમાં આ કંપનીઓની એપ્સને પોતપોતાના પ્લેટફોર્મ (પ્લે સ્ટોર અને એપ સ્ટોર) પરથી હટાવવાની માગ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર સાયબર વિભાગના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ ઓફિસથી ૧૫ મેના રોજ આ અંગે નોટિસ જારી કરવામાં આવી હતી. નોટિસમાં આઇટી એક્ટ, ૨,૦૦૦ની કલમ (ધારા) ૭૯(૩)(બ)નો હવાલો આપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ૧૨ મેના રોજ સાયબર વિભાગને એક પત્ર લખ્યો હતો, જેમાં તેમણે ગેરકાયદેસર બાઇક ટેક્સીઓ સામે કડક પગલાં લેવાની માગ કરી હતી. આ પત્ર બાદ જ આ કાર્યવાહી કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર સરકારનો આરોપ છે કે આ કંપનીઓ નિયમોનું પાલન કર્યા વગર ગેરકાયદેસર રીતે બાઇક ટેક્સી ચલાવી રહી છે. સરકારના આ કડક પગલાને કારણે મુસાફરી કરતા સામાન્ય લોકોને મોટો ઝટકો લાગી શકે છે. મહારાષ્ટ્ર સરકારે મુસાફરો, ખાસ કરીને મહિલાઓની સુરક્ષાને લઈને (જુઓ પાનું ૪) ▸▸

### ઉલ્હાસનગરમાં શરમજનક ઘટના

## નિર્વસ્ત્ર કરી મહિલાનું સરઘસ કાઢ્યું

### મંદિરમાં પ્રવેશને મામલે ટોળું ઉશ્કેરાયું

### ફટકારીને મહિલાના વાળ પણ કાપ્યા

થાણેઃ મંદિરમાં પ્રવેશને મુદ્દે થયેલા વિવાદમાં ઉલ્હાસનગરમાં માણસાઈને કલંક લગાડનારી ઘટના બની હતી. જાહેરમાં મારપીટ કરીને વાળ કાપ્યા પછી એક મહિલાને નિર્વસ્ત્ર કરીને તેનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી, જ્યારે વીડિયોમાં નજરે પડતાં અન્યોની શોધ હાથ ધરી હતી.

સેન્ટ્રલ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુનીલ આવતાડેએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારે ઉલ્હાસનગરના વિઠ્ઠલવાડી પરિસરમાં બની હતી. આ પ્રકરણે બે આરોપીની શુક્રવારે મોડી રાતે, જ્યારે એકની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓમાં મહિલાનાં સગાંસંબંધીઓનો જ સમાવેશ થાય છે. તેમની વચ્ચે પહેલેથી વિવાદ હોવાથી અગાઉ સામસામી ફરિયાદ થઈ હતી અને મહિલા વિરુદ્ધ એફઆઈઆર પણ નોંધાયો હતો.

કહેવાય છે કે ફરિયાદી અને આરોપી એક જ સમાજના છે. આરોપીના કહેવા અનુસાર મહિલાએ તેમના દેવતા માટે વાંધાજનક નિવેદન કરીને અપમાન કર્યું હતું. પરિણામે મહિલાને મંદિરમાં પ્રવેશવા પર (જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈને પૂરમુક્ત રાખવા ૩૧ મેની ડેડલાઇન

### મૅનહોલ પર જાળી બેસાડાશે, પાણી ભરાવાના ક્રોનિક પોઇન્ટ શોધી કઢાશે

(અમારા પ્રતિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાનું આગમન નજીક છે ત્યારે ચોમાસા પહેલા મુંબઈમાં ચુસ્ત સુરક્ષાના પગલા લાગુ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા કમિશનર અશ્વિની ભીડેએ તમામ અધિકારીઓ સાથે બેઠક કરીને તૈયારીઓ વધુ તીવ્ર બનાવવાના નિર્દેશ આપ્યાં હતા, જેમાં ચોમાસામાં મુંબઈમાં એક પણ મેનહૉલ ખુલ્લો ના રહે તે માટે અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે. તેમ જ (જુઓ પાનું ૪) ▸▸

### રસ્તાના કામ પણ ઝડપથી પૂરા કરવાનો આદેશ

મુંબઈમાં હાલ મોટા પ્રમાણમાં રસ્તાનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે ત્યારે પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ શનિવારે રસ્તાના ડેવલપમેન્ટના કામનો અહેવાલ લીધા બાદ અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે હાલ ચાલી રહેલા રસ્તાના તમામ કામ ૩૧મે, ૨૦૨૬ સુધીમાં પૂરા કરવાના રહેશે. રસ્તાના કામ ટુકડા-ટુકડામાં કરવાને બદલે એક છેડાથી લઈને બીજા છેડા સુધીમાં ગુણવત્તા જણવાઈ રહે તે પદ્ધતિએ પૂરા કરવાના રહેશે. જે ઠેકાણે હવે ચોમાસું નજીક હોઈ કૉંક્રીટાઈઝેશન શક્ય નથી ત્યારે વરસાદના આગમન પહેલા ડામરના રસ્તા બનાવી નાખવાના રહેશે. એક્સિડન્ટ થાય નહીં તે મુજબ નાગરિકની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રસ્તાના કામ કરવાના રહેશે. ■

## ફરી મુંબઈને બાનમાં લેવાના મૂડમાં જરાંગે

### સરકાર માગણીઓ પૂરી નહીં કરે તો ૩૦મેથી આંદોલનની ચીમકી

મુંબઈ : મરાઠા આંદોલનકારી મનોજ જરાંગે પાટીલ મરાઠા અનામતના મુદ્દે ફરી એકવાર આક્રમક બન્યા છે. તેમણે રાજ્યભરમાં આંદોલનની જાહેરાત કરી છે. શનિવારે સવારે તેમણે અંતરવાલી સરાટીમાં આંદોલન કરવાની ચેતવણી આપી હતી. તેમણે સરકાર પાસે કેટલીક માગણીઓ કરી હતી. સાથે જ મરાઠા સમાજને કુણબી પ્રમાણપત્ર આપવાની પણ માગ કરી હતી.

જરાંગે ૩૦ મેથી બેમુદત ઉપવાસ પર ઉતરશે. તેમણે રાજ્યભરમાં શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી સરકારની મુશ્કેલીઓ વધી શકે છે. જરાંગેએ સરકારને આંદોલન શરૂ થાય તે પહેલાં યોગ્ય પગલાં લેવા ચેતવણી આપી છે અને સ્પષ્ટ કર્યું છે કે એકવાર આંદોલન શરૂ થયા પછી તેઓ કોઈનું પણ સાંભળશે નહીં કે પાછા હટશે નહીં.

આ વખતે મનોજ જરાંગેએ વિવિધ માગણીઓ કરી છે, જેમ કે સરકારે મરાઠા અનામત અંગેની (જુઓ પાનું ૪) ▸▸

## પુણેમાં લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના શૂટરોનો ફર્નિચર મૉલ પર ગોળીબાર

### મૉલના માલિકે ધમકીભર્યા કૉલને અવગણ્યો હતોઃ ગોળીબાર બાદ શુભમ લોણકર અને આરઝુ બિશ્નોઈની સોશ્યલ મીડિયા પોસ્ટ-ઑડિયો ક્લિપ સામે આવી

પુણેઃ મુંબઈમાં ફિલ્મમેકર રોહિત શેટ્ટીના ઘર પર ગોળીબાર કર્યા બાદ હવે લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગે પુણે પર નજર ફેરવી હોવાનું જણાઈ રહ્યું છે. બિશ્નો ગૅન્ગના બે શૂટર્સ પિંપરી-ચિંચવડના પ્રખ્યાત ફર્નિચર મૉલ પર ગોળીબાર કરી બાઈક પર ફરાર થઈ ગયા હોવાની ઘટના શુક્રવારે બની હતી. મૉલના માલિકે ધમકીભર્યા કૉલની અવગણના કરી હતી, જેને પગલે ગોળીબાર બાદ શુભમ લોણકર અને આરઝુ બિશ્નોઈની ધમકીભરી સોશ્યલ મીડિયા પોસ્ટ વેપારીને (જુઓ પાનું ૪) ▸▸

## બાળકોનું આધાર કાર્ડ ‘અપડેટ’ રાખો

### ... નહીં તો બીજી શાળામાં એડમિશન લેવું ભારે પડશે

વર્ધાઃ રાજ્યની આશરે ૧ લાખ જેટલી વિવિધ માધ્યમોની શાળાઓમાંથી કેટલીક પોતાની માલિકીની તો કેટલીક ભાડાની ઇમારતોમાં ચાલે છે. સમય અને બદલાતી પરિસ્થિતિ અનુસાર શાળાના મકાનોમાં ફેરફાર કરવો જરૂરી બનતો હોવાથી, આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે તાજેતરમાં એક નવી નીતિ જાહેર કરી છે.

મહારાષ્ટ્ર સરકારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સ્થળાંતર અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વધતા શહેરીકરણ અને જગ્યાની અછતને ધ્યાનમાં રાખીને શાળા શિક્ષણ વિભાગે સ્થળાંતર નીતિમાં સુધારો કર્યો છે, જેનો જીઆર ૧૫ મે ૨૦૨૬ના રોજ જાહેર કરાયો હતો.

નવી નીતિ મુજબ, તમામ માધ્યમોની શાળાઓને માત્ર અપવાદરૂપ સંજોગોમાં અથવા ભૌતિક સુવિધાઓ સુધારવા માટે જ સ્થળાંતરની મંજૂરી મળશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની સંખ્યા અને અંતરના નિયમો કડક કરવામાં આવ્યા છે. સરકારે (જુઓ પાનું ૪) ▸▸

### જન્મ-મૃત્યુ અને લગ્નની નોંધ

## જૂના દસ્તાવેજો સેકન્ડમાં ઉપલબ્ધ

(અમારા પ્રતિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની હદમાં રહેતા નાગરિકોને તેમના જન્મ-મૃત્યુ, વિવાહ નોંધણી સહિતના આવશ્યક દસ્તાવેજો પાલિકાની ઓફિસમાંથી મેળવતા નાકે દમ આવી જતો હોય છે પણ નાગરિકોને તેમના મહત્ત્વના દસ્તાવેજો હવે અમુક સેકન્ડમાં ઉપલબ્ધ થઈ જશે.

મુંબઈ મહાનગરપાલિકાના ‘ઈ’ પ્રશાસકીય વોર્ડના જતન કરવામાં આવેલા મહત્ત્વના નાગરી દસ્તાવેજોનું અત્યાધુનિક ‘વિઝન એઆઈ વોલ્ટ’ સિસ્ટમ અંતર્ગત ડિજિટલ જતન કરવામાં આવવાનું છે. આ ઉપક્રમને કારણે જન્મ-મૃત્યુ, વિવાહ નોંધણી સહિતના જૂના દસ્તાવેજોનું સુરક્ષિત સંવર્ધન કરવામાં મદદ મળશે. તેમ જ નાગરિકોને આવશ્યક દસ્તાવેજો વધુ ઝડપી અને સરળ (જુઓ પાનું ૪) ▸▸

## કાંદિવલીની કંપનીમાંથી ₹ ૫.૨૮ કરોડનું સોનું ચોરી ત્રણ સિક્યોરિટી ગાર્ડ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલીમાં સોનાના દાગીના બનાવતી કંપનીમાંથી ત્રણ સિક્યોરિટી ગાર્ડ અંદાજે ૫.૨૮ કરોડ રૂપિયાની સોનાની બંગડીઓ ચોરી ફરાર થઈ ગયા હતા.

કાંદિવલી પશ્ચિમમાં રહેતા વેપારી અશોક વાયા (૬૩)એ નોંધાવેલી ફરિયાદને આધારે ચારકોપ પોલીસે મોહમ્મદ સફીર ઉર્ફે મોહમ્મદ આહમાઝ, શાહબાઝ ગુજ્જર અને વિકાસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસી રહી છે.


ફરિયાદી જ્વેલરી મેન્યુફેક્ચરિંગના વ્યવસાયમાં છેલ્લાં ૪૫ વર્ષથી કાર્યરત છે. કાંદિવલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં તેમની ગ્રાઉન્ડ ફ્લોર અને બે માળની કંપની છે, જેમાં ૩૦થી (જુઓ પાનું ૪) ▸▸

## નવી મુંબઈના સિડકો રેલવે સ્ટેશનોની જવાબદારી હવે મધ્ય રેલવેને સોંપાશે

### સ્ટેશનોના અટકેલા વિકાસકામો હવે પૂરા થવાની આશા

નવી મુંબઈઃ નવી મુંબઈના રેલવે સ્ટેશનોની કથળેલી દશા અને પ્રવાસીઓની વધતી ફરિયાદો વચ્ચે સિડકો હસ્તકના સ્ટેશનો મધ્ય રેલવેને સોંપવાની પ્રક્રિયાને વેગ મળ્યો છે. વર્ષોથી સિડકો અને મધ્ય રેલવે વચ્ચે જવાબદારીના વિવાદને કારણે સ્ટેશનોની જાળવણી લટકતી હતી, જેનો ભોગ લાખો પ્રવાસીઓ બનતા હતા. આ પૃષ્ઠભૂમિ પર, શુક્રવારે મુંબઈમાં મળેલી બેઠકમાં આગામી છ મહિનામાં આ તમામ સ્ટેશનો સેન્ટ્રલ રેલવેને હસ્તાંતરિત (જુઓ પાનું ૪) ▸▸





## ગર્લ્સ હોસ્ટેલમાંના ટેડી બેઅરે લોકોના જીવ અધ્ધર કર્યા

પુણેઃ પુણેની ખાનગી હૉસ્પિટલમાં વિસ્ફોટકો મળ્યા પછી ગર્લ્સ હોસ્ટેલના ગેટ પાસે મળેલા ટેડી બેઅરના બૉક્સે વિદ્યાર્થિનીઓ સાથે પોલીસના પણ જીવ અધ્ધર કર્યા હતા.

પિંપરી-ચિંચવડના સંત તુકારામ નગરમાં આવેલી ડીવાય પાટીલ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલના ગેટ પર કોઈ ગિફ્ટ બૉક્સ મૂકી ગયું હતું. ખાસ્સા મોટા આ બૉક્સ પર શનિવારની સવારે ૮.૧૫ વાગ્યે સિક્યોરિટી ગાર્ડની નજર પડી હતી. હાલમાં જ પુણેની હૉસ્પિટલમાં વિસ્ફોટકો મળ્યા અને પુણેમાં બૉમ્બની ધમકીના અનેક વાર કૉલ આવતા હોવાથી હોસ્ટેલ પ્રશાસન પણ કોઈ જોખમ લેવા માગતું નહોતું.

બૉક્સની માહિતી તાત્કાલિક પોલીસને આપવામાં આવી હતી. હોસ્ટેલ પહોંચેલી પોલીસે આખો પરિસર કૉર્ડન કરી લીધો હતો. કોઈને બૉક્સ નજીક જવાની પરવાનગી નહોતી.

તપાસ બાદ પોલીસે જ બૉક્સ ખોલતાં તેમાંથી ટેડી બેઅર નીકળ્યું હતું. જોકે એ ટેડી બેઅરમાં બૉમ્બ તો નથીને? એ શંકાની પણ ખાતરી કરવામાં આવી હતી. ટેડી બેઅરની બારીકાઈથી તપાસ કરતાં તેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન હોવાનું જણાયું હતું. આખરે પોલીસ અને વિદ્યાર્થિનીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ■

## સીજેની ‘યુવાનો વાંદા જેવા’ની ટિપ્પણી શોભતી નથીઃ રોહિત પવાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના નેતા રોહિત પવારે શનિવારે જણાવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટિસ) સૂર્યકાંતની બેરોજગાર યુવાનોને પરોપજીવી અને વાંદા સાથે સરખાવતી ટિપ્પણી શોભતી નથી અને આ સરખામણી ટીકા અને પ્રશ્નો પૂછવા પ્રત્યે અસહિષ્ણુતાનું પ્રતિબિંબ છે. કરજત જામખેડના વિધાનસભ્યએ જણાવ્યું હતું કે તેમને ભારતીય ન્યાયતંત્ર પ્રત્યે અત્યંત આદર છે, પણ બંધારણીય મોભાનું સ્થાન ધરાવતી વ્યક્તિ તરફથી આ પ્રકારની ટિપ્પણી વ્યથિત કરનારી છે અને વચનભંગ, તકનો અભાવ અને વધતી જતી બેરોજગારી સાથે સંઘર્ષ કરી રહેલી આખી પેઢીની મજાક ઉડાવતી હોય તેવું લાગે છે. શુક્રવારે ચીફ જસ્ટિસએ કેટલાક બેરોજગાર યુવાનોની તુલના વાંદા સાથે કરી કહ્યું હતું કે તેઓ મીડિયા, સોશિયલ મીડિયા અને આરટીઆઈ એક્ટિવિસ્ટ બની જાય છે. ■

# ગિલ, બટલર, સુદર્શનની ત્રિપુટી આ વખતે ગુજરાતને ન જિતાડી શકી, કોલકાતાની આશા હજી જીવંત

કોલકાતા: ઈડન ગાર્ડન્સમાં યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સે (૨૦ ઓવરમાં ૨/૨૪૭) શનિવારે ગુજરાત ટાઇટન્સ (૨૦ ઓવરમાં ૪/૨૧૮)ને આઇપીએલની રસાકસીભરી હાઇ-સ્કોરિંગ મૅચમાં ૨૯ રનથી હરાવીને પ્લે-ઑફ માટેની નજીવી આશા જીવંત રાખી હતી. જેમ ગુરુવારે પંજાબ માટે પ્લે-ઑફની એન્ટ્રી મુંબઈએ થોડી મુશ્કેલ બનાવી ત્યાર પછી લખનઊએ શુક્રવારે ચેન્નઈની ટીમને ચિંતામાં મૂકી દીધી હતી. હવે ગુજરાત માટે પ્લે-ઑફમાં સત્તાવાર પ્રવેશ અસંભવ તો નથી, પણ કોલકાતાએ એ એન્ટ્રી થોડી વિલંબમાં તો મૂકી જ છે.

કૅપ્ટન શુભમન ગિલ (૮૫ રન, ૪૯ બૉલ, સાત સિક્સર, પાંચ ફોર)ને સ્પિનર સુનીલ નારાયણે સેન્ચુરીથી દૂર રાખી દીધો હતો. જૉશ બટલર (૫૭ રન, ૩૫ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને સાઇ સુદર્શન (૫૩ અણનમ, ૨૮ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર)ની બૅટિંગ ત્રિપુટીએ જ ગુજરાતને પ્લે-ઑફની લગોલગ લાવી દીધું છે, પરંતુ શનિવારે તેઓ કોલકાતા સામે ગુજરાતને વિજય નહોતા અપાવી શક્યા. છેક ૧૯મી ઓવરમાં બટલર આઉટ થયો હતો. તેની વિકેટ પેસ બોલર સૌરભ દુબેએ લીધી હતી. સુનીલ નારાયણે કુલ બે તથા કૅમેરન ગ્રીને એક વિકેટ લીધી હતી.



ફિન ઍલન, અંગક્રિશ રઘુવંશી અને કૅમેરન ગ્રીનની ઈનિંગ્સ કોલકાતાને ફળી. (પીટીઆઈ)

### નિશાંત સિંધુ ફરી ફ્લૉપ

આઇપીએલ સંપૂર્ણપણે ભારતની લીગ ટૂર્નામેન્ટ છે એટલે એમાં ફ્રૅન્ચાઇઝીઓ દ્વારા ભારતના ઊભરતા ખેલાડીઓને તક મળે ત્યારે રમાડવામાં આવે છે, પરંતુ હરિયાણાનો બાવીસ વર્ષીય લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન નિશાંત સિંધુ ગુજરાત વતી ત્રણ વખત મોકો મળવા છતાં સારું પર્ફોર્મ નથી કરી શક્યો. પાછલી બે મૅચમાં તે ચોથા ક્રમે બૅટિંગમાં ૧૫ અને બાવીસ રન બનાવી શક્યો હતો અને શનિવારે કોલકાતા સામે વનડાઉનમાં રમવા મળવા છતાં ફક્ત એક રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

### સુદર્શનને કોણીમાં બૉલ વાગ્યો, નારાયણની ૨૦૦મી મૅચ

ગુજરાતનો ઓપનર સાઇ સુદર્શન ઈજાને કારણે રિટાયર હર્ટ થયો હતો. ગુજરાતની ઇનિંગ્સમાં ત્રીજી ઓવર કોલકાતાના પેસ બોલર કાર્તિક ત્યાગીએ કરી હતી જેનો છેલ્લો બૉલ ઓપનર સાઇ સુદર્શનને કોણીમાં વાગ્યો હતો અને તે ૨૩ રનના પોતાના સ્કોર પર રિટાયર હર્ટ થઈ ગયો હતો. જોકે ટીમને જરૂર પડતાં તે પાછો બૅટિંગ કરવા આવ્યો હતો અને ૫૩ રને અણનમ રહ્યો હતો. સુનીલ નારાયણની આ ૨૦૦મી મૅચ હતી અને એમાં તેણે ગુજરાતની પ્રથમ વિકેટ (નિશાંતની વિકેટ) પોતાના નામે કરી હતી. નારાયણ આઇપીએલના વિદેશી ખેલાડીઓમાં ૨૦૦ મૅચ રમનાર પ્રથમ પ્લેયર બન્યો છે.

### ઍલનની મોટી ભાગીદારી, સિરાજની ૨૦૦મી વિકેટ

એ પહેલાં, કોલકાતાએ ૨૦ ઓવરમાં માત્ર બે વિકેટના ભોગે ૨૪૭ રન કર્યા હતા જેમાં ફિન ઍલન (૯૩ રન, ૩૫ બૉલ, દસ સિક્સર, ચાર ફોર), અંગક્રિશ રઘુવંશી (૮૨ અણનમ, ૪૪ બૉલ, સાત સિક્સર, ચાર ફોર) અને કૅમેરન ગ્રીન (બાવન અણનમ, ૨૮ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. ઍલને કૅપ્ટન રહાણે સાથે ૪૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ અને ત્યાર બાદ અંગક્રિશ રઘુવંશી સાથે બીજી વિકેટ માટે ૯૫ રનની ભાગીદારી કરી હતી. રહાણેની વિકેટ સિરાજે લીધી હતી જે તેની ટી-૨૦ કરીઅરની ૨૦૦મી વિકેટ હતી. આખી ઇનિંગ્સમાં કુલ બાવીસ છગ્ગા ફટકારવામાં આવ્યા હતા. ગુજરાતના છ બોલરમાંથી સિરાજ અને સાઇ કિશોરને એક-એક વિકેટ મળી હતી.

**આજે કઈ મૅચ?**

પંજાબ વિરુદ્ધ બેંગ્લૂરુ
ધરમશાલામાં, બપોરે ૩.૩૦

દિલ્હી વિરુદ્ધ રાજસ્થાન
દિલ્હીમાં, સાંજે ૭.૩૦

# હાર્દિક-માહિકા શું પાંચ દિવસ પછી લગ્ન કરવાનાં છે? અફવા જોરદાર

મુંબઈ/વડોદરા: હાર્દિક પંડ્યા વર્તમાન આઇપીએલ દરમ્યાન પોતાના અને મુંબઈ ઇન્ડિયન્સની ટીમના નબળા પર્ફોર્મન્સ વચ્ચે અંગત રીતે વધુ ચર્ચામાં છે અને તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા આ ચર્ચાનું કેન્દ્ર હોવાનું મનાય છે એવામાં એવી વાત ઊડી છે કે હાર્દિક અને માહિકા લગ્ન કરવાનાં છે અને એની તારીખ પણ નક્કી થઈ ગઈ છે. વાત તો ત્યાં સુધી ઊડી છે કે હાર્દિક-માહિકા પાંચ દિવસ પછી (બાવીસમી મેએ) ઉદયપુરમાં લગ્નગ્રંથિથી જોડાઈ જશે, આ લગ્નમાં બન્નેના પરિવારજનો તથા નજીકના મિત્રો જ હાજર રહેશે.

જોકે આ બધી વાતોને કોઈ જ પુષ્ટિ નથી મળી. હાર્દિક-માહિકા બેમાંથી કોઈના તરફથી સત્તાવાર નિવેદન આવ્યું નથી. તેમના સંભવિત લગ્નને લગતી એક પોસ્ટને કલાકોની અંદર હજારો લાઇક મળી છે તેમ જ તેમના ઘણા ચાહકો આ વાત માનવા પણ લાગ્યા છે.

### ચાહકોની દૃષ્ટિએ ઉતાવળે લગ્ન કરવા પાછળનું કારણ બીસીસીઆઈ?

હાર્દિક-માહિકાના બાવીસમી મેએ લગ્ન થવાના છે એ વિશે સત્તાવાર રીતે કંઈ જ નિવેદન બહાર નથી આવ્યું, પરંતુ સોશ્યલ મીડિયામાં હાર્દિકના કેટલાક ચાહકોએ એવી માન્યતા વ્યક્ત કરી છે કે 'માહિકા સાથે હાર્દિક ઉતાવળે લગ્ન કરી લે એની પાછળ એક કારણ હોઈ શકે. બીસીસીઆઇએ ખેલાડીઓને પોતાની ગર્લફ્રેન્ડને ટૂર્નામેન્ટ કે સિરીઝ દરમ્યાન પોતાની સાથે વિદેશ પ્રવાસે લઈ જવા પર જે પ્રતિબંધ મૂક્યો છે એને ધ્યાનમાં રાખીને હાર્દિક હવે માહિકાને પરણી જવા માગે છે કે જેથી તેને પત્ની તરીકે દરેક ટૂર પર પોતાની સાથે લઈ જઈ શકે.'

જોકે હાર્દિક-માહિકાના સંભવિત લગ્નને લગતી 'મામરાઝી' દ્વારા ઇન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવેલી પોસ્ટમાં જે જણાવાયું છે એ ચકાસતા ખબર પડી છે કે



તેમના સંભવિત લગ્નની વાત બનાવટી અકાઉન્ટ પરથી વાઇરલ કરવામાં આવી હતી. ભૂતકાળમાં આ પૅરોડી પ્રોફાઇલ પરથી તિલક વર્મા તથા જસપ્રીત બુમરાહ વિશેની બનાવટી સ્ટોરી વાઇરલ કરવામાં આવી હતી. એ જોતાં, હાર્દિક-માહિકાના સંભવિત લગ્નને લગતી સ્ટોરી પણ ઉપજાવી કાઢેલી છે એમ કહી શકાય.

### હાર્દિક-નતાશાના ૨૦૨૪માં છૂટાછેડા થયાં

માહિકા શર્મા મૉડેલ તેમ જ સોશ્યલ મીડિયા ઇન્ફ્લ્યૂએન્સર છે. હાર્દિકનું અંગત જીવન હંમેશાં ચર્ચામાં રહ્યું છે. તેણે ૨૦૨૦માં કોવિડના સમયકાળ દરમ્યાન સર્બિયાની અભિનેત્રી નતાશા સ્ટૅન્કોવિચ સાથે લગ્ન કર્યાં હતા. હાર્દિકથી નતાશાને એક બાળક થયું છે. તેમના પુત્રનું નામ અગસ્ત્ય છે. જુલાઈ, ૨૦૨૪માં હાર્દિક-નતાશાએ છૂટાછેડા લઈ લીધા હતા અને ત્યારથી તેઓ સંયુક્ત રીતે અગસ્ત્યની જવાબદારી સંભાળે છે. ■

# લખનઊએ ચેન્નઈનો બગાડી દીધો ખેલ, પ્લે-ઑફ માટેની સ્પર્ધા બની રસપ્રદ, હવે કઈ ટીમ માટે ચાન્સ?

નવી દિલ્હી: આઇપીએલ-૨૦૨૬માં લખનઊ સુપર જાયન્ટ્સ સામે રમાયેલી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને કારમી અને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. આ મેચમાં ઋતુરાજ ગાયકવાડની ટીમ ક્યાંય ટક્કરમાં હોય તેવું દેખાયું નહોતું. આ હાર બાદ ચેન્નઈ માટે પ્લે-ઑફની રેસ ઘણી મુશ્કેલ બની ગઈ છે. હાલમાં ચેન્નઈના ૧૨ મેચમાં ૧૨ પોઇન્ટ છે. જોકે, ફેન્સ માટે રાહતના સમાચાર એ છે કે ચેન્નઈ હજી પણ ટૂર્નામેન્ટમાંથી બહાર નથી થઈ.

### ચેન્નઈ માટે પ્લે-ઑફ મુશ્કેલ

કેટલાક એવા સમીકરણો છે જે અત્યારે પણ ચેન્નઈને ટોપ-૪માં એન્ટ્રી અપાવી શકે છે. તેના માટે આગામી મેચોમાં ચેન્નઈએ ઘણી મહેનત કરવાની રહેશે. ખાસ કરીને, ચેન્નઈએ આગામી બંને મેચો જે હૈદરાબાદ અને ગુજરાત સામે છે તેમાં સારા જ નહીં, પરંતુ ખૂબ સારા પોઈન્ટ સાથે જીતવું પડશે. પ્લે-ઑફની રેસમાં સુરક્ષિત રહેવા માટે ચેન્નઈએ આ બંને મેચો માત્ર જીતવી જ નહીં, પરંતુ મોટા માર્જિનથી જીતવી પડશે. જો બંને મેચ જીતશે તો ટીમ ૧૬ પોઇન્ટ પર પહોંચી જશે, જે ક્વોલિફિકેશન માટે ઘણો મજબૂત આંકડો માનવામાં આવે છે.

માત્ર મેચ જીતવાથી કામ નહીં ચાલે. હાલમાં પોઇન્ટ ટેબલ એટલું જટિલ છે કે મામલો નેટ રન રેટ પર આવી શકે છે. હૈદરાબાદ અને ગુજરાત સામે મોટી જીત મેળવીને ગાયકવાડની ટીમે પોતાનો રન રેટ પ્લસ (+) માં મજબૂત કરવો પડશે, જેથી સમાન પોઇન્ટ હોવા છતાં તેઓ આગળ નીકળી શકે. ચેન્નઈએ પોતાના પ્રદર્શનની સાથે સાથે પોઇન્ટ ટેબલની અન્ય ૩ ટીમોની હાર-જીત પર પણ નિર્ભર રહેવું પડશે.

### રાજસ્થાનનું ગણિત શું કહે છે?

રાજસ્થાનની ટીમ હાલમાં પોઇન્ટ ટેબલમાં પાંચમા નંબરે છે અને તે વધુમાં વધુ ૧૮ પોઇન્ટ સુધી પહોંચી શકે તેમ છે. ચેન્નઈની ઈચ્છા એવી હશે કે રાજસ્થાન તેની આગામી ત્રણ મેચમાંથી ઓછામાં ઓછી બે મેચ હારી જાય, જેથી તેઓ ૧૪ પોઇન્ટ પર જ અટકી જાય. ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલી પંજાબની ટીમ પણ હારે તો ચેન્નઈને ફાયદો થઈ શકે છે. ચેન્નઈએ એવી પ્રાર્થના કરવી પડશે કે પંજાબ તેની આગામી બે મેચમાંથી કોઈપણ એક મેચ હારી જાય, જેથી તેઓ મહત્તમ ૧૫ પોઇન્ટ સુધી જ સીમિત રહે!

હૈદરાબાદ પર પણ ચેન્નઈની નજર છે. કારણ કે, જો આગામી મેચોમાં હૈદરાબાદ સતત મેચો હારે છે, તો પણ ચેન્નઈ માટે ટૉપ-ફોરનો રસ્તો એકદમ આસાન અને સાફ થઈ જશે. ચેન્નઈનું ભવિષ્ય અત્યારે તેમના પોતાના હાથમાં જ છે. જો તેઓ આગામી બંને મેચો ધમાકેદાર અંદાજમાં જીતી લે છે, તો નસીબ પણ તેમનો સાથ આપશે અને ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ માટે પ્લે-ઓફના દરવાજા ખૂલી જશે. આગામી બંને મેચમાં ચેન્નઈ કેવું પ્રદર્શન કરે છે તેના પર સૌની નજર રહેવાની છે. ■

# 'ખિસ્સામાંથી ચબરખી કાઢીને સેલિબ્રેશન કરવા પર પ્રતિબંધ મૂકી દો': ત્રણ ભૂતપૂર્વ ક્રિકેટરો શા માટે આવું કહે છે?

લખનઊ: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના યુવાન લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર આકાશ સિંહે શુક્રવારે આ વખતની ટૂર્નામેન્ટમાં પહેલી જ વખત રમવા મળ્યું અને ચેન્નઈ સુપર કિંગ્સની ઇનિંગ્સમાં પહેલી ત્રણેય વિકેટ લઈને તરખાટ મચાવી દીધો, પરંતુ વિકેટ



સેલિબ્રેટ કરવાની તેની સ્ટાઇલ કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓને નથી ગમી અને તેમણે આ પ્રકારના સેલિબ્રેશન પર પ્રતિબંધ મૂકી દેવો જોઈએ એવું મંતવ્ય આપ્યું છે.

વાત એવી છે કે આઇપીએલમાં બે સીઝનથી પેપર-નોટ સેલિબ્રેશનનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. પોતાની ઉપલબ્ધિથી આનંદના આવેશમાં આવીને ખેલાડી ખિસ્સામાંથી એક કાગળ કાઢે છે અને એમાં લખેલી વિગતો કૅમેરા સામે રાખીને પેપર-નોટ સેલિબ્રેશન કરે છે. આ પ્રકારના સેલિબ્રેશનની શરૂઆત ૨૦૨૫ની આઇપીએલમાં હૈદરાબાદના અભિષેક શર્માએ કરી હતી. તેણે મહત્ત્વની ઇનિંગ્સ રમ્યા બાદ ખિસ્સામાંથી ચબરખી કાઢીને બતાવી હતી. આ વર્ષે મુંબઈ ઇન્ડિયન્સના રઘુ શર્મા અને ચેન્નઈ સુપર કિંગ્સના ઉર્વિલ પટેલે પણ આવું કર્યું. આકાશ સિંહે શુક્રવારની મૅચ પછી કહ્યું, 'મને આ પ્રકારના સેલિબ્રેશનથી મૉટિવેશન મળે છે. હું માનસિક દબાણમાં બોલિંગ કરતો હોઉં ત્યારે વિકેટ લીધા બાદ આવું સેલિબ્રેશન કરીને મારો આત્મવિશ્વાસ વધી જાય છે.'

### દરેક વિકેટ પછી આકાશનું નોટ-સેલિબ્રેશન

શુક્રવારે બન્યું એવું કે આકાશ સિંહે ચેન્નઈની પહેલી ત્રણેય વિકેટ લીધા બાદ ખિસ્સામાંથી ચબરખી કાઢીને ઊંચો હાથ કરીને બતાવી હતી. એમાં લખ્યું હતું, 'અક્કી ઑન ફાયર...ટી-૨૦ ક્રિકેટમાં વિકેટો કેવી રીતે લેવી એ આકાશ સારી રીતે જાણે છે.' આકાશ સિંહે ઋતુરાજ ગાયકવાડ (૧૩ રન), સંજુ સૅમસન (૨૦ રન) અને ઉર્વિલ પટેલ (છ રન)ની વિકેટ લીધી હતી. તેણે કુલ ચાર ઓવરમાં ફક્ત ૨૬ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી.

### કોચ લૅન્ગરને ખબર જ નહોતી!

ખુદ લખનઊની ટીમના હેડ-કોચ જસ્ટિન લૅન્ગરને ખબર નહોતી કે આકાશ સિંહ દરેક વિકેટ લીધા પછી આવું (ચબરખી ખિસ્સામાંથી કાઢીને સેલિબ્રેશન) કરવાનો છે. લૅન્ગરે કૉમેન્ટેટરને સંકેત આપ્યો હતો કે તે આ વિશે આકાશ સિંહ સાથે વાતચીત કરશે.

### પેપર-નોટ સેલિબ્રેશન વિશે કોણે ટીકા કરી?

ડેલ સ્ટેન: આ પ્રકારના સેલિબ્રેશન કદી કોઈને નથી ગમ્યા અને ક્યારેય આ પ્રકારની ઉજવણી લોકપ્રિય નથી થઈ. શા માટે (આકાશ સિંહે) ત્રણ-ત્રણ વખત આવું સેલિબ્રેશન કર્યું? આ પ્રકારનું સેલિબ્રેશન બંધ થવું જોઈએ.

મિચલ મૅક્લેનૅગન: હું આકાશ સિંહ માટે કહેવા માગું છું કે 'ભાઈ હજી તું ચાર મૅચ રમ્યો છે ત્યાં આ રીતે પેપર-નોટ સેલિબ્રેશન કરવા લાગ્યો છે તો મારે જાણવું છે કે તું કોને બતાવવા માગતો હતો, ભાઈ? આ પ્રકારનું સેલિબ્રેશન ફરી કદી નહીં કરતો. આ બહુ હાસ્યાસ્પદ લાગે છે.

અંબાતી રાયુડુ: પેપર-નોટ સેલિબ્રેશન ખૂબ હાસ્યાસ્પદ અને વાહિયાત છે. હું તો કહું છું કે ખેલાડીઓને ખિસ્સામાં કાગળની ચબરખી રાખવાની છૂટ જ ન આપવી જોઈએ. ■

વર્લ્ડ કપ માટે ઇંગ્લૅન્ડ જતાં પહેલાં...

# ભારતીય મહિલા ક્રિકેટરો ઉજ્જૈનનાં મહાકાલ મંદિરમાં



ઉજ્જૈન: આગામી ૧૨મી જૂને ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે અને એ માટેનો પ્રવાસ શરૂ કરતાં પહેલાં ભારતીય મહિલા ખેલાડીઓએ ભગવાન શિવજીના આશીર્વાદ લેવા ઉજ્જૈનમાં શ્રી મહાકાળેશ્વર મંદિરની મુલાકાત લીધી છે. આ વિશ્વ કપમાં ૧૪મી જૂને ભારતની પ્રથમ મૅચ પાકિસ્તાન સામે રમાશે.

કૅપ્ટન હરમનપ્રીત કૌર તેમ જ કેટલીક ખેલાડીઓ શનિવારે વહેલી સવારે આ જગવિખ્યાત જ્યોતિર્લિંગ મંદિરમાં આવી હતી અને તેમણે ભસ્મ આરતીમાં પણ હાજરી આપી હતી. એક અહેવાલ મુજબ ભારતીય ખેલાડીઓ પરોઢ પહેલાં ૩.૦૦ વાગ્યે મહાકાલના આશીર્વાદ લેવા આવી હતી. હરમનપ્રીત સાથે શેફાલી વર્મા, દીપ્તિ શર્મા, રેણુકા ઠાકુર સિંહ, અરુંધતી રેડ્ડી, શ્રેયંકા પાટીલ, નંદની શર્મા, ક્રાંતિ ગૌડ, યસ્તિકા ભાટિયા, રિચા ઘોષ, રાધા યાદવ વગેરે ખેલાડીઓ હતી. તેઓ ભસ્મ આરતી દરમ્યાન ભક્તિમાં પૂર્ણપણે મગ્ન હતી. લગભગ બે કલાક સુધી આરતીમાં ભાગ લીધા બાદ તેમણે નંદી હૉલમાં પૂજન-અભિષેક કર્યા હતા તેમ જ નંદી બળદના કાનમાં પોતાની મનોકામના જણાવી હતી. ત્યાર બાદ ખેલાડીઓએ ચાંદી દ્વારમાંથી ભગવાન મહાકાલને પુજારીના હાથે જળ અર્પિત કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આરતી અને અન્ય પૂજા-અર્ચના બાદ મંદિરની પ્રબંધ કમિટી દ્વારા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કેટલીક ખેલાડીઓએ પરિવારજનો સાથે મંદિરે આવ્યાં હતાં.

નવેમ્બર, ૨૦૨૫માં ભારતની મહિલા ખેલાડીઓ વન-ડેનો વર્લ્ડ કપ જીત્યા બાદ આ મંદિરે આવી હતી. તેમને પ્રથમ વિશ્વકપ ટ્રોફીની ઐતિહાસિક સિદ્ધિ મળી એ બદલ શિવજીનો આભાર વ્યક્ત કરવા તેમણે આ ટેમ્પલની મુલાકાત લીધી હતી. ■

# વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયન સૌરવ કોઠારીએ લગ્ન કર્યાં



કોલકાતા: તાજેતરમાં સતત બીજા વર્ષે વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયન બનેલા સૌરવ કોઠારીએ લગ્ન કર્યા છે. તે શનિવારે કોલકાતામાં પલ્લવી નામની મંગેતર સાથે લગ્નગ્રંથિથી જોડાયો હતો. ભારતના ભૂતપૂર્વ વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયન મનોજ કોઠારીના ૪૧ વર્ષીય પુત્ર સૌરવ કોઠારી ૨૦૧૮માં તેમ જ ૨૦૨૫માં પણ બિલિયર્ડ્સનો વિશ્વ ખિતાબ જીત્યો હતો. થોડા દિવસ પહેલાં જ મનોજ કોઠારીનું નિધન થયું હતું અને ત્યાર બાદ વર્લ્ડ ટાઇટલ જીતનાર સૌરવે એ ખિતાબ પિતાને અર્પણ કર્યો હતો. ■

# રવિ શાસ્ત્રીએ કહ્યું, 'ભવિષ્યમાં સૅમસનને જ ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન બનાવજો'

દુબઈ: સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમે વર્તમાન આઇપીએલની પહેલાં ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો હતો અને એકંદરે તેના સુકાનમાં ભારતની ટી-૨૦ ટીમે ઘણી સફળતાઓ મેળવી છે, પણ હમણાં સૂર્યા બૅટિંગમાં સદંતર ફ્લૉપ છે એટલે કૅપ્ટનપદે તેના અનુગામી કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓ પોતાની પસંદગીના નામ મીડિયામાં આપી રહ્યા છે જેમાં હવે રવિ શાસ્ત્રીએ પણ એક નામ આપ્યું છે.

રવિ શાસ્ત્રીના મતે સંજુ સૅમસન ટી-૨૦ ટીમના ભાવિ સુકાની તરીકે મજબૂત દાવેદાર છે. શાસ્ત્રી 'ધ આઇસીસી રિવ્યૂ'ને એવું પણ કહે છે કે 'આવતા બે-ત્રણ વર્ષમાં સૅમસન ટી-૨૦ ફૉર્મેટમાં ભારતનો સુકાની બની શકે એમ છે. ૨૦૨૮ના આગામી ટી-૨૦ વર્લ્ડ કપ સુધીમાં સૂર્યાનો પર્ફોર્મન્સ કેવો રહે છે એ મહત્ત્વનો મુદ્દો રહેશે, પરંતુ ભારતે બે વર્ષમાં કૅપ્ટન તરીકે સૂર્યા સિવાયના કોઈ નામ પર વિચાર કરવો જ પડશે.'

બે મહિના પહેલાં ભારતે જે ટી-૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ જીતી લીધી એમાં સંજુ સૅમસન મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીત્યો હતો. તેની લાગલગાટ ત્રણ હાફ સેન્ચુરી ભારતને ટાઇટલ અપાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ હતી.

શાસ્ત્રીનું માનવું છે કે સૅમસન ટૉપ-ઑર્ડરનો વિસ્ફોટક બૅટ્સમૅન છે જ, ભૂતકાળમાં તેણે રાજસ્થાન રૉયલ્સની ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું એટલે તેને કૅપ્ટન્સીનો સારો અનુભવ છે જ.'

સૅમસન રાજસ્થાનની ટીમનું પાંચ સીઝનમાં નેતૃત્વ સંભાળી ચૂક્યો છે. એમાં ૨૦૨૨નું વર્ષ મુખ્ય કહી શકાય, કારણકે એમાં તેના સુકાનમાં રાજસ્થાનની ટીમ રનર-અપ બની હતી. ■

# આઈસીસીની બોર્ડ મીટિંગ અમદાવાદમાં, પણ પાકિસ્તાનના નકવીને નો-એન્ટ્રી

અમદાવાદ: ૩૧મી મેએ આઇપીએલની ફાઇનલ અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે અને એ દિવસે આઇસીસીની વાર્ષિક બોર્ડ મીટિંગ પણ અમદાવાદમાં જ યોજાશે એટલે દુનિયાભરના ક્રિકેટ મોવડીઓ અમદાવાદમાં પધારશે, પરંતુ દુશ્મનદેશ પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડના નામચીન અધ્યક્ષ મોહસિન નકવી એ મહેમાનોમાં નહીં જોવા મળે, કારણકે સ્વાભાવિક રીતે નકવીને આમંત્રણ નથી આપવામાં આવ્યું.

એવું જાણવા મળ્યું છે કે નકવી વીડિયો કૉન્ફરન્સથી આ મીટિંગમાં હાજરી આપશે. આઇસીસીનો નિયમ છે કે જો કોઈ મેમ્બર કે ક્રિકેટ બોર્ડના પ્રતિનિધિ મુસાફરી ન કરી શકવાના હોય તો તેઓ વર્ચ્યૂઅલી મીટિંગમાં હાજરી આપી શકે.

આઇસીસીની આ બોર્ડ મીટિંગ મૂળ તો કતારના દોહામાં યોજાવાની હતી, પણ પશ્ચિમ એશિયામાં સ્થિતિ હજી પણ નાજુક હોવાથી મીટિંગનું સ્થળ બદલીને અમદાવાદ રાખવામાં આવ્યું હતું.

થોડા મહિના પહેલાં ભારતે ટી-૨૦નો એશિયા કપ જીતી લીધો ત્યાર બાદ સૂર્યકુમાર યાદવે નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી એટલે નકવીએ મેદાન પરના ડેસ્ક પરથી ટ્રોફી ગુમ કરાવી દીધી હતી અને હજી સુધી ભારતને એ ટ્રોફી મળી નથી. ■

# બૅડમિન્ટન સ્ટાર સાત્વિક અને ચિરાગની જોડી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટની ફાઇનલમાં

બૅન્ગકૉક: ભારતના ટોચના બૅડમિન્ટન ખેલાડીઓ અને વિશ્વમાં ડબલ્સમાં ચોથી રૅન્ક ધરાવતા સાત્વિકસાઇરાજ રૅન્કિરેડ્ડી તથા ચિરાગ શેટ્ટીની જોડી થાઇલૅન્ડની ફાઇનલમાં પહોંચી ગયા છે. તેમણે નવમા ક્રમના મલેશિયાના ગોહ ઝે ફેઇ અને નુર ઇઝાઉદ્દીનને શનિવારે રોમાંચક સેમિ ફાઇનલમાં ૧૯-૨૧, ૨૨-૨૦, ૨૧-૧૬થી હરાવ્યા હતા.



આ રસાકસીભરી સેમિ ફાઇનલ ૮૨ મિનિટ સુધી ચાલી હતી. હવે સાત્વિક-ચિરાગની જોડી ફાઇનલમાં ઇન્ડોનેશિયાના લીઓ રૉલી કાર્નેન્ડો અને ડેનિયલ માર્થિન સામે રમશે.

વર્તમાન બૅડમિન્ટન સીઝનમાં સાત્વિક-ચિરાગની આ પહેલી જ ફાઇનલ છે. ચિરાગે સેમિ ફાઇનલ પછી પત્રકારોને કહ્યું હતું, 'અમારા માટે ૨૦૨૬ના વર્ષની શરૂઆત સારી નહોતી. ત્યારે અમારું મનોબળ પણ જોઈએ એવું નહોતું. જોકે અમે થૉમસ કપના બ્રૉન્ઝ મેડલથી પ્રેરાઈને હવે આ ફાઇનલ રમવા માટે તત્પર છીએ. આશા છે કે અમે થાઇલૅન્ડનું ટાઇટલ જીતીશું.'

શનિવારની સેમિમાં મલયેશિયન જોડીએ શરૂઆત ખૂબ સારી કરી હતી. પ્રારંભિક ગેમમાં તેમણે ૧૧-૮થી સરસાઈ મેળવી હતી. સાત્વિક-ચિરાગની જોડીએ હરીફ ટીમને જબરદસ્ત વળતા આક્રમણથી ખૂબ સંઘર્ષ કરાવ્યો હતો. જોકે ભારતીય જોડીને કેટલીક ભૂલ નડી હતી અને પ્રથમ ગેમ તેઓ ૧૯-૨૧થી હારી ગયા હતા. ત્યાર બાદ બીજી ગેમમાં ભારતે ભારે સંઘર્ષ વચ્ચે ૨૨-૨૦થી વિજય મેળવ્યો અને ૧-૧ની બરાબરી બાદ અંતિમ ગેમમાં પ્રભુત્વ જમાવ્યું હતું અને ૨૧-૧૬થી જીતીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ■

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# સરકારી તંત્ર કાયમી કરકસર કેમ ના કરી શકે?

અત્યારે અમેરિકા-ઈરાન અખાતી યુદ્ધના માહોલમાં વધતી જતી મોંઘવારી વચ્ચે આપણી સરકારે ‘કરકસર’ના નામે અચાનક જે પગલાં જાહેર કર્યાં એનાથી પ્રજામાં એક પ્રકારની દહેશત ઊભી થઈ છે તો બીજી તરફ, એ જ કરકસરના નામે આપણા નેતાભાઈઓનાં દંભી ‘નાટક’ શરૂ થઈ ગયાં છે...



આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને કરકસરની અપીલ કરી તેના કારણે દેશમાં વિચિત્ર માહોલ છે. લોકોને પેટ્રોલ-ડીઝલ કરકસરથી વાપરવા, એક વરસ સુધી સોનું નહીં ખરીદવા, વિદેશ પ્રવાસ નહીં કરવા, વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવા, ખાદ્યતેલનો વપરાશ ઘટાડવા સહિતની વડા પ્રધાને અપીલો કરી તેના કારણે ભાજપના નેતાઓ હરખપદુડા થઈ રહ્યા છે. એક તરફ નેતાઓ તેમ જ શાસકોમાં કરકસરનો દેખાડો કરવાની ને મોદીની અપીલના કારણે દેશને કેટલો મોટો ફાયદો થશે એ સાબિત કરવાની હોડ જામી છે ત્યારે બીજી તરફ પ્રજામાં ફફડાટ છે.

લોકોને લાગી રહ્યું છે કે, દેશના અર્થતંત્રની હાલત કફોડી છે અને નજીકના ભવિષ્યમાં જ ઘણી બધી ચીજોની અછત સર્જાઈ શકે છે અને ચીજોના ભાવ કાબૂ બહાર જતા રહેશે. તેના કારણે લોકો સંગ્રહખોરી તરફ વળી રહ્યા છે. થોડા સમય પહેલાં રાંધણ ગેસની અછત સર્જાશે એવી વાતો ચાલી ત્યારે લોકો જ્યાંથી મળે ત્યાંથી ને જે ભાવે મળે એ ભાવે ગેસના બાટલા ભેગા કરવા માંડેલા. તેના કારણે ગેસના બાટલા બ્લેકમાં વેચાવા માંડેલા. બ્લેકમાં ગેસના બાટલાનો ભાવ પાંચ હજારને પાર થઈ ગયેલો ને એજન્સીઓની બહાર લાઈનો લાગી ગઈ હતી.

અત્યારે પણ લોકોમાં એ હદે ફફડાટ છે કે, પેટ્રોલ-ડીઝલ જેવી બહુ લાંબો સમય ના ચાલે એવી ચીજોનો પણ લોકો સંગ્રહ કરી રહ્યા છે. હવે પેટ્રોલ કે ડીઝલ તમે ભરાવી ભરાવીને કેટલું ભરાવી શકો ? બહુ બહુ તો વાહનની ટાંકી ફુલ કરાવી શકો કે પછી એક-બે કેરબા ભરાવીને રાખી શકો કે જે મહિના-બે મહિનામાં પતી જ જાય પણ જ્યારે ડર જાગે ત્યારે વિવેકબુદ્ધિ કામ કરતી નથી. અત્યારે પણ લોકોની હાલત એવી જ છે. લોકો બુદ્ધિ ચલાવ્યા વિના ધોમધખતા તડકામાં પેટ્રોલ પંપ પર લાઈનો લગાવીને પેટ્રોલ-ડીઝલ ભરાવી રહ્યા છે. વર્ક ફ્રોમ હોમની વાતોના કારણે દેશમાં લોકડાઉન આવી જશે એવો ડર પણ લોકોને સતાવી રહ્યો છે.

આ માહોલમાં સોના-ચાંદી અને ઝવેરાતના વેપારીઓ વળી નવી આફતમાં છે. છેલ્લાં એક વર્ષમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા તેના કારણે ખરીદી ઘટી છે તેથી સોના-ચાંદી અને ઝવેરાતના ધંધાને અસર થયેલી જ હતી ત્યાં હવે મોદીએ તો વરસ લગી સોનું સાવ નહીં જ ખરીદવાની સલાહ આપી દીધી તેથી મોટો ફટકો પડી ગયો છે. આ ઉપરાંત, સરકારે સોના-ચાંદીની આયાત ડ્યૂટી છ ટકાથી વધારીને ૧૫ ટકા વધારી દીધી છે એટલે ઝવેરાતના વેપારીઓ ભારે કકળાટ કરી રહ્યા છે. આ દેશના વડા પ્રધાને તેમના પેટ પર લાત મારી દીધી હોય એવું તેમને લાગી રહ્યું છે.

અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે વિશ્વમાં ક્રૂડ ઓઈલના ભાવ ફાટીને ધુમાડે ગયા છે અને અછત પણ સર્જાઈ રહી છે. તેના કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે તેની લોકોને ખબર હતી. દેશમાં પાંચ રાજ્યોની ચૂંટણી પતે પછી તરત પેટ્રોલ-ડીઝલના ભાવ વધી જશે એવી માનસિક તૈયારી રાખીને પણ લોકો બેઠાં હતાં અને હવે સરકારે પણ પ્રતિ લિટર પેટ્રોલ-ડીઝલના ભાવ ત્રણ રૂપિયા વધારી પણ નાખ્યા છે... કરકસરના નામે સરકાર બીજી સલાહોનો મારો ચલાવી રહી છે તેના કારણે પણ લોકો હતપ્રભ છે.

લોકોને સવાલ થઈ રહ્યો છે કે, ક્રૂડની અછત સર્જાય એ તો સમજ્યા પણ તેમાં વરસ લગી સોનું-ચાંદી ખરીદવાનું બંધ શું કરવા કરવું જોઈએ ? ભારતમાં નવજાત શિશુના જન્મથી માંડીને લગ્ન સુધીના બધા સામાજિક પ્રસંગોમાં સોનું-ચાંદી શુભ મનાય છે તેથી દરેક વ્યક્તિ પોતપોતાની તાકાત પ્રમાણે સોનું-ચાંદી ખરીદે છે. આ આપણી પરંપરા છે ને હવે એ પરંપરાને બાજુ પર મૂકવાનું કેમ સલાહ અપાઈ રહી છે ? આ દેશમાં સોના-ચાંદી ને ઝવેરાતના ધંધા પર લાખો લોકો નભે છે. લોકો વરસ લગી સોનું જ ના ખરીદે તો તેમના ધંધાનું શું ? સોના-ચાંદી ને ઝવેરાતના ધંધામાં કારીગરોથી માંડીને સેલ્સ ગર્લ-બોય સુધીના નાના નાના લાખો લોકોને રોજગારી મળે છે. ધંધો ના ચાલે તો આ લોકો બેરોજગાર થશે તેનું શું ?

લોકોને એ પણ નથી સમજાઈ રહ્યું કે, મોદી ખાદ્યતેલનો વપરાશ ઓછો કરવા કેમ કહી રહ્યા છે? અંધભક્તો મોદીની અપીલ પાછળનાં લોજિક સમજાવીને તેને યોગ્ય ઠેરવવા મથી રહ્યા છે પણ ખુદ વડા પ્રધાને તેની પાછળનું લોજિક સમજાવ્યું કે ના સરકાર તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી છે... આવાં બધાં કારણોસર દેશનું અર્થતંત્ર બહુ ખરાબ હાલતમાં છે કે શું એવી શંકા-આશંકા પણ લોકોને થઈ રહી છે.

એક તરફ ભાજપના શાસનમાં દેશના અર્થતંત્રે જબરદસ્ત વિકાસ કર્યો હોવાની વાતો થાય છે ને બીજી તરફ ખાવાના તેલનો વપરાશ પણ ઓછો કરવો એવી અપીલ કરાય તેનો અર્થ શો ? શું આપણે ખાવાનું તેલ પણ છૂટથી ના વાપરી શકીએ એવા દિવસો આવી ગયા છે ?

પ્રજાના આવા બધા કકળાટ વચ્ચે પણ આપણા નેતાઓ એમની શોબાજીમાં મસ્ત છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બુલેટ પર ઓફિસે પહોંચ્યા તો બિહારના મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરી તો વળી પગપાળા ઓફિસે ગયા તો મહારાષ્ટ્રના જ એક વરિષ્ઠ નેતાએ અશ્વસવારી કરીને દર્શાવ્યું કે ‘પેટ્રોલનો બચાવ’ આમ પણ થઈ શકે... ! ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પોતાના કાફલામાં માત્ર બે જ કાર રાખવાનું એલાન કરી દીધું તો યોગી આદિત્યનાથે રાજ્યનાં અડધાં સરકારી વાહનોને ગેરેજમાં મૂકાવી દીધાં. દિલ્હીનાં મુખ્યપ્રધાન રેખા ગુપ્તાએ ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે ‘વર્ક ફોર્મ હોમ’નો ફતવો બહાર પાડી દીધો તો વડા પ્રધાન ખુદે મોદી પોતાના કાફલામાં ચાર જ કાર રાખવાની જાહેરાત કરી દીધી છે... એ જાહેરાત કરે એટલે બીજા મંત્રીઓએ પણ જખ મારીને કરસકર કરવી જ પડે તેથી બધા મચી પડ્યા છે. નીતિન ગડકરીએ બસમાં મુસાફરી કરી નાખી તો રાજનાથસિંહ એક જ કારના કાફલા સાથે ઓફિસ પહોંચ્યા. બીજા મંત્રીઓએ પણ પોતપોતાની મતિ પ્રમાણે અલગ અલગ પગલાં લીધાં પણ બધામાં એક વાત કોમન એ છે કે પોતે કરકસર કરી છે એ બતાવવા માટે એ લોકો દિલથી ફોટો શૂટ કરાવી રહ્યા છે ને મીડિયા તથા સોશ્યલ મીડિયામાં જોરદાર પ્રચાર કરી રહ્યા છે. મોદીજીનું સફાઈ અભિયાન જે રીતે તમાશો બની ગયેલું એ રીતે કરકસરની અપીલ પણ તમાશો બની ગઈ હોય એવો માહોલ છે. આ તમાશો ક્યાં સુધી ચાલશે એ સવાલ પણ લોકોને થઈ રહ્યો છે. આ સવાલ સાચો છે કેમ કે આ બધી ‘ચાર દિન કી ચાંદની’ જેવો જ દેખાડો છે ને જેવું લોકોનું ધ્યાન હટશે કે પાછા એ જ તાયફા ચાલુ થઈ જશે. ફડણવીસ અત્યારે બુલેટ પર આવ્યા કે સમ્રાટ પગપાળા ચાલીને આવ્યા એવું બે-ચાર દાડા ચાલશે પણ પછી પાછો એ કારોનો કાફલો ને સરકારી નાણાંનો ધુમાડો ચાલુ થઈ જશે.


આપણી પ્રજા લડાયકતા ગુમાવી બેઠી છે. સત્તામાં બેઠેલા લોકો સામે સવાલ કરવાની હિંમત ગુમાવી બેઠી છે તેથી આ તાયફા સામે ભલે કોઈ બોલતું ના હોય, પણ લોકો નેતાઓનાં નાટકોથી ખુશ નથી જ. આ નાટકોના કારણે નેતાઓ પોતાની વિશ્વસનિયતા ગુમાવી રહ્યા છે. વડા પ્રધાને પણ આ વિશ્વસનિયતા ટકાવવી હોય તો કપરા સમયમાં નહીં, પણ કાયમી ધોરણે જ મંત્રીઓ ને અધિકારીઓ માટે કરકસરના નિયમો બનાવી દેવા જોઈએ.

અધિકારીઓ સરકારી કારમાં નહીં, પણ સરકારી સ્ટાફ બસમાં આવે ને મંત્રીઓ પોતાના કાફલામાં મહત્તમ બે કાર જ રાખી શકે એવા નિયમો બનાવવા જોઈએ. જેમની સુરક્ષા સામે ખતરો છે એવા વડા પ્રધાન કે ગૃહપ્રધાનના કાફલામાં ચારેક વાહનો બરાબર છે, પણ બાકીના મંત્રીઓને બે વાહનોથી ચાલી જ શકે.

હમણાં વડા પ્રધાન સોમનાથ આવ્યા ત્યારે તેમના કાર્યક્રમ માટે બે હજાર સરકારી બસો ખડકી દેવામાં આવી હતી. હવે એક બસદીઠ ૧૦૦ લિટર ડીઝલ જ વપરાયું હોય તો પણ બે લાખ લિટર ડીઝલનો ધુમાડો આ કાર્યક્રમમાં જ થઈ ગયો. આ પ્રકારના ધુમાડા સદંતર બંધ કરાવી દેવા જોઈએ. વિચારવા બેસો તો ઘણાં પગલાં લઈ શકાય ને વડા પ્રધાને એ પગલાં લેવાની જરૂર છે. લોકોને તુક્કા લાગે એવી અપીલો કરવાના બદલે આ દેશને કરકસરનાં આવાં નક્કર પગલાંની જરૂર છે. નેતાઓની કરકસર માત્ર ફોટોશૂટ સુધી સીમિત ન રહેવી જોઈએ. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સમાચારોને જેમણે સમયની સીમામાંથી આઝાદ કર્યા એવા... ‘બ્રેકિંગ ન્યૂઝ’ના સર્જક ટેડ ટર્નર


ટેડ ટર્નર

૬ઠ્ઠી મેના રોજ દુનિયામાં લોકોએ તેમની ૨૪ કલાકની ન્યૂઝ ચેનલ પર સમાચાર સાંભળ્યા કે ‘ટેડ ટર્નર હવે નથી રહ્યા’, ત્યારે તે એક વ્યક્તિની વિદાયના સમાચાર નહોતા, તે એક એવા યુગનું પ્રકરણ બંધ થવાની ક્ષણ હતી, જેણે સમયને જોવાની, સમજવાની અને મહેસૂસ કરવાની આપણી રીત બદલી નાખી હતી.

૮૭ વર્ષની વયે તેમનું જવું એ પેઢીનું પણ અવસાન હતું, જેણે મીડિયાને સીમિત બારીઓમાંથી કાઢીને એક નિરંતર વહેતી ધારા બનાવી દીધું હતું.

આજે ‘બ્રેકિંગ ન્યૂઝ’ અને ‘૨૪ની ન્યૂઝ સાઈકલ’ની નવાઈ નથી- અથવા એવું કહો કે તેના વગર આપણને ચાલતું નથી-

તો તેના પાયામાં ટેડ ટર્નર નામના આ અમેરિકન બિઝનેસમૅનનો હાથ છે. અમેરિકાનો મીડિયા ઉદ્યોગ- જ્યારે એવું માનતો હતો કે લોકોને અડધા કે એક કલાકે ન્યૂઝ અપડેટ સિવાય વધુ રસ નથી ત્યારે ટર્નરે તેમના ક્ષેત્રના લોકોની ઠઠ્ઠામશ્કરી વચ્ચે સમાચારો પીરસવાની એક એવી કલ્પના કરી હતી, જે અમુક દાયકામાં જ પૂરી દુનિયામાં ટેલિવિઝન ન્યૂઝના ક્ષેત્રે ક્રાંતિ લાવી દેવાની હતી.

૧૯૭૦ના દાયકામાં અમેરિકામાં સમાચારો અખબારોનાં પાનાંમાંથી નીકળીને ટેલિવિઝનના સ્ક્રીન પર આવી ગયા હતા. અખબારના સમાચારો ૨૪ કલાક પછી ઘરમાં આવતા હતા, પણ ટેલિવિઝને તેને રોજ સાંજે પ્રસારિત કરવાનું શરૂ કર્યું હતું. લોકો તેમના દિવસનો એક હિસ્સો ‘ન્યૂઝ-ટાઈમ’ માટે સુરક્ષિત રાખતા હતા. સમાચારો એક શો હતા, નિરંતર પ્રવાહ નહીં.

તે વખતે, વિજ્ઞાપનની દુનિયાના માંધાતા રૉબર્ટ એડવર્ડ ટર્નરના ૪૧ વર્ષના દીકરા ટેડ ટર્નરને- જેણે પિતાના વ્યવસાયનું સંચાલન હાથમાં લઈ લીધું હતું- તેમાં એક ખોટ દેખાઈ હતી. દુનિયા તો હર સમય બદલાઈ રહી છે તો તેના સમાચારો શા માટે એક નિશ્ચિત સમયે જ આવે છે? ટર્નર બિઝનેસમૅન હતા, પત્રકાર નહીં, પણ તેમને ‘સંભાવના’ને પારખતાં આવડતું હતું. તેમની પાસે અમેરિકામાં કેબલ ટેલિવિઝનનું તેજીથી વધતું નેટવર્ક હતું, જેમાં સમયની કોઈ પાબંદી નહોતી. ટર્નરને એક વિચાર આવ્યો : જો ૨૪ કલાકના ટેલિવિઝન કાર્યક્રમો હોય તો સમાચારો કેમ નહીં?

આ વિચાર પરથી ૧૯૮૦માં તેમણે Cable News Network (CNN) નામની ૨૪ કલાકની ન્યૂઝ ચૅનલ શરૂ કરી ત્યારે મીડિયા જગતે તેને ગંભીરતાથી લીધી નહોતી. એ લોકો તેને મજાકમાં ‘ચિકન નૂડલ ન્યૂઝ’ કહેતા હતા.

ટીકાકારોનો તર્ક એવો હતો કે ન તો એટલા સમાચારો હોય છે કે ૨૪ કલાક ચૅનલ ચાલી શકે અને ન તો લોકોમાં એટલી બધી ઉત્સુકતા હોય છે કે દર મિનિટે ન્યૂઝ ચેક કરી લે. જાહેરખબરો આપવાવાળાને પણ એમાં સંશય હતો તો અનુભવી પત્રકારો પણ આને અસંભવ પ્રયોગ માનતા હતા.

જોકે ટર્નરની પાસે અલગ જ વિશ્વાસ હતો. ૧૯૮૦માં તેમણે અમેરિકાની (અને દુનિયાની પણ) પહેલી ૨૪ કલાક ન્યૂઝ આપતી ચૅનલ Cable News Network લૉન્ચ કરી ત્યારે તેમણે કહ્યું હતું, ‘અમે ત્યાં સુધી પ્રસારણ બંધ નહીં કરીએ, જ્યાં સુધી દુનિયા ખતમ ન થઈ જાય...અને દુનિયાનો અંત આવશે તે સમાચાર પણ અમે આપતા હોઈશું.’ આ કથન જેટલું નાટકીય હતું એટલું જ ટર્નરની દૃષ્ટિનું પ્રતીક હતું. એ કહેવા માગતા હતા કે સમાચારો હવે ‘સમાપ્ત’ નહીં થાય... તે નિરંતર ચાલતા રહેશે.

આ શરૂઆત આસાન નહોતી. સંસાધન સીમિત હતાં, દર્શકો ઓછા હતા, અને વિશ્વાસ બનાવવો અઘરો હતો, પણ ધીરે-ધીરે લોકોની આદતો બદલાવા લાગી. તે નિશ્ચિત સમયે ન્યૂઝ બુલેટિનનો ઇન્તેજાર કરવાને બદલે, જ્યારે ઇચ્છે ત્યારે જોવા લાગ્યા. આ એક સૂક્ષ્મ પણ ઊંડો બદલાવ હતો. સમાચારો હવે ‘ઇવેન્ટ’ રહ્યા નહોતા, હવે તે ‘બ્રેકિંગ ન્યૂઝ’ બની ગયા હતા.

આમાં નિર્ણાયક ક્ષણ આવી ૧૯૯૧માં, જ્યારે ગલ્ફ યુદ્ધ શરૂ થયું. તે વખતે દુનિયાને પહેલીવાર યુદ્ધને લગભગ રીયલ ટાઇમમાં જોયું. બગદાદથી લાઇવ રિપોર્ટિંગ, બૉમ્બમારાના અવાજો અને ઊડતાં જેટ ફાઇટર વિમાનો- બધું જ ‘સીએનએન’ના સ્ક્રીન પર હતું. આ જ એ ક્ષણ હતી જ્યારે ૨૪ કલાકની ન્યૂઝ ચૅનલની ઉપયોગિતા પર કોઈ સવાલ કરી શકે તેમ નહોતું. દુનિયાના બાકી દેશોમાં પણ દર્શકોને માત્ર ઘટનાના સમાચાર જ જોઈતા નહોતા- તેમને તો ઘટના આકાર લેતી જોવી હતી.

ટર્નરની સૌથી મોટી ઉપલબ્ધિ કદાચ એ જ હતી કે તેમણે સમાચારોના ‘સમય’ને બદલી નાખ્યો હતો. સાથે સાથે તેમણે સમાચારોનું ‘સ્વરૂપ’ પણ બદલી નાખ્યું હતું. ૨૪ કલાકનું આ મશીન ચલાવવા માટે લગાતાર સામગ્રીની જરૂર હતી-અને એમાંથી જ ‘બ્રેકિંગ ન્યૂઝ’ની સંસ્કૃતિ પેદા થઈ. દરેક ઘટનાને તરત બતાવવાની હોડ, દરેક અપડેટને ‘તાજા’ બનાવવાનો દબાવ અને વચ્ચેના સમયને ભરવા માટે વિશ્લેષણ, ડિબેટ અને અટકળો- આ બધું એ જ મૉડેલની દેન છે.

ભારત જેવા દેશમાં આ ક્રાંતિનો પ્રભાવ સાફ દેખાયો હતો. ૧૯૯૦ના દાયકાના અંત અને ૨૦૦૦ના દાયકાના પ્રારંભમાં જ્યારે ખાનગી ન્યૂઝ ચૅનલોનો વિસ્તાર થયો ત્યારે તેમણે પણ એ જ ૨૪ કલાકનું મૉડેલ અપનાવ્યું હતું. આજે આપણે ત્યાં સેંકડો ચૅનલો છે, જે દિવસ-રાત સમાચારો પીરસે છે- ક્યારેક ગંભીર, ક્યારેક સનસનાટીપૂર્ણ, ક્યારે માહિતીપ્રદ, તો ક્યારેક શોરબકોરથી ભરપૂર. આ બધું ટેડ ટર્નરના કારણે શરૂ થયું હતું.

અલબત્ત, ટર્નરની કહાની કેવળ એક સફળ આઇડિયાની જ કહાની નથી; તે એક એવા સાહસની કહાની પણ છે, જે નિષ્ફળતાની સંભાવના છતાં તેમણે આગળ વધાર્યું હતું. તેમણે તેમની કારકિર્દીમાં અનેક ઉતાર-ચઢાવ જોયા હતા- આર્થિક સંઘર્ષ, વ્યક્તિગત પછડાટો અને વ્યવસાયની પ્રતિસ્પર્ધા વચ્ચે પણ એક ચીજ સ્થિર રહી. એ હતો તેમનો વિશ્વાસ કે મીડિયા સીમાઓમાં કેદ રહેવું ન જોઈએ.

આજે એ માનવું મુશ્કેલ નથી કે અગર ટેડ ટર્નર ના હોત, તો આપણી દુનિયા અલગ જ હોત. કદાચ આપણે હજુ પણ સમાચારો માટે સાંજનાં ન્યૂઝ બુલેટિનની રાહ જોતા હોત અને દુનિયાની ઘટનાઓ ‘વાસી’ થઈ જઈને આપણી પાસે આવતી હોત. ટર્નરે સમયને સંકુચિત કરી દીધો હતો- ઘટનાઓ અને દર્શકો વચ્ચેનું અંતર લગભગ ખતમ કરી નાખ્યું હતું.

‘હું ૭૫નો છું, હવે કેટલું જીવીશ? કદાચ ૮૦?’ ૨૦૧૩માં તેમના જન્મદિવસ પર ટેડ ટર્નરે એક પત્રિકાને ઇન્ટરવ્યૂમાં સહજ ભાવે આમ કહ્યું હતું. પત્રકાર પેટી સેલર્સે હસીને કહ્યું હતું, ‘૯૦ કેમ નહીં?’ તો ટર્નરે જવાબ વાળ્યો હતો,‘સંભવ તો છે...પણ હું વ્યવહારિક વાત કરી રહ્યો છું.’

એ પછી તેમણે એવી વાત કરી હતી, જે તેમના વ્યક્તિત્વને સમજવાની ચાવી પણ છે : ‘૭૫ની ઉંમરે કશું નવું કરવા માટે મોડું થઈ ગયું છે, ખાસ કરીને એવાં કામો માટે જેને સફળ થતાં વર્ષો લાગે છે. હું એવું કશું શરૂ કરવા નથી માગતો, જેની સફળતા પહેલાં હું મરી જાઉં અથવા અપંગ થઈ જાઉં.’

પણ વિડંબના જુવો, જે વ્યક્તિને ૭૫ની ઉંમરે નવું શરૂ કરવા માટે સમય ઓછો લાગતો હતો, તેણે ૧૯૮૦માં જે શરૂઆત કરી હતી, તે આજે તેમના મૃત્યુ પછી પણ દુનિયાની ધડકનોને નિયંત્રિત કરી રહી છે. ટેડ ટર્નર કદાચ તેમના જીવનની અવધિને લઈને વ્યવહારિક હતા, પણ તેમની કલ્પનાની ઉંમર એના કરતાં બહુ લાંબી નીકળી... ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું
માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તરોતાજા (તન-મન-ધનથી રહો) મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# મા તે મા, બીજા...




વાત એક જ ફરક પાડી ગઈ. કહેવાતા મહાન આર્યાવર્તને વેચતા આવડ્યું જ નહીં. સૌથી પહેલાં તો દેશની માટીનું રક્ષણ વેચતા ના આવડ્યું, અને એ ય કોને? એજ માટીનાં 'સપૂતો'ને, નહીં તો પોતાના જ ભાઈઓ પર ડુક્કર ડાયરના કહેવાથી કોણ ગોળી ચલાવે ? પગાર જાય જ્યાં જવું હોય ત્યાં... અરે પ્રજા તો ઠીક, કનોજનો રાજા જયચંદ કેવો ગદ્દાર!!! મોહમ્મદ ઘોરીને ભારત ખાસ બોલાવ્યો રાજા પૃથ્વીરાજ ચૌહાણને પછાડવા... લબાડ અંગ્રેજોના કેટલા ભારતીય ચમચા-ખાંધિયા-એંઠું ખાવાવાળા ગણાવું જે હજાર બેહજાર પાંચ હજારે ૩૫ કરોડ લોકોનો, સમૃદ્ધિથી છલોછલ ભારત દેશ ૨૦૦ વર્ષ માટે હલકટોને હવાલે કરી દીધો... બિચારી બાપડી મૂંગી ધરતીમા વીનવતી રહી અને એના સંતાનો એનાં નામ પર કાળપના થપેડા લગાડતા રહ્યા. આજે જરા એવા મૂડમાં છું હું કે જે વિષે કંઈ જ થઈ શકે એમ નથી, એ પર લવારી આચરું છું કારણ, MORHER's DAY નામનું ગતકડું આ જ દુષ્ટોની ઉપજ છે. જેના ત્રણસો પાંસઠે ત્રણસો પાંસઠ દિવસ અને સોએ સો વરસ છે એ મા ને તમે એક દિવસ પૂરતી કરી નાંખી નિર્લજ્જો???

હૈયાવરાળને ટાઢી પાડું અને મારી ગુજરાતી મા એ પોતાના કેટલાક સંતાનોને આ વિષય પર કશાક સર્જનથી પરિપ્લાવિત કર્યાં છે એ શબ્દના અલકમલકમાં તમને લઈ જઉં...

૧

જગનો આધાર એની આંગળી રે લોલ
કાળજડે કૈંક ભર્યા કોડ રે
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ
મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે જનનીની જોડ સખી નહીં જડે રે લોલ

દામોદર ખુશાલદાસ બોટાદકર

૨

સૂવાના ખંડને ખૂણે બેસીને કદી આભમાં મીટ માંડું
માની આંખો જ જાણે જોઈ રહી છે મને એમ મન થાય ગાંડું

તગતગ તાકતી ખોળલે લૈ
ગગનમાં એ જ દ્રગ ચોડતી ગૈ
કેવી હશે ને કેવી નૈ
મા મને કોઈ દી સાંભરે નૈ

રવીન્દ્રનાથ ટાગોર
અનુવાદ - ઝવેરચંદ કાળીદાસ મેઘાણી

૩

મહોબતના દુઃખની આ અંતિમ હદ છે
મને મારી પ્રેમાળ મા યાદ આવી

મરીઝ

સોયમાં દોરાને બદલે બા હતી;
ગોદડીમાં હૂંફ પણ સીવાઈ ગઈ.

ગૌરાંગ ઠાકર

શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે
જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી

સુરેન ઠાકર

આમ કંઈ ટૂંકૂ પડે તો કોઈને ગમતું નથી
મા છતાં રાજી હતી કે પારણું ટૂંકું પડ્યું

ભાવિન ગોપાણી

હજી પણ પાતળાં કપડાંથી સૂરજને એ હંફાવે,
હજી મા મારી પાલવ એટલો દમદાર રાખે છે.

વિપુલ માંગરોલિયા

ઠેસ વાગે સાઠ વર્ષે જો અચાનક,
તો ય જોજો 'ઓય મા' બોલી જવાશે.

ભરત ભટ્ટ 'પવન'

એક વિધવા મા તો બીજું શું કરે?
ધીમે ધીમે બાપ બનતી જાય છે.

મધુસૂદન પટેલ

બા ઊભી ના રહી શકે ટેકા વગર
તોય ઘરને કઈ રીતે ટેકો કર્યો!

ભાવેશ ભટ્ટ

અને છેલ્લે

વધ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર
ખૂટ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

નવું પધારે કોઈ ગેબથી તો દેખીને
હસ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

ઓવારણા હો નજર કે કપાળનું ટપકું
રમ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

ફગાવી વ્યાકરણો, કાલી ભાષામાં વાતો-
કર્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

અમસ્તુ ખાઉં હું અડબડિયું તો ય મોટેથી
પુછ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

શરીર રૂપે હો હાજર કે હોય ફોટામાં
વહ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

પૂજામાં બેસી અમારી ભલામણો કરતાં
નમ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

ગઈ છે મા છતાં ટેવાયો ક્યાં હજી શોભિત ?!
કહ્યે જ જાય છે માડીના વહાલનો વિસ્તાર

શોભિત દેસાઈ

આજે આટલું જ ■

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# સંસ્કૃતિનું વૈવિધ્ય સાચવે છે મ્યુઝિયમ



દર વર્ષે ૧૮ મેના રોજ સમગ્ર વિશ્વ 'આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ' ઊજવે છે. મ્યુઝિયમ એ માત્ર પથ્થરો કે જૂની વસ્તુઓનો સંગ્રહ નથી, પરંતુ તે જે તે પ્રદેશની સંસ્કૃતિ, ભૂતકાળ અને ઓળખનો જીવંત દસ્તાવેજ છે. આ મ્યુઝિયમો સંસ્કૃતિના વૈવિધ્યને સાચવવાનું કામ કરે છે તથા ભૂત, ભાવિ અને વર્તમાનને એકબીજા સાથે જોડે છે. આ બાબતે ગુજરાતનું 'કચ્છ' મોખરાનું સ્થાન ગણી શકાય તેનાં અમુક કારણો છે જેમ કે, આ પ્રદેશ પશ્રિમી છેડો હોવાથી દુનિયાભરની પ્રજાએ દેશમાં અહીંથી પ્રવેશ મેળવ્યો હોવાથી સંસ્કૃતિની વિવિધતા અહીંથી પ્રવાહિત થતી આગળ ચાલી.

ડાયનોસોરના અસ્તિત્વને સાબિત કરતા અવશેષો અહીં હોવાથી ફોસિલ પાર્ક કચ્છ માટે મહત્ત્વનું બન્યું, તો સિંધુ સભ્યતાના પુરાવો બની ધોળાવીરા મળ્યું તો બીજી બાજુ ભૌગોલિક વિવિધતા અને આફતો ઝીલીને બેઠેલી પ્રજાનાં વલણો વીર બાળક સ્મારક કે ભૂકંપ સ્મારક તરીકે સ્મૃતિવન મેમોરિયલ મળ્યું તો અન્યત્ર આઝાદી અને લોકશાહીનું મહિમામંડન કરતા વંદે માતરમ હીરા લક્ષ્મી પાર્ક સાથે મસ્કા-માંડવીનું ક્રાંતિતીર્થ યાદ આવે.

બ્રિટિશ પ્રભાવ અને રૉયલ પ્રભાવ રજૂ કરતા કચ્છ મ્યુઝિયમ, આયના મહેલ, પ્રાગ મહેલ, કચ્છ સ્ટેટ અર્કાઇવ સાથે કચ્છની તળપદી સંસ્કૃતિ દેખાડતું ભારતીય સંસ્કૃતિ દર્શન નજરે ચડે. પરંતુ એટલે પૂરું નથી થતું, કચ્છની હસ્તકળાને સંઘરી જાળવણી કરતું લિવિંગ લર્નિંગ ઍન્ડ ડિઝાઇન ક્રાફ્ટ મ્યુઝિયમ પણ કચ્છની શોભા છે. આમ, કહી શકાય કે; માત્ર રણ, ડુંગરા અને દરિયો જ નહીં, પણ કચ્છ પોતાના ખોળામાં ઇતિહાસનો અમૂલ્ય ખજાનો સાચવીને બેઠું છે.

આજે આ ખાસ દિવસે, કચ્છના આ વિશિષ્ટ મ્યુઝિયમની આછેરી સફર કરીએ.

### ગુજરાતનું સૌથી જૂનું ઘરેણું : કચ્છ મ્યુઝિયમ

ભુજમાં હમીરસર કિનારે આવેલું 'કચ્છ મ્યુઝિયમ'. ૧૮૭૭માં મહારાવ ખેંગારજી ત્રીજા દ્વારા સ્થાપિત આ મ્યુઝિયમ ગુજરાતનું સૌથી જૂનું સંગ્રહાલય છે. અહીં ક્ષત્રપ કાળના શિલાલેખો, લુપ્ત થઈ ગયેલી કચ્છી સ્ક્રિપ્ટ, પ્રાચીન સિક્કાઓ અને કચ્છની ભાતીગળ લોકકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ જોવા મળે છે.

### શાહી વૈભવના પ્રતીકસમાન શરદ બાગ પેલેસ, આયના મહેલ, પ્રાગ મહેલ મ્યુઝિયમ સાથે સ્ટેટ આકાઇવ

ભુજ સ્થિત આયના મહેલ અને પ્રાગ મહેલ કચ્છના રાજવી વૈભવની સાક્ષી પૂરે છે. રામસિંહ માલમની કલાસૂઝથી બનેલો આયના મહેલ કાચ, ફુવારા અને ઝુમ્મરોથી ઝળહળે છે. તેની બાજુમાં જ આવેલો ઇટાલિયન ગોથિક શૈલીનો પ્રાગ મહેલ અને શરદબાગ પેલેસ રાજવી પરિવારના શસ્ત્રો, ચિત્રો અને સ્મરણોને જીવંત રાખે છે.

### લોકસંસ્કૃતિ અને હસ્તકલાનાં જીવંત કેન્દ્રો

કચ્છની ઓળખ તેની કલા અને ભરતકામ છે. ભુજમાં આવેલું 'ભારતીય સંસ્કૃતિ દર્શન' મ્યુઝિયમ કચ્છી લોકજીવન અને ગ્રામ્ય સંસ્કૃતિને આબેહૂબ રજૂ કરે છે. જ્યારે અજરખપુર પાસે આવેલું અદ્ભુત "LLDC' (લિવિંગ ઍન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર) પરંપરાગત હસ્તકલા અને સર્જનાત્મકતાને વૈશ્વિક મંચ પૂરું પાડે છે.

### સંવેદના અને અસ્મિતાનું પ્રતીકઃ સ્મૃતિવન મેમોરિયલ

કચ્છના આધુનિક ઇતિહાસમાં ૨૦૦૧ના ભૂકંપને ભૂલી શકાય તેમ નથી. ભુજિયા ડુંગર પર બનેલું 'સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ અને મ્યુઝિયમ' આજે ભારતનું સૌથી મોટું અને અત્યાધુનિક સિમ્યુલેશન મ્યુઝિયમ છે. તે માત્ર ભૂકંપના પીડિતોની યાદ જ નથી અપાવતું, પરંતુ કચ્છી પ્રજાની મુશ્કેલીઓ સામે લડીને બેઠા થવાની ખમીરી (Resilience)ની ગાથા છે. અહીંનો ભૂકંપ અનુભવ કરાવતી ગૅલેરી પ્રવાસીઓને અચંબિત કરી દે છે.

### દેશભક્તિ અને ક્રાંતિની ચેતના


ભુજોડી પાસે આવેલું દેશના જૂના સંસદ ભવનના આકારે બનેલું 'વંદે માતરમ મેમોરિયલ' સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસને થ્રી-ડી ટેક્નૉલૉજી અને સુંદર શિલ્પો દ્વારા પ્રદર્શિત કરે છે. તો માંડવીના મસ્કામાં આવેલું 'ક્રાંતિતીર્થ' મહાન ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના જીવન અને દેશભક્તિથી નવી પેઢીને પ્રેરિત કરે છે.

### કુદરત અને વિજ્ઞાનનો રોમાંચ

આશ્ચર્યની વાત એ છે કે કચ્છમાં કરોડો વર્ષ જૂનો ઇતિહાસ પણ સચવાયેલો છે. ધોળાવીરાનું સિંધુ સભ્યતાની માહિતી રજૂ કરતાં મ્યુઝિયમ અને થોડે આગળ આવેલું ફોસિલ પાર્ક તથા મોહનસિંહ સોઢાનું ઐતિહાસિક કલેક્શન નોંધનીય, જ્યાં ડાયનાસોરના ઈંડાં અને કરોડો વર્ષ જૂના અશ્મિઓ જોવા મળે છે. વળી, ભુજમાં નવતૈયાર 'પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર' તથા ભવિષ્યમાં મળશે એવા પ્લેનેટોરિયમ, સૂર્ય વેધશાળા બાળકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા જગાડવાનું ઉત્તમ ઉદાહરણ બનશે.

આપણે આ જ્ઞાન અને સંસ્કૃતિના જીવંત ઝરણાં વહે છે તેને આ વેકેશનમાં મોલ કે સિનેમાઘરોથી આગળ વધીને મુલાકાત કરી માણીએ અને આપણા ભવ્ય વારસા પર ગર્વ કરીએ. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'સર, અજમલ અન્સારી મેરે ફ્લૅટ મેં હૈ...' સાંભળીને આઇબી ચીફ એક પણ સેકન્ડ ગુમાવવા માગતા ન હોય એમ ઓકે કહીને ઊભા થયા. ફોન પર કોઈને સૂચના આપી. ઝડપથી તૈયાર થઈને નીચે ઊતર્યા. એમના બિલ્ડિંગની બહાર આવીને ઊભેલી કારની પાછલી સીટ પર બેઠા. કારમાં બે આઇબી ઑફિસરો અજય ચૌહાન અને સુરિન્દરસિંઘ બક્ષી હતા.

'મિત્સુ આનંદ કે ઘર પર લે લો....' અભયસિંહ રાઠૌડે કહ્યું. કાર પૂરપાટ દોડવા લાગી.

'મિત્સુ આનંદ કે ઘર પે...?' સુરિન્દરસિંઘ બક્ષીએ આશ્ચર્યથી પૂછ્યું.

'હાં, અજમલ અન્સારી વહાં છૂપા હૈ...'

'ખબર પક્કી હૈ....?' કાર ચલાવી રહેલા આઇબી ઑફિસર અજય ચૌહાને પૂછ્યું.

'ખબર પક્કી હૈ.' અભયસિંહ રાઠૌડે જવાબ આપ્યો. કારની સ્પીડ વધી. મિત્સુના ઘરથી થોડે દૂર કાર થોભાવીને ત્રણેય ઊતર્યા.

ધીમે ધીમે દાદરા ચડીને ઉપર ગયા. ફ્લૅટની ડાબી અને જમણી બાજુએ બંને ઑફિસરો રિવૉલ્વર તાકીને ઊભા રહી ગયા. દરવાજાની સામે ગન પકડીને ઊભેલા અભયસિંહ રાઠૌડે ડોરબેલ વગાડી.

જવાબ નહીં મળ્યો. દરવાજો ખુલ્યો નહીં.....એટલે રાઠૌડે દરવાજાને સહેજ હડસેલ્યો....દરવાજો ઝટથી ખુલ્યો. ત્રણેય જણ અંદર ધસી ગયા. એક જણે સ્વિચ ઑન કરી........બધું એની જગ્યાએ હતું માત્ર છૂપા કૅમેરાને ઉખેડીને ફેંકી દેવાયા હતા. પહેલીવાર અજમલ અન્સારીની નજરમાંથી બચી ગયેલા છૂપા કૅમેરા આ વખતે એની નજરે ચડ્યા હતા. અભયસિંહ રાઠૌડે ત્યાંથી રાધાને કૉલ કર્યો.

'ચકમા દે ગયા.' અભયસિંહ રાઠૌડ બોલ્યા.

'દેખતે હે ખુદા કિતની બાર ઉનકા સાથ દેતા હૈ...' રાધા મોબાઇલના કાળા સ્ક્રીન પર નજર ફેરવતાં બોલી. અભયસિંહ રાઠૌડ અને બીજા બેય ઑફિસરો દરવાજો ખેંચીને નીકળી ગયા.

* * * * *

'સર, અબ કહાં જાના હૈ?' આઇબી ઑફિસર અજય ચૌહાને પૂછ્યું.

'શાકીબ મિયાં કી ખાતિરદારી કરને.....' અભયસિંહ રાઠૌડનો કડક અવાજ કારમાં ઘૂમરાયો. બંને આઇબી ઑફિસરોએ એકબીજાની સામે જોયું. ચૌહાને એક્સિલેટર પર પગનો પંજો દબાવ્યો. થોડીવારમાં કાર શાકીબ મિયાંને રખાયો હતો એ નિર્જન-અજ્ઞાત જગ્યાએ આવીને ઊભી રહી. કડક પહેરો ભરી રહેલી ખાસ સિક્યૉરિટીના એક જણે દરવાજો ખોલ્યો. અભયસિંહ રાઠૌડ શાકીબ મિયાંની સામે ખુરસી લઈને બેઠા.

'પટ્ટી ખોલો.....' સિક્યૉરિટી ઑફિસરે શાકીબ મિંયાના મોં પરથી પટ્ટી કાઢી.

'અજમલ અન્સારી કહાં મિલેગા....?' અભયસિંહે પૂછ્યું.

'મૈંને.....કલ ભી.... બતાયા થા....મૈં....નહીં જાનતા.' શાકીબના સોજી ગયેલા મોઢામાંથી ટુકડે ટુકડે શબ્દો નીકળ્યા.

'ચૌહાન..' અભયસિંહના આદેશની સાથે ચૌહાને થર્ડ ડિગ્રી શરૂ કરી.

સાવ નિર્વસ્ત્ર કરીને બરફની લાદી પર સુવડાવ્યો....કડકડતી ઠંડીમાં ઠંડા પાણીએ નવડાવ્યો....સવાર સુધી નિર્વસ્ત્ર ઊભો રખાયો. વચ્ચે વચ્ચે અભયસિંહ રાઠૌડ પૂછતા રહ્યાઃ 'અજમલ અન્સારી કહાં મિલેગા....?'

> 'સર યે જલ્લાદ કી ઔલાદ હૈ... મૂંહ નહીં ખોલેગા...' સુરિન્દરસિંઘ બક્ષી બોલ્યો.

પરોઢ્યે સવાલ બદલાયો : 'ગોપાલેશ્વર મંદિરમેં ક્યા કરને કા પ્લાન હૈ.....?'

'સાયલેન્ટ ધમાકા......' શાકીબ બોલ્યો.

'ઓર બતાઓ.....' અભયસિંહે પૂછ્યું....

'સાયલેન્ટ ધ.....મા....કા.....' શાકીબનો અવાજ ધ્રૂજતો હતો.

હવે ચૌહાન.....સુરિન્દર બક્ષી અને અન્ય સિક્યૉરિટી ઑફિસરોની ખાતિરદારીની રીત પણ બદલાઈ. ચૌહાને મોટી પક્કડથી પગના અંગૂઠાનો નખ ખેંચી કાઢ્યો.

'ઓર બતાઓ.....' અભયસિંહ બોલતા રહ્યા. પગની આંગળીઓના નખ ખેંચી કઢાતા ગયા. બંને પગના આંગળાઓના નખ ઉતેરડાઈ ગયા......રૂમમાં માત્ર બે જ સંવાદો પડઘાતા રહ્યાઃ 'ઔર બતાઓ અને સાયલેન્ટ ધમાકા.......'

'સર યે જલ્લાદ કી ઔલાદ હૈ....મૂંહ નહીં ખોલેગા.....' સુરિન્દર બક્ષી બોલ્યો.

'જબાન ખીંચ ડાલો ઇસકી....' અભયસિંહે ત્રાડ પાડી.....ચૌહાન પક્કડ મોંમાં ઘૂસાડીને શાકીબની જીભ ખેંચવા લાગ્યો.

'જબાન ખોલ...ગોપાલેશ્વર મેં ક્યા પ્લાન હૈ.....?' બક્ષીએ પૂછ્યું.

'સાયલેન્ટ ધ...મા....કા.....' જાણે શાકીબે આંખોથી જવાબ આવ્યો.....

'મૂંહ બંધ કર દો ઇસકા...' અભયસિંહ બરાડી ઉઠ્યા ને બક્ષીની રિવૉલ્વરમાંથી ગોળી છૂટી. શાકીબ ઢળી પડ્યો.

'આઇએસઆઇ કી ટ્રેનિંગ હૈ......યે મૂંહ ખોલનેવાલા નહીં થા ઔર હમ ઇસકો રોઝ બિરિયાની ખિલા કે પાલ નહીં સકતે.....' અભયસિંહ બોલ્યા.

'સર, અબ ઇસકા ક્યા કરેં....?' એક સિક્યૉરિટી ઑફિસરે શાકીબ મિયાંની લાશ બતાવતાં પૂછ્યું.

'કિસી અન્જાન દરગાહ કે બહાર છોડ દો. યહાં ઇન કે ચાહનેવાલે બહુત હૈ...દફના દેંગેં....'

* * * * *

'જનાબ, બાલ બાલ બચ ગયા.....મિત્સુ કે ઘર પર પકડા જાતા થા.....'અજમલ અન્સારીએ સમંદર ખાનને ફોન કરીને હકીકત જણાવી.

'મતલબ ઉન લોગોંને તુઝે પહેચાન લિયા......?' સમંદર ખાને કહ્યું.

'જનાબ અબ મેરા દિલ્હી મેં રહેના મુશ્કિલ હૈ.....'

'તૂ એક કામ કર...પુરાની દેલ્હી મેં પરાઠેવાલી ગલી મેં અકબર પરાઠેવાલા હૈ...વહાં બૈઠ.....થોડી દેર મેં એક બ્લૅક કલર કી એસયુવી આયેગી...તૂ પરાઠે કા પાર્સલ દેને જાના.....ઔર ચૂપચાપ કાર મેં બૈઠ જાના. વો લોગ તૂઝે મેહફૂઝ જગહ પર પહોંચા દેંગે....'

* * * * *

આઇબી ચીફ અભયસિંહ રાઠૌડે અજમલ અન્સારીને પકડવાની પુરજોશમાં તૈયારી આરંભી દીધી. મિત્સુ આનંદના ઘરમાંથી મેળવેલા સીસીટીવી કૅમેરાનાં ફુટેજને આધારે અજમલ અન્સારીનો ફોટો દિલ્હી પોલીસ મારફતે સર્ક્યુલેટ કરાવી દીધો. પોલીસે નાકાબંધી શરૂ કરી દીધી. દિલ્હીમાં અને દિલ્હીની બહાર લઈ જતા તમામ રસ્તાઓ પર જડબેસલાખ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો.

* * * * *

થોડીવારમાં એસયુવી અકબર પરોઠાવાળાની નાનકડી રેસ્ટોરન્ટ પર પહોંચી. બહારથી જ હૉર્ન વગાડ્યું. અજમલ અન્સારી પરોઠાનું પાર્સલ લઈને ગયો. કારનો કાચ નીચે સરક્યો. જેવો અજમલ કાર નજીક પહોંચ્યો કે તરત જ પાછળનો દરવાજો ખુલ્યો. અજમલ ઝડપથી અંદર ઘૂસ્યો ને કાર રવાના થઈ. એનો પીછો કરતી એક મારુતિ કાર એની પાછળ જવા લાગી.

* * * * *

દિલ્હીની બહાર હાઇવે પર જવાના રસ્તે પોલીસ ઊભી હતી. એક પછી એક પસાર થઈ રહેલાં વાહનોનું ચેકિંગ કરીને આગળ જવા દેવામાં આવતાં હતાં. એસયુવીનો નંબર આવ્યો. પોલીસની નજીક પહોંચતાં જ ચેકિંગ કરી રહેલા પોલીસ હવાલદારે પોલીસ ઑફિસરનું ધ્યાન દોર્યુંઃ 'સા'બ યે તો પાકિસ્તાન હાઇ કમિશન કી કાર હૈ....'

'તો ક્યા હુઆ....' પોલીસ ઑફિસર બોલીને ખુદ ચેક કરવા ગયો. કારની બારી પર ટકોરા માર્યા. અડધો કાચ નીચે ઊતર્યો.

'કાર સાઇડ મેં લો......' પોલીસ ઑફિસરે કહ્યું.

'જનાબ, કાર મેં સા'બ બૈઠે હૈ.....' ડ્રાઇવરે કહ્યું.

'ગડ્ડી સાઇડ મેં લો....' ઑફિસરે કહ્યું.

'આપ પાકિસ્તાન હાઇ કમિશનર કી તૌહિન કર રહે હો.....' ડ્રાઇવરે કહ્યું.

'હમ હમારી ડ્યૂટી કર રહે હૈ....'

'બાત કો આગે મત બઢાઓ વરના....'

પોલીસ ઑફિસર વિફર્યો....એણે ડ્રાઇવરની બોચી પકડીને એનું ડોકું કાચની ધાર પર મૂકી દીધું. ત્યાં હાજર બીજા પોલીસ દોડી ગયા....મામલો ગંભીર બની ગયો.

'કબ સે સમઝા રહા હું....સમઝતા નહીં....?' પોલીસ ઑફિસરે કહ્યું.

પાછળ બેઠેલા પાકિસ્તાનના હાઇ કમિશનર અબરાર અહમદખાન બહાર આવ્યા.

'મુઆફી ચાહતા હું જનાબ...' પછી બહાર આવી ઊભેલા ડ્રાઇવરને જોઈને બોલ્યોઃ 'અપની ફર્ઝ અદા કર રહે હૈ....હમેં દખલઅંદાઝી નહીં કરની ચાહિયે....આપ ચેકિંગ કર લો.' એણે પાછળનો દરવાજો ખોલીને બતાવ્યું. પોલીસ ઑફિસરે અંદર ડોકું કર્યું. પાછળ ધસી જઈને ડીકી ખોલી.....કોઈ ન હતું.

'આઇ એમ સૉરી....આપલોગ જા સકતે હો.....' પોલીસ ઑફિસરે કહ્યું.

'આપ અપની ફર્ઝ અદા કર રહે હો ઔર હમ અપની જિમ્મેદારી નિભા રહે હૈ.' અબરાર અહમદખાન બોલ્યો. ડ્રાઇવરના ચહેરા પર ઘમંડસભર સ્મિત હતું.

'ચલો ચલો કામ કરો....દેખ ક્યા રહે હો....' પોલીસ ઑફિસરે ફરજ પરના બીજા પોલીસ કર્મચારીઓને કહ્યું.

આ બધી ધમાલમાં પાછળ આવતાં બીજાં વાહનો ચેકિંગ વિના સરકીને નીકળી ગયાં. જેમાં એસયુવીનો પીછો કરી રહેલી મારુતિ કાર પણ હતી. અજમલ અન્સારી એમાં બેસીને આરામથી અકબરના આલુ પરોઠા ખાઈ રહ્યો હતો. (ક્રમશઃ)■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# તમને પાણી પીતાં આવડે છે ?

## તમને થશે આ તે કેવો વાહિયાત સવાલ છે? ના, પાણી પીવાની ક્રિયા-પ્રક્રિયા- પ્રતિક્રિયાનું અને એ કાયાને કઈ રીતે જોબનવંતી રાખે છે તે પણ એક અલગ છતાં જાણવા જેવું વિજ્ઞાન છે






**બે અક્ષરનો એક શબ્દ એટલે 'પાણી' ...**

બહુ પાવરફુલ શક્તિશાળી છે આ શબ્દ. એ જેટલો જીવનરક્ષક છે તેટલો જ મહાવિનાશક છે- મહાયુદ્ધ પણ સળગાવી શકે એવો.....

એક તરફ અત્યારે ઈરાન-અમેરિકાના અખાતી યુદ્ધે જે મહાઝાળ ભડકાવી છે એવી જ અગન જ્વાળા સૂરજ દાદાએ જગાડી છે. મુંબઈ- રાજકોટ અમદાવાદમાં ૩૬ થી લઈને ૪૪ ડિગ્રી સુધીનો તાપ બધાને દઝાડી રહ્યો છે. એ વખતે જાગતી પાણી પીવાની તૃષ્ણા અને એ બધાની વચ્ચે પાણીની અછત તરફ ધ્યાન દોરતા મોટાભાગની મહાપાલિકાઓ કહી રહી છે : 'પાણીનો વ્યય રોકો...'

પહેલી નજરે રોજિંદો ને સામાન્ય લાગતો 'પાણી' શબ્દ કમાલનો છે એના ગુણધર્મને લીધે. ધરતી પરની સમગ્ર જીવસૃષ્ટિને માટે ખરા અર્થમાં અમૃત છે આ તિલસ્મી શબ્દ નીર - જળ - અંબુ અર્થાત્ પાણી માનવજીવન માટે સહજ છે. બાળક જન્મતાની સાથોસાથ જેમ આપોઆપ શ્વાસ લેતા શીખી જાય છે તેટલી જ સહજતાથી એ પોતાની તરસ અનુસાર પાણી પીતો થઈ જાય છે. આપણે દર વર્ષે માર્ચ મહિનામાં 'વિશ્વ પાણી દિવસ' ઉજવીએ છીએ. પાણી વિશે અઢળક પાણીદાર વાતો કરીએ છીએ અને જાણતા- અજાણતા એ પણ સ્વીકારીએ છીએ કે બહુ સહજતાથી વેડફી શકાય એવી એક માત્ર જણસ પાણી છે.

અહીં પાણી વિશે થોડી અલપઝલપ વાત કરીએ તો આ ધરા-ધરતીના ૭૧% વિસ્તાર પર પાણી છે. પૃથ્વી પર જેટલું પણ પાણી છે એમાંથી ૯૬.૫ % જળ તો એકલા દરિયા-સમુદ્રમાં છે. એ જ રીતે, માનવદેહમાં પણ લગભગ ૬૦% પાણી છે. એમાંય માનવદેહના વિભિન્ન અંગમાં પાણીના પ્રમાણની ટકાવારી અલગ છે. ઉદાહરણ તરીકે, મગજ-હૃદયમાં ૭૩% - ફેફસાંમાં ૮૩% તો કિડનીમાં ૭૯%થી ઘટીને હાડકામાં ૩૧% પાણીનું પ્રમાણ હોય છે.





ખેર, આ તો પહેલી નજરે માનવદેહ અને પાણીની આંકડાબાજી થઈ, પણ એક વાત આપણે જન્મતાની સાથે જ ગળથૂથીમાં શીખી ગયા છીએ કે પાણી વગર જીવન અસંભવ છે અને એટલે જ તીવ્ર તરસ લાગે ત્યારની આપણી શારીરિક માનસિક અનુભૂતિ સાવ અલગ હોય છે. આવી તરસ વખતે વિશ્વના સૌથી શ્રીમંત ઈલોન મસ્ક કે આપણા ઉદ્યોગ સાહસિક મુકેશ અંબાણીને પણ પોતાના બેન્ક અકાઉન્ટમાં કેટલાં અબજ ડૉલર કે રૂપિયા જમા પડ્યાં છે એ પણ યાદ નહીં આવે. એ વખતે એમને મન પાણીનો એક અરધો ગલાસ જ સર્વ સંપત્તિ છે સર્વેસર્વા છે.!

પાણી જ્યાં છે ત્યાં જીવન સંભવ છે એ સનાતન સત્ય માનવી સૈકાઓથી જાણે છે એટલે માનવી બીજાં ગ્રહની ફરતો ઉપગ્રહ મોકલે કે પારકા ગ્રહની ધરતી પર રોબો-યાંત્રિક વાહનનું લેન્ડિંગ કરાવે ત્યારે માનવીની પહેલી જિજ્ઞાસા એ જ હોય છે કે ત્યાં પાણી તો છે ને?! પાણી હશે તો પાછળથી અન્ય જીવસૃષ્ટિની શોધ થઈ શકશે અથવા તો ત્યાં વસ્યા પછી પ્રજોપ્તિ થઈ શકશે. અમેરિકા-ચીન તેમ જ ભારતના અંતરિક્ષ પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે આપણા પાડોશી ચંદ્ર ઉપરાંત મંગળ પર પણ પાણીનાં સ્રોત છે !

ખેર, અંતરિક્ષ છોડી આપણે ફરી ધરતી પર પરત આવીએ પ્રભુનો પાડ માનીએ કે આપણી પાસે આપણી ખુદની આવરદા સુધી ચાલે એટલા પૂરતો પાણીનો જથ્થો છે. જીવાદોરી માટે મહત્ત્વના મૂળભૂત પાંચ તત્ત્વ: ધરતી-અગ્નિ-વાયુ-આકાશ અને જળમાંથી એક તત્ત્વ પાણી આપણું જીવનરક્ષક પણ આગવી રીતે બની શકે છે, કારણ કે પાણી પીવાનું એક અલાયદું અને એ પણ એક અલગ રસપ્રદ તબીબી વિજ્ઞાન પણ છે.

કુદરતે પાણીને એવાં કેટલાંક ગુણ આપ્યા છે, જે માનવકાયાનાં અનેક વિષ દૂર કરી એને અમૃત બનાવી શકે છે.

માનવદેહમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અનેક પ્રકારના વિષ-ઝેર પ્રવેશેલા હોય છે. આવા 'વિષયુક્ત' (Toxin) તત્ત્વોને દૂર કરવાની પ્રક્રિયા 'વિષમુક્ત' (Detoxification) કહે છે. આ પ્રક્રિયામાં પાણી જળ અગત્યનો ભાગ ભજવે છે. આમ તો પાણી દ્વારા કઈ રીતે કાયાને વિષમુક્ત કરી શકીએ એના વિશે આપણી પાસે પારાવાર પ્રશ્નો છે.

આમ તો એના ઉત્તરમાં એક પાણી પુરાણ લખી શકાય, પણ પાયાની આ પ્રશ્નોત્તરી દ્વારા આ અમૂલ્ય દ્રવ્ય વિશે જાણીએ એટલે આપણે અહીં પાયાના પ્રશ્નોની શરૂઆત કરી તબક્કાવાર એ જિજ્ઞાસા સંતોષી શકીએ. ઉદાહરણરૂપે

**પ્રશ્ન : દિવસમાં કેટલી વાર ને કેટલું પાણી પીવું જોઈએ?**

**ઉત્તર :** અવારનવાર પુછાતા આ સહજ સવાલનો સહજ જવાબ એ છે કે તરસ લાગે ત્યારે પાણી પીવું! જો કે, આજકાલના જુવાનિયાઓમાં મિનરલ વોટરની બોટલ સાથે ફેરવવાની એક ફેશન થઈ ગઈ છે. તરસ ન લાગી હોય તો પણ વચ્ચે વચ્ચે પાણી પીતા રહે છે. આ ટેવ પાળવા જેવી નહીં- ટાળવા જેવી છે. હા, ઘરની બહાર ખાસ કરીને, મુસાફરી વખતે અજાણ્યા સ્થળે નળનું કે ટેપ વોટર પીવું સુરક્ષિત ન હોય શકે ત્યારે વોટર બોટલ સાથે રાખવી વ્યાજબી છે. આ વાતની સાથોસાથ,આહારશાસ્ત્રીઓની પણ સલાહ માનીએ તો સામાન્ય સંજોગોમાં દિવસમાં ૭-૮ ગ્લાસ પાણી શરીરને 'ભીનું' રાખવા પૂરતું છે.

(પુરુષ માટે આશરે ચારેક લિટર સ્ત્રી માટે ત્રણેક લિટર ) તરસ છીપાય એટલું પાણી જરૂર પીવો, પણ તરસ ન હોય છતાં ફરજિયાત એને એક લશ્કરી નિયમ બનાવી રોજ ૭- ૮- ગ્લાસ કે એથી વધુ પાણી પેટમાં ન ઠાલવો.

**પ્રશ્ન : ધારી લો કે વધુ પાણી પીવાઈ ગયું તો એની કોઈ આડ-અસર થાય ખરી ?**

**ઉત્તર :** અપવાદરૂપ કોઈ વાર આવું થાય તો ઠીક, પરંતુ રોજ આદતથી મજબૂરની જેમ રોજ ૭-૮ ગ્લાસ કે એથી વધુ પાણી પેટમાં ન ઠાલવો. પેટ પેટ છે-માટલું નથી. વધુ પડતું પાણી નુકસાનકારક બની શકે. એનાથી સ્થૂળતા વધે. પાચનક્રિયામાં વિક્ષેપ સર્જાય. સ્કિન-ત્વચાના પ્રોબ્લેમ થઈ શકે. વધુ પડતું પાણી કિડનીને પણ ગંભીર આડ-અસર પહોંચાડી શકે

**પ્રશ્ન : હમ્મ્મમ, કિડની ઉપરાંત બીજી કોઈ નુકસાનકારક આડ-અસર ?**

**ઉત્તર :** છે ને..ઘણી છે ! સામાન્ય રીતે, ગરમીના દિવસોમાં આપણે પાણી પીવાનું પ્રમાણ વધારી દઈએ છીએ. ઠંડું પાણી -કોલ્ડ ડ્રિક્સ, છાશનો શરીર પર મારો ચલાવીએ. આ વધુ પડતું પ્રવાહી શરીરમાં રહેલાં સોડિયમનું તત્ત્વ ઘટાડે છે, જેને સમતોલ કરવા શરીર આપમેળે સૂક્ષ્મ કોષને લોહીમાંથી પાણી ખેંચી લે છે. પરિણામે તબીબી ભાષામાં કહીએ તો 'હાઈપોનેટ્રેમિયા' સર્જાય. આવી 'વોટર ટોક્સિટેશન' સ્થિતિમાં માણસ ક્યારેક કોમામાં પણ સરી જાય. તાત્કાલિક સારવાર ન મળે તો એ મરણ પણ પામે.

**પ્રશ્ન : પાણીથી શરીરનું શુધ્ધીકરણ કરી શકાય... કઈ રીતે ?**

**ઉત્તર :** તરસ છીપાવવા પાણીનો પીવા માટે ઉપયોગ કરવા ઉપરાંત પાણીના માધ્યમથી આપણી કાયાનું શુધ્ધીકરણ પણ કરી શકાય.. આના માટે આજના ડાયટીશિયન - આહારશાસ્ત્રી અનેક પ્રકારનું માર્ગદર્શન આપે છે. આવી સમજણ અને સલાહ સૈકાઓ પૂર્વે રોમ-ગ્રીસ સામ્રાજયમાં પણ ત્યાંની પ્રજા-ખાસ કરીને સૈન્યના જવાનોને અપાતી, જેથી એ વધુ જોશલા ને ચુસ્ત રહી શકે. શરીરનું મેટાબોલિઝમ એટલે કે ચયાપચયની ક્રિયા-પાચન ઝડપી કરવા માટે પણ પાણીનો ઉપયોગ આહારવિજ્ઞાનીઓ સૂચવે છે. આમ તો આપણું શરીર જ લીવર- ફેફસાં અને કિડની દ્વારા શરીરમાં પેસી ગયેલી અશુદ્ધિને નિયમિત રીતે શરીર બહાર ધકેલી કાઢે છે. આમ છતાં,પાણીની મદદથી એ ક્રિયા-પ્રક્રિયા વધુ ઝડપી બનાવી શકાય છે. પાણીથી શરીરનાં આંતરિક અંગોને 'ભીનું' રાખવાથી પાચન ક્રિયા સુધરે છે તથા લોહીનું ભ્રમણ વધુ ત્વરિત બને છે. એટલું જ નહીં, વધુ મીઠું-ગળ્યું ખાવાની તલપ ઘટે છે. એની સાથે પુરુષનું શરીર વધુ ચેતનવંતું અને સ્ત્રીની કાયા વધુ જોબનવંતી બને છે. આ બધાને લીધે, ચહેરા પર વધુ ચમક આવે છે જે રીતે ડાયટીશિયન વજન વધારવા કે ઘટાડવા આપણને ચોક્કસ ડાયેટ-સમતોલ આહાર સૂચવે છે એ જ રીતે લીંબુ-કાકડી- આદું-દૂધી- તરબૂચ-ચીભડુ- ફુદીના,ઈત્યાદિ જેવાં અનેક શાકભાજી- ફળફળાદિ સાથે પાણીની રેસિપીથી શરીરને વધુ ચુસ્ત ને વધુ તંદુરસ્ત બનાવી શકાય છે. આવા આહાર (Detox Water)ની રેસિપિ વિદેશની જેમ આપણે ત્યાં પણ હવે લોકપ્રિય થઈ રહી છે.

**પ્રશ્ન : આપણાં હૃદયને હેમખેમ રાખવામાં પાણી કેટલું અગત્યનું છે?**

**ઉત્તર :** ઘણું માનવ શરીરમાં ૬૦% પાણી છે એટલે એનાં પ્રત્યેક અંગને જોઈતું પાણી પહોંચે એવી ગોઠવણ કુદરતે કરી જ છે. આમ છતાં શરીર પ્રત્યેની આપણી લાપરવાહીને લીધે એ રોગગ્રસ્ત થતું હોય છે. પાણીના અભાવને લીધે રક્ત પરિભ્રમણ ઘટે-અંગોને પ્રાણવાયુ ઓછો પહોંચે તો એને લીધે સૌથી વધુ કામ હૃદયને વેંઢરવું પડે માટે હૃદય હેમખેમ રાખવા ખાતર પણ પાણી પૂરતા પ્રમાણમાં પીવું જરૂરી છે.

આમ નીર -જળ -અંબુ અર્થાત્ પાણી આપણા માટે જેમ જાણતા-અજાણતા વિષ પુરવાર થઈ શકે તેમ પાણીનાં કેટલાંક ગુણ-ધર્મ જાણીને-સમજીને એને ઉપયોગમાં લઈએ તો એ આપણા માટે અમૃત પણ બને! ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# કળાજગતમાં કાળા રંગને લઈને થતો કાળો કકળાટ - વાન્ટાબ્લૅક

'વાન્ટાબ્લૅક' એ કોઈ રંગ નથી- એ પ્રકાશની કબર છે અને કબર પર કોઈ એકનો હક ન હોઈ શકે.

જર્મન ફિલસૂફ ફ્રેડરિક નીત્શેનું એક બહુ પ્રખ્યાત વાક્ય છે : 'જો તમે લાંબો સમય સુધી કોઈ ખીણ કે શૂન્યાવકાશને તાકી રહો, તો એ શૂન્યાવકાશ પણ તમારી અંદર તાકવા લાગે છે...'

અંધકારનું એક પોતાનું વજન હોય છે. તમે ક્યારેય એવી કોઈ વસ્તુ જોઈ છે જે એટલી બધી કાળી હોય કે તમારી આંખો તેનું પરિમાણ એટલે કે 3D આકાર જ ન પારખી શકે? બ્રિટનની એક કંપનીએ 'વાન્ટાબ્લૅક' (Vantablack) નામના એક એવા પદાર્થની શોધ કરી જે પૃથ્વી પરનો સૌથી કાળો પદાર્થ છે. આ પદાર્થ ૯૯.૯૬% પ્રકાશને શોષી લે છે. તમે કોઈ કરચલીવાળા ઍલ્યુમિનિયમ ફૉઇલ પર આ વાન્ટાબ્લૅકનો સ્પ્રે મારો તો એ કરચલીઓ ગાયબ થઈ જાય છે. તમારી આંખોને એવું જ લાગે કે બ્રહ્માંડમાં જાણે કોઈ કાળું છિદ્ર (Black hole) પડી ગયું છે. વાન્ટાબ્લૅક એ કોઈ રંગ નથી, પણ પ્રકાશની ગેરહાજરી છે.

વાન્ટાબ્લૅકનું મૂળ નામ છે 'વર્ટિકલી અલાઇન્ડ નેનોટ્યૂબ ઍરેઝ...' આ કાર્બનની એવી ઝીણી નળીઓ છે જે માનવ વાળ કરતાં પણ હજારો ગણી પાતળી હોય છે. જ્યારે પ્રકાશ આ નળીઓના જંગલમાં પ્રવેશે છે ત્યારે તે બહાર નીકળી શકતો નથી- અંદર ને અંદર ભટકાઈને ઉર્જામાં ફેરવાઈ જાય છે.

મૂળભૂત રીતે આ પદાર્થની શોધ સ્પેસ સાયન્સ અને મિલિટરીના અત્યંત સેન્સેટિવ કૅમેરા અને દૂરબીન માટે કરવામાં આવી હતી, જેથી આજુબાજુના પ્રકાશના રિફ્લેક્શનને રોકી શકાય, પરંતુ આ ચમત્કારિક પદાર્થની એન્ટ્રી જ્યારે કળાના જગતમાં થઈ ત્યારે એક એવો વિસ્ફોટ થયો જેણે માનવ અહંકાર, મૂડીવાદ અને કળાની પવિત્રતા વિશે ગંભીર સવાલો ઊભા કરી દીધા.

આ વિવાદના કેન્દ્રમાં હતા મુંબઈમાં જન્મેલા અને બ્રિટનમાં સ્થાયી થયેલા વિશ્વવિખ્યાત ઍબસ્ટ્રેક્ટ શિલ્પી અનીશ કપૂર. અનીશ કપૂર કળાના જગતના માંધાતા છે. કરોડો ડૉલરમાં તેમનાં શિલ્પો વેચાય છે. જ્યારે અનીશ કપૂરે વાન્ટાબ્લૅક જોયો ત્યારે તેમની આંખો અંજાઈ ગઈ. તેમણે વિચાર્યું કે જો આ પદાર્થનો ઉપયોગ શિલ્પમાં કરવામાં આવે તો જોનારને એમ જ







લાગે કે તે શૂન્યમાં જોઈ રહ્યો છે. અહીં સુધી બધું બરાબર હતું, પણ પછી કપૂરે જે કર્યું તેણે આખા જગતના કલાકારોને ચોંકાવી દીધા.

અનીશ કપૂરે કંપની પાસેથી વાન્ટાબ્લૅકને કળામાં વાપરવાના એક્સક્લુઝિવ રાઇટ્સ ખરીદી લીધા એટલે કે પૃથ્વી પરનો બીજો કોઈ પણ કલાકાર, પેઇન્ટર કે શિલ્પી પોતાના સર્જનમાં વાન્ટાબ્લૅકનો ઉપયોગ કરી શકશે નહીં!

આ કળાના ઇતિહાસની એક અભૂતપૂર્વ અને આઘાતજનક ઘટના હતી. કળા તો ડેમોક્રેટિક હોવી જોઈએ. રંગો પર કોઈની માલિકી કેવી રીતે હોઈ શકે? શું કોઈ માણસ એમ કહી શકે કે આસમાની ભૂરો રંગ ફક્ત હું જ વાપરીશ કે પછી સૂર્યમુખીનો પીળો રંગ ફક્ત મારી જ માલિકીનો છે? આમ વાન્ટાબ્લૅકની મોનોપોલી એ મૂડીવાદની ચરમસીમા હતી. પૈસા અને પાવરના જોરે અનીશ કપૂરે પેલા 'અંધકાર'ને ખરીદી લીધો હતો, પણ જ્યાં સત્તા અને ઈગો હોય ત્યાં વિદ્રોહ જન્મ લેવાનો. આ કૉર્પોરેટ ઈગો સામે લડવા માટે સ્ટુઅર્ટ સેમ્પલ નામનો એક બ્રિટિશ કલાકાર મેદાનમાં આવ્યો. સ્ટુઅર્ટ કોઈ કરોડોપતિ કલાકાર ન હતો, પણ તેની પાસે આઇડિયાઝ હતા. તેણે પોતાની લૅબમાં દુનિયાનો સૌથી ઘેરો ગુલાબી રંગ બનાવ્યો અને તેને નામ આપ્યું 'ધ પિંકેસ્ટ પિંક'. સ્ટુઅર્ટે આ રંગ પોતાની વેબસાઇટ પર સાવ નજીવી કિંમતે વેચવા મૂક્યો, પણ એક શરત સાથે! રંગ ખરીદતાં પહેલાં તમારે કાયદાકીય રીતે એક ડિક્લેરેશન સાઇન કરવું પડે કે હું અનીશ કપૂર નથી, હું અનીશ કપૂર સાથે જોડાયેલો નથી અને હું આ રંગ અનીશ કપૂર સુધી પહોંચવા દઈશ નહીં.'

આખી દુનિયાના કલાકારોએ સ્ટુઅર્ટના આ કટાક્ષને વધાવી લીધો. લોકોએ ધૂમ ખરીદી કરી. કળાના જગતમાં આ 'કલર-વૉર ટ્રેન્ડિંગ' થઈ ગયું. અનીશ કપૂરનો અહંકાર ઘવાયો. તેમણે કોઈક રીતે સ્ટુઅર્ટનો પિંક રંગ મેળવી લીધો અને પોતાના 'ઇન્સ્ટાગ્રામ' પર એક ફોટો મૂક્યો, જેમાં કપૂરની વચલી આંગળી એ ગુલાબી રંગમાં રંગાયેલી હતી! આ એક ડીલ્યુઝનલ કરોડપતિ કલાકારનો બાલિશ અને છીછરો પ્રતિભાવ હતો.

અનીશની આ હરકત પછી સ્ટુઅર્ટ સેમ્પલે એક આખી મૂવમેન્ટ ચલાવી. તેણે 'ડાયમંડ ડસ્ટ' નામનો કાચનો ભૂકો બનાવ્યો અને લખ્યું કે આને ખુલ્લા હાથે અડવું નહીં અને ખાસ તો અનીશ કપૂરે તો બિલકુલ નહીં. ધીમે ધીમે સ્ટુઅર્ટે ઓપન-સોર્સ સાયન્ટિસ્ટ્સની મદદથી 'બ્લૅક ૨ અને બ્લૅક ૩' નામના એવા કાળા રંગો બનાવ્યા જે વાન્ટાબ્લૅક જેટલા જ કાળા હતા, પણ તે કોઈ પણ કલાકાર મફતના ભાવે વાપરી શકતો હતો (અલબત્ત, અનીશ કપૂર સિવાય!).

વાન્ટાબ્લૅકનો આ સમગ્ર એપિસોડ માનવ સ્વભાવની એક બહુ મોટી નબળાઈને ખુલ્લી પાડે છે. માણસની માલિકીભાવની ભૂખ અસીમ છે. આપણે જમીન, પાણી, આકાશ, ટેક્નોલૉજી અને હવે રંગોને પણ પાંજરામાં પૂરવા માગીએ છીએ. કોઈ એક માથાભારે કલાકારે વિચાર્યું કે તે શૂન્યાવકાશ પર પોતાની માલિકીનો સિક્કો મારી દેશે, પણ તે એ ભૂલી ગયો કે જ્યારે કળામાંથી વહેંચવાની ભાવના એટલે કે શૅરિંગની લાગણી ખતમ થઈ જાય ત્યારે તે કળા રહેતી નથી, માત્ર પ્રોડક્ટ બની જાય છે. કળાના પાયામાં 'કૅરિંગ'ની ભાવના હોવી જોઈએ એવું ઘણા કલાકારોએ કહ્યું છે.

પ્રકાશને શોષી લેતા એ અત્યંત કાળા અંધકારમાંથી એક બહુ તેજસ્વી બોધપાઠ બહાર આવ્યો કે તમે નેનોટ્યૂબ્સમાં પ્રકાશને ભલે કેદ કરી લો, પણ તમે કળાની મુક્ત વહેવાની પ્રકૃતિને કેદ કરી શકતા નથી. અંધકાર પર કોઈની મોનોપોલી નથી હોતી, અને હોવી પણ ન જોઈએ , કારણ કે અંધકાર એ કોઈની જાગીર નથી, એ તો આવનારા પ્રકાશનું કેનવાસ છે.■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ વખતે B2Bની વ્યૂહરચના

B2B એટલે કે બિઝનેસ-ટુ-બિઝનેસમાં બ્રાન્ડ બનાવવાની જરૂર નથી અથવા તેના પર માર્કેટિંગનો ખર્ચો ના કરાય. આ વાત અને વિષય પર આપણે અગાઉ વિચારી ચૂકયા છીએ. આજની તારીખે પણ આ વ્યવસાયમાં જે લોકો છે તેમની માનસિકતામાં કોઈ ફેરબદલ નથી થયો. આમ છતાં આજે આના તરફ ફરી ધ્યાન દોરવાનું કારણ તે કે...

હાલમાં IPL ચાલી રહી છે. જો તમે વિવિધ ટીમના સ્પોન્સરો જોયા હશે તો જણાશે કે જે લોકોએ સ્પોન્સરશિપ આપી છે તેમાંના ઘણા B2B કેટેગરીમાંથી આવે છે. એક સમય હતો જ્યારે B2B બ્રાન્ડ્સ ક્યારેય જાહેરમાં ના દેખાતી. મોટા પાયે ડીલર નેટવર્ક અને વેપાર સંબંધો પર આધાર રાખતી હતી. IPL ની ૨૦૨૬ સિઝનમાં B2B બ્રાન્ડ્સનો ઉછાળો જોવા મળ્યો છે. પાઇપ અને કેબલથી લઈને લોજિસ્ટિક્સ, ફાઇનાન્સ અને ઔદ્યોગિક માલ સુધી, તે હવે ટીમ જર્સી, બ્રાન્ડ પાર્ટનરશિપ અને ઓન ગ્રાઉન્ડ એક્ટિવીટી - પ્રવૃત્તિ સાથે જોડાઈ રહ્યા છે. આ વાત વૈશ્વિક સ્તરે ઘણા વખતથી જોવામાં આવી રહી છે. વર્લ્ડ ટેનિસ ટુર્નામેન્ટ, F1 રેસિંગ, મેરેથોન, ઓલિમ્પિક જેવી સ્પર્ધાઓ સાથે વર્ષોથી જોડાયા છે. પશ્ચિમી દેશો બ્રાન્ડ અને માર્કેટિંગને ઘણું મહત્ત્વ આપે છે અને તેથી આપણે ત્યાં ઉદ્‌ભવેલી વૈશ્વિક બ્રાન્ડસ વધુ જોઈ શકીએ છીએ.

હવે આપણને લાગશે કે મોટી મોટી IT કંપનીઓ, કન્સલ્ટિંગ કંપનીઓ જેને લોકો સાથે સીધો સંબંધ નથી તે બધા આમ કેમ કરતા હશે. આનાં ઘણાં કારણ છે. આપણે આજે જે સમયમાં જીવી રહ્યા છીએ તે અલગ છે અને તેથી જૂની પદ્ધતિઓ બદલાવવી પડશે. સૌથી મોટું કારણ તે જાણે છે કે ફક્ત કંપની તરીકે ઓળખાવું ચાલશે નહિ. એક બ્રાન્ડ તરીકે પોતાને સ્થાપિત કરવી પડશે. આ ઉપરાંત તેને જરૂરિયાત ફક્ત ટ્રેડ રિકોલની નથી, કારણ કે ઘરે ઘરે લોકો તેમના નામને ઓળખે તે છે. આની સાથે જયારે તેમની બ્રાન્ડ આવી લીગમાં દેખાય છે ત્યારે ડીલરો અને વિતરકો જેવા તેમના મુખ્ય સ્ટેકહોલ્ડરો સાથેના તેમનાં જોડાણને મજબૂત



બનાવે છે. આ રીતે આવી મોટી મોટી પ્રોપર્ટી સાથે જોડાતા B2B બ્રાન્ડ્સને મોટા પાયે બજારમાં પ્રવેશવામાં મદદ કરે છે સાથે સાથે તેમના વ્યવસાયને આગળ ધપાવતા ઇકોસિસ્ટમમાં તેમની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે.

મોટી IT અને કન્સલ્ટિંગ કંપનીઓ બિઝનેસ-ટુ-બિઝનેસ (B2B) વેચાણને વેગ આપવા, ટેકનિકલ ક્ષમતાઓ (જેમ કે AI અને ડેટા એનાલિટિક્સ) પ્રદર્શિત કરવા અને વૈશ્વિક સ્તરે બ્રાન્ડનો વિશ્વાસ વધારવા માટે આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમો સાથે જોડાય છે અથવા તેને સ્પોન્સર કરે છે. આ સ્પોન્સરશિપ કોર્પોરેટ ગ્રાહકોનું મનોરંજન કરવા અને કર્મચારીઓને પુરસ્કાર આપવા માટે વાતાવરણ પણ પૂરું પાડે છે. આપણે જાણીયે છીએ કે આવી વૈશ્વિક સ્તરની ઇવેન્ટમાં મોટા મોટા લોકો સહભાગી થાય છે, કોર્પોરેટના લોકો આવે છે, આનાથી ના ફક્ત નેટવર્કિંગ થાય છે પણ આવા લોકો સમક્ષ તમારી બ્રાન્ડ પહોંચે છે. તે બ્રાન્ડ અને તેની ક્ષમતા વિષે જાણે છે. ઉદાહરણ તરીકે એક નામાંકિત ભારતીય IT કંપનીએ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં સ્પોન્સરશિપ આપી. આનું કારણ તેમને પોતાની AI અને કલાઉડ સર્વિસીસ લોકો સુધી પહોંચાડવી હતી કેમ કે આજે કોઈપણ બ્રાન્ડ કે વેપાર છે એના કન્ઝ્યુમરના જીવન સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલો છે. અમુક ઉદાહરણો જોઈયે તો, લોજિસ્ટિક્સ અથવા ડિલિવરી કંપનીઓ, ઈ-કોમ પર અથવા ફિઝિકલ પણ જયારે લોકો માલ ખરીદે છે ત્યારે ડિલિવરીના કયા વિકલ્પો છે તે જાણી અને તે નામી બ્રાન્ડ હશે તો ઓર્ડર કરશે. આ વાત B2B માટે પણ લાગુ પડે છે. જો નામ જાણીતું નહિ હોય તો ઘણીવાર બાયર તમને અમુક લોજિસ્ટિક્સ કંપની સાથે કામ કરવા મજબરિં કરશે. આ અગાઉ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનમાં કયો માલ વપરાય છે તેનું મહત્ત્વ શું છે તેની જાણ થોડા લોકોને ભાગ્યે જ હતી, પણ આજે આ કેટેગરી જે B2B ગણાતી તે ડા/રેક્ટ કન્ઝ્યુમરને પોતાના વિશે માહિતગાર કરે છે અને તેનું પરિણામ આજે જ્યારે લોકો ઘર ખરીદવા જાય છે ત્યારે પ્રશ્નો પૂછે છે કે કઈ લિફ્ટ છે, ફ્લોરિંગ, ટાઇલ્સ, બાથરૂમ ફિટિંગ્સ છે. અને આના કારણે બિલ્ડરે ના છુટકે આ બધી બ્રાન્ડને પોતાની સાથે લેવી પડે છે.

જો તેમાં કોઈ નામી બ્રાન્ડ ના હોય તો તેને સાઈડ પર મૂકી દેશે. હરેક લેપટોપમાં ઇન્ટેલ ચિપ હોય છે જે આપણે જોઈ પણ નથી. ખબર પણ નહોતી કે આવી કોઈ ચિપ આમ વપરાય છે, પણ ઇન્ટેલ કંપનીએ પોતાને પ્રમોટ કરવાની શરૂઆત કરી અને આજે લોકો લેપટોપ લેવા જાય ત્યારે આના વિશે અચૂક પૂછે છે. કોઈપણ બીજી ચિપ પણ આ કામ કરી શકે, પણ આપણા મગજમાં આ વાત ઘર કરી ગઈ છે કે લેપટોપમાં ઇન્ટેલ નથી તો તે બરાબર નથી. આમ, B2B કંપનીઓ પણ લોકો પોતાને ઓળખે અને તે લોકોના જીવન સાથે સંકળાઈ જાય તેમ ઈચ્છે છે અને આવી એક પણ તક કે મોકો તે છોડવા નથી માગતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com


*ટોળે વળે છે કોઈની દિવાનગી ઉપર*
*દુનિયાના લોક કેવા મિલનસાર છે*

# મરીઝનો અંદાઝે-બયાન બેમિસાલ છે...

મરીઝનો લહેજો એવો હતો કે જે ક્યારેય સાંભળવા મળ્યો ન હતો કે કોઈએ ગઝલની વાત આ રીતે માંડી હતી, અબ્બાસ અબ્દુલઅલી વાસી 'મરીઝ' એક એવી હસ્તીનું નામ છે જેના થકી ગુજરાતી ગઝલ હંમેશાં રૂડી દેખાશે. ગુજરાતી ગઝલમાં જે કેટલાક શાયરોએ ગઝલને ગૌરવભર્યું સ્થાન અપાવ્યું એમાં મરીઝના નામ વિશે કોઈ બેમત નથી. જે લોકો મરીઝને મળ્યા છે એ લોકો વ્યક્તિ મરીઝ માટે એક વાત પર સતત સંમત થયા છે કે મરીઝમાં બાળક જેવી નિખાલસતા અને સરળતા છે. શીલ એવી શૈલીની વાત સાચી હોય તો મરીઝની ગઝલમાં પણ આ સરળતા અને નિખાલસતાની બુલંદી છે. સરળતા સાચવીને ચોટ લાવવાની કળા એકલા મરીઝ પાસે જ છે.

મરીઝમાં એક ઘૂટન છે, વ્યથા છે, પીડા છે, વ્યાકુળતા છે પણ આ બધાની અભિવ્યક્તિમાં સરળતા, ગહનતા અને વહનતા હોવાથી આપણે ક્યારેક એમની વાતને હળવાશથી લઈ લેતા હોઈએ છીએ. મરીઝને સમજવાનો પ્રયત્ન કરીએ તો જ એની વ્યાકુળતા રડાવી શકે.

દરેક સર્જકની પોતાની વિશેષતા, ખૂબીઓ અને ખામીઓ હોવાની એટલે સરખામણી કરવાની વાત બાજુ પર રાખીએ. મરીઝ અને ઉર્દૂ કવિઓની વાત


મરીઝ

આવે ત્યારે કેટલાક ગાલીબ સુધી પહોંચી જાય છે. સર્જનની વાત કરીએ તો મરીઝને મહદ્ અંશે ઉર્દૂ શાયર અખ્તરુલ ઈમાન સાથે સરખાવી શકાય.

અખ્તરુલ ઈમાનને આધુનિક ઉર્દૂ કવિતાના આખરી સરદાર કહેવામાં આવે છે. બધા જાણીતા સર્જકોથી એમની કવિતામાં પોતાનો એક વિશેષ રંગ છે. એમનામાં આધુનિક પરિસ્થિતિઓ અને ચેતના તથા જીવનદર્શન હોવા છતાં પ્રગતિવાદીઓએ એમને હાંસિયામાં ધકેલી દીધા હતા. ઉદાસી, બેબસી, ડર અને દર્દના વાતાવરણનું પ્રતીક બનીને કવિતા આવે છે. આ સમાનતા બંને શાયરોમાં છે.

મરીઝની વ્યથા અને પીડા પોતે પોષેલી અને અપનાવેલી હોવાથી મરીઝ દર્દના રોદણાં નથી રડતા પણ દર્દ ખમવાની ખુમારી બતાવે છે:

*આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન*
*દે એક મહાન દર્દ અને પારાવાર દે.*
*શબ્દોથી પર જો દિલનું નિવેદન બની જશે*
*તું પોતે તારા દર્દનું વર્ણન બની જશે.*

મરીઝ વાસ્તવિકતાથી દૂર રહીને કલ્પનાના અશ્વો પર સવારી કરનારા શાયર નહતા. એમની રચનાઓમાં સીધી વાત છે. જિંદગીની દાસ્તાન ભાસી અને આભાસી રંગોને ઝળહળાટ નથી પણ નક્કર અને નરી યર્થાથતા મરીઝનું સર્જન બને છે. કોઈ દાદ આપે છે ત્યારે મરીઝ શિકાયત કરે છે અને આ ફરિયાદ સાચી હોવાથી ચોટ સાધે છે.

*દાદનો આભાર કિંતુ શિકાયત છે મને*
*મારા દિલની વાતને તેં શાયરી સમજી લીધી.*

મરીઝની નિખાલસતા પારદર્શક છે. આવી નિખાલસતાના દાખલારૂપે 'આગમન'ની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં છે. એ પ્રારંભમાં કહે છે કે 'ગઝલના ક્ષેત્રમાં હું મહામહેનતે તે ગોઠવાયો છું. એક તો ઓછું ભણેલો, ભાષા, વ્યાકરણ અને જોડણીનું ખાસ જ્ઞાન નહીં માત્ર ઊર્મિ સંવેદન, અનુભૂતિ અને અવલોકનના બળ પર મેં ગઝલોનું સર્જન કરેલું છે અને તે તમારી સન્મુખ હાજર છે.'

મરીઝ વિશે કોઈએ આલોચના ન કરવી પડે એવો એકરાર એમની વાણીમાં છે:

*સંગાથી શાયરો આગળ વધી ગયા કેવા?*
*જુઓ 'મરીઝ'ને, જેવો હતો એવો રહ્યો.*

શબ્દરમત, ઝાકમઝોળ, વાક્ચાતુરી અને ચમકદમક મરીઝમાં પહેલેથી જ હતી નહીં પણ સરળતાથી ચોટ સાધવાની ખૂબી બરકરાર હતી. મરીઝની ઊર્મિઓ કવિતાની કલામાં ઓતપ્રોત થતી હોવાથી ભાવકને મરીઝની વાત પોતાની વાત હોવાની પ્રતીતિ કરાવે છે:

*કલાનું હાર્દ ફક્ત હોય છે નિખલાસતા*
*ને દાસ્તાન હો દિલની કે હો નજર બાબત*

મરીઝ કહે છે કે વાત નજરની એટલે ઉપરછલ્લી હોય અથવા દિલની ગહરાઈઓમાંથી આવતી મર્મસભર હોય પરંતુ નિખાલસતાનો સ્પર્શ થાય તો એ કલા બની જાય છે. મરીઝ પોતાના આ વિચારોને ગઝલમાં રજૂ કરે છે ત્યારે એમની સરળતા કલાત્મક થઈ જાય છે.

*એ તો ન બની ન શકતે જગતમાં કલા વિના*
*સમજાઈ જાય વાત અનુભવ થયા વિના*

સાચો સર્જક જે વેદના અને વ્યથા પોતાને થાય છે એનો ખ્યાલ પારકાને કરાવી શકે છે.

ગુજરાતી ગઝલને ધારદર્શક અને પારદર્શક બનાવીને મૂલ્યની દૃષ્ટિએ મરીઝે માતબર પ્રદાન કર્યું છે. ભાષાની વાત કરીએ તો એમણે જાતે સ્વાધ્યાયથી જે કંઈ જાણ્યું તે બોલચાલની સાદી અને સરળ બાનીમાં રજૂ કર્યું. વાણીના વૈભવને નામે શબ્દોની ઝાકમઝોળ મરીઝ પાસે હતી નહીં, એટલે મર્યાદિત જ્ઞાનની મર્યાદા વિશેષતા બની ગઈ. કોઈ પણ સર્જન ચોટદાર, પાણીદાર અને મર્મલક્ષી સરળતાથી બની શકે છે એનું ઉત્તમ ઉદાહરણ મરીઝનું સર્જન છે. જીવનની દર્દનાક, ગજબનાક અને ખોફનાક વ્યથા અસહ્ય હતી એટલે એ ધર્મઉપદેશકને કહે છે:

*ઝાહિદ મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં*
*મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ*

આવા તબાહીના સીતમથી સુરા અને સુરાલય સુધીની સફરે એમના દુઃખ દર્દોનો દમામ વધારી દીધો.

પરંતુ મરીઝે પોતાની આગવી સર્જનશક્તિથી સુરાલય, સાકી, શરાબ વગેરે પરંપરાના પ્રતીકોને નવાનવા અર્થમાં પ્રયોજીને પોતાની સુરા આશિકીને ગુજરાતી ગઝલ માટે વરદાનમાં ફેરવી નાખી છે. મરીઝના આવા કેટલાક શેર જોઈએ:

*મજા નથી છતાં પીધા વિના નહીં ચાલે*
*તરસ વધારી દીધી છે શરાબ આપીને*

મરીઝ મજા નથી છતાં પીવાની વાત કરે છે તો એક વખત એ ઝાહિદને પૂછે છે કે મને શરાબ ગમે છે છતાં ક્યારેક કંટાળો આવે છે તો તને નમાઝ વગેરે ક્રિયાકાંડ કરવામાં કંટાળો નથી આવતો? ઝાહિદને શરારતી છતાં અર્થપૂર્ણ સવાલ પૂછીને આ શબ્દના અર્થને નવું પરિમાણ આપે છે:

*કહે ઝાહિદ નમાઝ અંગેનો તારો શું અનુભવ છે?*
*કે અમને તો કદી ગુસ્સો આવે છે મદિરા પર*

મરીઝનો સવાલ ચેન આપીને બેચેન બનાવે છે. શરાબ અને જિંદગી, નશાની ક્ષણભંગુરતા અને જીવનની પણ એવી જ સડસડાટ ગતિને જલથી શબ્દથી એક અદ્ભુત વહનતા આપીને મરીઝે કહેલો શેર અમર થઈ ગયો છે:

*જિંદગીના રસને પીવામાં*
*કરો જલદી મરીઝ*
*એક તો ઓછી મદિરા છે*
*ને ગળતું જામ છે.*

આ મરીઝ મૂળ સૂરતના નામ અબ્બાસવાસી. સૂરતી મિજાજ, સરળતા અને આડંબર વગરની જિંદગી અને એવું જ સરળ તથા ચોટદાર સર્જન. ગુજરાતી ગઝલ સૂરત-રાંદેરમાં પનપી રહી હતી. ગઝલનો એક માહોલ ઊભો થયો હતો.

ગુજરાતમાં ગઝલ લોકપ્રિય થવા માંડી કારણ કે 'મહાગુજરાત ગઝલ મંડળ' ખૂબ જ સક્રિય હતું. ગામેગામ મુશાયરા થતા. તરહી મુશાયરા થાય જેમાં એક પંક્તિ આપવામાં આવતી અને ગઝલસર્જન થતું. એ અરસામાં મરીઝને ગઝલ લખવાનો વિચાર આવ્યો. મિત્ર અને શાયર અમીન આઝાદે પ્રોત્સાહન આપ્યું અને એક ધન્ય ક્ષણે મરીઝે ગઝલના રંગમંડપમાં પધરામણી કરી અને એક આખો યુગ સર્જાઈ ગયો. (ક્રમશઃ) ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કોઈની જિંદગી જીવી દેવાની કોશિશ ન કરો...

આ કોલમના લેખ માટે વિષય વિચારી રહ્યો હતો એ વખતે આરતી કુમાવત નામની એક યુવતીએ 'ફેસબુક' પર મૂકેલી એક રીલ યાદ આવી ગઈ. તે બિનગુજરાતી યુવતીને હું ઓળખતો નથી, પણ તે સોશ્યલ મીડિયા પર હિન્દી ભાષામાં હૃદયસ્પર્શી અને પ્રેરક રીલ્સ-પોસ્ટ્સ મૂકતી રહે છે. એવી જ એક રીલના શબ્દો લખીને વાચકો સાથે શેર કરવાનું મન થયું. આગળના શબ્દો આરતી કુમાવતના છે જેનું ગુજરાતીમાં રૂપાંતર કરીને વાચકો સમક્ષ મૂકું છું....

એક સાંજે પતિ દરવાજેથી જ સહજતાથી બોલ્યો, 'સાંભળ ને, હું મિત્રો સાથે બહાર જઉં છું.'

કપડાં ગોઠવી રહેલી પત્ની બોલી, 'ઠીક છે, મજા કરો.'

પતિ થોડો ચોંકી ગયો. પત્ની હંમેશાં કહેતી હતી કે 'જલદી આવજો. ગાડી ધ્યાનથી ચલાવજો, બહુ મોડું ના કરતા.' આવું કંઈ ને કંઈ કહેતી હતી, પણ આજે કશું જ નહીં. ન કોઈ સવાલ, તે બસ શાંતિથી બોલીઃ 'ઠીક છે.'

થોડા કલાક પછી તે મહિલાનો ટીનેજર દીકરો રસોડામાં આવ્યો. તેના હાથમાં એક કાગળ હતો અને તેનો ચહેરો પીળો પડી ગયેલો હતો.

'મમ્મી...' તે ધીમેથી બોલ્યોઃ 'મારું રિઝલ્ટ આવ્યું છે અને એ બહુ ખરાબ છે.' એટલું બોલીને તે ત્યાં જ ઊભો રહી ગયો. તેને વિશ્વાસ હતો કે આજે તો મમ્મી બહુ વઢશે. મમ્મી તેના ભણવાની બહુ ચિંતા કરતી રહેતી હતી તો આજે પાછું એ સાંભળવા મળશે કે 'સમય બગાડયો', 'તું તારી ક્ષમતા વેડફી રહ્યો છે' આવી લાંબી-લાંબી વાતો કરશે. તે આવું બધું સાંભળવાની તૈયારી કરીને આવ્યો હતો.

જોકે મમ્મીએ શાંતિથી કહ્યું, 'ઠીક છે.'

એનો છોકરો આંખો પહોળી કરીને બોલ્યો, 'બસ,ઠીક છે?'

'હા,' તે મહિલાએ બહુ પ્રેમથી કહ્યુંઃ 'વધુ ભણીશ તો સારું રિઝલ્ટ આવશે. નહીં કરે તો સેમેસ્ટર રિપીટ કરવું પડશે. તારી મરજી. હું બંને હાલતમાં તારી સાથે છું.'

ટીનેજર છોકરો દંગ રહી ગયો. તે વિચારમાં પડી ગયો કે મમ્મી આટલી શાંત ક્યારે થઈ ગઈ?

બીજે દિવસે બપોરે પેલી મહિલાની દીકરી ગભરાતી-ગભરાતી ઘરમાં આવી. તે થોડીવાર લિવિંગ રૂમમાં ઊભી રહી અને પછી હિંમત કરીને બોલીઃ

'મમ્મી... હું... મેં કારને ટક્કર મારી દીધી. મોટું કંઈ નુકસાન નથી, બસ આપણી કારમાં થોડા સ્ક્રેચ આવી ગયા છે.'

તે મહિલા કશું જ ન બોલી. તેણે હળવું સ્મિત કર્યું અને પછી બસ એટલું જ કહ્યું કે 'ઠીક છે. કાલે ગાડી વર્કશોપમાં આપી દેજે.'

'તને ગુસ્સો નથી આવ્યો, મમ્મી?' દીકરીએ ડરતાં-ડરતાં પૂછયું.

'ના, ગુસ્સો કરવાથી કાર ઠીક તો નથી થઈ જવાની! હવે ધ્યાન રાખીને ચલાવજે.'

હવે ઘરમાં બધા ચિંતિત થઈ ગયા કે આ એ જ પત્ની- મમ્મી પહેલાં જેવી નહોતી રહી. તે પહેલા જલ્દી ગુસ્સે થઈ જતી હતી, તરત જ ટેન્શનમાં આવી જતી હતી, જલ્દી બોલી નાખતી હતી. હવે તે અચાનક શાંત, સ્થિર અને અંદરથી ખુશ દેખાતી હતી.

બધા અંદરઅંદર વાત કરવા લાગ્યા કે 'શું કંઈક ગરબડ છે? આની તબિયત તો સારી છે ને? તેને કૈંક થઈ ગયું છે કે શું?'

એક સાંજે બધાએ તેને ડાઈનિંગ ટેબલ પર બેસાડીને તેની સાથે વાત કરી.


'સાંભળ.'પતિએ તેને કહ્યું, 'તું ઘણા દિવસોથી બહુ બદલાઈ ગઈ છો. કંઈ પણ હોય તને ગુસ્સો નથી આવતો, તું કશું રિએક્ટ નથી કરતી, બધું ઠીક તો છે ને?'

પતિના ચહેરા સામે જોઈને મહિલાએ સ્મિત કરતાં કહ્યું. 'કશું નથી થયું. બધું બરાબર ચાલી રહ્યું છે. મને બસ એક વાત સમજાઈ ગઈ છે...'

બધાં ચૂપ થઈ ગયાં.

મહિલાએ કહ્યુંઃ 'ઘણા વર્ષો પછી અહેસાસ થયો કે દરેક માણસ પોતાના જીવન માટે પોતે જ જવાબદાર હોય છે.'

પતિએ પૂછયું , 'મતલબ?'




તે મહિલા હાથ જોડીને ટેબલ પાસે ઊભી રહી અને બોલી, 'હું પહેલા દરેક વાતે ચિંતા કરતી હતી. તમને મોડું થઈ જાય તો હું ગભરાઈ જતી હતી. બાળકોના સારા માર્કસ ન આવે તો મને અપરાધ-બોધ જેવું લાગતું હતું. કશુંક તૂટી જાય તો ગુસ્સો આવતો, ઘરમાં કોઈ સભ્ય નારાજ થઈ જાય તો તેને મનાવવા માટે દોડધામ. હું બધાની સમસ્યાને પોતાની માની બેઠી હતી, પણ એક દિવસ મને સમજાયું કે મારી ચિંતાથી તમારી બધાની સમસ્યાઓ દૂર નથી થતી, બસ મારી શાંતિ જતી રહે છે!'

પતિ -દીકરો અને દીકરી ચૂપચાપ સાંભળી રહ્યાં હતાં.

તેણે આગળ વાત વધારી, 'મારી ચિંતાથી તમને કોઈ ફાયદો નહીં થાય. મારી દોડધામ તમારું જીવન આસાન નથી કરતી, બસ મારું જીવન મુશ્કેલ કરી દે છે. હું તમને સલાહ આપી શકું છું, પ્રેમ કરી શકું છું, સાથ આપી શકું છું, પણ તમારું જીવન હું તમારા બદલે જીવી નથી શકતી. જે નિર્ણય તમે લોકો લો છો એના પરિણામનો સામનો તમારે જ કરવો પડે છે, એ પછી સારા હોય કે ખરાબ.'

તે એક ક્ષણેક અટકી પછી સ્મિત કરીને ઉમેર્યું, 'એટલે મેં નક્કી કર્યું છે કે જે મારા કંટ્રોલમાં નથી તેને કંટ્રોલ કરવાની કોશિશ નહીં કરું.'

દીકરો બોલી ઊઠ્યોઃ 'મતલબ, તને અમારી કોઈ ચિંતા નથી?'

તેણે માથું હલાવીને કહ્યું, 'મને તમારા બધાની બહુ ચિંતા છે, પણ ચિંતા કરવી અને બધા પર નિયંત્રણ રાખવું એ બંને અલગ વાત છે. હું તમારા બધા પર બધુ લૂંટાવી શકું છું, પણ એ માટે મારી માનસિક શાંતિ ગુમાવી દેવી યોગ્ય નથી.'

ઘરમાં શાંતિ છવાઈ ગઈ. પછી પતિ -દીકરા -દીકરી સામે જોતાં પ્રેમથી બોલી,

'મારું કામ છે તમને પ્રેમ આપવાનું, માર્ગદર્શન આપવાનું અને જરૂર પડે તો તમારી સાથે ઊભા રહેવાનું, પણ તમારું કામ છે પોતાની જિંદગીને જાતે જ સંભાળવાનું, તમારા નિર્ણય જાતે જ લેવાનું અને એના પરિણામ ભોગવવાનું. એમ જ દરેક માણસનો ઉછેર થાય છે વિકાસ પામે છે એટલે હવે કંઈ પણ ખોટું થાય તો એ ઠીક કરવાનું મારા હાથમાં નથી. હું શાંત રહીશ તો એનાથી તમે જ શીખશો. કારણ કે જીવન એવું જ હોય છે. બધાને શીખવાડે.'

ફરી ઘરમાં શાંતિ છવાઈ ગઈ. પતિએ તેનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું, 'આજે તેં અમને બધાને કશુંક શીખવી દીધું.'

તે હસી, 'કદાચ. પણ આ વાત મારે જાતે શીખવી પડી.'

એ રાતે બધાએ તેના શબ્દો પર વિચાર કર્યો. દીકરો ભણવા લાગ્યો. એટલે નહીં કે મમ્મી ખીજાશે, પણ એટલે કે તે સમજી ગયો કે એ તેની જવાબદારી છે. દીકરીએ જાતે જ કાર રીપેર કરાવવાનું કામ હાથ ધર્યું. તે ઈન્શ્યોરન્સની પ્રક્રિયા સમજી ગઈ. પતિ હવે બહાર જતી વખતે જાતે જ ફોન કરીને કહેવા લાગ્યો. એટલે નહીં કે તેને કહેવામાં આવ્યું હતું, પણ તેને એવું કરવું બરાબર લાગ્યું.'

થોડા દિવસોમાં ઘરમાં બધું ધીરે-ધીરે હળવું લાગવા લાગ્યું. બધાં કોઈ ડરથી નહીં, સમજદારીથી વર્તવા લાગ્યા. કોઈ એવા વિચારથી દબાયેલું નહોતું કે 'જો કોઈ ભૂલ થશે તો સાંભળવું પડશે.' કારણ જો કોઈ એક માણસ પણ ઘરમાં શાંતિ રાખશે, તો એ શાંતિ બધામાં ફેલાશે. શાંતિ પણ એક સંક્રમણની જેમ જ ફેલાય છે. કોઈ એક માણસ નિયંત્રણ કરવાનું છોડી દેશે તો બાકી બધાં પોતાનાં પર નિયંત્રણ રાખવાનું શીખી જશે.

ooo

આરતી કુમાવતની વાત અહીં પૂરી થાય છે, પણ દરેક વ્યક્તિએ આ વાત જીવનમાં ઉતારવા જેવી છે. મોટાં ભાગની તકલીફોનું મૂળ એ જ હોય છે કે કોઈ એક વ્યક્તિ ઘરમાં કે ઓફિસમાં કે કોઈ પણ પ્રોજેક્ટમાં બધાં પર નિયંત્રણ કરવાની કોશિશ કરતી હોય છે. ■


મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# લાઈફ નામે 'કમ્પ્લેઇન બૉક્સ': મેરી બિનતી સુનો તો માનું!

**ટાઈટલ્સઃ**
**અભાવ આપણો સ્વભાવ બની જાય છે.**
**(છેલવાણી)**

ભારત, ખેતીપ્રધાન જ નહીં પણ 'ફરિયાદપ્રધાન' દેશ છે. આપણા દેશમાં ૧૪૦ કરોડ ફરિયાદો, આ દેશમાં વસે-શ્વસે છે. ફરિયાદ ઉર્ફ શિકાયત ઉર્ફ શિકવા વિશે લખાયેલું ગીત 'તેરે બીના જિંદગી સે કોઈ શિકવા નહીં' એક જમાનામાં રેડિયો પર આકાશવાણીનું સૌથી લોકપ્રિય ગીત હતું. ભારતીયોની તાસિર છે કે મુઘલ સલ્તનત હોય, અંગ્રેજો હોય કે પછી આઝાદી બાદ સરકાર કોઇ પણ હોય, આપણી અમુક ફરિયાદો એવી ને એવી જ રહે છે. ક્યારેક થાય કે આપણે ફરિયાદ કરવા જ આઝાદ થયેલા કે શું? આમાં પબ્લિકનો વાંક નથી પણ ના બદલાતા સંજોગો સામે, સંગદિલ સરકારો સામે શું ફરિયાદો કરવાની?




ડિસેમ્બર ૨૦૨૪માં પ.બંગાળના જલપાઈગુડીની પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલે એક 'લેટરબૉક્સ' મૂકેલું, જેમાં બાળકોને શિક્ષકો કે મધ્યાહન ભોજન વિશે ફરિયાદ હોય તો લખીને એમાં મૂકે. મહિના બાદ આ લેટરબૉક્સને ખોલ્યું ત્યારે અધધધ ૨૦૦ પત્રો બાળકોએ કાલીઘેલી ભાષામાં લખેલા. નવાઈની વાત એ હતી કે એકપણ પત્રમાં શાળા વિશેની ફરિયાદ નહોતી. એમાં બાળકોએ પોતાના દિલની વાત લખેલી!

એક બાળકે લખ્યું કે 'હું સવારે વધારે ઊંઘી શકતો નથી...મમ્મી વઢે છે!', બીજી ફરિયાદમાં દુઃખી બાળકે લખેલુંઃ 'મારાં મમ્મી-પપ્પા રોજ ઝઘડ્યાકરે છે... ઘરે જવાનું મન જ નથી થતું, મને મારાં માબાપથી છૂટાછેડા અપાવો.' ઘરમાં થતી ઘટનાઓની કેવી નિર્દોષ ફરિયાદો બાળકોના મનમાં ઘર કરી જાય છે.

ફરિયાદમાં બાળકો જ નહીં, પણ વૃદ્ધો પણ કંઈ ઓછા નથી. એક ગામમાં વૃદ્ધ માણસ, સતત વરસાદથી પરેશાન હતો, કારણ કે એના કુંભાર જમાઈનાં માટલાં વરસાદને લીધે સુકાતાં નહીં ને નુકસાન થતું.

વૃદ્ધે ભગવાનને પત્ર લખ્યોઃ 'વ્હાલા પ્રભુ, એક અઠવાડિયું વરસાદ બંધ કરો. મારા જમાઈને માટલાં સૂકવામાં તકલીફ પડે છે.' લેટર મંદિરની દાનપેટીમાં નાખી દીધો અને ખરેખર જ અચાનક બીજે દિવસે વરસાદ સાવ બંધ!

પેલા વૃદ્ધ માણસે ફરી મંદિરે આવીને ફરી નવો પત્ર લખ્યોઃ 'પરમકૃપાળુ પ્રભુ, તમે ખરા છો! આમ મારું માનીને સાવ વરસાદ અટકાવાતો હશે? અરે, મારો બીજો જમાઈ ખેડૂત છે, એ વરસાદ વિના બરબાદ થઈ જશે. જરા સમજો અંતર્યામી!'

અર્થાત્ ફરિયાદ આપણો 'સ્થાયીભાવ' એટલે કે હંમેશાંનો સ્વભાવ છે. પછી કાઈ બાળક હોય, વૃદ્ધ હોય કે જુવાન.

એક જુવાન છોકરો પ્રેમભંગથી દુઃખી હતો. એને છોડી ગયેલી પ્રેમિકાને 'ફરિયાદ' કરતો પત્ર લખ્યોઃ 'પ્રિય પ્રિયા, તેં મારું દિલ ચોર્યું અને તારું દિલ ના આપ્યું. અને ઉપરથી મારું દિલ લઈને એ પણ પાછું ન આપ્યું!' પછી એ લેટરને જ્યાં છોકરીને રોજ મળતો, એ કૉફીહાઉસના 'સજેશન બૉક્સ'માં નાખી દીધો. કૅફેના માલિકે એ લેટરને ભીંત પર 'આજ કા સ્પે. આઇટમ'વાળા મેન્યૂબોર્ડ પર ચોંટાડીને જાહેરમાં મૂક્યો.

બીજા અઠવાડિયે, પપ્પુની પ્રેમિકા પ્રિયાએ એ બોર્ડ પર જવાબ લખીને મૂક્યોઃ 'મિ.બોરિંગ મજનૂ પપ્પુ, તારી ફરિયાદ મળી. હમણાં મારું દિલ સ્ટૉકમાં અવેલેબલ નથી, તારો ઑર્ડર 'વેઇટિંગ લિસ્ટ'માં છે. ત્યાં સુધી કોઈ નવું દિલ શોધી લે!'

(તા.ક. તારું દિલ, મારા સ્ટાંડર્ડ મુજબ બહુ ફાલતુ અને ચાલુ હતું, એને કચરામાં ફેંકી દીધું. પાછું નહીં મળે.) આમ કૉફીહાઉસ, દિલજલા આશિકોનું કમ્પ્લેઇનખાતું બની ગયું.

**ઇન્ટરવલઃ**
**કહીં તો હૈ સપના ઔર કહીં તો હૈ યાદ,**
**કહીં તો હંસી હૈ, કહીં ફરિયાદ. (અમિત ખન્ના)**

ઘણાને જીવનોપરાંત જન્મ પહેલાંની ઘટનાઓ વિશેય ફરિયાદ હોય, જેમ કે-માબાપની ભૂલને કારણે ધરતી પર અવતરવું પડ્યું. બીજાં મા-બાપ મળ્યાં હોત તો આજે સારું હોત. (હા, કદાચ સોમાલિયામાં જનમ્યાં હોત તો સુખી હોત!)

વળી સરકારી ખાતું ફરિયાદ નથી સાંભળતું એવું સાવ નથી. ૨૦૧૯માં તામિલનાડુના એક ગામડામાં સુધરાઈની ઑફિસમાં પીવાનું પાણી, ઇલેક્ટ્રિસિટી ને કચરા જેવી સમસ્યાઓ માટે 'કમ્પ્લેઇન બૉક્સ' મુકાયું. એક જ અઠવાડિયામાં કમ્પ્લેઇન બૉક્સ ફરિયાદોથી ઊભરાઈ ગયું. એમાં સુધરાઇ સિવાયની ફરિયાદો હતી : પત્નીની ખરાબ રસોઈ વિશે, ખોવાયેલી ભેંસ વિશે, સાસુના ત્રાસ વિશે ફરિયાદો હતી! વળી એક બાળકે ફરિયાદ કરેલીઃ 'સ્કૂલમાં હોમવર્ક બહુ આપે છે. શિક્ષકને કોઈ વઢો!'

આપણાં સૌના જીવનમાં સાસબહુની સિરિયલોની લાંબી વાર્તાઓની જેમ ફરિયાદોનો અંત જ નથી આવતો. અરે, આપણે ત્યાં તો ભક્તિ સંગીતમાં ખુદ ઈશ્વરને ફરિયાદ કરતાં કે ધમકાવતાં ગીતો-ભજનો લખાયાં છે તો સરકાર કે સુધરાઈની શું વાત કરવી?

૨૦૧૭માં ઇંગ્લેંડમાં પીટર નામના માણસે નગરપાલિકાને રોડ પરના ખાડાઓ વિશે રમૂજી ફરિયાદ પત્ર લખ્યો. એણે લખ્યું કે, 'વિંડરમિયર વિસ્તારમાં મોટા ખાડાથી તળાવ બની જાય છે તો એને 'લેક વિંડરમિયર' તરીકે જાહેર કરી દો....'વળી એણે રમકડાની ફિશિંગ રોડ સાથે માછલી પકડતો ફોટો પણ મોકલ્યો.

નગરપાલિકાએ ખાડો તો રિપેર કર્યો અને છાપામાં સામો જવાબ આપ્યોઃ 'મિ.પીટર, વિન્ડરમિયરનું તળાવ ભરાઈ ગયું છે. પણ કૃપા કરીને શહેરના રસ્તાઓમાં માછલી ન પકડો! ઘરના બાથટબમાં આ મહાન કામ કરો.'

સારું છે કે ઇંગ્લેંડમાં ફરિયાદ સાંભળીને ખાડા રીપેર થયા. બાકી આપણે ત્યાં તો આવી ફરિયાદ કરીએ તો નગરપાલિકાવાળો ખરેખર ખાડાને 'તળાવ' જાહેર કરીને લોકલ નેતા દ્વારા ઉદ્ઘાટન કરાવે.

ઇનશૉર્ટ, માત્ર ભારતમાં જ નહીં આખી દુનિયામાં 'ફરિયાદજીવી' લોકો વસે છે. પણ હા, આપણા લોકોને તો પરમાત્માથી માંડીને પાર્લામેન્ટ સુધી ફરિયાદ કરવી વિશેષ ગમે છે.

**ઍન્ડટાઇટલ્સઃ**
**આદમઃ મારી તારા સામે એક ફરિયાદ છે.**
**ઇવઃ ફરીથી બોલ તો!** ■

હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# પુસ્તકની ચોરી તે કંઈ ચોરી કહેવાય!

વિદ્વાન માણસો કાયમ વિદ્વાન પેઠે વર્તતા નથી હોતા, કેટલીકવાર તેઓ મૂર્ખની જેમ વર્તન કરે છે. અતિ ક્ષુલ્લક કારણસર આપઘાત કરી નાખે છે. આવા એક વિદ્વાનને તેમની બેવકૂફી માટે મરણોત્તર ઠપકો આપવાના આશયથી આ લેખ લખીએ છીએ. એ વિદ્વાન કલકત્તાના એક સજ્જન હતા. હા, વિદ્વાન હોવા ઉપરાંત તેઓ સજ્જન પણ હતા. નામ ઉત્પલ મુખરજી, સુખી પણ હતા - કુંવારા હતા. તેમનો એક માત્ર શોખ હતો પુસ્તકો વાંચવાનો. તેઓ જર્મન ભાષામાં વિચારી શકતા, ફ્રેન્ચમાં સ્વપ્ન જોતા ને સ્પૅનિશમાં ગાઈ શકતા. આ ઉપરાંત અનેક ભારતીય ભાષાઓનું જ્ઞાન બોનસમાં. પુસ્તકો પ્રત્યેનો તેમનો પ્રેમ આંધળો જ નહીં, ગાંડો હતો. પુસ્તકોને લીધે તેમણે પ્રાણ ખોયા.

અપ્રાપ્ય પુસ્તકો પોતાના ઓશીકા પાસે રાખે નહિ ત્યાં સુધી તેઓ ઊંઘી શકતા નહિ. પુસ્તકોને પગ નહિ હોવાને કારણે તેઓ મુખરજી પાસે સામે ચાલીને આવી શકતાં નથી એ વાતનું જ્ઞાન હોવાને લીધે મોટી-મોટી લાઈબ્રેરીઓમાંથી દુર્લભ ગ્રંથોનું સ્થળાંતર કરી તેઓ પોતાની અંગત લાઈબ્રેરી સમૃદ્ધ કરતા. માણસની જેમ પુસ્તકોને નસીબ હોય છે. કેટલાંક નસીબદાર પુસ્તકો લાઇબ્રેરીમાં પડ્યાં-પડ્યાં નિસાસા નાખવાને બદલે આ વિદ્વાનની લાઈબ્રેરીનું ઘરેણું બનવાનું ગૌરવ મેળવતાં.

પણ એક ગ્રંથે દગો કર્યો. આ વિદ્વાનને સપડાવી દીધા. કલકત્તા નૅશનલ લાઇબ્રેરીમાંથી તફડાવેલ એક અમૂલ્ય ગ્રંથ પોતાની અંગત લાઇબ્રેરીમાં ગોઠવીને જેવા તેઓ ઓરડાની બહાર નીકળ્યા કે તરત જ તેમને પકડી લેવામાં આવ્યા. છેલ્લાં લગભગ ચૌદ વર્ષથી તેઓ આ લાઈબ્રેરીના સભ્ય (અં. મેમ્બર) હતા ને અનુકૂળતા પ્રમાણે પુસ્તકો ઘરભેગાં કરી લેતા. આ રીતે પકડાઈ જશે એની તેમને ખુદને કલ્પના નહોતી ને તેઓ પુસ્તક-ચોર હશે એવી લાઈબ્રેરિયનને કલ્પના નહોતી. બંને સાથે સ્તબ્ધ થઈ ગયા. લાઈબ્રેરીના એક ઉચ્ચ અધિકારીને આ વિદ્વાનની દયા પણ આવી ને તેમની ધરપકડ ના કરવા પોલીસને વિનંતી કરી, કેમ કે પુસ્તકો ઉઠાવી જવાનો પરિશ્રમ ઉઠાવવા ઉપરાંત તેઓ સ્પૅનિશ ભાષામાંથી અંગ્રેજી અનુવાદ કરવાના કામમાં પણ લાઈબ્રેરીને સહાયભૂત થતા.

પોલીસને રિમાન્ડની તકલીફ આપ્યા વગર આ મુખરજી મોશાયે પુસ્તકોની ચોરી કબૂલી લીધી. તેમની અંગત લાઈબ્રેરીમાંથી જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલયના સિક્કાવાળા ૫૪ દુર્લભ ગ્રંથો મળી આવ્યા. આ ગ્રંથો જર્મન, ફ્રેન્ચ અને સ્પૅનિશ ભાષાના હતા. આ પરથી સમજી શકાય છે કોઈ પણ એક જ ભાષા માટે તેમને પક્ષપાત નહોતો.

આટલે સુધી બધું બરાબર છે. અગત્યના સમાચાર હવે આવે છે. પોતે પુસ્તકચોર છે એની પ્રજાને ખબર પડી જશે એ વિચારે ઉત્પલ મુખરજીને સખત આઘાત લાગ્યો. આથી ઘરની છત પર સીલિંગ ફૅન પર લટકીને તેમણે જીવન ટૂંકાવી નાખ્યું. જે પુસ્તકોએ તેમને વિદ્વાન બનાવેલા એ જ પુસ્તકોને લીધે તેમને જ્ઞાનથી ભરેલા મગજ સાથેનું સમગ્ર શરીર ત્યજી દેવું પડ્યું.

બસ, આ જ તેમનું મૂર્ખાઈભર્યું કામ, જેને માટે તેમને મરણોત્તર ઠપકો દેવાનો છે. ભલા મુખરજી, પુસ્તકની ચોરી તે કંઈ ચોરી કહેવાય! જેને વાંચવાનું વ્યસન છે એવા કોઈ પણ પુસ્તકપ્રેમીની અંગત લાઈબ્રેરી પર છાપો મારવામાં આવે તો એમાંથી બીજાઓ પાસેથી વાંચવા લાવેલા ને પરત નહિ કરેલાં અનેક પુસ્તકો નીકળી આવશે. જાણતાં કે અજાણતાં માણસ અન્યનાં પુસ્તકોથી પોતાની લાઈબ્રેરી સજાવતા હોય છે. એટલે જ કહેવાયું છે કે કેટલાક લોકો પુસ્તકો ઉછીનાં મેળવે છે, કેટલાક ચોરી લે છે, બાકીના લેખક પાસેથી ભેટમાં માગી લે છે. અમે તો આગળ વધીને એમ પણ કહેવા તૈયાર છીએ કે મૂર્ખ લોકો પુસ્તકો ખરીદે છે ને ડાહ્યા માણસો તે પુસ્તકોથી પોતાની લાઈબ્રેરી સજાવે છે. એટલે આ રીતે જો બધા જ પુસ્તકપ્રેમીઓ વિચારે તો લાખો પુસ્તકરસિયાઓએ સામૂહિક આત્મહત્યા કરી નાખવી પડે. મુખરજીએ આટલા બધા 'ટચી' થવાની કે આટલી મોટી સંખ્યામાં પુસ્તકો હસ્તગત કરવાની જરૂર નહોતી.

આ મુખરજીનો સી.આર. આમ તો સારો છે. કલકત્તાની રિઝર્વ બૅન્કમાં સિનિયર કલાર્ક હોવા છતાં પેલા મહાન વાર્તાકાર ઓ. હેન્રીની જેમ બૅન્કમાંથી ફ્રૉડ કરવા બદલ ક્યારેય પકડાયા નહોતા. તેમના પર પોલીસ-કેસ પણ નહોતો થયો. માત્ર જે-તે માલિક લાઈબ્રેરીને એ પુસ્તકો પરત કરાયાં ન હતાં ને આવડી અમથી વાતમાં આ વિદ્વાન મૂર્ખાઈ આચરી બેઠા!

ભારતીય દંડસંહિતામાં આત્મહત્યાને ગુનો લેખવામાં આવે છે, પણ પ્રાચીન ગ્રંથોમાં મોટા ગુનાઓના પ્રાયશ્ચિતરૂપે આત્મહત્યાની છૂટ આપી છે. ભગવાન મનુએ તેમ જ અન્ય શાસ્ત્રકારોએ આ મહાપાતકોમાં બ્રહ્મહત્યા, સુરાપાન, બ્રાહ્મણના સોનાની ચોરી ને ગુરુપત્ની સાથેના વ્યાભિચાર વગેરેને સમાવ્યાં છે. આમાં ક્યાંય પુસ્તક-ચોરીનો મહાપાતક તરીકે ઉલ્લેખ થયો નથી. પુસ્તક એ આમ તો ચોરી કરવા જેવી વસ્તુ છે જ નહિ. કોઈ ચોરે પુસ્તકોની દુકાનમાં હાથ મારીને ઢગલાબંધ પુસ્તકો લઈ લીધાંનો કિસ્સો અમે તો છાપામાં વાંચ્યો નથી. અરે, એક વાર તો પત્નીએ અમારાં લખેલાં પુસ્તકો ઉદારતાપૂર્વક મહેમાનોને લહાણીની જેમ વહેંચેલાં ને આ વાતની જાણ અમારાં સગાં-સ્નેહીઓમાં થઈ ગયા પછી ઘણા સમય સુધી લોકોની અવરજવર અમારે ત્યાં બંધ થઈ ગઈ હતી.

એટલે, ભાઈ મુખરજી, આ તમને શું સૂઝયું! ભગવાન મનુના જણાવ્યા અનુસાર ખોટાં સાધનોથી, ખોટા કારણે ગુજરી જવાને લીધે તમને મોક્ષ નહિ મળે. તમારો જીવ પુસ્તકોમાં ખૂંપી ગયો હશે તો હવે કદાચ તમારે ઉધઈ તરીકે અવતાર લેવો પડશે. જોકે પછી તમે કોઈ પણ દુર્લભ પુસ્તકમાં આસાનીથી પ્રવેશી શકશો ને પુસ્તકમાં ઇચ્છશો એટલો સમય રહી શકશો. પુસ્તક આખેઆખું હજમ કરી જશો તો પણ કોઈ તમને પુસ્તક-ચોર નહિ કહે.

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પાંચસે મળ્યા પીંજારા ને છસ્સે મળ્યા તાઈ, ઝાંપે જઈને ઘેરો ઘાલ્યો ત્યારે મૂઈ માંખ શાહી



તમારું બાળપણ જો ગુજરાતી માધ્યમની શાળામાં પસાર થયું હશે અને જો ઘરમાં તમને વડીલો પાસેથી વાર્તા સાંભળવાનો લ્હાવો મળ્યો હશે તો તમે દલા તરવાડીની વાર્તા અવશ્ય સાંભળી હશે. એમાં ભટ્ટ-ભટ્ટાણીની વાત આવે છે. ભટ્ટાણીને એકવાર રીંગણાંનો ઓળો ખાવાની ઇચ્છા થાય છે અને એ ભટ્ટને રીંગણાં લાવવા ફરમાન કરે છે. દલા તરવાડી વાડીએ પહોંચે છે અને જુએ છે તો વાડીનો ધણી દેખાતો નથી. એટલે તરવાડી વાડીને જ પૂછે છે કે 'રીંગણાં લઉં બે-ચાર?' વાડી થોડી જવાબ આપવાની હતી. એટલે તરવાડી જ વાડી વતી જવાબ આપે છે કે 'લ્યોને દસ-બાર'. ચોરી કરતાં તરવાડી અંતે ઝડપાઈ જાય છે એવું વાર્તામાં આગળ આવે છે. આપણે અહીં દસ-બારના ઉલ્લેખની વાત કરવી છે. આ દસ-બાર કોઈ ચોક્કસ આંકડો નથી, પણ એક અટકળ સંખ્યા દર્શાવે છે જેનો અર્થ જોઈતા હોય એટલા લઈ લો એવો થાય છે. એવી જ રીતે **પાંચ-દસ** એ કોઈ નિશ્ચિત સંખ્યા નથી, પણ એક અંદાજ કે અટકળ છે. પાંચ-દસ રૂપિયા છે? અથવા કામ નહીં થવાનાં પાંચ-દસ કારણો આપવામાં આવ્યાં એમ કહેવામાં આવે ત્યારે એક અંદાજની વાત હોય છે. પાંચની હાજરી હોય એવી અનેક કહેવતો જાણીતી છે. **પાંચ આંગળાં સરખાં ન હોય.** મતલબ કે માણસો જાતજાતના અને ભાતભાતના હોય. એમાં ફરક તો રહેવાનો જ. ટૂંક સમયની કે થોડા સમયની જાહોજલાલી માટે **પાંચ દહાડાની પાદશાહી** કહેવતનો ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. માંડવાનું સૌંદર્ય જોઈ વરરાજાએ પાંચ વાર લગ્ન કર્યાં એના માટે **પાંદડાં દેખી પનોજી પાંચ વાર પરણ્યો** એવી મજેદાર કહેવત પણ છે. કોઈ જાહોજલાલી ધરાવતી કે મોટી સત્તા ધરાવતી વ્યક્તિ હોય એના નાના અમથા કામ માટે પણ કેટલી મોટી વ્યવસ્થા કરવી પડે એના પર કટાક્ષ કરતી કહેવત છે કે **પાંચસે મળ્યા પીંજારા ને છસ્સે મળ્યા તાઈ, ઝાંપે જઈને ઘેરો ઘાલ્યો ત્યારે મૂઈ માંખ શાહી.** નાની અમથી મધમાખીને મારવા કેવી પળોજણ કરવી પડી, કારણ કે એ શાહી મધમાખી હતી એ વાત કરવામાં આવી છે. **પાંચ ત્યાં પરમેશ્વર** એટલે ઘણા લોકો કહે એ વાત સાચી. **પાંચ-પાંચ શેરની ઝીંકવી** એટલે બે છૂટ ગાળો આપવી, અપશબ્દો કહેવા. પાંચ વરસનો ઘરધણી ને સો વરસનો સુથાર કહેવતમાં હક્કને ઉંમર સાથે સંબંધ હોતો નથી એ વાત પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. **પાંચ વસાનું આદમી ને વીસ વસાનું વસ્તર** કહેવતમાં ચારિત્ર્ય કરતાં પોશાક વધુ અસરકારક હોવાનું કહેવામાં આવ્યું છે.

સગ્ગી બહિણ

## म्हणी मध्ये पाच

હિન્દી અને મરાઠી એ બંને ભાષા બોલવામાં અને એની રચનામાં ઘણી ભિન્ન છે એ ખરું, પણ બંને ભાષા લખાય છે દેવનાગરી લિપિમાં. **देवनागरी लिपीत लिहिली जाणारी मराठी भाषामध्ये संस्कृतपेक्षा टिंब (अनुस्वार) तुलनेने कमी वापरतात। भाषेचा सुटसुटीतपणा आणि बोलण्याची सहजता हे या मागची कारणं आहेत।** સંસ્કૃતની સરખામણીમાં મરાઠીમાં ટિંબ એટલે કે અનુસ્વારનો ઉપયોગ ઓછો જોવા મળે છે. ભાષાનો પ્રવાહ જળવાય અને બોલવામાં સહજતા રહે એ ઉદ્દેશ છે. ગુજરાતીમાં પાંચ લખાય, **हिंदी में भी पांच लिखते हैं,** પણ **मराठीत पाच लिहिलं जातं।** મરાઠીમાં અનુસ્વાર ગાયબ છે. **मराठी भाषेमध्ये 'पाच' या अंकाचा वापर करुन तयार झालेल्या काही प्रमुख म्हणी खालील प्रमाणे आहेत, ज्या आपल्या दैनंदिन जीवनातील परिस्थिति दर्शवतात.** પાંચની હાજરી હોય એવી મરાઠી ભાષાની કેટલીક જાણીતી કહેવતોથી આપણે વાકેફ થઈએ. આ કહેવતો આપણા દૈનિક જીવનમાં વણાયેલી પરિસ્થિતિ સંદર્ભે છે. પહેલી કહેવત છે **पाचमुखी परमेश्वर-पुष्कळ लोक जे बोलतात ते खरे असते किंवा सर्वांच्या मते जे योग्य आहे तेच खरे.** અનેક લોકો બોલતા હોય કે સ્વીકારતા હોય એ સત્ય બની જતું હોય છે એ એનો ભાવાર્થ છે. લોકો કોઈ વાત માની લે ત્યારે આ કહેવતનો સંદર્ભ વપરાય છે. હવે આટલું વાંચીને જો તમને તરત હિટલરનો ગોબેલ્સ સિદ્ધાંત યાદ આવી ગયો હોય તો એમાં તમારો વાંક નથી. **पाचवीला पुजणे** કહેવત સમજવા માટે પરંપરા જાણવી જરૂરી છે. **पाचवीला पुजणे (किंवा पाचवी/सटवाईची पूजा) हा हिंदु धर्मातील एक पारंपरिक विधि आहे, जो बाळ जन्माला आल्यानंतर पाचव्या (किंवा सहाव्या) दिवशी केला जातो. या दिवशी सटवाई देवीची पूजा करुन, ती बाळाचे नशीब आणि भविष्य लिहिते, अशी श्रद्धा आहे.** હિન્દુ ધર્મમાં બાળકના જન્મ પછી પાંચમા (અથવા છઠ્ઠા) દિવસે એક વિધિ કરવાની પરંપરા છે. બાળક નિરોગી રહે અને એનું ભવિષ્ય ઉજ્જવળ બને એ માટે દેવીની પૂજા કરવામાં આવે છે અને દેવી બાળકના વિધિના લેખ લખે એવી માન્યતા - શ્રદ્ધા છે. એ સંદર્ભ લઈ કોઈ બાબત વારંવાર માથે આવી પડે કે પછી નસીબમાં જ છે એવી લાગણી થાય ત્યારે આ કહેવત વાપરવામાં આવે છે. **पाच बोटं सारखी नसतात** કહેવત તો ખૂબ જ જાણીતી છે. **जशी हाताची पाच बोटे सारखी नसतात, तसे सर्व माणसे स्वभावाने सारखी नसतात.** હાથની પાંચ આંગળી સરખી ન હોય એમ બધા માણસો પણ સરખા ન હોય એ એનો ભાવાર્થ છે. વિશેષ કરી ઘરનાં બાળકોના સ્વભાવ - આચરણમાં રહેલા ફરક સંદર્ભમાં આ કહેવત વપરાય છે.

राष्ट्र भाषा

## पांच की कहावतें




હિન્દી ભાષામાં સુધ્ધાં પાંચનો આંકડો સ્થાન ધરાવે છે. વિવિધ કહેવતો અને રૂઢિપ્રયોગમાં એની હાજરી જોવા મળે છે. **'पांच' शब्द का उपयोग करने वाली प्रमुख हिंदी कहावतें और उनके अर्थ जानते हैं.** આવો પાંચનો ઉપયોગ થયો હોય એવી કહેવતો એના અર્થ સાથે જાણીએ અને ભાષા સમૃદ્ધિ વધારીએ. પહેલી કહેવત છે **छीले चार, बघारे पांच : चार आलू या प्याज छीलकर पकाने की तैयारी करना और फिर गलती से पांच बार या गलत तरीके से उसका बघार (तडका) लगा देना-यह काम की अव्यवस्था और नासमझी को दर्शाता है। मूर्ख होने पर भी अपने आप को बुद्धिमान समझना।** ચાર બટાકા અથવા કાંદાની છાલ ઉતારી એ રાંધવાની તૈયારી કરવી અને પછી ભૂલમાં પાંચ વાર એનો વઘાર કરવો. મૂર્ખ વ્યક્તિ જાતને બુદ્ધિમાન સમજતી હોય ત્યારે આવું બનતું હોય છે. ઢંગધડા વગરનું આયોજન અને ઓછી સમજનું આ પરિણામ છે. **टके तीतर महंगा पांच रुपये में सस्ता : निर्धनता में जो चीज महंगी मालूम होती है, अमीरी में वही सस्ती लगती है।** આ કહેવતની ઐતિહાસિક પાર્શ્વભૂમિ સમજવા જેવી છે. **पुराने जमाने में मुद्रा की छोटी इकाई टका (पैसा) हुआ करती थी। पहले के समय में 'तीतर' जैसे पक्षी का दाम बहुत कम होता था, और पांच रुपये एक बहुत बडी रकम मानी जाती थी।** અસલના વખતમાં સૌથી નાનું ચલણ 'ટકા' (પૈસો અથવા પાઈ) તરીકે ઓળખાતું હતું. તેતર જેવું પક્ષી નજીવા દામમાં મળતું હતું અને પાંચ રૂપિયા બહુ મોટી રકમ માનવામાં આવતી હતી. આ કહેવતમાં આર્થિક અવસ્થા અનુસાર વસ્તુનું મૂલ્ય માપન થતું હોય છે એની વાત છે. ગરીબીમાં જે વસ્તુ મોંઘી લાગે એ શ્રીમંતીમાં સસ્તી લાગે એ જીવનની વાસ્તવિકતા છે. **दस पांच की लाठी एक जने का बोझ : चंद लोग मिल कर मदद करें तो किसी का काम या जरुरत पूरी हो जाती है। कुछ लोग मिल कर ही मदद करें तो किसी का काम या जरुरत पूरी हो जाती हैं.** કોઈ પણ કામમાં અન્ય લોકોની મદદ મળે તો એ કામ મુશ્કેલ નથી લાગતું અને બહુ આસાનીથી સમાપ્ત થઈ જતું હોય છે એ એનો ભાવ છે. ગુજરાતી કહેવત ઝાઝા હાથ રળિયામણામાં આ જ ભાવાર્થ છેને. આજની અંતિમ કહેવતમાં શબ્દાર્થને વિસરી ભાવાર્થને સમજવો જોઈએ, ગ્રહણ કરવો જોઈએ. **पांच महिने ब्याह को बीते पेट कहाँ से लाई.** લગ્નને તો પાંચ મહિના જ હજી થયા છે ત્યાં પ્રેગ્નન્સી કેવી રીતે? એવો સવાલ કરી અતાર્કિક કે નિયમ વિરુદ્ધ કોઈ બાબત પર ટોકવાની વાત છે. **पांचों उंगलियां बराबर नहीं होती : हर कोई एक जैसा नहीं होता.** બધા એક સરખા નથી હોતા એ દર્શાવવા આ કહેવત વપરાય છે.

ભાષા વૈભવ

ડાહ્યાભાઈ ધોળશાજીએ શ્રી દેશી નાટક સમાજ માટે 'વીણાવેલી' નામનું નાટક લખેલું. નાટકનું સ્વરૂપ પદ્ય છે પણ આ નાટક ગદ્ય સ્વરૂપે પણ ખીલ્યું છે. કથા અનુસાર ચંપાગઢના રાયસિંહને વીણાસુંદરી અને વેલીસુંદરી નામે બે દીકરીઓ હતી. મા ગુજરી ગયા પછી વીણાસુંદરીએ ચતુરાઈ અને વિદ્યાના બળથી પોતાનો સંસાર કેવી રીતે સુધાર્યો તથા વેલીસુંદરી લક્ષ્મીના મદમાં વિદ્યા વિના કેવી પસ્તાઈ એ નાટકનું કથા તત્ત્વ છે. નાટકમાં પીંપળ પાન ખરંતા શીર્ષક સાથે એક હૃદયસ્પર્શી ગીત છે જેમાં શીર્ષકમાં જણાવેલી પંક્તિ આવે છે. આખું ગીત આ પ્રમાણે છેઃ કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ, તારો ત્યાં લગી જાણજે જ્યાં લગી શ્વાસોશ્વાસ. સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઈએ, રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ. પીંપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં. નહિ જેવી ને તેવી નિત્ય કોઈની નભતી જોઈએ, દશાના ઢંગ ઋતુના રંગ જેવા દેખી લઈએ. કદી મહોલાતો માળિયાં, કોમળ છપ્પર ખાટ, કોઈ દિન એવો આવશે, ભૂખ્યા ન મળે ભાત.

કરિઅર

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# નાનાં શહેરોમાં સ્ટાર્ટઅપની ક્રાંતિ



દિલ્હી, મુંબઈ, બેંગ્લૂરુ, હૈદરાબાદ અને પુણે-લાંબા સમય સુધી ભારતના સ્ટાર્ટઅપ નકશા પર આ જ મહાનગરોનાં નામ છવાયેલાં રહ્યાં હતાં, પરંતુ ૨૦૨૬માં જ્યારે હું આ પંક્તિઓ લખી રહ્યો છું ત્યારે ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. આજે નોઈડા, ગુડગાંવ, ઈન્દોર, જયપુર, કોઈમ્બતુર, ભુવનેશ્વર, લખનઉ, નાગપુર અને સુરત, એટલું જ નહીં પરંતુ તેનાથી પણ નાનાં શહેરો અને દક્ષિણ ભારતના તો અનેક કસબાઓ પણ સ્ટાર્ટઅપની પ્રયોગશાળા બનીને ઊભરી રહ્યા છે. આ બદલાવ માત્ર ભૌગોલિક નથી, તે ભારતના આર્થિક અને સામાજિક માળખામાં થઈ રહેલા ઊંડા પરિવર્તનના સંકેતો આપે છે. વાસ્તવમાં સ્ટાર્ટઅપનું ઈકોસિસ્ટમ ઝડપથી બદલાઈ રહ્યું છે. જોકે ચોક્કસ આંકડા તો ઉપલબ્ધ નથી, પરંતુ અનુમાન છે કે એપ્રિલ ૨૦૨૬ના અંતમાં ભારતમાં ૧,૩૦,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ હતા, જેમાંથી ૪૫થી ૫૦ ટકા હવે ટીયર-૨ અને ટીયર-૩ શહેરોમાં હતા. એટલું જ નહીં, તાજેતરના એક સરકારી રિપૉર્ટ અનુસાર સ્ટાર્ટઅપ્સમાં નાનાં શહેરોની ભાગીદારી સતત વધી રહી છે, ખાસ કરીને મહિલા ઉદ્યોગસાહસિકોની. આ આંકડાઓ દર્શાવે છે કે સ્ટાર્ટઅપ હવે માત્ર ભારતના મેટ્રો સિટીની કહાની બનીને રહી ગયું નથી.

હકીકતમાં, નાનાં શહેરોમાં સ્ટાર્ટઅપ ઘણી રીતે વધી રહ્યા છે. કેટલાક સ્ટાર્ટઅપ પોતાનું રજિસ્ટ્રેશન મહાનગરોમાં કરાવે છે, પરંતુ તેમની કામગીરી નાનાં શહેરોમાં આધારિત હોય છે અને ઘણા સ્ટાર્ટઅપ એકસાથે 'મલ્ટિ લોકેશન મોડલ' પર કામ કરી રહ્યા છે. તેથી જો ૨૦૧૫માં જ્યારે ભારતમાં સ્ટાર્ટઅપ્સ તરફનો ઝુકાવ વધવાનું શરૂ થયું હતું, ત્યારની સરખામણીએ જોઈએ તો આ ૧૧ વર્ષોમાં નાનાં શહેરોમાં આ વલણમાં ૨૦૦થી ૩૦૦ ટકા સુધીનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૫માં ટીયર-૨ અને ટીયર-૩ શહેરોમાં સ્ટાર્ટઅપનું પ્રમાણ ૧૫થી ૧૮ ટકાની આસપાસ હતું. આજે, આ સંખ્યા વધીને ૫૦થી ૫૨ ટકા થઈ ગઈ છે.

જેનો સ્પષ્ટ અર્થ એ છે કે, હવે સ્ટાર્ટઅપની દુનિયા માત્ર મોટાં અથવા મેટ્રો શહેરોમાં જ કમ્ફર્ટેબલ નથી, પરંતુ બીજા અને ત્રીજા સ્તરનાં મધ્યમ અને નાનાં શહેરોમાં પણ તેટલી જ સહજ છે. સ્વાભાવિક રીતે આનો એક અર્થ એ પણ છે કે આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ ઝડપથી વધ્યું છે, અને તે સ્વાભાવિક પણ છે. કારણ કે જો ખેતી અને નાના વ્યવસાય એટલે કે એગ્રીટેક અને ફિનટેક તથા પ્રાદેશિક શિક્ષણ એટલે કે એજ્યુટેક સંબંધિત સ્ટાર્ટઅપ્સનો વિસ્તાર કરવો હોય, તો તે નાનાં અને મધ્યમ શહેરો વિના કેવી રીતે શક્ય છે? કારણ કે શહેરી વસ્તીના ૬૫થી ૭૦ ટકા લોકો તો નાનાં અને મધ્યમ શહેરોમાં જ રહે છે.

આખરે આટલી મોટી વસ્તી અને તેની સ્થાનિક સમસ્યાઓથી આ સ્ટાર્ટઅપ ક્રાંતિ અસ્પૃશ્ય કેવી રીતે રહી શકે? જોકે ફંડિંગમાં હજુ પણ મોટો તફાવત છે. આજે પણ નાનાં શહેરોમાં રહેલા સ્ટાર્ટઅપ્સને મોટાં શહેરો એટલે કે મેટ્રો શહેરોમાં રહેલા સ્ટાર્ટઅપ્સની સરખામણીએ માત્ર ૧૦ ટકા જેટલું જ ફંડિંગ મળે છે. આ એક મોટું અસંતુલન છે, પરંતુ ધીરે ધીરે આ અસંતુલન પણ આજે નહીં તો કાલે ચોક્કસપણે દૂર થઈ જશે. હાલમાં આ અસંતુલન એટલા માટે પણ છે કારણ કે હજુ પણ લગભગ તમામ યુનિકોર્ન (એક અબજ ડૉલરથી વધુનું મૂલ્યાંકન ધરાવતી કંપનીઓ) મહાનગરોમાં જ છે અને નાનાં તથા મધ્યમ શહેરોના સ્ટાર્ટઅપ્સ હજુ શરૂઆતી તબક્કામાં છે. પરંતુ ટૂંક સમયમાં જ મોટા સ્ટાર્ટઅપ્સ પણ નાનાં અને મધ્યમ શહેરોમાં પહોંચશે, કારણ કે દેશનું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી ટીયર-૨ અને ટીયર-૩ શહેરોને અનુકૂળ થઈ રહ્યું છે. સવાલ એ છે કે આખરે નાનાં અને મધ્યમ શહેરોમાં આ સ્ટાર્ટઅપ ક્રાંતિ કેમ આવી? જેમ આપણે ઉપર પણ કહી ચુક્યા છીએ કે, ભારતની શહેરી વસ્તીના આશરે ૬૫થી ૭૦ ટકા લોકો નાનાં અને મધ્યમ શહેરોમાં જ રહે છે, તેથી પહેલી વાત તો એ છે કે આટલી મોટી વસ્તીનું સંચાલન થોડાં મહાનગરો દ્વારા થઈ શકતું નથી.

આખરે પ્રાદેશિક જરૂરિયાતો, રહેણી-કરણી અને સંસ્કૃતિ પણ મહત્ત્વ રાખે છે.

બીજી વાત એ છે કે મહાનગરોમાં સ્ટાર્ટઅપનો ખર્ચ સતત વધી રહ્યો છે, જેના કારણે કમાણીની તકો ઘટી રહી છે. જ્યારે નાનાં અને મધ્યમ શહેરોમાં જવાનો ફાયદો મોટા સ્ટાર્ટઅપ્સને એ છે કે, તેઓ સ્થાનિક સ્તરે મહાનગરોની સરખામણીએ લગભગ અડધા પગારમાં કર્મચારીઓ મેળવી લે છે. કર્મચારીઓને પણ આમાં વધુ સુવિધા છે, કારણ કે મોટા શહેરોમાં આવીને તેમને પગાર તો ચોક્કસ વધુ મળી જાય છે, પરંતુ ત્યાં રહેવાનો ખર્ચ આ ઊંચા પગાર કરતાં વધુ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, યુવાનો નાનાં શહેરોમાં ઓછા પગારથી ખુશ છે કારણ કે, પ્રથમ, તેઓ પોતાના ઘરમાં હોય છે, અને બીજું, નાનાં શહેરોમાં ૫૦,૦૦૦ રૂપિયા મોટાં શહેરોમાં ૧,૦૦,૦૦૦ રૂપિયાની સમકક્ષ હોય છે. કારણ કે મોટાં શહેરોમાં રહેવાનો ખર્ચ વધારે છે, વ્યક્તિગત જાળવણી ખર્ચ નાનાં શહેરો કરતાં બેથી ત્રણ ગણો વધારે છે. તેથી નાનાં શહેરમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાનો ફાયદો ઓછો ખર્ચ છે, પરંતુ સ્થાનિક કર્મચારીઓ માટે તે મોટાં શહેરોમાં એકલા રહેવા અને દરેક વસ્તુ માટે બીજા કોઈ પર આધાર રાખવા કરતાં તે વધુ સારું છે. વિવિધ અહેવાલોના સંયુક્ત અંદાજ મુજબ, નાનાં શહેરોમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાનો ખર્ચ મોટાં શહેરોની તુલનામાં ૪૦ ટકા સુધી બદલાઈ શકે છે. આનો અર્થ એ છે કે નાનાં શહેરોમાં સ્ટાર્ટઅપનો ખર્ચ ૪૦ ટકા ઓછો હોય છે, જેનો અર્થ એ છે કે નવા ઉદ્યોગસાહસિકોને મોટાં શહેરો કરતાં ઓછા જોખમ સાથે પ્રયોગ કરવાની તક મળે છે.

બીજી મોટી વાત એ છે કે આ ડિજિટલ ક્રાંતિનો યુગ છે. છેલ્લા બે દાયકામાં ઇન્ટરનેટ બેથી ત્રણ ગણું સસ્તું થઈ ગયું છે અને સ્માર્ટફોન, જે પહેલાં મધ્યમ વર્ગ માટે પણ એક સપનું હતું, તે આજે સામાન્ય માણસના હાથમાં આવી ગયા છે. આ ઉપરાંત યુપીઆઈ, ઑનલાઈન પેમેન્ટની સુવિધા તથા ઈ-કૉમર્સના વધતા ચલણે પણ આ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપ્યું છે; અને આ માટેનો પાયો સોશ્યલ મીડિયા માર્કેટિંગ તેમ જ રિમોટ વર્ક અને ક્લાઉડ ટેક્નોલૉજીએ તૈયાર કર્યો છે. તેથી હવે કોઈ પણ સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે મેટ્રો શહેરોમાં રહેવું જરૂરી નથી રહ્યું. જોકે, એવું પણ નથી કે આમાં કોઈ સમસ્યાઓ જ નથી. સ્વાભાવિક છે કે નાનાં શહેરોમાં સ્ટાર્ટઅપનું ઈકોસિસ્ટમ તૈયાર કરવામાં હજુ પણ કેટલીક સમસ્યાઓ છે. નાનાં શહેરોમાં હજુ 'મિક્સ વર્કફોર્સ' જોવા મળતા નથી, સામાન્ય રીતે ત્યાં સ્થાનિક લોકોની જ ભરમાર હોય છે, જેના કારણે કામકાજનું જે 'સમાવેશી કલ્ચર' મહાનગરોમાં શક્ય છે, તે નાનાં શહેરોમાં નથી. પરંતુ મોટો ફાયદો એ છે કે સ્થાનિક કર્મચારીઓ પોતાની સમસ્યાઓનો ઉકેલ બહારના લોકો કરતાં વધુ સારી રીતે લાવી શકે છે.

તેથી ખાસ કરીને ભલે તે ખેડૂતો માટે નવી ટેક્નોલૉજીની વાત હોય, લોકલ લોજિસ્ટિક અને ડિલિવરી સિસ્ટમની વાત હોય કે પ્રાદેશિક ભાષામાં એડ્યુટેક પ્લૅટફૉર્મ વિકસાવવાની વાત હોય, આ બધું નાનાં અને મધ્યમ શહેરોમાં તેમની સ્થાનિક જરૂરિયાતો મુજબ વધુ સારી રીતે આગળ વધી રહ્યું છે. સાથે જ ભારત સરકારની નીતિઓ પણ એવી છે કે જેમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી યોજનાઓએ નાનાં અને મધ્યમ શહેરોને પોતાના મહત્ત્વપૂર્ણ લક્ષ્ય તરીકે નિર્ધારિત કર્યા છે. આ સાથે હવે મોટાભાગનાં રાજ્યો જાગૃત છે અને તેઓ પોતે આ સ્પર્ધાત્મક વાતાવરણમાં સ્થાનિક સ્ટાર્ટઅપ પૉલિસી લાગુ કરી રહ્યાં છે, જેને અન્ય કરતાં વધુ ફ્લેક્સિબલ રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. આનાથી પણ ભારતનાં નાનાં અને મધ્યમ શહેરોમાં સ્ટાર્ટઅપ સંસ્કૃતિએ ઝડપની સાથે સાથે મજબૂતીથી ડગ માંડ્યા છે.

જોકે જ્યારે પડકારોની વાત આવે છે ત્યારે માત્ર સમાવેશી કાર્યસંસ્કૃતિનું જ સંકટ નથી હોતું. માર્ગદર્શન અને નેટવર્કની અછતનો પણ સામનો કરવો પડે છે. સાથે જ અહીં કૌશલ્યનો અભાવ પણ છે. મોટાભાગનાં નાનાં અને મધ્યમ શહેરોમાં ખાસ કરીને ટેક્નિકલ અને મૅનેજમેન્ટનું સ્તર તેવું નથી જેવું મોટાં શહેરોમાં છે. આ સાથે ટ્રેઇનિંગ અને એક્સપોઝરનો પણ અભાવ છે.

પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે આ બધું હોવા છતાં ભારતનાં નાનાં અને મધ્યમ શહેરોમાં સ્ટાર્ટઅપનો જે નવો ટ્રેન્ડ ઊભર્યો છે તે લાંબા સમય સુધી ટકી રહેશે. ભૂતકાળના અન્ય ઘણા ઉછાળાઓની જેમ, આ ઉછાળાનો પરપોટો હાલમાં તો ફૂટે તેમ નથી. તેથી આજે ભારતના સ્ટાર્ટઅપ નકશામાં નાનાં અને મધ્યમ શહેરોની જે તસવીર ઊભરી રહી છે, આવનારાં વર્ષોમાં તે ઝાંખી પડવાનું કે કરમાઈ જવાનું કોઈ કારણ નથી. ■

ટુ ધ પોઈન્ટ

મુકેશ ગ. પંડયા
feedback@bombaysamachar.com

# અધિક માસ શા માટે આવે છે?




આજથી શરૂ થતો અધિક મહિનો સહુના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ અપાવે એવી શુભેચ્છા ...

આજની યુવા પેઢીના મનમાં કદાચ એવા પ્રશ્ન ઉપસ્થિત થતા હશે કે દર ત્રણ વર્ષે આ અધિક મહિનો કેમ આવે છે? આ સમયે લોકોની ધાર્મિક પ્રવૃત્તિઓમાં ઉછાળો કેમ આવે છે? સાંસારિક - પ્રાસંગિક કાર્ય કેમ નથી યોજવામાં આવતાં?

આ બધા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે આપણે આકાશમાં બનતી ખગોળીય ઘટનાઓને સમજવી જરૂરી છે.

આપણા ઋષિમુનિઓએ આ બધી ઘટનાઓનું બારીકીથી નિરીક્ષણ કરી વર્ષો પૂર્વે એવા તારતમ્ય કાઢ્યાં તેને જોઈને આધુનિક વિજ્ઞાન પણ ચકિત છે.

પશ્ચિમી જગતે વર્ષની ગણતરી માટે સૂર્ય પર આધાર રાખ્યો છે. પૃથ્વી સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરે એટલે ૩૬૫ દિવસ પૂરા થાય. આ ૩૬૫ દિવસ મળી એક સૌર વર્ષ (સોલર યર) પૂરું થાય. બીજી બાજુ ઇસ્લામે વર્ષની ગણતરી માટે ચંદ્ર પર આધાર રાખ્યો છે. ચંદ્રને પૃથ્વી ફરતે એક પ્રદક્ષિણા પૂરી કરતા ૨૯.૫ દિવસ લાગે છે જેને મહિનો કહેવાય છે. આવા બાર મહિના અર્થાત્ ૩૫૪ દિવસ પૂરા કરે ત્યારે એક ચંદ્ર વર્ષ ( લ્યૂનર યર) પૂરુ થયું કહેવાય.

હવે સનાતન ધર્મમાં સૂર્ય અને ચંદ્રને સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. સૂર્ય કદમાં ચંદ્ર કરતા મોટો ખરો, પરંતુ એટલો જ દૂર છે. એટલે પૃથ્વી પરથી જોતા આ બન્ને કદમાં સરખા જ લાગે છે અને બન્નેની સનાતન ધર્મમાં એક સરખી મહત્તા છે.



આથી હિન્દુ ધર્મમાં સૂર્ય વર્ષ (૩૬૫ દિવસ ) અને ચંદ્ર વર્ષ (૩૫૪ દિવસ) વચ્ચેના ૧૧ દિવસના તફાવતને દૂર કરવા લગભગ ત્રણ વર્ષને અંતે એક આખો વધારાનો મહિનો મૂકી દીધો છે અને આ જ છે આપણો અધિક મહિનો.

**જો અધિક મહિનો ન હોત તો?**

જો અધિક મહિનો ન હોત તો દર વર્ષે તહેવારો (જેમ કે દિવાળી, હોળી) સૂર્ય વર્ષ કરતાં લગભગ ૧૧ દિવસ વહેલા આવતા ઋતુચક્ર બદલાઈ જાત.

આપણે ત્યાં વર્ષ દરમિયાન સમય સમય પર ઋતુ આધારિત તહેવારો કે પ્રસંગો ઉજવાય છે તેમાં સાતત્ય ન રહેત. થોડાં વર્ષોમાં જ એવું બનત કે ચોમાસાનો તહેવાર ઉનાળામાં કે ઉનાળાનો તહેવાર શિયાળામાં આવત. હોળી ઉનાળાને બદલે ચોમાસામાં આવે એમ પણ બને. અધિક મહિનો ન હોત તો તહેવારો અને ઋતુઓ વચ્ચેનો સુમેળ તૂટી જાત. આપણે ત્યાં ચંદ્રની કળા પર આધારિત તારીખ (તિથિ) અને તહેવારો છે એ માટે ચંદ્રવર્ષને ધ્યાનમાં લઈને સૌરવર્ષ સાથે સમતુલા જાળવવી અનિવાર્ય બની ગઈ.

ઉદાહરણ તરીકે - દિવાળી આસો સુદ અમાસે હોય તો અંગ્રેજી તારીખ બાબતે કોઈ ઝાઝો ફરક પડતો નથી. દર વર્ષે લગભગ ૨૦ ઓક્ટોબરથી લઈ ૧૦ નવેમ્બર સુધી દિવાળી ઉજવાય જ જાય પણ ક્યારેય એવું ન બને કે દિવાળી જૂન કે માર્ચ મહિનામાં આવે. અધિક મહિનાને કારણે જ આપણે ઋતુ આધારિત તહેવારો સમયસર માણી શકીએ છીએ અને તનમનથી તરબતર રહી શકીએ છીએ.

અધિક મહિનાને મળમાસ (અશુદ્ધ) તરીકે પણ ઓળખાવામાં આવે છે. તેને શુદ્ધ કરવાની જવાબદારી આપણી છે.

અધિક મહિનાને 'મળમાસ' કેમ કહ્યો હશે એવું આશ્ચર્ય ઘણા વાચકોને થાય પરંતુ જે સમયે અધિક માસ આવે છે એ સમયનું નિરીક્ષણ કરશો તો અચરજ નહીં લાગે. ચાલો, થોડા ઊંડા ઊતરીએ.

હકીકતમાં વર્ષના ૧૨ મહિના અને ૧૨ રાશિ પ્રમાણે દરેક મહિનાને સૂર્ય સંક્રાંતિનો લાભ મળે છે, પરંતુ અધિક મહિના અર્થાત્ વર્ષ દરમ્યાન આવતા આ તેરમા મહિનાને સૂર્ય સંક્રાંતિનો લાભ મળતો નથી.

વાસ્તવમાં સૂર્ય તો એની જગ્યા પર જ સ્થિર હોય છે, પરંતુ પૃથ્વી તેની આગળ પાછળ ફરે છે. વર્ષની પોતાની ૩૬૫ દિવસની પ્રદક્ષિણા દરમ્યાન દર ૩૦.૫ દિવસે સૂર્યની સામે એવી સ્થિતિમાં ગોઠવાય છે કે દર મહિને સૂર્યની પાછળ એક રાશિ (અર્થાત તારા નક્ષત્રોનો સમૂહ) ઢંકાઈ જાય. પૃથ્વી પરથી એમ લાગે કે સૂર્યનો એ રાશિમાં પ્રવેશ થયો. દા.ત. પોષ મહિનામાં મકર રાશિ અને તેનો નક્ષત્ર સમૂહ સૂર્યની પાછળ ઢંકાઈ જાય તેને પૃથ્વીવાસીઓ મકર સંક્રાંતિ કહે. વળી પૃથ્વી ફરતા ફરતા ૩૦.૫ દિવસ બાદ મહા મહિનામાં એ કક્ષાએ પહોંચે જ્યાં કુંભ રાશિ ઢંકાઈ જાય. બોલચાલની ભાષામાં એમ કહેવાય છે. સૂર્ય નારાયણ કુંભ રાશિમાં પ્રવેશ્યા. આમ બાર મહિનામાં સૂર્ય બાર રાશિમાં પ્રવેશે. હવે તેરમા અર્થાત્ અધિક મહિનામાં શું થાય? સ્વાભાવિક છે કે આ મહિનાને સૂર્ય સંક્રાંતિનો લાભ મળે નહીં. ૨૯.૫ મહિનાના આ તેરમા મહિનાની શરૂઆત પહેલા અને અંત પછી સૂર્ય સક્રાંતિ થાય પણ આ મહિના દરમિયાન તો નહીં જ. જેમકે આ વર્ષે આજથી એટલે કે ૧૭મેથી અધિક મહિનો શરૂ થયો પણ તેની અગાઉ ૧૫ મે ના રોજ સૂર્ય વૃષભ રાશિમાં પ્રવેશ્યો હતો. અધિક મહિનો ૧૫ જૂને સમાપ્ત થશે ત્યાર બાદ સૂર્ય મિથુન રાશિમાં પ્રવેશશે. હવે ક્રાંતિ એટલે પરિવર્તન અને સંક્રાંતિ એટલે શુભ પરિવર્તન. અધિક મહિનાને સૂર્યના આ શુભ અને શુદ્ધ પરિવર્તનનો યોગ્ય લાભ મળતો નથી એટલે જ એ અશુદ્ધ અર્થાત મળમાસ કહેવાય છે.

## ધાર્મિક પ્રવૃત્તિઓ વધારો ....આ સમયને શુદ્ધ કરો !

આપણે જોયું કે અધિક મહિનાને બ્રહ્માંડની સૌથી મોટી ઊર્જા એટલે કે સૂર્યશક્તિનો પૂરતો લાભ નથી મળતો. આવા સંજોગોમાં શુદ્ધિકરણ માટે માણસ જાતે વધુ પ્રયત્નો કરવા જોઈએ. જેમ કોઈ શહેરમાં સફાઈ કર્મચારીઓ હડતાળ પાડે તો સોસાયટીના સભ્યો ખુદ સાફસફાઈ માટે પ્રયાસ કરે તેમ સૂર્ય ઊર્જાની શુદ્ધ દૃષ્ટિની ગેરહાજરીમાં માણસોએ સ્નાન, પૂજા, ધ્યાન, ઉપવાસ, યજ્ઞ, દાન જેવી પ્રવૃત્તિઓ વધારી શુદ્ધિકરણના પ્રયાસ કરવા જોઈએ. સ્નાન અને ઉપવાસથી તનની તો પૂજા અને ધ્યાનની પ્રવૃત્તિથી મનની શુદ્ધિ થાય છે. યજ્ઞ - હવનથી વાતાવરણની તો દાનધર્મથી ધનની શુદ્ધિ થાય છે. સૂર્ય જેવા શક્તિશાળી દેવતાની ગેરહાજરીમાં આપણે લગ્ન જનોઈ જેવા સાંસરિક કાર્યો ભૂલી જઈ ધાર્મિક - આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વધારીએ તો ફાયદાઓ અખૂટ છે અને નુકસાન તો જાણે કશું છે જ નહીં.

આ મહિનો સૂર્યકૃપા વિનાનો હોવાથી જગતના પાલનકર્તા વિષ્ણુ ખુદ પુરુષોત્તમ રૂપે તેના પર કૃપા વરસાવી સમગ્ર પુરુષ જાતને ઉત્તમ કાર્યો કરવા પ્રેરે છે એટલે એ પુરુષોત્તમ મહિનાને નામે પણ ઓળખાય છે. આમ ઉત્તમ ધાર્મિક કાર્યો કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# 'આઈપીઓ'ના માર્ગમાં અટવાઈ ગઈ અનેક કંપની... સંભવિત જોખમો હજી અકબંધ

**શેરબજારની વધઘટ અને વોલેટિલીટીની અસરને કારણે અનેક નાની-મોટી કંપનીઓ પોતાના આઈપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશવાને લઈને મુંઝાઈ રહી છે, જેને લીધે તેમની ભંડોળ ઊભું કરવાની અને પ્રોજેક્ટસમાં રોકાણની યોજના લંબાઈ રહી છે,પાછળ ધકેલાઈ રહી છે.**

છેલ્લા કેટલાક સમયથી રોકાણકારો-ટ્રેડર્સ શેરબજારના ટ્રેન્ડની અનિશ્ચિતતામાંથી પસાર થઈ રહ્યા છે. આ અસર આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ)ની માર્કેટ પર પણ પડી છે. આવી કંપની પોતાના આઈપીઓ પ્લાન મોકૂફ કરી રહી છે, અર્થાત મૂડીસર્જનની પ્રક્રિયા મંદ પડી છે તેમ જ નવા બિઝનેસ, જૂના વેપાર-ઉદ્યોગની વિસ્તરણ યોજનાઓ ધીમી પડી ગઈ છે. આ કંપનીઓને ભય છે કે તેમને અત્યારના સમય-સંજોગમાં અપેક્ષિત ભાવ અને પ્રતિભાવ મળશે નહીં.

યુએસ-ઈરાન યુદ્ધના માહોલની અસર ભારતીય અર્થતંત્ર અને બજારો પર વધુ છવાતી જાય છે. હાઈ નેટવર્થ ઈન્ડિવિઝુઅલ ઈન્વેસ્ટરોનો વર્ગ, જેઓ પ્રિ-આઈપીઓમાં રોકાણ કરીને કંપનીઓને આઈપીઓ પહેલાં જ મૂડી ઊભી કરવાનો ટેકો આપતા હોય છે તેવા 'એચએનઆઇ' રોકાણનું પ્રમાણ બજારને ચોકકસ સંકેતો આપવા સાથે રિટેલ રોકાણકારોને પણ માર્ગદર્શન આપતા રહે છે. આ ઉપરાંત આઈપીઓની એક પ્રીમિયમ માર્કેટ પણ સમાંતર ચાલતી હોય છે. જ્યાં કંપનીઓના લિસ્ટિંગ પહેલાં જ સોદા શરૂ થઈ જતા હોય છે, આ માર્કેટના સોદાઓ પણ કંઈક અંશે લિસ્ટિંગમાં કેવા ભાવ ખુલશે તેનો અંદાજ આપતા હોય છે. ગુજરાતમાં આ પ્રીમિયમ માર્કેટ નોંધપાત્ર સક્રિય હોય છે. પ્રિ-આઈપીઓ માર્કેટના રોકાણકારો ઉપરાંત આ બિનસત્તાવાર બજારના ખેલાડીઓ પણ હાલ સાવચેત થઈને બાજુએ ખસી ગયા છે, કારણ કે કંપનીઓ ક્યારે આઈપીઓ લાવશે એની અનિશ્ચિતતા વધી રહી છે.

## અનલિસ્ટેડ સ્ટોક્સ

આઈપીઓ અને લિસ્ટિંગ પહેલાંની એક માર્કેટ અનલિસ્ટેડ સ્ટોકસની હોય છે, આમ તો આ કંપનીઓની સંખ્યા અને તેના સોદા કરનારા પણ બહુ મર્યાદિત હોય છે, આ કંપનીઓ વરસે-બે વરસે પણ આઈપીઓ લઈને આવશે એવી ધારણા-અંદાજ કે ખાતરી હોય છે, જેથી આવી કંપનીના શેર્સના અનલિસ્ટેડ માર્કેટમાં સોદા પડતા હોય છે. આ ઈન્વેસ્ટર વર્ગ પાસે મોટી મૂડી હોવાથી લાંબા ગાળાની રાહ જોવાની તેમની તૈયારી હોય છે. અલબત્ત, આ માર્કેટનું નિયમન થતું હોતું નથી. આ સોદામાં નક્કર પ્રાઇસ ડિસ્કવરીને બદલે માત્ર ધારણા અને અંદાજ પર ભાવો કવોટ થાય છે અને છુટાછવાયા સોદા થયા કરે છે.

## પ્રિ-આઈપીઓ ને રોકાણકારો

આઈપીઓ માર્કેટની સફળતામાં પ્રિ-આઈપીઓ માર્કેટની ભૂમિકા રહે છે. આ પ્રિ-આઈપીઓ માર્કેટમાં રોકાણ કરતા ઈન્વેસ્ટર્સ પોસ્ટ માર્કેટના માહોલને મજબૂત બનાવે છે.

જો આ રોકાણકારો ઠંડા પડી જાય તો તેની સીધી અસર રિઅલ માર્કેટ પર પડ્યા વિના રહી શકે નહીં.

આ જ રીતે મજબૂત આઈપીઓ માર્કેટ પ્રિ-માર્કેટને પ્રોત્સાહન આપે છે. જાણકારો કહે છે, અનિશ્ચિતતાના આવા સમયમાં એચએનઆઇ રોકાણકારોને તેમની મૂડી વધુ પડતા લાંબા સમય માટે જામ થઈ જવાનો ભય લાગે તો તેઓ આવા જોખમથી દૂર રહેવાનું પસંદ કરે છે.

આઈપીઓ માર્કેટની મંદીની વધુ અસર સ્ટાર્ટઅપ્સ સાહસો, ન્યુ એજ ઈકોનોમી કંપનીઓ પર પડે છે, કેમ કે તેમના રોકાણમાં જોખમ વધુ હોવા સાથે હોલ્ડિંગનો સમયગાળો પણ લાંબો રાખવો પડે છે.

અગાઉના કેટલાંક ન્યુએજ કંપનીઓના સ્ટોકસના ભાવતાલ જોઈએ તો નાયકા, પીબી ફિનટેક, પેટીએમ (આ કંપની સામેના રિઝર્વ બેંકના આદેશના તાજા સમાચાર તો તમને ખબર જ હશે), સ્વિગી, ફિઝિકસવાલા, ગ્રો, એટર્નલ, મિશો, વગેરેના સ્ટોકસના ભાવ નોંધપાત્ર નીચે ગયા છે. આવા વાસ્તવિક અનુભવો બાદ રોકાણકારો ન્યુ એજ કંપનીઓના શેર્સમાં રોકાણ કરતા બેવાર વધુ વિચારે એ સ્વાભાવિક છે.

## પોર્ટફોલિયોની પુનઃ વ્યવસ્થા

માર્કેટની વોલેટિલિટીના માહોલમાં વેલ્યુએશન નીચે જતા હોવાને કારણે હાલ અનેક એચએનઆઇ રોકાણકારો તેમના રોકાણને અન્ય માર્ગે વાળી રહ્યા છે, કહીએ કે વધુ વિશ્વસનીય અને પ્રવાહી સાધનો તરફ. એક વર્ગ બજારમાં એવો રહ્યો છે, જે આઈપીઓમાં એટલા પૂરતું જ રોકાણ કરે છે કે લિસ્ટિંગમાં ઊંચો ભાવ મેળવીને નફો લઈ નીકળી જાય. બેંકો અમુક મોટા બ્રોકરેજ હાઉસિસ પણ ગ્રાહકોને આઈપીઓ માટે ધિરાણ આપતા હોય છે. આવા અનિશ્ચિતતાના સંજોગોમાં એચએનઆઇ વર્ગ પોતાના પોર્ટફોલિયોને રિબેલેન્સ કરવાનું અને સેકન્ડરી માર્કેટમાં રોકાણ વધારવાનું પસંદ કરે છે, જેમાં તેમને પ્રવાહિતા ઉપલબ્ધ હોય તેમ જ વળતર માટે લાંબો સમય રાહ જોવી પડે નહીં. મોટાભાગના કેસમાં આ રોકાણકારો લાર્જકેપ ઈક્વિટીઝ વધુ પસંદ કરે છે.

## માર્કેટ રિવાઈવલઃ કળવું કઠિન

પ્રાઈમરી માર્કેટ પર વરસોથી રિસર્ચ કરતી સંસ્થા પ્રાઈમ ડેટાબેઝના અહેવાલ મુજબ નિયમનકાર સેબીએ ૧૪૬ જેટલાં આઈપીઓને મંજૂરી આપી છે, જે ૨.૧૧ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કરવાનું લક્ષ્ય ધરાવે છે. જોકે હવે આ કંપનીઓ મૂડીબજારમાં પ્રવેશ માટે કયો સમય યોગ્ય સમજશે તેનો આધાર માર્કેટના મૂડ-સેન્ટીમેન્ટ પર રહેશે. હાલ તો યુએસ-ઈરાનનાં નિવેદનો પર નજર કરતા હાલના યુદ્ધનો તનાવ અંત તરફ કે વધુ ઉગ્ર બનવા તરફ જઈ રહ્યા છે એ કળવું હાલ કઠિન જણાય છે. જોકે માત્ર યુદ્ધ જ નહીં, બલકે હાલ જે વૈશ્વિક ભૂરાજકીય સંજોગો ચાલી રહ્યા છે તે પણ આ તનાવના અંત સાથે પૂરા થવામાં હજી ત્રણ થી છ મહિના લાગી શકે છે. પરિણામે વર્તમાન અનિશ્ચિતતા વચ્ચે આ વરસના અંત આસપાસ જ આઈપીઓ અને પ્રિ-આઈપીઓ માર્કેટના રિવાઈવલની આશા રાખી શકાય. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# અનોખું પંખી હવામાં ઊડે ને દરિયાની અંદર પણ

આપણી આસપાસ સદીઓથી અનોખા જીવ હયાત છે, પણ આપણે તેમનાથી લગભગ સાવ અજાણ છીએ. આકાશ, જંગલ અને પાણીના અનેક અકલ્પ્ય જીવ-જંતુ-પંખીનો પરિચય જ મળ્યો નથી. આજે દરિયાની અંદર અને બહાર કમાલ બતાવતા પંખી પર ફોકસ કરીએ.

આ પંખીનું ઓરિજિનલ નામ કે ઓળખ એટલાન્ટિક પફિન છે અને વૈજ્ઞાનિક નામકરણ Fratercula arctica છે.

ભારતીય મૂળના ન હોવાથી આ પંખીનું ગુજરાતીમાં ચોક્કસ નામ નથી, પણ સમુદ્રી પંખીના વર્ગમાં દરિયાઈ પોપટ તરીકે ઓળખાય ને એમ જ હિન્દીમાં કહેવાય સમુદ્રી તોતા.

આ અદ્ભુત એટલાન્ટિક પફિન ઉત્તર એટલાન્ટિક મહાસાગરના ઠંડા વિસ્તારોમાં જોવા મળતું એકદમ સુંદર સમુદ્રી પક્ષી છે. રંગબેરંગી ચાંચ, કાળી-સફેદ પાંખો અને રમૂજી દેખાવને કારણે ઘણી વાર તેને 'સી પેરોટ' અર્થાત્ સમુદ્રી પોપટ પણ કહેવામાં આવે છે.

જમીન પર થોડું અણઘડ દેખાતું આ પક્ષી હવામાં ખૂબ ઝડપથી ઉડે છે. એટલાન્ટિક પફિન ઉત્તમ તરવૈયું અને ડૂબકી મારનારું પક્ષી છે. પાણીની અંદર પણ પાંખોથી તરતું રહે છે! પફિન એક મિનિટમાં લગભગ ૪૦૦ વખત પાંખ ફફડાવી શકે છે. તે છેક ૬૦ મીટર સુધી પાણીની અંદર ડૂબકી મારી શકે છે.

જીવનનો મોટો ભાગ તે દરિયામાં જ વિતાવે છે.



લગભગ ૨૫-૩૦ સેમીનું કદ અને ૩૦૦થી ૫૦૦ ગ્રામ આસપાસ વજન ધરાવતા આ પંખીનું સરેરાશ આયુષ્ય ૨૦ વર્ષ છે. પફિનની વિશેષતા એ છે કે સૌથી ખાસ ઓળખ તેની ચટક રંગો (ચટક રંગ એટલે ખૂબ જ તેજસ્વી, ઘેરા, આકર્ષક અને ઘાટા રંગ)ની મોટી ચાંચ છે. એમાંય પ્રજનન ઋતુ દરમિયાન તો ચાંચ વધુ તેજસ્વી નારંગી, પીળી અને વાદળી દેખાય છે, પણ શિયાળામાં ચાંચનો રંગ થોડો ફીકો પડી જાય છે. પફિન મુખ્યત્વે નાની માછલી અને નાના સમુદ્રી જીવ ખાય છે. તે ચાંચમાં એકસાથે ઘણી માછલીઓ પકડી શકે છે. તે ખડકાળ ટાપુઓ અથવા જમીનમાં બનાવેલા બોરોમાં માળો બનાવે છે. પફિન દર વર્ષે બહુધા માત્ર એક જ ઈંડું મૂકે છે. તેઓ ખડકીલા કિનારાઓ પર દરમાં માળા જેવું ઘર બનાવે છે. આ જમાતમાં માતા અને પિતાનો ઉછેર કરે છે. પ્રજનન ઋતુ સિવાય તેઓ વર્ષના આઠ મહિના જમીનથી દૂર સમુદ્ર પર તરતાં પસાર કરે છે.

દરિયાના જોકર તરીકે પણ ઓળખવામાં આવતા એટલાન્ટિક પફિનની વિશ્વમાં સૌથી વધુ વસ્તી આઇસલૅન્ડમાં છે. આ ઉપરાંત બ્રિટન, કૅનેડા, નૉર્વે અને ગ્રીનલૅન્ડ સમુદ્રી કિનારા અને ટાપુઓમાં પણ હોય છે. ટૂંકમાં, તેમની ૯૦%થી વધુ વસ્તી યુરોપમાં છે.

જોકે હવામાનમાં ફેરફાર, દરિયાઈ પ્રદૂષણ અને ખોરાકની અછતને કારણે અમુક સ્થળે-જગ્યાએ પફિનની સંખ્યા ઘટવા માંડી છે. આથી કેટલાઠ દેશોમાં તેને બચાવવા માટે વિશેષા પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. ■

ફોકસ

ધીરજ બસાક
feedback@bombaysamachar.com

# લાઈ હરાઓબાઃ મણિપુરની આત્માનો ઉત્સવ

ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરની સાંસ્કૃતિક ઓળખ જેટલી પ્રાચીન છે, તેટલી જ જીવંત પણ છે. આ ઓળખનું સૌથી સુંદર અને ગહન પ્રતીક અહીંનો 'લાઈ હારાઓબા' ઉત્સવ છે. જેનો શાબ્દિક અર્થ છે દેવતાઓની પ્રસન્નતા એટલે કે 'દેવ ઉત્સવ'. આ પર્વ માત્ર મણિપુરની સભ્યતા, અહીંની લોક આસ્થા અને જીવનદર્શનનું જીવંત મંચ નથી, પરંતુ આ ઉત્સવ દ્વારા માનવ જીવનની નશ્વર યાત્રા અને પ્રકૃતિ સાથેના તેના ઘનિષ્ઠ સંબંધોને પણ ભવ્ય રીતે અભિવ્યક્તિ મળે છે. મુખ્યત્વે મૈતેઈ સમુદાય દ્વારા મનાવવામાં આવતો આ ઉત્સવ ૧૯ ઓપ્રિલથી શરૂ થયો છે, જે લગભગ એક મહિના સુધી ચાલે છે.

આ ઉત્સવમાં દેવતાઓની પૂજા કરવામાં આવે છે, સૃષ્ટિની ઉત્પત્તિની ઉજવણી કરવામાં આવે છે અને માનવ જીવનની યાત્રા તથા પ્રકૃતિ સાથેના તેના સંબંધોને વધુ સારા બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. એકંદરે, આ ઉત્સવ ઉમંગ અને ઉત્સાહની સામૂહિક અભિવ્યક્તિ છે. મણિપુરી સમાજ મૂળભૂત રીતે ધાર્મિક અને ઉત્સવપ્રેમી સમાજ છે. મણિપુરના લોકોને પોતાની પરંપરાઓ પર માત્ર શ્રદ્ધા જ નહીં પણ અત્યંત ગર્વ છે. તેથી જ પ્રાચીનકાળથી મૈતેઈ સમુદાય દ્વારા ઉજવવામાં આવતા આ ઉત્સવમાં આજ સુધી બજાર કે અન્ય કોઈ પરિબળોની જરા પણ અસર પડી નથી, જેના કારણે આ ઉત્સવની ભવ્યતામાં ક્યારેય કોઈ કમી આવી હોય. મૈતેઈ સમુદાયના લોકો પોતાના પૂર્વજો દ્વારા ઉજવવામાં આવતા દેવતાઓની પૂજાના આ ઉત્સવને આજે પણ તેટલા જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવે છે. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોથી મણિપુર અત્યંત તણાવપૂર્ણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હતું, જેના કારણે આ ઉત્સવનો તે રંગ જોવા મળ્યો ન હતો જેના માટે તે પ્રસિદ્ધ છે. પરંતુ આ વર્ષે થોડી શાંતિ છે અને ધીમે-ધીમે સ્થિરતા પણ આવી રહી છે. કદાચ આ જ કારણ છે કે ઘણાં વર્ષો પછી આ વર્ષે લાઈ હારાઓબા ઉત્સવની શરૂઆત ફરીથી થઈ છે અને તેમાં મોટા પાયે લોકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ ઉત્સવમાં 'મૈબી' એટલે કે મહિલા પૂજારીઓ અને 'મૈબા' એટલે કે પુરુષ પૂજારી, આ બંને આ ઉત્સવનાં મુખ્ય પાત્રો હોય છે. ઉત્સવ દરમિયાન મહિલા પૂજારીઓ દ્વારા કરવામાં આવતું ભવ્ય લોકનૃત્ય માત્ર મનોરંજન નથી, પરંતુ આ નૃત્યમાં સૃષ્ટિના ક્રમિક વિકાસની એક લયાત્મક કથા પ્રસ્તુત કરવામાં આવે છે. આ કથાત્મક નૃત્યો, તેમના વિવિધ અભિવ્યક્તિઓ અને હાવભાવ સાથે, વિવિધ થીમ્સ, મુખ્યત્વે પૃથ્વીની ઉત્પત્તિ, માનવ જન્મ, કૃષિની શરૂઆત, પ્રેમ અને સામાજિક સંબંધોને ખૂબ જ વિગતવાર અને મહાન ભાવના સાથે રજૂ કરે છે. આ નૃત્ય એક રીતે પૃથ્વી પર જીવનની ઉત્પત્તિની ક્રમબદ્ધ વાર્તા કહે છે. એકંદરે જોઈએ તો, લાઈ હારાઓબા ઉત્સવ એક રીતે માનવ જીવનનો લોક-ઇતિહાસ છે, જેને સદીઓથી મૈતેઈ સમાજ પોતાની આવનારી પેઢીઓને વારસા તરીકે સોંપતો રહ્યો છે. તેથી જ કહેવાય છે કે જો મણિપુરની સંસ્કૃતિને સમજવી હોય, તો અહીંના લાઈ હારાઓબા ઉત્સવમાં સામેલ થવું જોઈએ અથવા તેને પ્રત્યક્ષ જોવો જોઈએ. આ ઉત્સવમાં પ્રકૃતિ પ્રત્યે સન્માન, સામૂહિક જીવન અને સંતુલિત અસ્તિત્વનો સંદેશ આપવામાં આવે છે. આ જ કારણ છે કે આજે જ્યારે બજારના હસ્તક્ષેપને લીધે મોટાભાગના ઉત્સવોને ખર્ચ કરવાની ક્ષમતાનું પ્રદર્શન બનાવી દેવામાં આવ્યા છે, ત્યારે લાઈ હારાઓબા જેવા ઉત્સવો જીવંત અને આત્મીય બનેલા રહ્યા છે. તેથી જ આને મણિપુરના આત્માનો ઉત્સવ કહેવામાં આવે છે, જે આપણને શીખ આપે છે કે સંસ્કૃતિ માત્ર ભૂતકાળનો વારસો નથી, પરંતુ વર્તમાનમાં જીવવાની એક પદ્ધતિ પણ છે.






# ફોન બાજુ પર મૂકો ને!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

'મમ્મી મમ્મી. મમ્મી... અરે મમ્મી જમવાનું આપ બહુ ભૂખ લાગી છે' ક્રિશે મોબાઇલમાં રીલ

જોતી એની મમ્મીને ઢંઢોળતાં કહ્યું. અને અમી સફાળી બેઠી થઈ ગઈ :

'હા બસ, પાંચ મિનિટ...' એટલામાં અમીના પતિએ કહ્યું કે 'અમી, આજે જમ્યા પછી કાકાના ઘરે જવાનું છે યાદ છેને?'

ફોન જોવામાં મસ્ત અમીને સંભળાયું જ નહીં, જમી-પરવારીને એણે નાઇટ સુટ પહેરી લીધો અને એના પતિ કાકાના ઘરે જવા તૈયાર થઈ ગયા. રોહિતને છેલ્લા કેટલાય સમયથી લાગતું હતું કે અમીનું બધું જ ધ્યાન ફોનમાં હોય છે. એ કોઈ વાતે કંઈ ધ્યાન નથી આપતી, કામ કરવાનું ટાળે છે, મોબાઇલ જોતાં જ રસોઈ કરે અને ક્રિશ શું કરે છે, કોની સાથે બહાર જાય છે એની એને કંઈ જ જાણ નથી હોતી. કોઈ વાર શાકમાં મીઠું ઓછું તો કોઈ વાર કોઈ મહત્ત્વની વાત ભૂલી જાય. રોહિત અસમંજસમાં હતો કે અમીને થયું છે શું!

બીજી બાજુ કાંતિકાકા મંદિરેથી પાછા વળતાં મોબાઇલ જોવામાં કાકીને મંદિરે જ ભૂલીને ઘેર પાછા આવી ગયા.

એકવાર તો ફોન જોતાં રસ્તા પર ચાલતા ક્યાંક જતા હશે અને ભેંસ સાથે અથડાઈ ગયા તો એકવાર એક ગાડીની

હડફેટે આવતાં બચી ગયા હતા. કાંતિકાકાને ફોન બહુ વહાલો. એમના જીવનમાં ટીવીનું સ્થાન ફોને લઈ લીધું હતું.

સિરિયલો, વેબ સિરીઝ, રિયાલિટી શો બધું જ ફોનમાં જોયા કરે. નિવૃત્તિ પછી ફોન જ એમનો સથવારો. એકવાર તો કાકીએ ભાણામાં દાળની જગ્યાએ પાણી મૂકી દીધું. ચોથા કોળિયે કાકાને ધ્યાનમાં આવ્યું કે આ તો દાળ નહીં પણ પાણી છે. કાકીએ કટાક્ષ કર્યો : 'જરા ફોન તો બાજુ પર મૂકીને જમો તો ખબર પડે કે શું જમી રહ્યા છો?'

અરે, ફક્ત કાકા જ નહીં, અત્યારે તો છ મહિનાના બાળકને જમાડવું હોય તો મમ્મીઓ સામેથી ફોન પકડાવી દે છે. અને આગળ જતાં ફરિયાદ કરે કે બાળકને ફોનની લત લાગી ગઈ છે. ત્યારે સાત વર્ષથી લઈને અઢાર વીસ વર્ષ સુધીના કિશોરને ઑનલાઇન ગેમ્સની લત લાગે છે તો એથી મોટા લોકો દર બે મિનિટે ફોન ચેક કરવા લાગે. સહેજ નવરા પડે એટલે 'ફેસબુક' અને 'ઇન્સ્ટાગ્રામ' વત્તા 'વૉટ્સઍપ'નું ચક્ર ચાલુ રહે છે.

ફોનનું વળગણ આટલાથી નથી પતતું. ઘણા લોકોને ચાલુ વાતે પણ સતત ફોન જોયા કરવાની, ફોનમાં ગેમ રમવાની કે સોશ્યલ મીડિયા ચેક કર્યા કરવાની આદત હોય છે. આનાથી વાત કરનારી સામીવાળી વ્યક્તિનું માન પણ નથી જળવાતું અને વાત પણ ધ્યાનથી નથી સંભળાતી. કેટલાક લોકોને વાહન ચલાવતી વખતે ફોન વાપરવાની ટેવ હોય છે. ગાડી હોય કે ટૂ-વ્હિલર, સરકાર દંડ ફટકારે કે સજા કરે પણ ચાલુ વાહને પણ ફોનનો વપરાશ બંધ નથી થતો. ફોનમાં ઑનલાઇન ગેમ્સ રમવી કેટલીકવાર કેટલી ઘાતકી સાબિત થાય છે એના કિસ્સા વારંવાર સમાચારોમાં આવતા રહેતા હોય છે. દારૂ, નશીલા પદાર્થો, તમાકુના વ્યસનની સાથે હવે ફોનનું વ્યસન પણ એક ગંભીર સમસ્યા બની રહી છે.

હવે ફોનનો અર્થ મોબાઇલ ફોન જ થાય છે. ભાગ્યે જ લૅન્ડલાઇન ફોનનો વપરાશ કે ઉલ્લેખ થાય છે. અત્યારની પેઢી માટે લૅન્ડલાઇન ફોન કોઈ અજાયબીથી કમ નથી. આખા ઘરની વચ્ચે એક જ નંબર અને એક જ ફોન હોય એની ધારણા પણ એમના માટે અશક્ય છે. પ્રાઇવસીને માન આપતી હવેની પેઢીને સમજાવવું કદાચ અઘરું છે કે લૅન્ડલાઇન ફોનના વપરાશ સમયે ઘરમાં ફોન હોવો એ પણ મોટી વાત હતી અને એમાં રિંગ વાગે એટલે જે ઓરડામાં એ ફોન રાખ્યો હોય ત્યાં ફોન ઉપાડવા જવું પડતું અને ત્યાં ઘરનાં જે કોઈ સદસ્ય હાજર હોય એમની સામે વાત કરવી પડતી તો પ્રાઇવસીનો તો પ્રશ્ન નથી થતો, કારણ કે હવેના ફેસ આઇડી કે પાસવર્ડ પ્રોટેક્ટેડ ફોનમાં જોઈએ એવી સગવડો ઉપલબ્ધ છે અને આ સગવડોની સાથે છે મોબિલિટી એટલે કે આ ફોન લઈને તમે કોઈ પણ જગ્યાએથી કોઈની પણ સાથે વાત કરી શકો છો માટે જ એને મોબાઇલ ફોન કહેતા હશે. અંગત વાત કરી શકવાની સાથે ફોનમાં સાચવેલી માહિતી કે પછી એના દરેક ફીચરને પણ પાસવર્ડથી અંગત રાખી શકાય છે. પ્રાઇવસીના ચક્કરમાં કોઈ વાર લાગે છે કે માણસ પોતે એકલપંડો બની ગયો છે. મોબાઇલ ફોન હોય તો એને માણસોની ઓછી જરૂર પડે છે. દૂર કે નજીકની વ્યક્તિઓ સાથે સુમેળ સાધવા જે પ્રયત્નો કરવા પડે છે એ મોબાઇલ સાથે નથી કરવા પડતા. મોબાઇલ મશીન છે. એ કમાન્ડ મુજબ વર્તે છે જે સાથે રહેતો માણસ નથી કરતો. ટેક્નૉલૉજી દ્વારા મશીનને માણસ જેવું વર્તન, ગણતરીઓ અને હવે તો લાગણીઓ પણ પ્રોગ્રામ કરીને ઇન્સ્ટૉલ કરવામાં આવે છે, પરંતુ મોબાઇલની કેટલીક ઍપ્લિકેશન માણસની જેમ વાત કરે છે, માગીએ એ સલાહ આપે છે, લાઇટ- પંખા ચાલુ બંધ કરી આપે છે. આમ છતાં શું એક મોબાઇલ એક માણસની ગરજ સારી શકે? મોબાઇલમાં રચ્યોપચ્યો રહેલો માણસ ફોન પાસેથી એવું તે શું ઇચ્છે છે કે જે એને પાસે રહેલા માણસમાંથી નથી મળતું?

માણસને સેલ ફોનથી સાથ મળે-સંગાથ નહીં. એ ફોન થકી લાગણીઓ વ્યક્ત કરી શકે છે પણ સામે હૂંફ મેળવી નથી શકતો. ફોન પર ગેમ રમી બે ઘડી પોતાની જાતને રીઝવી શકે છે પણ સંતોષ નથી પામી શકતો. જે સુખ, શાંતિ, નિરાંત કદાચ એ ફોનમાં શોધે છે એ ફોન થકી એને મળે છે ખરી? કે પછી ફોનના જ અતિરેકને કારણે એ ફોનનો બંધાણી થઈ જાય છે? જે ફોનની શોધ ઝડપી સંદેશા વ્યવહાર માટે થઈ હતી પછી એના ઉપયોગનાં કેટલાં બધાં સ્તરો વિસ્તરી ગયાં છે કે જેમાં ટેક્નૉલૉજીની જીત દેખાય છે જ્યાં કદાચ ભોગ લેવાય છે સંબંધોનો, એમાં રહેલી હૂંફનો.

**તમે શું કહો છો?** ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# આ છે ઉપયોગી વેબસાઇટનો ભંડાર

## હવે ઍપ્લિકેશન ઇન્સ્ટૉલ કરવાની જરૂર નહીં પડે!

સ્માર્ટફોન આવતાં જ દરેક ટેક્નૉલૉજીમાં એક પોર્ટેબિલિટી આવી છે. ડૉક્યુમેન્ટથી લઈને ડિજિટલ મીડિયા સુધી અને ફોટોગ્રાફથી લઈને ફાઇલ-ફોલ્ડર સુધીની વસ્તુઓને સાચવવી સરળ બની રહી છે. સોશ્યલ મીડિયા ઍપ્લિકેશન કે વેબસાઇટ પર એકથી વધારે વિકલ્પો મળી રહેતાં હવે શૅરિંગમાં સરળતા આવી છે. ઑફિસ ડૉક્યુમેન્ટમાં એડિટિંગથી લઈને રાઇટિંગ સુધીનાં કામ કરવા મોબાઇલ કે ટેબ પર શક્ય બની રહ્યાં છે. એન્ડ્રૉઇડ અને આઇફોનની ઑપરેટિંગ સિસ્ટમથી આમ તો ગણ્યા ગણાય નહીં એવા ફાયદા થયા છે, પણ ઍપ્લિકેશનની માર્કેટમાં દરરોજ કંઈક નવું આવે છે. આ દરેક નવી વસ્તુને ફોનમાં સ્થાન આપવું શક્ય નથી. ક્યારેક ફોન સ્પેસની મર્યાદા નડે તો ક્યારેક એનો ઉપયોગ મર્યાદિત હોય તો એ ફોનમાં જગ્યા રોકી બેસે. આવું ન થાય અને નવી ઍપ્લિકેશનનો ઉપયોગ પણ થાય એ માટે ઘણી કસ્ટમાઇઝડ વેબસાઇટ કેટલાક ટુલ્સ તૈયાર આપે છે.

આ ટુલ્સની મદદથી નાનાં-મોટાં કામ માટે જે તે ઍપ્લિકેશન ડાઉનલોડ કરવાની જરૂર રહેતી નથી. સમયની બચત સાથે કામ પાર થઈ જાય છે. આજે આવી જ કેટલીક વેબસાઇટનો ભંડાર કેવો છે, એમાં શું થાય છે, કેવી રીતે થાય છે અને ફોનમાંથી એને



કેવી રીતે ઑપરેટ કરી શકાય એ વિશે જાણીશું. આ સિવાય આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ AIની કેટલીક એવી વેબસાઇટ વિશે જાણીશું જે સામાન્ય ઇનપુટમાં જોરદાર કામ કરી આપે છે. ખાસ વાત એ છે કે AI આધારિત સાઇટમાં જે તે શહેર અનુસાર તે કસ્ટમાઇઝડ થઈ જાય છે, જેમકે AI આધારિત સાઇટને એવું પૂછો કે, શહેરમાં બેસ્ટ આઉટફિટ માર્કેટ, મોબાઇલ ક્લેક્શન કે ફૂડ માટેની બેસ્ટ રેસ્ટોરાં ક્યાં છે.... તો આનો જવાબ તે સરળતાથી આપશે અને ફૂડમાં તો કિંમત કેટલી અને કેટલા બજેટમાં પડશે એનો પણ અંદાજિત આંકડો આપી દેશે.!

### ટૂલ્સએફકે

આ એક AI બેઝ વેબસાઇટ છે. એમાં પીડીએફને એડિટ કરવાથી લઈને ફોટોમાંથી વૉટરમાર્ક દૂર કરવા સુધીનાં કામ થાય છે. તૈયાર ઇમેજને એનિમેટ કરી દેશે, સ્ક્રિપ્ટ તૈયાર હશે તો વીડિયો બનાવી દેશે, કોઈ ઇમેજમાંથી બૅકગ્રાઉન્ડ દૂર કરવું છે તો એ પણ કરી આપશે, ઇમેજ પર કંઈક હાઇલાઇટ કરવા માગો છો કે ઇન્ફોગ્રાફિક એડિટ કરવું છે એ પણ અહીં શક્ય છે. ઝાંખી પડી ગયેલી તસવીરને મસ્ત 4Kમાં બદલી દેશે. કોઈ પ્રોફાઇલનો ક્યુઆર કોડ જનરેટ કરવામાં પણ મદદ કરશે. આ ક્યુઆરને ટેસ્ટ કરવાની પણ છૂટ. એક્ઝેટ એ જ પ્રોફાઇલ ખોલી આપશે.

### ડિઝાઇનર એરેના

થોડું પ્રોમ્પટિંગ આવડતું હોય અને સ્ક્રિનપ્લેનું બેઝિક નૉલેજ હોય તો આ વેબસાઇટ બેસ્ટ છે જે તે ઇમેજ AI જનરેટ કરવા માટે. પ્રાઇમરી શરત એ છે લૉગઇન ગૂગલ આઇડીથી કરવું પડશે. પછી જે તે પ્રોમ્પ ઈંગ્લિશમાં જ આપવાના રહેશે. પણ આ વેબસાઇટમાંથી આઉટપુટ અતુલ્ય છે. ઇમેજ હોય કે વીડિયો, સ્ક્રિન પર એની ક્લેરિટી સિનેમા સ્ક્રિનને પણ ટક્કર મારે છે. એનિમેશન એટલા સ્મૂથ હોય છે કે, જાણે કોઈ પ્રોફેશનલ વીડિયો એડિટરે એડિટ કર્યા હોય એવું લાગશે. આ સાથે જે ફૉર્મેટ બનાવવું હોય એ પણ બની જશે. થોડું ડિઝાઇનિંગ નૉલેજ અનિવાર્ય છે, થોડું કૅમેરા ઍંગલનું જ્ઞાન હશે તો સ્ટુડિયોમાં ફોટો ક્લિક કરાવવાની પણ જરૂર નહીં પડે. સ્ટુડિયોની જરૂરિયાત આ એક વેબસાઇટ જ પૂરી કરી દેશે.

### લવપીડીએફ

મોટી મોટી સાઇઝ ધરાવતી પીડીએફ મોબાઇલ અને કમ્પ્યુટરમાં પણ જગ્યા રોકે છે, આવું ન થાય એ માટે લવપીડીએફને એ ફાઇલ આપી દો. ક્મ્પ્રેસ કરવાની જરૂર નહીં પડે અને સાઇઝ પણ નાની કરી આપશે. એ પણ કોઈ પ્રકારની ઝંઝટ વગર. વારંવાર એકથી વધારે ફાઇલનો ભરાવો થયો હોય તો આ ટુલ્સ ખૂબ ઉપયોગી સાબિત થશે. એટલું જ નહીં સાઇઝ નાની કરતી વખતે પીડીએફની અંદરથી એક પાનું કે લેટરને પણ એડિટ નહીં કરે. માત્ર ફાઇલ સાઇઝને જ કટ મારશે.

### ચેટજીપીટી તથા જેમિની

હવે આમાં નવું શું છે? નવું એ છે કે, ચેટજીપીટી જે તે કમાન્ડ ઑટોમેટિક યાદ રાખે છે, જેમ કે, અર્થતંત્રને લગતા દસ જુદા જુદા મુદ્દાઓ પરથી પૅરેગ્રાફ બનાવવા માટે આપેલો કમાન્ડ દર વખતે આપવાની જરૂર નથી. જ્યારે જેમિનીમાં AI ફોટો જનરેટ કરતી વખતે કોઈ ટૅક્સ આપી દેવાથી એ ઑમેટિક એને સેટ કરશે.

દાખલા તરીકે માર્કેટનું ચિત્ર હોય અને એક દુકાનનું નામ ચાઈ-પાની રાખવું હોય તો એ શક્ય છે. ગૂગલ ફ્લોમાં વીડિયો પણ જનરેટ કરી આપશે પણ એક દિવસમાં ૮ સેકન્ડથી વધારે વીડિયો તૈયાર નહીં થાય. આ મર્યાદા છે. ■

**આઉટ ઑફ બૉક્સ**

*હિન્દી ઇન્ફોગ્રાફિક્સ... આ વેબસાઇટ એવી છે જે દરેક વિષયના બેઝિક ક્લિયર કરશે. આ ઉપરાંત ઇન્ફોગ્રાફિક્સમાં શું હોવું જોઈએ અને કેવી રીતે બને એની પણ સમજ આપશે.*

ઊડતી વાત
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# લગ્ન માટે આ તે કેવો જુગાડ?




'મે આઇ કમ ઇન સર?' એક લવરમૂછિયો ચેમ્બરનું બારણું ખોલીને અંદર આવવા પરમિશન માગી રહ્યો હતો.

'યેસ, કમ ઇન' લખતરિયાએ આગંતુકને અંદર આવવા કહ્યું.

લખતરિયા ઑઇલ કંપનીની પ્રાદેશિક ઑફિસમાં ચીફ એન્જિનિયર હતા.

'તારું નામ શું છે? તું અહીં નોકરી કરે છે?' લખતરિયાએ જિજ્ઞાસાને વાચા આપી.

'મારું નામ કુમાર પટેલ છે. હું તમારા સેક્શનમાં રોજમદાર મજૂર છું' કુમારે જવાબ આપ્યો. નોકરીની શરૂઆતના દિવસોમાં નવા-નવા છોકરા કે છોકરી ડબ્બા જેવાં હોય. બિલકુલ બાઘાં લાગે. ચકળવકળ ડોળાથી બધું જોતાં હોય. આત્મવિશ્વાસ તો તળિયે હોય, પરંતુ કુમાર તો એમાં અપવાદરૂપ લાગે.

'તારે કાંઈ મારું કામ છે?'

'સાહેબ, તમે આ ઑફિસના સૌથી મોટા સાહેબ છો?' કુમારની આંખમાં કુતૂહલનાં કબૂતર ઉડાઉડ કરતાં હતાં.

'તને વાંચતાં આવડે છે?' લખતરિયાએ કુમારને પૂછ્યું.

'હા, પણ તમે કેમ આવો સવાલ કરો છો?' કુમાર મૂંઝાયો.

'તું ચેમ્બર બહાર લગાવેલું મારું બોર્ડ વાંચી આવ' લખતરિયાએ આદેશ કર્યો.

'ડૉ. ડી લખતરિયા, એમટેક, ચીફ એન્જિનિયર, રિજયોનલ ઑફિસ, ભરૂચ' લખેલું હતું.

કુમાર બોર્ડ વાંચીને લખતરિયાની ચેમ્બરમાં ગયો.

'કેમ? હવે સંતોષ થયો?' લખતરિયાએ તંજ કસ્યો.

'હા સર, પણ તમારાથી કોઈ મોટા સાહેબ હશેને?'

'મારાથી ઉપર તો ડાયરેક્ટર હોય. કેમ તારે મારા સાહેબ થવું છે?'

'સર, મારે પણ એક દિવસ માટે તમારા જેવા બૉસ બનવું છે' કુમારે મહેચ્છા પ્રદર્શિત કરી.

'આ પોસ્ટ પર આવવા મેં કેટલા પાપડ વણ્યા છે કે કેટલું પેટ્રોલ બાળ્યું છે એની તને ખબર છે? તારે મારા બૉસ બનીને શું કાંદા કાઢવા છે?' કુમારની ગુસ્તાખી પર લખતરિયા બરાબર બગડ્યા.

'સાહેબ, ગુસ્સો થૂંકી નાખો. હું તમારા માટે ચા મગાવું?' કુમારે ચા ઑફર કરી.

'મારા એટલા ખરાબ દિવસો આવ્યા નથી કે મારે રોજમદારની ચા પીવી પડે? તારા જેવાને તો હું રોજની બસો-પાંચસો રૂપિયાની ચા પીવડાવું છું.'

'સર, તમને એવું લાગે છે કે હું પૈસા માટે નોકરી કૂટું છું?' કુમારે ગૂગલી નાખી.

'જો ભાઈ, દુનિયામાં સૌ પૈસા કમાવા નોકરી કરતા હોય. હું પણ બે રૂપિયા કમાવવા નોકરી કરું છું.'

'સર, હું એક મિશન પૂરું કરવા નોકરી કરું છું.'

'હેંએઁ? શેનું મિશન? તું આતંકવાદી છે કે સામેની કંપનીનો જાસૂસ છું? તારો ઇરાદો શુભ જણાતો નથી' લખતરિયાને કુમાર ભેદી માણસ લાગ્યો.

'સાહેબ, તમે મહિને કે વરસે કેટલું કમાતા હશો?' કુમારે નવો મોરચો ખોલ્યો.

'હું મહિને પાંચ લાખ રૂપિયા અને વરસે બોનસ ફોનસ ગણીએ તો એક કરોડ રૂપિયા કમાઉં છું' લખતરિયાએ માહિતી આપી.

'બસ, એટલા જ? વૉટ એ પુઅર ઇન્કમ!'

'વૉટ? તને કરોડ રૂપિયાની કમાણી ચણામમરા લાગે છે?'

'ચોક્કસ, સર મારી એક દિવસની કમાણી બે-ત્રણ કરોડ રૂપિયા છે' કુમારે ઘટસ્ફોટ કર્યો.

'તો પછી અહીં મહીને દસ હજાર રૂપરડીમાં શું કામ લોદર તોડવા આવે છે?' લખતરિયાએ હૈયે હતું તે હોઠે લાવી દીધું.

'સર, મારી મજબૂરી છે. હું વઢિયાર પંથકનો છું. હું સટ્ટાકિંગ છું. મારી કરોડો રૂપિયાની આવક છે. વરથી લઈ વરસાદ અને મસાલાથી લઈ મૅચ સુધી સટ્ટો રમાડું છું. મારી પાસે ખેતીવાડી, બંગલો, ફાર્મહાઉસ, મૉલ વગેરે છે, પરંતુ અમારા પંથકમાં લગ્ન કરવા માટે આ પૂરતું નથી. છોકરીવાળાને સરકારી અધિકારી જ ખપે છે. એમ તો હું નૉન મેટ્રિક પાસ છું, પણ મને નોકરી કોણ દે?' કુમારે પોતાની જાંઘ ખુલ્લી કરવી જ પડી.

'એમાં હું તને શું મદદ કરી શકું?'

'સર, મારે તમારી એક ફેવર જોઈએ છે' કુમારે વિનંતી કરી.

'કેવી ફેવર?'

'સર, મને એક દિવસ માટે તમારો બૉસ બનાવી દો. મારા સંબંધની વાત ચાલે છે. મેં મોટા ઑફિસર હોવાની ડિંગ મારી છે. છોકરીનાં માબાપ મને મારી ઑફિસમાં કામ કરતો જોવા માગે છે. મારી અસલી કામગીરી જોવે તો મને કદી પસંદ ન કરે. મને જોવા છોકરીનાં માબાપને હું અહીં બોલાવીશ. હું તમારી કૅબિનમાં બેસીશ. તમારા પીએ મારફત તમને મારી કૅબિનમાં બોલાવીશ. તમારે મને પટેલસાહેબ કહીને બોલાવવાનો. ચા-નાસ્તાની વ્યવસ્થા કરવાની.' કુમારે મૅરેજ ગેમ સમજાવી.

'યેસ, ઇટ ઇઝ ઇન્ટરસ્ટિંગ, બૉસ' લખતરિયાએ નાટકની શરૂઆત કરી.


નિયત દિવસે છોકરીનાં મા-બાપ કુમારસાહેબની ઑફિસ પહોંચ્યાં. લખતરિયાએ તાબેદારીની પર્ફેક્ટ ઍક્ટિંગ કરી. લખતરિયા જાતે ટ્રેમાં ચા અને નાસ્તાની પ્લેટ લાવ્યા. કોઈ ન જુએ તે રીતે કુમારને આંખ મારી. કુમારનું નક્કી થઈ ગયું.

કુમારનાં લગ્ન થઈ ગયાં. કુમારે ઑફિસના સ્ટાફને ફાઇવ સ્ટાર હોટલમાં પાર્ટી આપી. પછી કુમાર કદી ઑફિસમાં દેખાયો નહીં.

કોઈ છોકરો કુંવારો હોય તો કુમારનો આઇડિયાનો ઉપયોગ કરીને લગ્નમંડપ સુધી પહોંચી કુર્યાત સદા મંગલમ્ કરી શકે છે. પણ અમને રૉયલ્ટી ચૂકવવાની રહેશે. વરના!

ફોકસ પ્લસ
વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# યુવાનોની જાન છે સ્માર્ટ ફોન



આજના સમયમાં જો કોઈ ચીજને યુવાનોની જાન કહેવામાં આવતી હોય તો એ છે તેમનો સ્માર્ટ ફોન. હેરાન કરે એવી વાત એ છે કે યુવાનો કોઈ પણ ચીજથી એક-બે વર્ષમાં કંટાળી જાય છે ત્યારે એક દશકથી સ્માર્ટ ફોનમાં તેમનો રોમાંચ યથાવત છે. છેલ્લા એક દશકથી સ્માર્ટ ફોન ન ફક્ત યુવાનોની જિંદગીનું કેન્દ્ર બન્યો છે, પણ એ તેમનું એક પસંદીદા ગૅજેટ પણ છે. આ દરમ્યાન સમય બદલાયો, ટેક્નિક બદલાઈ, ટ્રેન્ડ બદલાયો પરંતુ સ્માર્ટ ફોન સદાબહાર સ્ટાઇલ સ્ટેટમેન્ટની જેમ યુવાનો માટે સ્ટેટસ સિમ્બૉલ છે. સવાલ એ છે કે આટલા નાના ડિવાઇસમાં એવું તે શું છે કે યુવાઓ વર્ષોથી એનો મોહ છોડવાની વાત તો દૂર, એનો લગાવ જરા પણ ઓછો નથી કરી શકતા.

### આ એક ઉપકરણ નથી, પૂરી જીવનશૈલી છે

સ્માર્ટ ફોન ફક્ત એક ડિવાઇસ કે ઉપકરણ નથી. આજે એ યુવાનોની જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બની ગયો છે. પહેલાં મોબાઇલ ફોનનો ઉપયોગ ફક્ત કોઈને મેસેજ કે ફોન કરવા પૂરતો જ થતો હતો, પરંતુ જેમ-જેમ સમય વીતતો ગયો તેમ એનો ઉપયોગ અને આકર્ષણ વધતાં ગયાં. આજે સ્માર્ટ ફોન એક મલ્ટીફંક્શનલ સાથીમાં બદલાય ગયો છે જે મનોરંજન પણ કરે છે, શિક્ષિત પણ કરે છે, નોકરી શોધવામાં કામ આવે છે, દોસ્તી વધારવામાં પણ કામ આવે છે, આ બધું એક નાના સ્માર્ટ ફોનમાં છે. આ બધાને કારણે એક દશકથી સ્માર્ટ ફોન યુવાનો માટે એક મનપસંદ ગૅજેટ બની ગયું છે અને દિવસે-દિવસે યુવાનો માટે એના પ્રત્યેનો મોહ વધી રહ્યો છે.

### કૅમેરાથી પુસ્તક સુધી બધું છે

આજે એક સ્માર્ટ ફોન ન ફક્ત કોઈ જમાનાનો હાઈ ક્વૉલિટી સ્માર્ટ કૅમેરા છે, પરંતુ એક જમાનાનું લક્ઝરી ટીવી બની ચૂક્યો છે. રેડિયો તો છે જ, ન્યૂઝ પેપરો તો એમાં સમાયાં જ છે અને પુસ્તકોની તો એ ખાણ છે. એ તમારી દરેક કેનેક્ટિવિટીનું સાધન છે. બૅન્ક તેમ જ બીજી નાણાકીય ગતિવિધિઓને અંજામ આપે છે. એક સ્માર્ટ ફોનમાં કોઈ જમાનાનાં ડઝનો અને અત્યાર સુધીનાં સેંકડો ગૅજેટ સમાઈ ચૂક્યાં છે. એટલે એ ટૂ ઇન વન કે ફોર ઇન વન નહીં હન્ડ્રેડ ઇન વન છે અને ભવિષ્યમાં એ ઑલ ઇન વન બની જશે. એટલે ફક્તો યુવાનો જ નહીં દરેક કામકાજી માણસ માટે સ્માર્ટ ફોન એક પસંદીદા ગૅજેટ છે.

**સ્માર્ટ ફોન કેમ છે યુવાનોનું દિલ**

- કેમ કે એ ઓલ-ઇન વન ગૅજેટ છે. એક ડિવાઇસમાં પૂરી દુનિયા સમાઈ છે.
- સોશ્યલ કનેક્શન, એ દોસ્તી, ઓળખ અને અભિવ્યક્તિનું સૌથી સરળ અને પ્રભાવી માધ્યમ છે.
- આ બધાને કારણે આજે દુનિયાનો દરેક યુવાન સ્વયં કન્ટેન્ટ ક્રિયેટર પણ છે.
- ગેમિંગથી લઈને ઓટીટી સુધી એ આજે મનોરંજનનું પાવરહાઉસ છે.
- એ ફક્ત મનોરંજન જ નહીં, પરંતુ શીખવાનું અને કમાવાનું સૌથી સ્માર્ટ સાધન પણ છે.
- સ્માર્ટ ફોન પોતાની સ્ટાઇલ અને સ્ટેટસને કારણે આજે દરેકના વ્યક્તિત્વનો અરીસો બની ચૂક્યો છે.

### સોશ્યલ કનેક્ટિવિટી

આજે ગ્લોબલ વિલેજનો જમાનો છે. પૂરી દુનિયા એક સ્ક્રીનમાં સમેટાઈ ગઈ છે અને એને આસાન અને સુલભ સ્માર્ટ ફોને જ બનાવી છે. એના કારણે જ સ્માર્ટ ફોન અમારી સોશ્યલ કનેક્ટિવિટી માટે સૌથી તેજ, ઉપયોગી અને જરૂરી માધ્યમ છે. આજે સ્માર્ટ ફોન દુનિયામાં ઉપયોગમાં આવતી દરેક કન્ટેન્ટ માટે સૌથી મોટો સ્રોત છે. સ્માર્ટ ફોન દ્વારા યુવા પોતાને અભિવ્યક્ત કરે છે, બીજાથી જોડાય છે અને પોતાની મોજૂદગી દર્જ કરે છે. આ જ કારણ છે કે સ્માર્ટ ફોનનો કોઈ વિકલ્પ નથી મળી રહ્યો.

### પર્સનલાઇઝેશન અને સ્ટાઇલ

સ્માર્ટ ફોન હવે ફક્ત ઉપયોગી ચીજ નથી, પરંતુ એ એક સ્ટેટસ સિમ્બૉલ પણ છે. કયું મોડલ છે, કૅમેરા કેવો છે, કવર કેવું છે આ બધું યુવાનોની ઓળખનો એક હિસ્સો બની ગયો છે. એટલે આ ગૅજેટ તમે કોણ છો એ પણ બતાવે છે અને બીજા કોણ છે તેની ઓળખ પણ કરે છે. શિક્ષા અને કરિયરમાં સ્માર્ટ ફોન સારથી તો છે જ. આ ઉપરાંત ઑનલાઇન ક્લાસિસ, ડિજિટલ કોર્સ, સ્કિલ લર્નિંગ, ઍપ્સ વગેરે જેવી ઘણી બાબતોમાં યુવાનોને નવા-નવા અવસર આપ્યા છે. એટલે આજે એવું કોઈ ડિવાઇસ નથી જે સ્માર્ટ ફોનની જગ્યા લઈ શકે. આ જ કારણ છે કે એક દશકથી પણ વધારે સમયથી યુવાનો માટે સ્માર્ટ ફોન એક પસંદગીનું ગૅજેટ બની ગયું છે. ■

# શેરબજારમાં ત્રણ અઠવાડિયા બાદ પ્રથમ સાપ્તાહિક ઘટાડો નોંધાયો, રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૩ લાખ કરોડનું ધોવાણ

મુંબઇ: શેરબજાર માટે સમીક્ષા હેઠળનું પાછલું સપ્તાહ રોકાણકારો માટે વધુ ચિંતા ઉપજાવનારું નિવડ્યું હતું. શેરબજારમાં ત્રણ અઠવાડિયા બાદ પ્રથમ સાપ્તાહિક ઘટાડો અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૩ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે. અખાતી યુદ્ધમાં દેખીતી રીતે સીઝફાયરનો અમલ હોવા છતાં અમુક છમકલા ચાલુ જ છે અને ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવમાં વધારા સાથે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પટકાયો હોવાથી કથળી ગયેલા માનસ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં ૨.૭૦ ટકા સુધીનો કડાકો નોંધાયો છે.

અમેરિકા અને ઇઝરાયલ આ સપ્તાહે ઇરાન પર ફરીથી હુમલા ચાલુ કરશે એવી અટકળોને પગલે પશ્ચિમ એશિયામાં હવે શાંતિની આશા આશંકામાં ફેરવાઇ ગઇ છે અને બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ ઉકળવા લાગ્યા છે. યુએસ ડોલર સામે નબળો રૂપિયો, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના સતત આઉટફ્લો સાથે, રોકાણકારોના સેન્ટિમેન્ટને પણ નુકસાન થયું છે. સપ્તાહ દરમિયાન બ્રેન્ટ ક્રૂડ

## શેર બજાર

નિલેશ વાઘેલા

ઓઇલના ભાવ ૩.૭૫ ટકા વધીને પ્રતિ બેરલ ૧૦૯.૭ ડોલર થયા હતા, જ્યારે ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ૯૫.૯૭ના નવા રેકોર્ડ નીચા સ્તરે બંધ થયો હતો.

સોમવાર અને મંગળવારે, સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧.૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો હતો, જ્યારે બુધવારે થોડી હિલચાલ સાથે રેન્જ-બાઉન્ડ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. ગુરુવારે રાહતની તેજી જોવા મળી હતી, જે મુખ્યત્વે ઇન્ડેક્સ હેવીવેઇટ એચડીએફસી બેંક અને ભારતી એરટેલને આભારી હતી. શુક્રવારે, સેન્સેક્સ ૧૬૦.૭૩ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૭૫,૨૩૭.૯૯ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૪૬.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકાઘટીને ૨૩,૬૪૩.૫૦ પર બંધ થયો.

અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ ૨.૭૦ ટકા અને નિફ્ટી ૨.૨૦ ટકા ઘટીને ૨૩,૬૪૩.૫૦ પર બંધ થયો. વ્યાપક સૂચકાંકોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો, જેમાં બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ અનુક્રમે ૩.૧૯ ટકા અને ૩.૫૯ ટકા ઘટ્યા, જે નવ અઠવાડિયામાં તેમનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો દર્શાવે છે.

ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારો અને ડોલરની મજબૂતાઈએ જોખમ લેવાની ક્ષમતા પર ભાર મૂક્યો હતો, જેના કારણે એફઆઇઆઇ આઉટફ્લોમાં સમયાંતરે વધારો થયો હતો અને રૂપિયા પર સતત દબાણ રહ્યું હતું. મધ્ય પૂર્વ સંઘર્ષમાં ફરી વધારો થવાની શક્યતાને કારણે ટ્રેડિંગ સત્રો દરમિયાન બજાર અસ્થિર રહ્યું હતું અને નજીવા ઘટાડા સાથે બંધ થયું હતું. નબળો પડતો રૂપિયો મુખ્ય ચિંતાનો વિષય છે. રોકાણકારોને સપ્તાહ દરમિયાન રૂ. ૧૨.૯ લાખ કરોડનું નુકસાન થયું હતું, જેમાંથી શુક્રવારે રૂ. ૨.૨૬ લાખ કરોડનું ધોવાણ થયું હતું. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ રૂ. ૧૦,૧૦૬.૯૧ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ સપ્તાહ દરમિયાન રૂ. ૧૮,૫૨૪.૫૩ કરોડના શેર ખરીદ્યા હતા.

અઠવાડિયા દરમિયાન, રિયલ્ટી, આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો અને પીએસયુ બેંકોના શેરોમાં ૮.૧૭ ટકા સુધીનો ઘટાડો થયો હતો, જ્યારે ફાર્મા, હેલ્થકેર અને મેટલ્સના શેરોમાં ૨.૧૮ ટકા સુધીનો વધારો થયો હતો. ટાઇટન કંપની, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા અને મહિન્દ્રા અને ઇટર્નલમાં ૭.૬૪ ટકા સુધીનો ઘટાડો થયો હતો. સરકારે કસ્ટમ ડ્યુટીમાં વધારો કર્યો હતો અને સોનાની આયાત પર વોલ્યુમ નિયંત્રણો લાદ્યા હતા, જેના કારણે ટાઇટન કંપની અને અન્ય સોનાના દાગીના કંપનીઓ વેચાણના દબાણ હેઠળ આવી હતી. બીએસઈ ૧૦૦માં ૨૪ કંપનીઓ વધી અને ૭૬ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૪૫ કંપનીઓ વધી અને ૧૫૫ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં માત્ર સાત કંપનીઓ વધી હતી અને ૨૩ કંપનીઓ નેગેટીવ ઝોનમાં ગબડી હતી. બીએસઈ ૫૦૦માં ૯૧ કંપનીઓ વધી, ૪૦૯ કંપનીઓ ઘટી હતી. બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ભારતી એરટેલ ૩.૬૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૯૭ ટકા, સન ફાર્મા ૧.૭૪ ટકા, કોટક બેન્ક ૧.૬૯ ટકા અને ટાટા સ્ટીલ ૧.૦૮ ટકાના સુધારા સાથે સમાવેશ હતો, જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં ટાઈટન ૮.૨૮ ટકા, રિલાયન્સ ૭.૪૩ ટકા, ટેક મહિન્દ્ર ૬.૭૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૬.૬૩ ટકા અને ઈટર્નલ ૬.૩૫ ટકાના ઘટાડા સાથે સમાવેશ હતો. ■

# રેપરેશનઃ યુદ્ધનુ વળતર

અખાતી દેશોમાં ઇરાન અને અમેરિકા ઇઝરાયેલ સાથે ચાલી રહેલા દેશોની મડાગાંઠ હજુ સુધી ઉકલી નથી શકી તેના અનેક કારણો હોઇ શકે, પણ તેમાં જે એક મહત્વનુ કારણ છે તે છે ઇરાનની અમેરિકા પાસે રેપરેશન મતલબ યુદ્ધમાં થયેલા નુકસાન ભરપેટ કરવાની માગેલી કીંમત. ઈરાનની આ ડીમાંડ કેટલી સાચી છે તે ખબર નથી, પણ રેપરેશનની ડીમાંડમાં કાંઇ નવુ નથી.

પ્રથમ વિશ્વ યુદ્ધ (૨૮ જુલાઇ ૧૯૧૪થી ૧૧ નવેમ્બર ૧૯૧૮) કે જે ગ્રેટ વોરના નામે ઇતિહાસમાં ઓળખાય છે. આ યુદ્ધની શરૂઆત ૨૮ જુલાઇ ૧૯૧૪ના ઑર્ડુક ફાન્ઝ ફેડીનાડ કે જે ઓસ્ટ્રીયા અને હંગેરીના રાજ્યદે હતા, તેની હત્યાથી થયેલી. આ હત્યા સર્બીયાના એક નાગરીકે કરેલી હતી જેનુ માનવું હતું કે બોસનીયાનો કંટ્રોલ ઓસ્ટ્રીયા નહી, પણ સંબીયા પાસે હોવો જોઇએ. આ રીતે એક સેબીયનએ ઓસ્ટ્રીયન રાજાદયક્ષનુ ખુન કરેલુ હોય ઓષ્ટ્રીયાએ સબર્બીયા ઉપર એટેક કરી દીધો. રશિયાનું સર્બીયા સાથે એલાયન્સ હોવાથી રશિયા આ યુદ્ધમાં કુદી પડયુ, જર્મનીને ઓસ્ટ્રીયા અને હંગેરી સાથે એલાયન્સ હોવાથી જર્મની રશિયા સામે યુદ્ધમાં કુદી પડયુ. આ બાજુ જર્મનીએ બેલ્જીયમ ઉપર એટેક કર્યો, પણ બ્રિટનનુ બેલ્જીયમને પ્રોટેક્ટ કરવાનુ એગ્રીમેન્ટ હોવાથી તેણે જર્મની સાથે યુદ્ધ શરૂ કરી દીધું. આમ પ્રથમ વિશ્વ યુદ્ધની શરૂઆત થઇ ગઇ.

લગભગ સાડા ચાર વર્ષે યુદ્ધ ચાલ્યુ જેમાં અમેરિકાએ લીડ કરેલા એલાયન્સની જીત થઈ અને જર્મનીની હાર. ત્યારબાદ દુનિયા ઉપર યુદ્ધ ઠોકી દેવા બદલ જર્મની અને તેના સહયોગી દેશો ઉપર યુદ્ધમાં થયેલા નુકસાની માટે રેપરેશન મતલબ યુદ્ધના વળતરની માગણી વધવા લાગી, જે આખરે ૧૯૧૯ની વર્સેલ્સ સંધીથી અમલમાં આવી. આ સંધીની વોર ગીલ્ટ કલમ મુજબ જર્મનીને મુખ્યત્વે આ યુદ્ધ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યુ અને જર્મની અને મિત્ર રાષ્ટ્રો દેશ પાસેથી યુદ્ધના વળતર માટે ૧૩૨ બીલીયન

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઇ**

ગોલ્ડ માર્ક ચુકવવાનુ નકકી થયુ જે રકમ આજની તારીખમાં લગભગ ૬૦૫ બીલીયન ડૉલર્સની થાય (૧ બીલીયન ડૉલર્સ એટલે અંદાજે રૂ. ૯૬૦૦ કરોડ.)

આ રકમ અલગ અલગ દેશોમાં વહેંચવામાં આવી હતી. ફ્રાનસની ઇચ્છા એવી હતી કે જર્મની આ રકમ ચુકવવામાં પાયમાલ થઈ જાય તો ફ્રાન્સ યુરોપમાં એક મોટી સતા બની જાય પણ બ્રિટનને જર્મનીની જરૂર એક મોટા કેન્દ્રીય વેપાર માટે હતી. ૧૯૨૩માં જર્મની આ યુદ્ધનુ વળતર ચુકવવામાં નિષ્ફળ જતા ફ્રાન્સ અને બેલ્જીયમએ જર્મનીના ઇન્ડસ્ટ્રીયલ ટાઉન રુહર પર ચડાઈ કરી કબજો મેળવી લીધો. આના કારણે જર્મનીએ દેવુ ચુકવવા ઘડાઘડ ચલણી નોટો છાપવા માંડી અને પરિણામે હાયપર ઈન્ફલેશન, એટલે કે ભયંકર મોંઘવારી ફાટી નીકળી.

આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા માટે ૧૯૨૪માં ડોસ પ્લાન અસ્તિત્વમાં આવ્યો જેમા રેપરેશનના પૈસા ચુકવવા માટે અમેરિકાએ જર્મનીને લોન આપી, પરંતુ તેનાથી પણ સંતોષકારક રસ્તો નહીં નીકળતા ૧૯૨૯માં યંગ પ્લાન આવ્યો, જેમાં રેપરેશન ચુકવવાની સમયમર્યાદા વધારીને ૫૯ વર્ષની કરવામાં આવી. જોકે ૧૯૨૯માં જ મહામંદી આવતા જર્મનીને અમેરિકન લોન આવવાની બંધ થઇ ગઇ અને આ દેશો ઉપર નાણાકીય સંકટ આવી ગયું હતું.

આ યુદ્ધ વળતરની સંધી અમલમાં આવે તે પહેલા તો ઓસ્ટ્રીયા નાદાર થતા ત્યાંથી આવતી રેપરેશનની રકમ બંધ થઇ ગઇ. હંગેરીના ઇકોનોમીક કોલેપ્સ થતા તેની પણ યુદ્ધ વળતરની રકમ માંડી વાળવામાં આવી. બલ્ગેરીયાએ પણ ૨, ૫ બીલીયન માર્કસ ચુકવ્યા પણ ત્યારબાદ તે પણ નિષ્ફળ ગયુ. આખરે જર્મનીએ ૫૦ બીલીયન ગોલ્ડ માર્કસ ચુકવવાના હતા, જેના માટે એ અને બી બોન્ડ ઉતારવામાં આવેલા હતા.

રેપરેશનની રકમ કરતા યુદ્ધ વળતર ચુકવવા માટે પ્રથમ વિશ્વ યુદ્ધ હારેલા જર્મનીને જવાબદાર ઠેરવીને જગતમાં તેની જે બેઈજજતી કરેલી તેની કીંમત રેપરેશનની રકમ કરતા બહુ વધારે હતી અને આનો પુરો ફાયદો એડોલ્ફ હીટલરે નાજી સેના બનાવીને પુરો લાભ લીધો. જર્મનીએ તેનુ છેલ્લું વ્યાજનુ પેમેન્ટ ઓકટોબર ૨૦૧૦માં કરીને રેપરેશનનુ પેમેન્ટ પુરૂ કર્યું.

૨૦૨૬માં ઇરાન કેવી રીતે અમેરિકા પાસેથી તેના ઉપર ઠોકી બેસાડેલા યુદ્ધ માટે વળતરની રકમ અમેરિકા પાસે કેવી રીતે પાસ કરાવી શકશે તે કળવુ મુશ્કેલ છે, કારણકે આજે દુનિયા પ્રો-ઇરાન અને એન્ટી - ઇરાન તથા પ્રો અને એન્ટી અમેરિકામાં ડીવાઇડ થઇ ગઇ છે. કોઇપણ દેશ માટે આંધળુકીયા અને અતિઆવેશમાં આવીને કરેલા મુર્ખાઈભર્યો નિર્ણયની કિંમત એટલે રેપરેશન!! ■

# ચેરિટી કમિશનરના નિર્દેશોને પગલે ટાટા ટ્રસ્ટે બેઠકો રદ કરી

મુંબઇ: ટાટા ટ્રસ્ટની ૧૬ મેના રોજ યોજાનારી બધી બેઠકો મુલતવી રાખવામાં આવી છે અને અત્યાર સુધી કોઈ નવી તારીખો જાહેર કરવામાં આવી નથી. જાણીતા પોર્ટલના અહેવાલ મુજબ, મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરના કાર્યાલય તરફથી મોડી સાંજે મળેલા નિર્દેશ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સમાં સામૂહિક રીતે બહુમતી હિસ્સો ધરાવતા ટાટા ટ્રસ્ટ્સમાં ચાલી રહેલા ગવર્નન્સને લગતા વિવાદને કારણે આ બેઠકોએ ધ્યાન ખેંચ્યું હતું.

પંદરમી મેના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં, ટાટા ટ્રસ્ટે જણાવ્યું હતું કે તેને ચેરિટી કમિશનર તરફથી ૧૬મી મેની બેઠક મુલતવી રાખવા માટે બોર્ડ ઓફ ટ્રસ્ટીઓને નિર્દેશ મોકલતો એક ઇમેઇલ મળ્યો હતો. ટાટા ટ્રસ્ટ અનુસાર, આ નિર્દેશ એકતરફી ધોરણે જારી કરવામાં આવ્યો હતો, જેનો અર્થ સર રતન ટાટા ટ્રસ્ટ માટે સૂચના અથવા સુનાવણી વિના કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટે એમ પણ કહ્યું હતું કે આ આદેશ ફક્ત સર રતન ટાટા ટ્રસ્ટને લાગુ પડતો હોય તેવું લાગે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશમાં ૧૮ એપ્રિલના રોજ કાત્યાયની અગ્રવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ, ૨૮ એપ્રિલના રોજ ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસન દ્વારા રજૂ કરાયેલી રજૂઆત અને ૧૩મી મેના રોજ બોમ્બે હાઈકોર્ટ દ્વારા સર રતન ટાટા ટ્રસ્ટ અંગે આપવામાં આવેલા આદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ■

# રિઝર્વ બેન્કે એક જ ઝાટકે ૧૫૦ એનબીએફસીના લાયસન્સ રદ કર્યા

મુંબઇઃ બેન્કિંગ ક્ષેત્રની બજાર નિયામક ભારતીય રિઝર્વ બેંકે દેશમાં એનબીએફસી પર પોતાની પકડ વધુ કડક બનાવી છે, એક જ ઝાટકે ૧૫૦ એનબીએફસીના નોંધણી પ્રમાણપત્રો રદ કર્યા છે. કેન્દ્રીય બેંક દ્વારા આ કડક કાર્યવાહી આરબીઆઇ અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૪૫-આઇએ (૬) હેઠળ કરવામાં આવી છે.

આ કાર્યવાહીનો અર્થ એ છે કે આ કંપનીઓ હવે કોઈપણ નાણાકીય વ્યવસાય અથવા ધિરાણ વ્યવસાય કરી શકશે નહીં. વધુમાં, સાત અન્ય કંપનીઓએ સ્વેચ્છાએ તેમના લાઇસન્સ પરત કર્યા છે. આ પછી, તેમના નોંધણી પણ રદ કરવામાં આવ્યા હતા.

રિઝર્વ બેંકની આ કાર્યવાહીથી પ્રભાવિત મોટાભાગની કંપનીઓ પશ્ચિમ બંગાળ અને દિલ્હી સ્થિત છે. જો કે, આ ઉપરાંત તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, બિહાર, હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોની કંપનીઓનો પણ સમાવેશ થાય છે. કોલકાતાની અકિન વિનકોમ, એડમાયર એક્સચેન્જ અને દિલ્હીની ગોલ સિક્યોરિટીઝ જેવી ઘણી જાણીતી કંપનીઓને પણ બ્લેકલિસ્ટ કરવામાં આવી છે.

કાર્યવાહી વચ્ચે, કેટલીક કંપનીઓએ સ્વેચ્છાએ વ્યવસાય છોડી દેવાનો નિર્ણય લીધો છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, અશોક વિનિયોગ અને ગુરુ કૃપા ફિનવેસ્ટ સહિત ચાર કંપનીઓએ સ્વેચ્છાએ તેમના લાઇસન્સ પરત કરી દીધા છે, જેનાથી તેમના વ્યવસાયો બંધ થઈ ગયા છે.

દરમિયાન, આરઆર હોલ્ડિંગ્સ અને અંજલિ કેપફિન જેવી કંપનીઓને હવે રિઝર્વ બેંકની નોંધણીની જરૂર નથી કારણ કે તેઓ અનરજિસ્ટર્ડ કોર ઇન્વેસ્ટમેન્ટ કંપનીઓ (સીઆઇસી)ની શ્રેણીમાં આવે છે. વધુમાં, એચડીએફસી હોલ્ડિંગ્સ લિમિટેડનું લાઇસન્સ પણ રદ કરવામાં આવ્યું છે કારણ કે મર્જર પછી તેનું સ્વતંત્ર કાનૂની અસ્તિત્વ નથી. ■

# એપ્રિલ ૨૦૨૬ દરમિયાન મુંબઈ ડિવિઝન, મધ્ય રેલવે દ્વારા ₹ ૫૭૦.૪૨ કરોડની આવક

મુંબઈ: મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝને એપ્રિલ ૨૦૨૬માં મજબૂત આવક પ્રદર્શન કર્યું છે, જેમાં એપ્રિલ ૨૦૨૫માં રૂ. ૫૨૮.૧૭ કરોડની સરખામણીમાં રૂ. ૫૭૦.૪૨ કરોડની કુલ આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં ૮%નો વધારો દર્શાવે છે. આ વૃદ્ધિ કોચિંગ, વિવિધ અને ટિકિટ ચેકિંગ સેગમેન્ટમાં સુધારેલા પ્રદર્શન દ્વારા પ્રેરિત થઈ છે, જે સતત મુસાફરોની માગ અને વધેલા આવક પ્રાપ્તિના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. એપ્રિલ ૨૦૨૬ માટે કુલ કોચિંગ આવક રૂ. ૩૫૩.૦૬ કરોડ રહી છે જે એપ્રિલ ૨૦૨૫માં રૂ. ૩૨૦.૬૦ કરોડ હતી, જે ૧૦.૧૨%નો વધારો દર્શાવે છે. અન્ય કોચિંગ આવકમાં ૪૧.૨૬% નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જે ગયા વર્ષના રૂ. ૩૫.૬૩ કરોડથી વધીને રૂ. ૫૦.૩૩ કરોડ થયો. ટિકિટ ચેકિંગ ઝુંબેશ પર મુંબઈ ડિવિઝનના ધ્યાનથી પણ નોંધપાત્ર પરિણામો મળ્યા, ટિકિટ ચેકિંગ આવક એપ્રિલ ૨૦૨૫માં રૂ. ૬.૦૭ કરોડની સરખામણીમાં ૧૬૫.૮૯% વધીને રૂ. ૧૬.૧૩ કરોડ થઈ હતી. ભાડા સિવાયના આવકના મોરચે, મુંબઈ ડિવિઝને એપ્રિલ ૨૦૨૬માં રૂ. ૧૩.૪૪ કરોડની કુલ વિવિધ આવક નોંધાવી, જે એપ્રિલ ૨૦૨૫માં પ્રાપ્ત થયેલા રૂ. ૧૧.૬૨ કરોડ કરતાં ૧૫.૬૩% વધુ છે. ખાસ કરીને, ભાડા સિવાયની આવક રૂ. ૧૦.૨૭ કરોડ સુધી પહોંચી, જે એપ્રિલ ૨૦૨૫માં રૂ. ૭.૭૬ કરોડથી ૩૨.૩૮% વધુ છે, જેને અનેક નવીન પહેલો દ્વારા સહાય કરવામાં આવી હતી. ભાડા સિવાયની આવક વધારવા માટે, વિભાગે થાણે, પનવેલ, ટ્રોમ્બે અને તારઘર સ્ટેશનો પર આઉટ ઓફ હોમ (OOH) હોર્ડિંગના કરારો, EMU રેક્સના બાહ્ય વિનાઇલ રેપિંગ માટેના ત્રણ કરારો. ટ્રેન નં. ૨૨૨૨૯ વંદે ભારત એક્સપ્રેસ માટે નવા જાહેરાત કરારોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું - ટ્રેનોમાં ખોરાક/નાસ્તાની ટ્રેની પાછળની બાજુની જાહેરાત માટે કોન્ટ્રાક્ટ. નીલજે અને તારઘર સ્ટેશનો પર રેલ ડિસ્પ્લે નેટવર્ક (RDN) કરારો આપવામાં આવ્યા છે. ■

# ચોથા ક્વાર્ટરમાં ખોટ નોંધાવનાર કંપનીઓની સંખ્યામાં વધારો

મુંબઇઃ કોર્પોરેટ ક્ષેત્રમાં કંપની પરિણામની મોસમ ચાલી રહી છે અને હાલ જ્યારે વિશ્વબજારમાં અનિશ્ચિત હવામાન છે ત્યારે શેરબજારમાં કંપની પરિણામોને આધારે શેરલક્ષી કામકાજ થઇ રહ્યા છે. પાછલા સપ્તાહમાં રેગ્યુલેટર પાસે નોંધાયેલો પરિણામોમાં ખોટ નોંધાવનારી કંપનીઓની સંખ્યા વધી છે. આગામી ત્રિમાસિક સમયગાળામાં પણ આ સંખ્યા વધવાની ધારણા છે.

વીઆઈપી. ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧૨૮.૮ કરોડની સંયુક્ત ચોખ્ખી ખોટ નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૩૨.૬ કરોડના સ્તરે હતી. હિંદુસ્તાન ઓર્ગેનિક કેમિકલએ ચોથા ક્વાર્ટરમાં રૂપિયા ચાર કરોડની ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં બાવન કરોડ રૂપિયા રહી હતી. વેલસ્પન લીવીંગનો નફો ૨૦ ટકા ઘટીને રૂ. ૧૦૬ કરોડ રહ્યો છે. એસજેવીએનએ ચોખ્ખા નફામાં રૂ. ૧૧૮ની ખોટ નોંધાવી છે, જે ગયા ક્વાર્ટરમાં રૂ. ૧૧૭.૮૪ કરોડની ખોટ નોંધાવી હતી.

ટુરિઝમ સંબંધિત પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડતી અગ્રણી કંપનીઓમાંની એક, ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૬.૪૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૭૬.૮૩ કરોડની કુલ આવક, ૬.૫૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૪૯.૪૫ કરોડનો એબિટા અને ૧૮.૯૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨૩.૪૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નાબાર્ડે એમટીએલએલ પાસેથી બીકેસી લીઝહોલ્ડ પ્રોપર્ટી રાઇટ્સ રૂ. ૩૫૦ કરોડના સોદામાં હસ્તગત કર્યા છે. ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે હોર્મોન રેન્જ પ્રોડક્ટ્સ લોન્ચ કર્યા છે, જે તેની પ્રીમિયમ સ્પેશિયાલિટી થેરાપ્ટેક્સ બ્રાન્ડ છે જે લોંગેટીવીટી, હોર્મોન હેલ્થ, પુનઃપ્રાપ્તિ વિજ્ઞાન અને હ્યુમન પર્ફોર્મેન્સ સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપની લેટીન અમેરિકા, દક્ષિણ એશિયાઇ દેશો, આફ્રિકા અને સીઆઇએસ દેશમાં નિકાસ કરે છે. એલેમ્બિક ફાર્માનો નફો ૨૯ ટકા વધીને રૂ. ૨૦૨.૭૦ કરોડ નોંધાયો હતો.

કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૩૩.૫૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૮૧.૪૦ કરોડની કુલ આવક, ૭૭.૫૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૩.૫૫ કરોડનો એબિટા અને ૫૭.૧૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૩.૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સીએમસી ઇન્ફોનો નફો ૧૯ ટકા ઘટીને રૂ. ૭૯ કરોડ રહ્યો હતો.

દરમિયાન વોલમાર્ટે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વોલમાર્ટ ગ્રોથ સમિટ ઇન્ડિયા ૨૦૨૬ની બીજી આવૃત્તિનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ નિકાસ માટે તૈયાર વ્યવસાયો, એમએસએમઇ, ડિજિટલ-ફર્સ્ટ બ્રાન્ડ્સ અને સપ્લાય ચેઇન ભાગીદારોએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વૃદ્ધિની તકો શોધવા માટે આયોજિત કરોયો હતો.

સેઇલનો ચોથા ક્વાર્ટરનો નફો ૪૩ ટકા, ટીવીએસ મોટરનો નફો ૧૭.૫ ટકા, ગોકુલ એગ્રોનો નફો ૧૪૪ ટકા, આરતી ડ્રગ્સનો ૧૬ ટકા, દીપક નાઇટ્રાઇટનો નફો ૧૧૭ ટકા વધ્યો હતો. આઇઆરએફસીનો ચોથા ક્વાર્ટરનો નફો રૂ. ૧૬૮૪ કરોડની સપાટીએ લગભગ સ્થિર રહ્યો હતો. ■

# પેટ્રોલ મોંઘું થતાં એચપીસીએલ, બીપીસીએલના શેર તૂટ્યા!

મુંબઇઃ એકતરફ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ત્રણ રૂપિયાનો વધારો જાહેર થયો અને બીજી તરફ શેરબજારમાં શુક્રવારે શરૂઆતના વેપારમાં ઓઇલ માર્કેટિંગ કંપનીઓના શેરમાં ત્રણથી ચાર ટકા જેવો ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. ઇંધણની ભાવ વૃદ્ધિ છતાં આઇઓસી, એચપીસીએલ, બીપીસીએલના શેર કેમ તૂટ્યા એ જોઇએ.

બીએસઇ પર એચપીસીએલના શેર ૨.૭૧ ટકા, એચપીસીએલના શેર ૨.૩૯ ટકા, આઇઓસીના શેર પ્રારંભિક સત્રમાં ૧.૮૫ ટકા ઘટ્યા હતા. સત્રને અંતે એચપીસીએલના શેરમાં ૨.૮૭ ટકાનો, બાપીસીએલના શેરમાં ૩.૪૭ ટકાનો અને આઇઓસના શેરમાં ૩.૮૨ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

સામાન્ય રીતે પેટ્રોલ અને ડીઝલ જેવા ઇંધણના ભાવ વધે તો ઓઇલ શેરોમાં ઉછાળો આવતો હોય છે. જોકે, શુક્રવારના સત્રમાં વિપરીત ગતિ જોવા મળી હતી. નોંધવું રહ્યું કે, વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાને કારણે ઇંધણના રિટેલર્સને થયેલા વધતા નુકસાન વચ્ચે, ચાર વર્ષથી વધુ સમયમાં પ્રથમ વખત ઇંધણના ભાવમાં વધારો થયો છે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે રિટેલ ઇંધણના ભાવમાં મામૂલી વધારો ક્રૂડના ભાવમાં વધારો થવાની ચિંતાઓને સંપૂર્ણપણે દૂર કરવામાં નિષ્ફળ ગયો અને બજારના માર્જિન પર દબાણ આવ્યું છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૨૩ ટકા વધીને ૧૦૭.૦૨ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યુ છે. નિષ્ણાતો માને છે કે, પેટ્રોલ-ડીઝલના ભાવમાં લિટર દીઠ દસેક રૂપિયાનો વધારો થાય તો ઓઇલ માર્કેટિંગ કંપનીઓને કળ વળી શકે. ફેબ્રુઆરીમાં વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવ લગભગ ૬૯ ડોલર આસપાસ હતા, તે વધીને ૧૨૦ ડોલર પ્રતિ બેરલ થઈ ગયા હતા અને હાલમાં ૧૦૭ ડોલર પર છે, આ રીતે, વધતા ઇનપુટ ખર્ચ અને ઘટતા માર્કેટિંગ માર્જિનને કારણે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પર દબાણ વધી રહ્યું છે. એક તબક્કે ક્રૂડ ઓઇલના ભાવ ૧૨૦ ડોલર પ્રતિ બેરલથી પણ વધી ગયા હતા. પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના ભાવમાં તીવ્ર વધારો પશ્ચિમ એશિયામાં વધતી જતી ઉર્જા કટોકટી અને હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ પુરવઠામાં વિક્ષેપની સીધી અસર દર્શાવે છે. ■

# રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ, કોપરખૈરનેના વિદ્યાર્થીએ CBSE ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૫-૨૬માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો



મુંબઈ: મીત અંકિત છેડાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે CBSE ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. મીતે ૫૦૦માંથી ૪૯૫ ગુણ મેળવીને નોંધપાત્ર ૯૯% ગુણ મેળવ્યા છે. મીતની સિદ્ધિ તેના સતત સમર્પણ, શિસ્તબદ્ધ અભ્યાસની ટેવ અને રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલમાં શ્રેષ્ઠ શૈક્ષણિક વાતાવરણનો પુરાવો છે.

મીત અંકિત છેડા જણાવે છે કે "સફળતા તરફની મારી સફર કઠોર વ્યૂહરચનાને બદલે બીજાઓના સતત સમર્થનથી મોકળી હતી, કારણ કે મેં ફક્ત દરેક પગલે મારું શ્રેષ્ઠ આપવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. નાના નાના પ્રયત્નોમાં સુસંગતતા મારી સૌથી મોટી તાકાત બની હતી. મેં સંપૂર્ણ ધ્યાન સાથે અભ્યાસ કરીને શરૂઆતના સવારના કલાકોનો મહત્તમ ઉપયોગ કર્યો હતો. ટ્યુશન પર આધાર રાખવાને બદલે મેં નવી મુંબઈ સ્થિત ઉપરોક્ત સ્કૂલના મારા શિક્ષકો પાસેથી સતત સ્પષ્ટતા, ચોખવટો માગતો અને સ્કૂલના મારા શિક્ષકો પાસેથી મળેલું માર્ગદર્શન મારા માટે મજબૂત પાયો બન્યો હતો." ■

# શેરબજારમાં ૨.૭૦ ટકાનો કડાકો

મુંબઇઃ શેરબજારમાં સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન માત્ર મેટલ અને ફાર્મા સિવાયના તમામ સેકટરલ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. ખાસ કરીને રિયલ્ટી અને આઈટી શેર્સ સૌથી અધિક ધોવાણ જોવા મળ્યું હતું. એફઆઇઆઇની એકધારી વેચવાલી સામે સ્થાનિક સંસ્થાઓની રૂ.૨૫,૨૭૩ કરોડની ચોખ્ખી લેવાલીને કારણે બજારને થોડો ટેકો મળ્યો હતો.

શુક્રવાર તા. ૧૫ મે, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૭,૩૨૮.૧૯ના બંધથી ૨,૦૯૦.૨૦ પોઈન્ટ્સ (૨.૭૦ ટકા) ઘટ્યો હતો. સોમવાર, ૧૧ મેના રોજ સેન્સેક્સ ૭૬,૬૩૮.૦૯ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૭૬,૬૭૮.૫૨ સુધી, જ્યારે બુધવાર, ૧૩ મે, ૨૦૨૬ના રોજ નીચામાં ૭૪,૧૩૩.૪૮ સુધી જઈ ૭૫,૨૩૭.૯૯ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૬૦.૫૯ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૭૬.૪૩ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧૫.૮૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૨.૫૧ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૨.૫૫ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૨.૬૩ ટકા ઘટ્યા હતા. એસએમઈ આઈપીઓ ૨.૪૦ ટકા અને બીએસઈ આઈપીઓ ૨.૬૫ ટકા ઘટ્યા હતા. ■

# આઇપ્રુ મલ્ટી સેક્ટર પેસિવ એફઓએફની એયુએમ ₹ ૨૧૪ કરોડ

મુંબઈ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મલ્ટી સેક્ટર પેસિવ એફઓએફની એસેટ અંડર મેનેજમેન્ટ (સંચાલન હેટળની સંપત્તિ - એયુએમ) રૂ. ૨૧૪.૧૦ કરોડની સપાટીએ પહોંચી છે. કામગીરીની દ્રષ્ટિએ, આ યોજનાએ તેની શરૂઆતથી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધીમાં ૧૩.૩૫ ટકાની ચક્રવૃદ્ધિ વળતર નોંધાવ્યું છે, જ્યારે તેના બેન્ચમાર્ક નિફ્ટી ૫૦૦ ટીઆરઆઇનો સીએજીઆર ૧૨.૯૧ ટકા રહ્યો હતો.

એપ્રિલ ૨૦૨૬ સુધીમાં, પોર્ટફોલિયોનું સૌથી મોટી ૨૬.૬૮ ટકાની ફાળવણી ખાનગી બેંક ઇટીએફમાં કરવામાં આવી હતી. ત્યારબાદ એફએમસીજી ઇટીએફ (૧૦.૫૫ ટકા), ફાર્મા ઇટીએફ (૯.૫૬ ટકા), નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ ઇટીએફ (૯.૪૦ ટકા), આઇટી ઇટીએફ (૮.૫૮ ટકા) અને પાવર ઇટીએફ (૮.૩૯ ટકા)નો ક્રમ આવે છે. અન્ય હોલ્ડિંગ્સમાં ઓટો, મેટલ, બેંક અને રિયલ્ટી ઇટીએફ તેમજ ટૂંકા ગાળાના ડેટ સાધનોનો સમાવેશ થાય છે. શેરબજારમાં જે માહોલ છે તેમાં એક જ ક્ષેત્રનું નેતૃત્વ ભાગ્યે જ લાંબા સમય સુધી સ્થિર રહે છે. ■

# સરકાર સોનાની જકાતમુક્ત આયાતના દૂરુપયોગને અટકાવવા મક્કમ

મુંબઈ : સોનાચાંદી પરની આયાત ડયૂટીમાં વધારો કર્યા બાદ સરકારે સોનાની આયાત પર વધુ અંકૂશ મૂકવાના ભાગરૂપ એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ હેઠળ સોનાની આયાત મર્યાદા ૧૦૦ કી. ગ્રા. કરવાના નિર્ણયથી આર્બિટ્રેજ ટ્રેડિંગ પર અંકૂશ આવશે અને ફોરેકસ પરનું દબાણ પણ હળવું થશે એમ સાધનો માની રહ્યા છે.

આ નિર્ણયને કારણે ડયૂટી ફ્રી આયાતના થતા કથિત દૂરુપયોગમાં ઘટાડો થશે. નિયંત્રણ લાગુ કરાવાને કારણે સોનાની વધુ પડતી આયાત અટકશે અને સત્તાવાળા માટે આવા પ્રકારની આયાત પર દેખરેખ રાખવાનું સરળ બનશે. આ નિર્ણયને કારણે દેશના ફોરેકસ રિઝર્વ પરના દબાણમાં ઘટાડો થશે. ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે દેશના ફોરેકસ રિઝર્વ તથા રૂપિયા પર દબાણ આવ્યું છે.

સ્કીમ હેઠળ જ્વેલરી નિકાસકારો કાચા અથવા ઈનપુટ સામગ્રીની શૂન્ય ડયૂટીએ આયાત કરી શકે છે. શૂન્ય ડયૂટીએ આયાતને કારણે સોનાનું મોટેપાયે આર્બિટ્રેજ ટ્રેડિંગ થઈ રહ્યાનું બજારના સુત્રો દાવો કરી રહ્યા છે. જો નવી મર્યાદાને કારણે આવા પ્રકારના ટ્રેડિંગ પર અંકૂશ આવશે તેવો મત પ્રવર્તી રહ્યો છે.

આર્બિટ્રેજ ટ્રેડિંગમાં નીચા ભાવે માલ મેળવી અન્ય બજારમાં ઊંચા ભાવે તેનું વેચાણ કરી નોંધપાત્ર નફો રળી લેવામાં આવે છે. બુધવારે લેવાયેલા નિર્ણયમાં ગોલ્ડ પર બેઝિક કસ્ટમ્સ ડયૂટી ૧૦ ટકા ઉપરાંત એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર અને ડેવલપમેન્ટ સેસ (એઆઈડીસી) એક ટકા પરથી પાંચ ગણો વધારી પાંચ ટકા કરીને એકંદર ડયૂટી દર ૧૫ ટકા કરાયો છે. આ ઉપરાંત સોનાના આયાતકારોએ ૩ ટકા આઈજીએસટી પણ ભરવાનો રહે છે. આમ ડયૂટીનો કુલ અસરકારક દર ૯.૧૮ ટકા પરથી વધી ૧૮.૪૫ ટકા થઈ ગયો છે.

ગોલ્ડની આયાત માટેના એડવાન્સ ઓથોરાઈઝેશન જારી કરવાની તથા નિરીક્ષણ માટેની શરતોને સખત બનાવાઈ છે. અગાઉ આ સ્કીમ હેઠળ જ્વેલરીના નિકાસકારો માટે ગોલ્ડની આયાત પર કોઈ મર્યાદા નહોતી.નિકાસ પ્રોડકટના ઉત્પાદનમાં વપરાતા કાચા માલની સદર સ્કીમ હેઠળ ડયૂટી ફ્રી આયાત કરી શકાય છે. ડાયરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા ગઈ રાતે જારી કરાયેલા નોટિફિકેશન પ્રમાણે, સોનાની આયાત માટે એડવાન્સ ઓથોરાઈઝેશન હેઠળ પહેલી જ વખત અરજી કરનારા અરજદારની ઉત્પાદન સવલતનું સત્તાવાળા દ્વારા ફરજિયાત નિરીક્ષણ હાથ ધરાશે, જેમાં અરજદારના એકમની ક્ષમતા અને સ્થિતિની ચકાસણી કરવામાં આવશે. ■



વૈશાખ વદ અમાસને શનિવાર તા.૧૬ મેના દિવસે શનિ જયંતી હતી, શનિ જયંતીના રોજ રાજકોટ ભક્તિમય બન્યું હતું, શહેરના શનિ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઊમટી હતી... (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અમદાવાદ અને ગાંધીનગરના બે યુવાનો રાજકોટના ન્યારી ડેમ પર મોંઘીદાટ કાર અને પિસ્તોલ સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ એસઓજીએ ગેરકાયદે હથિયારો સાથે ત્રણ યુવાનોને ઝડપ્યા હતા. રાજકોટના ન્યારી ડેમ રોડ પર આદિત્ય રાઠોડ તેનો મિત્ર ધ્રુમિલ ઠાકોર અને એક સગીર રિવોલ્વર સાથે ફોટા પાડી રીલ બનાવતા હતા. ચોક્કસ બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડી તેમની પાસેથી એક પોલીસે ત્રણેયની અટકાયત કરી રિવોલ્વર કિંમત રૂપિયા ૧.૨૫ લાખ, એક જીવતુ કાર્ટીસ, લકઝરી જીટી મસ્ટીંગ કાર કિંમત રૂપિયા ૮૦ લાખ અને ૩ મોબાઈલ ફોન મળી કુલ ૮૩.૬૫ લાખનો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપી આદિત્ય રાઠોડ અમદાવાદના અસારવાના નામચીન બુટલેગર કિશોર લંગડાનો પૌત્ર હોવાનું ખુલ્યું હતું. મળતી વિગતો અનુસાર, માહિતી મુજબ એસઓજી ટીમને બાતમી મળી હતી કે ન્યારી ડેમ નજીક કેટલાક યુવકો શંકાસ્પદ હાલતમાં કારમાં ફરી રહ્યા હતા. જેના આધારે પોલીસે વોચ ગોઠવી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે એક લક્ઝરી કારને રોકી ચેકિંગ કરતાં યુવકો પાસેથી ગેરકાયદેસર હથિયારો મળી આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ યુવકો અમદાવાદથી રાજકોટ એક પ્રસંગમાં આવ્યા હતા. આ રિવોલ્વર રાજકોટમાં રહેતા તેમના એક ૧૫ વર્ષીય સગીર મિત્ર પાસેથી લાવ્યા હતા. આ વૈભવી ફોર્ડ મસ્ટાંગ કાર પર બેસીને રિવોલ્વર સાથે સોશ્યલ મીડિયા કે શોખ માટે ફોટા પાડી રહ્યા હતા એ સમયે પોલીસ ત્રાટકી હતી. આદિત્યસિંહ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. તેના વિરુદ્ધ અમદાવાદ એફ-પોલીસ સ્ટેશનમાં બે અને નવરંગપુરા તથા ગાંધીનગર ઇન્ફોસટીમાં એક-એક મળી કુલ ચાર ગુના દાખલ થયા છે.આદિત્યસિંહ કોલેજમાં ધોરણ-૧૨માં ભણે છે અને આદિત્યસિંહ કોલેજમાં એક્સટર્ન નલ તરીકે ભણે છે. બંને રાજકોટ મિત્રના લગ્નમાં હાજરી આપવા આવ્યા હોઇ સગીર મિત્રના પિતાની કે સગાની પરવાનાવાળી રિવોલ્વર લઇ ફોટા પાડવા નીકળતાં ઝડપાઇ ગયા હતાં. ■

# ભાવનગરના વલ્લભીપુરમાં પુરાતત્ત્વીય ઉત્ખનનમાં પ્રાચીન વૈભવ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રાચીન ભારતના ઇતિહાસમાં વલ્લભીનું અગત્યનું સ્થાન રહેલું છે. આજના ભાવનગર જિલ્લાના પ્રાચીન સ્થળ વલ્લભીપુર ખાતે ચાલી રહેલા પુરાતત્ત્વીય ઉત્ખનનમાં આ પ્રદેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વને ઉજાગર કરતી અનેક નોંધપાત્ર શોધો મળી આવી છે. ઐતિહાસિક દસ્તાવેજોમાં વિદ્યાના મહાન કેન્દ્ર તરીકે જાણીતા વલ્લભીપુરનો ઉલ્લેખ ચીની મુસાફર હ્યુ-એન-ત્સાંગે પણ કર્યો હતો, જેમણે તેને પ્રારંભિક ઐતિહાસિક સમયગાળા દરમિયાન શિક્ષણ અને ધર્મની મહત્ત્વની વિદ્યાપીઠ તરીકે વર્ણવ્યું હતું.

વલ્લભીપુરનું પુરાતત્ત્વીય મહત્ત્વ દાયકાઓથી વિદ્વાનો અને સંશોધકોને આકર્ષતું રહ્યું છે. અગાઉ આ સ્થળે ફાધર હેરાસ અને ત્યારબાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ. યુનિવર્સિટી), વડોદરા દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ શૈક્ષણિક વારસાને આગળ ધપાવતા, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઇ) ઉત્ખનન શાખા-૫, વડોદરા દ્વારા ડો. રેશમા સાવંત,( ડિરેક્ટર ઓફ એક્સવેશન) ડો. સુદ્ધા શાહ ( કો-ડિરેક્ટર ઓફ એક્સવેશન)ના માર્ગદર્શન હેઠળ મફત નગર પાસેના સંરક્ષિત સ્થળે વૈજ્ઞાનિક ઉત્ખનનની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો હાથ ધરવામાં આવ્યો હતો.

આ દરમિયાન બે ખાઈ ખોદવામાં આવ્યા હતા, જેમાં મહત્ત્વપૂર્ણ માટીના વાસણો અને પ્રાચીન વસ્તુઓ મળી આવી હતી, જેમાં ટોર્પિડો જારના ટુકડા, કાળા અને લાલ મૃદપાત્રો, કાળા પોલિશ કરેલા વાસણો, ટેરાકોટા પ્લેક, નંદીની મૂર્તિઓ, પથ્થરના મણકા અને શંખની બંગડીઓનો સમાવેશ થાય છે. આ શોધો વલ્લાભીપુરની સમૃદ્ધ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ હોવાનું દર્શાવે છે. જે બ્રાહ્મણ પરંપરા, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ સાથે સંકળાયેલા પ્રભાવોની ઝાંખી કરાવે છે.

આ પ્રોત્સાહક શોધોથી પ્રેરાઈને ઉત્ખનનનો બીજો તબક્કો નવેમ્બર ૨૦૨૫થી શરૂ કરવામાં આવ્યો હતો, જે મે ૨૦૨૬ સુધી ચાલ્યો હતો. આ બીજા તબક્કાનું ખોદકામ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ), ઉત્ખનન શાખા-૫, વડોદરાના ડાયરેક્ટર ડો. રેશમા સાવંત, (ડિરેક્ટર ઓફ એક્સવેશન) ડો. સુદ્ધા શાહ (કો.ડિરેક્ટર ઓફ એક્સવેશન) અને ગુજરાત સરકારના પુરાતત્ત્વ નિયામકની કચેરીના કો- ડાયરેક્ટર ડો. સુદ્ધા શાહ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું. ખોદકામ મુખ્યત્વે ત્રણ મહત્વના સ્થળોએ કરવામાં આવ્યું હતું: (૧) થાપનાથ મહાદેવ ડુંગર, (૨) દરબારગઢ પાસેનો ટાઉન વિસ્તાર, (૩) મફતનગર પાસેના સુરક્ષિત સ્થળે ચાલુ રાખવામાં આવેલી ખાઈ. આ ટીમમાં એ.એસ.આઈ. અને ગુજરાત રાજ્યના પુરાતત્વ વિભાગના અધિકારીઓ ઉપરાંત એમ.એસ. યુનિવર્સિટી (વડોદરા), ડેક્કન કોલેજ અને હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. તાજેતરના ઉત્ખનનમાં પુષ્કળ માળખાકીય અવશેષો અને અત્યંત ઐતિહાસિક મૂલ્ય ધરાવતી પુરાતત્ત્વીય સામગ્રી મળી આવી હતી. દરબારગઢ ખાતે પકવેલી ઇંટોની દીવાલો ધરાવતા માળખાકીય લક્ષણો જોવા મળ્યા હતા, જ્યારે થાપનાથ ખાતે મેલોલાઈટ પથ્થર અને પકવેલી ઇંટોનો ઉપયોગ કરીને બનાવેલા બાંધકામો મળી આવ્યા છે. સંરક્ષિત સ્થળ પરના ઉત્ખનનમાં કાચી ઇંટોની દીવાલોની સાથે પકવેલી ઈંટોના માળખાકીય અવશેષો પણ મળી આવ્યા હતા. ઉત્ખનન દરમિયાન મોટી સંખ્યામાં પ્રાચીન વસ્તુઓ પણ મળી આવી છે, જેમાં તાંબાના સિક્કા, સીલ (મહોર) અને સીલિંગ, શંખની બંગડીઓ, તામ્રપત્રો, પથ્થરના મણકા, ટેરાકોટા પ્લેક અને રમત-ગમતના પાંસાનો સમાવેશ થાય છે. આ શોધો પ્રાચીન વલ્લભીપુરના શહેરી સ્વરૂપ, વ્યાપારી પ્રવૃત્તિઓ, કારીગરી અને ધાર્મિક વિવિધતા વિશે મહત્ત્વની માહિતી આપે છે. પ્રાથમિક અવલોકનો મુજબ, મળેલી સાંસ્કૃતિક સામગ્રી મુખ્યત્વે પાંચમીથી આઠમી સદી વચ્ચેના સમયગાળાની હોવાનું જણાય છે, જે મૈત્રક કાળ દરમિયાન વલ્લભીપુરના એક મહત્વપૂર્ણ શહેરી અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકેના મહત્વને દર્શાવે છે.

વલ્લભીપુરના ઐતિહાસિક ઘટનાક્રમ, સાંસ્કૃતિક ક્રમ અને શહેરી વિકાસને સમજવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ ઉત્ખનન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક વસાહત વિશેની સમજને વધુ ઊંડી બનાવવા માટે આગામી ઉત્ખનનના તબક્કામાં નવા ઓળખાયેલા સ્થળોએ વધુ પુરાતત્ત્વીય સંશોધન અને ઉત્ખનન કરવાની દરખાસ્ત છે.

વલ્લભીપુરની આ શોધો પશ્ચિમ ભારતના મહત્ત્વના ઐતિહાસિક અને સાંસ્કૃતિક કેન્દ્રોમાંના એક તરીકેના તેના મહત્વને ઉજાગર કરે છે. આ શોધ ગુજરાતના પ્રાચીન ભૂતકાળને સમજવામાં ઘણી ઉપયોગી બની રહેશે. ■

# અમરેલીના વડિયામાં ૮૦ જેટલા ઘેટાં-બકરાનાં રહસ્યમયી રોગથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના વડિયા અને આસપાસના વિસ્તારોમાં ૮૦ જેટલા ઘેટાં-બકરાંના કરુણ મોત થતા માલધારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. અચાનક આવી પડેલી આ આફતને કારણે પશુપાલકોમાં ભારે દોડધામ મચી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી અજાણ્યા રોગના કારણે ઘેટાં અને બકરાંના ટપોટપ મોત થઈ રહ્યા છે, પશુઓમાં ફેલાયેલા રહસ્યમય રોગચાળાના કારણે માલધારીઓ ચિંતાતુર બન્યા છે.

મળતી વિગત મુજબ, પશુઓમાં અચાનક તાવ, નબળાઈ, ખાવાનું બંધ કરી દેવું તેમજ શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જોવા મળી રહ્યા છે. ઘટનાની ગંભીરતા જોતા ગામના સરપંચ દ્વારા તાત્કાલિક પશુ આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ પશુચિકિત્સા વિભાગની તાલુકા સ્તરની ટીમો વડિયા દોડી આવી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી તપાસ હાથ ધરી હતી. પશુઓના આરોગ્ય અંગે વિગતવાર સર્વે શરૂ કરવામાં આવ્યો છે અને રોગના પ્રસારને અટકાવવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. ■

# રાજકોટ મનપા દ્વારા ૧૨ મંદિરનાં ડિમોલિશનના વિરોધમાં કૉંગ્રેસના ધરણાં




(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થયા બાદ મનપા તંત્ર દ્વારા ૧૪મે ગુરૂવારે રાત્રિના સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં વર્ષોથી લોકોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર રહેલા ૧૨ જેટલા મંદિરો પર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. આ મુદ્દે રાજકોટ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા ત્રિકોણ બાગ ખાતે ઉગ્ર ધરણા અને વિરોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધરણાં દરમિયાન કૉંગ્રેસ કાર્યકરો અને સ્થાનિક નાગરિકો દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં મનપા દ્વારા મવડી, ઉદયનગર, માયાણી આવાસ યોજના, યોગીનગર, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં આવેલા હનુમાનજી મંદિરો, દેરીઓ, માતાજીના મંદિરો અને ધાર્મિક સ્થાનો પર બુલડોઝર ફેરવવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ઘણાં મંદિરો વર્ષોથી અસ્તિત્વમાં હતા, અને લોકોની રોજિંદી શ્રદ્ધા સાથે જોડાયેલા હતા. છતાં પણ તંત્ર દ્વારા લોકોનો વિશ્વાસમાં લીધા વગર રાત્રિના અંધારામાં કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે રામના નામે મત માંગતી ભાજપ સરકાર આજે ભગવાનનાં મંદિરો પર જ બુલડોઝર ચલાવી રહી છે. દિવસ દરમિયાન રામભક્તિના નાટકો અને મોટી મોટી વાતો કરનારાઓ રાત્રિના અંધારામાં હનુમાનજીની દેરીઓ તોડી રહ્યા છે. આ માત્ર બાંધકામ તોડવાની કાર્યવાહી નથી, પરંતુ હિંદુઓની આસ્થા અને લાગણીઓ પર સીધો પ્રહાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શહેરમાં ભાજપના પૂર્વ સત્તાધીશોના અનેક ગેરકાયદેસર બાંધકામો આજે પણ યથાવત ઉભા છે. ત્યાં તંત્રનો બુલડોઝર નથી પહોંચતું. પરંતુ ગરીબ અને સામાન્ય લોકોનાં ઘરો તથા હવે ભગવાનનાં મંદિરો પર જ બુલડોઝર દોડાવવામાં આવે છે. ભાજપ સરકારનો બુલડોઝર માત્ર નબળા લોકો સામે જ કેમ ચાલે છે? ભાજપ સરકાર અહંકારમાં અંધ થઈ ગઈ છે જે હનુમાનજીએ લંકા સળગાવી હતી એ દાદાનું અપમાન કરનારાઓની સત્તા આ રાજકોટની જનતા ઉખેડી ફેંકશે.

ડો. રાજદીપસિંહ જાડેજાએ વધુમાં સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે વિકાસના નામે લોકોની આસ્થા સાથે રમત રમાશે તો કોંગ્રેસ રસ્તા પર ઉતરીને જનઆંદોલન કરશે. લોકોની લાગણી અને વિશ્વાસને કચડીને કોઈ વિકાસ થઈ શકતો નથી. ■

# ભાવનગરના ગારીયાધાર તાલુકાના પિપળવા ગામે કૂવામાં પડી ગયેલી દીપડીનું વન વિભાગ રેસ્ક્યૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના ગારીયાધાર તાલુકાના પિપળવા ગામની વાડી વિસ્તારમાં આવેલા એક કૂવામાં અચાનક એક દીપડી પડી જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. કૂવામાં દીપડી હોવાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

બનાવ અંગે સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગની ટીમ બચાવ સામગ્રી સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગના કર્મચારીઓએ સ્થાનિક લોકોની મદદથી ત્વરિત અને સુનિયોજિત રીતે રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ અંતે દીપડીને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. દીપડીને બહાર કાઢ્યા બાદ વન વિભાગ દ્વારા તેની તબીબી ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ, વન વિભાગ દ્વારા દીપડીને તેના કુદરતી આવાસ એટલે કે સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ રોમાંચક રેસ્ક્યૂ ઓપરેશન જોવા માટે આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ■

# ભાવનગરમાં રોડ સેફ્ટી વધુ મજબૂત બનાવવા જિલ્લા કલેકટરએ આપ્યા નિર્દેશો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લામાં માર્ગ સલામતી વધુ સુદઢ બને અને અકસ્માતોમાં ઘટાડો થાય તે દિશામાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરે જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરતાં ભાવનગર શહેરના 'ટોપ-૩ સર્કલ' વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા નિવારવા, અનધિકૃત પાર્કિંગ દૂર કરવા તથા ભારે વાહનોના અવરજવરથી સર્જાતી ટ્રાફિક સમસ્યાઓ ઘટાડવા માટે જરૂરી પગલાં ઝડપી અમલમાં મૂકવા સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત શહેરમાં સેફ સ્કૂલ ઝોન રોડને મોડેલ રોડ તરીકે વિકસાવવાની યોજના, ગેરકાયદેસર મીડિયન કટ દૂર કરવાની કામગીરી તેમજ ચમારડી-ઘાંઘળી રોડ બ્રિજ પર મેટલ ક્રેશ બેરિયર લગાવવાની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન કલેકટરએ માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને તાત્કાલિક મદદરૂપ થતી રાહવીર યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લઈ શકે તે માટે વ્યાપક જનજાગૃતિ અને અસરકારક અમલીકરણ કરવા ભાર મૂક્યો હતો.

આર.ટી.ઓ. અધિકારી આર.પી. દાણીએ વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલી માર્ગ સલામતી સંબંધિત કામગીરીનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો તેમજ માર્ગ સુરક્ષા વધુ મજબૂત બને તે માટેના પ્રયાસો અંગે માહિતી આપી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી, ટ્રાફિક ટ્રેનર અજયસિંહ જાડેજા તથા સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગર જિલ્લાની તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે તા. ૨૩ મેના રોજ પ્રથમ બેઠક યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાની ભાવનગર, ઘોઘા, તળાજા, મહુવા, શિહોર, ગારીયાધાર, પાલીતાણા, વલ્લભીપુર, ઉમરાળા, જેસર તાલુકા પંચાયતોના પ્રમુખ / ઉપપ્રમુખની ચૂંટણી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભાવનગર દ્વારા તા.૨૩/૦૫/૨૦૨૬ ના દિવસે ૧૧-૦૦ કલાકે તમામ તાલુકા પંચાયતની પ્રથમ બેઠક બોલાવવાનું નક્કી કર્યું છે. આ અંગેની નોટીસ તમામ તાલુકા પંચાયતના સભ્યશ્રીઓને તા.૧૫/૦૫/૨૦૨૬ થી મોકલી આપવામાં આવી હતી.

સભ્યોએ પ્રમુખ / ઉપપ્રમુખની ઉમેદવારી માટે નિયત નમુનાના ફોર્મ જે તે તાલુકા પંચાયત ખાતેથી મેળવવાના રહેશે અને ફોર્મ પ્રથમ બેઠકના અગાઉના દિવસે એટલે કે તા.૨૨/૦૫/૨૦૨૬ ના સમય ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધીમાં ભરીને જે તે તાલુકા વિકાસ અધિકારીને પહોંચતા કરવાના રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં તા.૨૨/૦૫/૨૦૨૬ ના દિવસે બપોરે ૧૪-૦૦ કલાકે કરવામાં આવશે. ■

### ભાવનગરમાં સિટી બસ અને રિક્ષા ચાલક વચ્ચે ઉગ્ર મારામારી

# બસના કાચ તોડ્યા, ડ્રાઈવર પર છરી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ગંગાજળિયા તળાવ પાસે સિટી બસ અને રિક્ષા ચાલક વચ્ચે ગાડી સાઈડમાં લેવા બાબતે ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. આ સામાન્ય ઝઘડો જોતજોતામાં હિંસક સ્વરૂપમાં ફેરવાઈ ગયો હતો, જેમાં રિક્ષા ચાલકે ઉશ્કેરાઈને બસ પર ઈંટો અને બ્લોક વડે પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. આ હુમલાને કારણે સિટી બસના કાચ ફૂટી ગયા હતા, જેના લીધે બસમાં સવાર મુસાફરોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો અને નાસભાગ મચી જવા પામી હતી. બસના કાચ ફૂટવાના કારણે કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. આ હિંસક ઘટના દરમિયાન મામલો વધુ બિચક્યો હતો જ્યારે રિક્ષા ચાલક ગફાર ખાતકી દ્વારા બસ ડ્રાઈવર કુલદીપસિંહ ગોહિલ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

આ હુમલામાં બસ ડ્રાઈવર ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની વિગત એવી છે કે રોડની વચ્ચે પાર્ક કરેલી રિક્ષા હટાવવાનું કહેતા જ વિવાદ શરૂ થયો હતો. પોતાના બચાવમાં બસના ડ્રાઈવરે રિક્ષા ચાલકને બ્લોક માર્યો હતો અને બંને વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ હતી. આ સમગ્ર સનસનાટીભરી ઘટના પોલીસ ચોકીથી માત્ર ૩૦ ફૂટ જેટલા નજીકના અંતરે જ બની હતી. આ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. ■

# અરબી સમુદ્ર રફ થતાં 'લકી સમુદ્રી સીમા દર્શન' બંધ: પ્રવાસીઓ હવે ૧૫ ઓગસ્ટ પછી જ માણી શકશે બોટ રાઈડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સરહદી દરિયાઈ વિસ્તારમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલી 'લકી ક્રીક સમુદ્રી સીમા દર્શન'ની બોટ રાઈડ શુક્રવારથી સત્તાવાર રીતે બંધ કરવામાં આવી છે. હવામાનમાં આવેલા બદલાવને કારણે અરબ સાગર અત્યંત રફ બનતાં પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓપરેટરો દ્વારા આ નિર્ણય લેવાયો હતો. લકી ક્રીક વિસ્તારમાં બોટ મારફતે પ્રવાસીઓને દરિયાઈ સીમાની સફર કરાવવામાં આવે છે. વેકેશન અને જાહેર રજાઓના દિવસોમાં આ રાઈડના દિવસ દરમિયાન ૧૩ થી ૧૪ ફેરા થતા હતા. આ સ્થળે પાકો રોડ બની જતાં પ્રવાસીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે. ચાલુ સિઝનમાં અહીં માત્ર એક જ બોટ કાર્યરત હોવાથી મુલાકાતે આવેલા પ્રવાસીઓએ માગ કરી છે કે આગામી સમયમાં અહીં વધુ ૧-૨ બોટ વધારવામાં આવે, જેથી મોટા ગ્રૂપમાં આવતા લોકો એકસાથે બોટ રાઈડનો આનંદ માણી શકે. હવે આ બોટ રાઈડ આગામી ૧૫ ઓગસ્ટ બાદ જ પુનઃ શરૂ થવાની સંભાવના છે. બીજી તરફ, દરિયામાં ચોમાસાની સિઝન અને માછલીઓના સંવર્ધનકાળને ધ્યાનમાં રાખીને સરકારી તંત્ર પણ સતર્ક બન્યું છે. કચ્છના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા ૧ જૂનથી ૧૫ ઓગસ્ટ સુધી એટલે કે કુલ ૭૬ દિવસ માટે અરબ સાગરમાં એન્જિનવાળી બોટોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ દરમિયાન દરિયામાં એન્જિનવાળી બોટ દ્વારા માછીમારી કરી શકાશે નહીં. જો કે, આ સમયગાળા દરમિયાન માત્ર બોટ વગર કિનારા પર માછીમારી કરનારાઓને જ દરિયાકાંઠે માછીમારી કરવાની છૂટ રહેશે. દરિયાની વર્તમાન સ્થિતિ અને વહીવટી તંત્રના આદેશોને પગલે પ્રવાસીઓ તેમજ માછીમારોને દરિયાથી દૂર રહેવા અને નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી છે. ■

# વાગડના રણ માર્ગે વિદેશી દારૂ ઘુસાડવાનો કારસો નિષ્ફળ, ૧૩.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છમાં શરાબના દૂષણને ડામવા માટે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત રાપર પોલીસે ગત મોડી રાત્રે રણ સરહદનો લાભ લઈને કચ્છમાં ઘુસાડાતો રૂ. ૫.૧૬ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો એસયુવી કાર સાથે જપ્ત કર્યો હતો. જો કે, અંધારાનો લાભ લઈને કારચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, મઢુત્રા રણ તરફથી એક કારમાં દારૂનો જથ્થો ફતેહગઢ-નર્મદા કેનાલ તરફ આવી રહ્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે મધ્યરાત્રીના આશરે ત્રણ વાગ્યાના અરસામાં વોચ ગોઠવી હતી.

આ દરમિયાન શંકાસ્પદ કાર આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે ગાડી ઊભી રાખવાને બદલે પૂરઝડપે રિવર્સમાં લઈને ભગાવી હતી. આ દરમિયાન કાર કેનાલના લોખંડના પાઈપ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત બાદ ચાલક ગાડી મૂકીને સીમમાં અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

પોલીસે અકસ્માતગ્રસ્ત કારની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની નાની-મોટી કુલ ૩,૬૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો રૂ. ૫,૧૬,૬૬૦, ફોર્ચ્યુનર કાર રૂ. ૮,૦૦,૦૦૦, મોબાઈલ ફોન રૂ. ૧૦,૦૦૦ સહિત કુલ રૂ. ૧૩,૨૬,૬૬૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. રાપર પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આ શરાબનો જથ્થો રાજસ્થાનના બાડમેરના વતની સદારામ મેવારામ નામના બુટલેગરે મોકલ્યો હતો. રાપર પોલીસે આ ગુનામાં દારૂ મોકલનાર અને ફરાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, બંને આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. ■